વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૨મું
એપ્રિલ - ૨૦૧૭
અંક : ૪૬૭

મંગલ મંદિર ● એપ્રિલ-૨૦૧૭ ● ૧
(કુલ પાના : ૧૧૨ )

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



ઓપેરા હાઉસ
સીડની-ઓસ્ટ્રેલીયા

: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org


YOUVA
ART of being SMART
એક્ઝામ બોર્ડ
સબજેક્ટ બુક
સ્ક્રેપ બુક
રીફિલ બુક
પ્રેકટિકલ બુક
આન્સર બુક
ગ્રાફ બુક
મેપ્સ
બ્રાઉન પેપર
વ્હાઈટ એડહેસીવ
કંપાસ
વેક્સ ક્રેયોન્સ
સ્ટ્રાઈપ્સ પેન્સિલ
WAX CRAYONS
PACK OF 12 SMALL
STRIPES PENCILS
મેથેમેટિકલ ડ્રોઈંગ સેટ
ડો
કલર પેન્સિલ
COLOUR PENCIL
2 IN 1
PACK OF 12

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi
UKAS QUALITY MANAGEMENT
AN ISO 9001 - 2000 COMPANY


IADC

# જીવનને નિરાશા-હતાશાથી તથા ગેરસમજોથી બચાવીને માંગલ્ય અને સફળતાની દિશા બતાવતાં પુસ્તકો

















| | | | | | |
|---|---|---|---|---|---|
| સુખ એટલે | મોહમ્મદ માંકડ | 150 | સુખનો સૂરજ | હિતેન્દ્ર જોશી | 150 |
| ચાલતા રહો, ચાલતા રહો | મોહમ્મદ માંકડ | 150 | બાળઘડતરના અનુભવો | હસમુખ પટેલ | 100 |
| જીવન એક ઉત્સવ | હરેશ ધોળકિયા | 150 | પોતાનું એવરેસ્ટ | હસમુખ પટેલ | 90 |
| તમે જ વિશ્વ છો | જે. કૃષ્ણમૂર્તિ, અનુ. હર્ષદ મ. દવે | 60 | અવર ચાઈલ્ડ, અવર ચૅલેન્જ | ઊર્મિલા શાહ | 180 |
| પરંપરા અને ક્રાંતિ | જે. કૃષ્ણમૂર્તિ, અનુ. હરીશ વ્યાસ | 100 | બાળકને સમજીએ (ઇનામી) | ઊર્મિલા શાહ | 150 |
| વિકાસયાત્રા | જય ઓઝા | 90 | સંતાનોની સમસ્યાઓ | ઊર્મિલા શાહ | 160 |
| જીવનયાત્રા | જય ઓઝા | 90 | કિડ્સ-કૅર | રોહિત શાહ | 100 |
| ચિંતનયાત્રા | જય ઓઝા | 90 | પરિવાર | મનહર ઓઝા | 50 |
| અંતરયાત્રા | જય ઓઝા | 90 | જીવનસાથી | મનહર ઓઝા | 50 |
| સંબંધયાત્રા | જય ઓઝા | 90 | પ્રસન્નતા | મનહર ઓઝા | 50 |
| મંગલાચરણ | જયવદન પટેલ | 75 | ગેરસમજ | મનહર ઓઝા | 50 |
| સુખનાં સૂરજમુખી | જયવદન પટેલ | 75 | સમજણ | મનહર ઓઝા | 50 |
| પગલે પગલે પ્રગટે કમળ | ચંદ્રકાન્ત મહેતા | 160 | પાછલી વયે | મનહર ઓઝા | 50 |
| મારો તડકો મને પાછો આપ | ચંદ્રકાન્ત મહેતા | 120 | જીવી જાણો | મનહર ઓઝા | 50 |
| ધરમકાંટો | દિનેશ પાંચાલ | 100 | પરિવર્તન | મનહર ઓઝા | 50 |
| આત્માના આંગણમાં | શૈલેશ ઠાકર | 60 | ધર્મનો મર્મ | મનહર ઓઝા | 50 |
| લીલો ટહુકો | લાલજીભાઈ પ્રજાપતિ | 70 | જીત નક્કી ! | મનહર ઓઝા | 50 |

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઈમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૧ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*— મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- યા હોમ કરીને પડો – ફતેહ છે આગે ........ ૭

**લેખ વિભાગ**

**ધારાવાહિક નવલકથા**

- છોરાંવછોઈ – (૬) ભૂવાઓના ભરડામાંથી બહાર નીકળી ........ હંસરાજ સાંખલા ........ ૮

**કારાણી શતાબ્દી વંદના**

- જાણે કે આખું કચ્છ મારે દ્વાર ........ ભદ્રાયુ વચ્છરાજાની ........ ૧૦
- કચ્છી લોકસાહિત્યના ભીષ્મ પિતામહ કારાણીજીની તિથિ 'બાબાણી બોલી દિન' તરીકે ઉજવીએ ........ જગદીશ ચં. છાયા 'શ્રેયસ' ........ ૧૧

**કચ્છની રસધાર**

- દાદા કંથડનાથ ........ દુલેરાય કારાણી ........ ૧૩

**કચ્છી કથા**

- ચંદ્રાબા - લાખો ........ સ્વામી સચ્ચિદાનંદ ........ ૧૫

**કચ્છ વિશેષ**

- કચ્છની પાણીની તરસ બુઝાતી નથી ........ અશોક મહેતા ........ ૧૭

**વાર્તા**

- છમના ........ લેખક : વનુ પાંધી, સંપાદક : ધીરેન્દ્ર મહેતા ........ ૨૦
- અભાગીનું સ્વર્ગ ........ શરદબાબુની શ્રેષ્ઠ વાર્તાઓમાંથી ........ ૨૪
- મા ........ પી. એમ. લુણાગરિયા ........ ૩૦
- પવિત્ર ઝરણું ........ ભરત સુરેલિયા ........ ૩૩
- શ્વાસની ભેટ ........ દિનેશ ગજ્જર ........ ૩૭
- છૂટાછેડા ........ શિલ્પા પીપરમીંટવાલા ........ ૩૯

**ચિંતન**

- આપણું જીવન એક જાદુઈ ડબ્બી જેવું છે ........ જનક નાયક ........ ૪૩
- આપણા ધાર્મિક સ્થળો ગંદા કેમ છે? ........ ભીમજી નાકરાણી ........ ૪૫

**મંથન**

- મૃત્યુની મારી પસંદગી ........ ફાધર વર્ગીસ પોલ ........ ૪૬
- પંચામૃત ........ સંકલિત ........ ૪૮

**સમાજ ચિંતન**

- સંબંધોના સથવારે : સોનેરી પ્રકાશ ........ ઇલા કે. શાહ ........ ૫૦

**ઇતિહાસ**

- સરદારની સિદ્ધિ ........ નગીનદાસ સંઘવી ........ ૫૨

**પ્રતિભા વિશેષ**

- શ્યામજી કૃષ્ણવર્માના ઘડતરમાં પ્રભાવક વ્યક્તિઓ ........ ૫૪

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## માંગલ્ય

● સબસે ઊંચી પ્રેમ સગાઈ ..... **ગીતા માણેક** ..... ૫૭


## આરોગ્ય

● વૈશ્વિક આરોગ્ય દિન : ૭ એપ્રિલ ..... **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દિપ્તી શાહ** ..... ૫૮
● સાઠ પછીનું સ્વાસ્થ્ય – (૩) ..... **હરેશ ધોળકિયા** ..... ૬૦


## સાંપ્રત

● આ વેકેશનને યાદગાર કેમ બનાવશો? ..... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૬૧


## શિક્ષણ

● ગ્રામ્ય જીવો એ શિક્ષણનું કુદરતી ઝરણું ..... **ડૉ. પ્રયતકર કાનડિયા** ..... ૬૨


## અનુભૂતિ

● ખુલ્લી આંખે વિપશ્યના (સત્ય ઘટના) ..... **ભાનુબેન એન. સાવલા** ..... ૬૫


## સત્ય કથા

● ન ભુલાતી આંખો ..... **ડૉ. સુધીર ચી. મોદી** ..... ૬૬


## તીર્થ

● વડોદરાનું દર્શનીય સ્થળ : વિવેકાનંદ મેમોરિયલ ..... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૬૭


## હાસ્ય

● આર્ટ ઓફ ડાઈંગ ..... **તારક મહેતા** ..... ૬૯
● ભદુભાઈની પથરી ..... **ચુનીલાલ મડિયા** ..... ૭૧
● આળસ વિષે ..... **રતિલાલ બોરીસાગર** ..... ૭૪
● જાદવજીના સત્યના પ્રયોગો ..... **શાહબુદ્દીન રાઠોડ** ..... ૭૬
● કસુંબલ કાઠિયાવાડી ક્રિકેટ કલબ ..... **સંજય છેલ** ..... ૭૮
● ફેરા પહેલા જ ફારગતી ..... **રજનીકુમાર પંડ્યા** ..... ૮૨
● કોઈના ઘરે જવું હોય તો... ..... **કલ્પના દેસાઇ** ..... ૮૪
● મારા લેખક બનવાના અભરખા ..... **ગૌતમ દેસાઇ** ..... ૮૫


## અંજલી

● દંતકથારૂપ ગઝલ નવેશની વિદાય ..... **કેશુભાઈ દેસાઇ** ..... ૮૭


## માહિતી

● જૈન ધર્મ વિશે વિશ્વની પ્રસિદ્ધ હસ્તીઓ શું કહે છે .... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૮૮
● સર્જિકલ સ્ટ્રાઈક : ટીમને મેડલ ..... **પ્રેષક : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૮૯
● બજેટમાં કચ્છ માટે નર્મદાનાં નીર ..... **પ્રેષક : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૯૦


## નિયમિત વિભાગો

● બાલુડેં જ્યું ગાલિયું ..... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** ..... ૯૧
● અન્ય સંસ્થાઓના સમાચાર ..... ૯૨
● આંજો કાગર ..... ૯૪
● *Nano Nine* શબ્દ રમત-૧૨૭ ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૯૫
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૮૪) ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૯૭
● જાણવા જેવું ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૯૮
● વલોવતન ..... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૯૯
● સમાજ દર્પણ ..... ૧૦૧
● સંસ્થા સમાચાર ..... ૧૦૨
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ..... ૧૦૬
● ઊડતી નજરે ..... ૧૦૮


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# યા-હોમ કરીને પડો – ફતેહ છે આગે

ચારે તરફ વસંત ખીલી છે. આપણા કવીશ્વર દલપતરામે વસંતને નર જાતિની ગણી 'ઋતુરાજ'નું બિરુદ આપ્યું હતું.

*રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો,*
*મુકામ એણે વનમાં જમાવ્યો...*

વસંતના કેસૂડાની જેમ આપણાં તરુણવયનાં વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે પણ પૂરબહાર ખીલવાનો, મહોરવાનો પડકાર છે. પરીક્ષાની મોસમ ચાલી રહી છે. પરીક્ષા એટલે કસોટી. અને કસોટી થાય તો જ એ ધાતુ સોનું છે કે કથીર – એનો ખ્યાલ આવે. ટેન્શન સાથે આપવી પડે તે પરીક્ષા પરીક્ષા નથી – પિશાચિની છે. પરંતુ દૃઢ સંકલ્પ સાથે આપેલી પરીક્ષા વિદ્યાર્થીને ધાર્યા નિશાન સર કરવામાં સહાયક નીવડે છે. આ હમણાં જ પતેલી પાંચ રાજ્યોની ચૂંટણી એ આપણા લોકપ્રિય નેતાઓ માટે તો પડકારરૂપ પરીક્ષા જ હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એમાં પાર ઊતરવાનો દૃઢ સંકલ્પ કર્યો અને ભારે પરિશ્રમ પછી એમાંથી હેમખેમ, રંગેચંગે વિજયી બની બહાર નીકળ્યા. એક અદના ગુજરાતી માટે આ ભવ્ય વિજય કોઈ નાનીસૂની સિદ્ધિ ન જ ગણાય. વડનગર જેવા સુષુપ્ત કસબામાં જિંદગીનાં પ્રારંભિક વર્ષો વિતાવનાર નીચલા મધ્યમ વર્ગના પરિવારમાં ઊછરેલો વિદ્યાર્થી ઍસ.ઍસ.સી.માં તો માંડ પાસ થઈ શક્યો હતો પરંતુ સમયાંતરે એનો પુરુષાર્થ કેવો કોળી ઊઠ્યો તે દેશ અને દુનિયાએ સગી આંખે નિહાળ્યો છે. કોઈને આ સિદ્ધિ ચમત્કાર લાગે તો નવાઇ નહીં. પરંતુ કઠોર પરિશ્રમ હરહંમેશ આવા ચમત્કારો સર્જતો રહે છે. પ્રબળ જિજીવિષા (જીવવાની ઈચ્છા) કેન્સર જેવા દર્દમાંથી પણ માણસને ઉગારી લેતી હોય છે અને પ્રબળ વિજિગીષા (જીતવાની ઇચ્છા) માનવીને હારની ક્ષણે જિતાડી દેતી હોય છે. ઇતિહાસમાં આવાં અસંખ્ય ઉદાહરણો ઢબૂરાયેલાં પડ્યાં છે. રામેશ્વરના દરિયા કિનારે ઝૂંપડામાં રહેતો અને છાપાંના ફેરિયા તરીકે કામ કરી બાપને મદદરૂપ થતો એક માછીમારનો કાળાંતરે દેશનો મિસાઇલ મૅન અને રાષ્ટ્રપતિ બની શકે છે, તે ઘટના પણ આપણે નરી આંખે નિહાળી છે. કચ્છના એક ગરીબ સુથાર પરિવારમાં ઊછરેલા જાદવજીભાઈએ એમના સંકલ્પ બળના જોર પર જ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામના વિશ્વાસુ સાથી તરીકે અભૂતપૂર્વ કામગીરી બજાવીને એમને 'મિસાઈલ મૅન' અને 'ભારતરત્ન' જેવાં સર્વોચ્ચ બહુમાન ઉપલબ્ધ કરાવવામાં સહાયતા કરી હતી. આપણા વિશ્વપ્રસિદ્ધ હાસ્ય લેખક તારક મહેતા જૈફ વયે આપણી વચ્ચેથી વિદાય થયા. એમણે દેહદાન કર્યું. અનેક સામાજિક પડકારો વચ્ચે ધર્મ અને પ્રેમ પૈકી પ્રેમનો મહિમા કરી જાણનાર ક્રાંતિકારી ગઝલકાર - નાટ્યસર્જક ચિનુ મોદી 'ઇર્શાદ'ની વસમી વિદાયથી ગુજરાતી સાહિત્યજગત રાંક બન્યું છે. આપણા લાડીલા કવિએ જિંદગીના ચડાવઉતાર પછી સર્જેલું સાહિત્ય ચિરંજીવ રહેશે. ***'મંગલ મંદિર' સ્વ. ચિનુ મોદીના આત્માને પરમપિતા પરમાત્મા શાંતિ આપે એવી પ્રાર્થના કરે છે.***

આપણાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આવા સંકલ્પ વીરોમાંથી પ્રેરણા લેવી જોઇએ. સમાજ એમની પડખે હતો, છે અને રહેશે. બસ, નર્મદની જેમ યા હોમ કરીને કૂદી પડો. ફતેહ તમારી રાહ જુએ છે. ■

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઈ – (૬)

● હંસરાજ સાંખલા ●

## ભૂવાઓના ભરડામાંથી બહાર નીકળી

બિદડા ટીબી હૉસ્પિટલની ટ્રીટમેન્ટની અસર મણિલાલના મોં ઉપર તરત દેખાવા લાગી.

નારણકાકાની સૂચના મુજબ મણિલાલ સંપૂર્ણ આરામ ઉપર હતો. અને એની દરમિયાનગીરીથી પૂછપાંખડ લગભગ બંધ થઈ ગઈ હતી. તેણે રતનને કહ્યું હતું, "બેટા, તું જોગમૈયાની દીકરી હો. એને જ શરણે જવાય. જે પોતે ભીખ માંગતા ફરેર્યા ઇ તારું શું ભલું કરી દેવાના? જોતકી અને ભોપા તો પોતાનો ધંધો લઈને બેઠા હૈ. આપડી તો હાજરાહજુર મા બેઠી હે. એને શરણે જા. એની માનતા કર અને ઉપરવાળા ઉપર વિશ્વાસ રાખી, હાચી જગ્યાએ દવા કરાવાય. હાચી દિશાના પ્રયત્ન કર્યા પછીયે પરિણામ એના પર છોડશું તો ઇ પોતમાડું પરિણામ દેશે. આવા ધુતારાને કંઈ શરણે જવાતું હશે? એને શરણે જનાર ભિખારી જ થૈ ગ્યા. જો કાગડાને બેહવું ને ડાળને ભાંગવું એવું ક્યાંક થાય તૈયે જશ ઇ લઈ જાય ઇ હાચું."

રતનને નારણકાકાની વાત હાચી લાગી. રતને તે જ વખતે મનમાં ગાંઠ વાળીને માતાજીને પ્રાર્થના કરી, "હે મા, હું જેટલીવાર ઈંયાં આવીશ તેટલીવાર તમારા દર્શન કરીશ અને બાર મહિના આઠમના ઉપવાસ કરીશ." સાથે જલારામ બાપાને પણ પ્રાર્થના કરી, "હે બાપા, એને જલદી હાજા કરી દેજો. હું એક વરસ તમારા ગુરુવાર કરીશ. ઇ હાજા થૈ રીશે પછી તમારાં દર્શન કરી જશું ને પછી જ ઉપવાસ છોડીશ. એને જલદી હાજા કરી દેજો."

રતનને આજે પહેલીવાર જોતકી અને ભોપા એ બધા છેતરનારા દેખાયા. હવે એ નવરી પડતી ત્યારે માતાજીનું અને જલાબાપાનું સ્મરણ કરતી.

એક દિવસ રતને મણિલાલને કહ્યું, 'આટલા દી થયા હુસેનકાકાનો ઉમર તમારા હારુ આમલે (આમલેટ) પોચાડી જાયર્યો. પણ હું વિચારુંરી ઇ બધું આપું ને જ મોંઘું પડશે. વળી ઈ રોજ રોજ આપડે ઘરે આવશે તો કોક કેશે. શું પોચાડવા આવેર્યો? એના કરતાં હું જ હવારી વેલી જૈ માતાજીના દર્શન કરી, કાકાના ઘરેથી લેતી આવશી. ઇ પોતે કાકાના ઘરે પોંચાડી જશે."

"તો એમ જ કરને તું કાચુ ઈંડું જ લાવજે." મણિલાલે કહ્યું.

"ના ઇ હું નીં ભનાવી દઉં. મને નીં આવડે. આવડશે તોય હું ઇ નીં જ ભનાવું (બનાવું)."

"તારાથી ભનાવાય નીં પણ બફાય તો ખરું ને? ચૂલા માથે પાણી ગરમ કરવાનું ને માંય ઈંડું મૂકી દેવાનું. બટાકાની જેમ પોતે બફાઈ જાય. અને ઈયે તારાથી ન થાય તો હું દૂધમાં નાખીને પી જઈશ. સાબે કેતા'તા કાચું પીઓ તો વધુ ગુણ કરે."

"તો વધુ ગુણ કરે એમ જ કરોને." રતને કહ્યું.

ને બીજા દિવસથી રતન રોજ વહેલી સવારે ત્રણ ગાઉ ચાલીને જોગમૈયમાનાં દર્શન કરવા જતી ને એ બહાને એક ડબરીયામાં કપડામાં વીંટાળીને તાજું ઈંડું લઈ આવતી. મણિલાલ દરરોજ દૂધમાં નાખીને પી જતો. આ રીતે એ લગાતાર વહેલી ઊઠીને પહેલું કામ એ કરતી. પાછી આવીને હાકલ હોય તો મૂલ મજૂરે પણ જતી જ.

બે મહિનામાં મણિલાલને તાવ તો જતો જ રહ્યો ને ખંગ (ઉધરસ) પણ બંધ થઈ ગઈ. રતનને થયું "મારી જોગમૈયાએ ને જલાબાપાએ મારી અરદાસ સાંભળી તો ખરી."

મણિલાલની દવા, આરામ અને ખોરાકમાં રતન પૂરું ધ્યાન આપતી'તી. છ મહિનાની દવાથી એ બિલકુલ સાજો થઈ ગયો.

હાતમ (જન્માષ્ટમી) નજીક આવી. ગામમાં ઘણાબધા ભાઈઓ બારેથી હાતમ કરવા આવવા લાગ્યા. આવનાર દરેક નવી વ્યક્તિ મણિલાલની પૂછા અવશ્ય કરતી, ને લાગણીથી રૂબરૂ આવી ખબર અંતર પૂછતી. રતન કાકાએ આપેલી ગાયનાં દૂધથી બધાને આગ્રહ કરી ચાય પાતી. એ કહેતી, "આ બધા લાગણીથી ખબર પૂછવા આવે ને આપણે ચાય પાવાથી યે જઈએ?" એ જમાનામાં આખું ગામ આ રીતે પરિવાર ભાવનાથી રહેતું.

જન્માષ્ટમી ઉપર સમાજની મિટિંગમાં પણ વાત નીકળી, "મણિલાલ ધજ ખર્ચે ઊતરી ગ્યો હે. થોડી મદદ કરવી ખપે."

કોઈએ કહ્યું 'વગર વ્યાજે લોન આપો.' તો કોઈએ કહ્યું 'એમેજ મદદ કરો. ઊભું ઘર (ગરીબ ઘર) ને એકલો કમાવાવાળો. ક્યાંથી પાછા દેશે? કુટુંબનું પૂરું કરવા બિચારી વહુ એક દી ઘરે નથી બેહતી.'

"આપો આપો આટલાં હારું તો સમાજું ભનાવીયું હે ડોહાઓએ." કહી એક ભાઈએ કહ્યું "પાછા ન લેવા હોય તો સમાજમાંથી ન દેવાય."

"તો ગાયોની ચરાની સમિતિમાંથી આપો."

ચર્ચાને અંતે ચરાની સમિતિમાંથી રૂપિયા આપવાનું નક્કી થયું કે આજે જ આપીય દેવા.

સમાજના આગેવાનોએ મરઘાંમા અને નાનજી (મરઘામાંના દીકરા)ની હાજરીમાં મણિલાલના હાથમાં એ રૂપિયા આપવા માંડ્યા. મણિલાલે પૂછ્યું, "શેના આપોર્યા?"

"અમે જાણ્યું હે તારી દવાનો ખર્ચ ગચ થૈ ગ્યો હે. ગામના

બધા તારા ભાઈ જ કેવાય એટલે તારા ભાઈ તરીકે તારી દવા કરાવવા હારું આ પૈસા દૈયેં ર્યા.''

મણિલાલ કંઈ બોલ્યો નહીં. પણ રતને લાજ કાઢીને કહ્યું, ''બાપા અમે થોડી મજૂરી વધારે કરશું પણ ધર્માદાનું નીં ખાઈએ! જુઓને અટલું તાં ભોગવીયેર્યા વળી ધર્માદાનું ખાઈએ તો અમે કીયા જનમમાં છૂટીએ? ઇ તમે પાછા લઈ જાઓ. ભલે ગાયું ચરો ખાતીયું.''

''એવું નથી વઉ. જુઓ, આ તમને અમે ઘરખર્ચના નથી દેતા. દવાદારૂ હારું દઇએર્યા. અમને ખબર હે દવાનો ખર્ચ ગચ થૈ ગ્યો હે. આખા ગામની લાગણી હે એટલે તમે પાછા ન ઠેલો. આ સમાજની પ્રસાદી કહેવાય. એનાથી તો મણિલાલ જલદી હાજો (તૈયાર) થઈ જશે.''

રતને મરઘાંમાં સામે જોયું.

મરઘાંમાએ કહ્યું, ''લઈ લ્યો વઉ, સમાજ માબાપ કે'વાય. હામેથી બધાને એમ થયું, તૈયેં દેર્યાને? આપેં ક્યાં માગ્યાતા'ને પોચ થાય તૈયે પાછા દઇ દેજો.'' કહી મરઘાંમાએ ઇ બાપાના હાથમાંથી પૈસા લઈ રતનના હાથમાં મૂક્યા.

રતનની આંખમાં પાણી આવી ગયા. એ આવેલ બધા બાપાઓને પગે લાગી.

હાતમ દરમિયાન આખા ગામમાં રતનનાં વખાણ થવા લાગ્યાં. બધા કહે, ''આ તો સતી સાવિત્રી હે. ઇ હોય તો મણિલાલ ભચે. બીજી કોય હોત તો મણિલાલ કૈયે ઠેકાણે થૈ ગ્યો હોત.''

''પાછી એને ખવરાવીને પછે ખાય.'' કોઈએ કહ્યું.

''દર્શન કરવાની એની ટેક ખરી હોં. આપણે તો ગામમાંય દર્શન કરવા પાલવે તો જૈયેંર્યા.''

''ભાઈ દર્શનનું તો નામ હતું. ઇ રોજ મણિલાલ હારું હુસન કુંભારને ઘરેથી ઇંડાં લેવા જતી.''

''અરે તોય શું થ્યું? કેજોતાં તમારી બાઇમાણુંને. કેવું મોં બગાડેરીયું. આ કાંય સેલું નથી. ઇ તો જે કરતું હોય એને ખબર પડે.''

કોઈ કેમ બોલે, કોઈ કેમ બોલે. પણ બધાનો આત્મા એમ બોલતો તો ''રતનવઉના માવતરના સંસ્કાર હખર. આ એનું જ પરિણામ કહેવાય.''

''એ ખરું જ ને. જમાઈની ભરાભર ચાકરી થાય એટલાં હારું એના કાકાજીએ એને ગાય દીધી હે દોઈ પીવા. (વગર કિંમતે માત્ર દૂધ પાવાના હેતુથી.)''

''વળી જુઓને એનો હાહરો તો બારે હે ને પાછા હેય બિચારા બિચારા (સીધા સાદા). આ તો એના કાકાજીએ ગાય દીધી હે ને ચરોચારનાં ઇજ ગાડાં ભરીને નાખી જાયર્યા. આખો પરિવાર સંસ્કારી હૈ.''

''એની દવા બધી એને જ કરાવી. ઇજ એને બિદડા તેડી જતા. એકલી બિચારી વઉ શું કરે?''

''ઇયાંવાળા તાં રોજ એક નવો ભોપો પકડી આવતા'તા. બે મહિનાતાં જોતકીઓએ બગાડ્યા. આ તો નારણભાઈએ પોતે રસ લૈને એમાંથી બાર કાઢ્યા.''

''એને જોતકીઓના ભોપાઓના ચક્કરમાંથી બાર ના કાઢ્યા હોત તો મણિલાલે ન બચત ને પરિવાર પણ વણવણ ને કણકણ થઈ ગ્યો હોત. ઇંયા બધાએ ધંધા એવા જ આદર્યાતા. મેં હાંભળ્યું હે ઇ પરમાણે.''

''ના ઇ તમે કોર્યા એવું જોતક હાવ ખોટું ન હોય. દવા તો કરાવવી જ પડે. પણ 'ઇ' બધું કરવાથી દવાનું પૂરું પરિણામ મળે. નૈ તો પેલાં દવા કામ કેમ નોતી કરતી? ને ફરક કાં નતો પડતો?''

ગામમાં આ પ્રકારની જુદી જુદી, મોં એટલી વાતો થતી હતી.

રતને કોઈની વાતો ન સાંભળી. એની ટીકાથી એને કોઇ દુઃખ નોતું થતું ને એના વખાણથી એ નતી ફુલાઇ જતી.

ભાદરવા મહિના સુધી તો મણિલાલ બિલકુલ નોર્મલ હાજોહારો થઈ ગયો. હવે ગામમાં કોઈની હળવા કામની હાકલ હોય તો રતન એને (રજા દેતી) કામે મોકલતી.

આમ કરતાં ભાદરવો મહિનો પણ પૂરો થવા આવ્યો. મણિલાલે એને કહ્યું, ''હવે બારે જાઉં આ બધા ખર્ચા ઉપાડવા તો પડશે ને?''

''હમણાં હરાદમાં જાઓ એના કરતાં નોરતામાં માતાજીની ચાર ગરબી ગાઇને દશેરાએ માતાજીનો 'ડોભ' કરીને પછે જ જાઓને.''

મણિલાલ કાશી મારાજ કને બારે જવાનું મુહૂર્ત કઢાવી આવ્યો. અજવાળિયાની બારસ અને પૂનમ બે તિથિઓ કાઢી આપી. તે મુજબ ''પૂનમના રોજ ચડતા પહોરે 'દિશાશૂળ અને દિશાકાળ' ન નડે એમ ઘર અને ગામ છોડવું.''

અને એ રીતે જ એ સારે ચોઘડિયે કલકત્તે જવા ઊપડ્યો.

રતન હવે દર મહિનાની અમાસે મનસુખભાઈ કને કાગળ લખાવી મણિલાલને મોકલતી. ને મણિલાલનો જવાબ અને પૈસા પણ નિયમિત આવતા. બધું બરાબર રેગ્યુલર થઈ ગ્યું.

હજી પણ લીલાવહુ એની આદત મુજબ થોડી અતડી અતડી રહેતી હતી. પરંતુ મરઘાંમાના મનમાં પહેલાંય એવું કંઈ ન'તું ને આજે પણ કંઈ ન'તું. ક્યારેક ક્યારેક રતનને પેલું મનસુખભાઈના ગાડામાં દવાખાને જતી વખતે મરઘાંમાને સાથે ન લઈ ગઈ એ પોતાની ભૂલ યાદ આવતી ને પોતાના એ દિવસના વિચાર, વહેમ અને વર્તન બદલ એને પસ્તાવો થતો. સાથે એના મનની અકળામણ વધી જતી.

''જધ્ધી મુંઇ ભોપો તાં ગમે તે કે પણ તેં યે મરઘાંમાને ન ઓળખ્યાં? નારણકાકો કે'તાતાં ને ભોપા પેલાં કુટુંબમાં ઝઘડા ઘાલે ને પછી કેનીયે બીકે ન રે એટલે પોતાનું ધાર્યું કરે.'' તે દિવસના વર્તન બાબતે એક દી એણે (રતને) માની માફી પણ માગી (લીધી) ત્યાર પછી જ એને હૈયાંનો આફરો મટ્યો.

મરઘાંમાના મગજમાં પેલાંય એવો કોઈ દાગ નહોતો. છતાં માફી માગ્યા પછી રતન એને પહેલાંના જેવી જ 'મીઠી' લાગવા માંડી.

*(ક્રમશઃ)*

કારાણી શતાબ્દી વંદના

# જાણે કે આખું કચ્છ મારે દ્વાર

● ભદ્રાયુ વછરાજાની ●

પ્રિય ભાઈ ટપાલી કે પછી પ્રિય દોસ્ત કુરિયરવાલા 'પ્રેમ મંદિર' ના દરવાજે લગભગ રોજ આવી અને મંદિરનાં પગથિયે નાની-મોટી ટપાલ અને સાથે ત્રણ-ચાર પુસ્તકો મૂકી દે. દાદરો ચડવાનું કષ્ટ ન લે, પણ શિવરાત્રિના મધ્યાહ્ને કુરિયર મિત્ર મોટું બંડલ લઈને છેક સુધી આવ્યા અને ચૌદ પુસ્તકોવાળું પાર્સલ હાથમાં પકડાવી ગયા. પુસ્તક મળે તો પ્રેમગુચ્છ જેટલો આનંદ થાય, પણ આ તો ચૌદ પુસ્તકો અને તે પણ કચ્છના મેઘાણીની કલમે લખાયેલાં એટલે એવો હર્ષ થયો કે જાણે કે આખું કચ્છ મારે દ્વાર! **દુલેરાય કારાણી અભિવંદના શ્રેણી**નાં ચૌદ પુસ્તકોમાં કચ્છડો બારે માસ છલકતો હોય તેવી લાગણી થઈ. પ્રકાશનની દુનિયાના ઉમદા માનવ મનુભાઈ શાહે ગુર્જર પ્રકાશન વતી આ અમૂલ્ય ખજાનો મોકલ્યો હતો. રાજીપાનાં ગાડાં આંગણે આવી પહોંચ્યા જ સમજો.

કચ્છી સાહિત્યના દિગ્ગજ અને દિવંગત સાહિત્યકાર દુલેરાય કારાણી. તેઓએ કચ્છી સાહિત્ય રચ્યું અને સંપાદિત પણ કર્યું. પણ વર્ષો વીતતાં તેમના સાહિત્ય - ગ્રંથો અપ્રાપ્ય થઈ ગયા. દુલેરાય કારાણી મૂલ્યનિષ્ઠ સાહિત્યકાર હતા. તેમણે ગુજરાતી ભાષામાં વિપુલ સર્જન કર્યું છે. તેમ કચ્છી ભાષામાં પણ સંશોધન અને સંવર્ધનનું નોંધપાત્ર પ્રદાન કર્યું છે. કારાણીજીનું ઉત્કૃષ્ટ સાહિત્ય વિસરાઈ જાય એ ન પરવડે. એમનો એ પુરુષાર્થ વ્યર્થ જાય તો કચ્છી અને ગુજરાતી સાહિત્યને વસમી ખોટ પડે તેમ હતું. આ કારણે શ્રી દુલેરાય કારાણી સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ અને કારાણી પરિવારના સહયોગથી **ગુર્જર**ની ભગિની સંસ્થા **સંસ્કાર સાહિત્ય મંદિર** દ્વારા તેમનાં કુલ ૧૪ પુસ્તકોનું તદ્દન નવેસરથી સંકલન કરીને, નવી સજાવટ સહિત પ્રકાશન થયું અને ગુજરાતમાં ૧૪ સંસ્કારબીજ ફરી વેરાયાં. આ બીજ પ્રકાશન સાહિત્યનો નવો ઈતિહાસ રચશે અને નવી પેઢીને 'કચ્છ નહીં પઢા તો કુછ નહીં પઢા'નો અહેસાસ કરાવશે.

વૈવિધ્યથી છલકાતી આ પુસ્તકછાબમાં ખમીર કથાઓ + આત્મગૌરવી કથાઓ + પ્રણયભીની કથાઓ + કુશળ કારોબાર - કથાઓ + સુભાષિતો + ચરિત્ર કાવ્યો + કહેવતો + લોકસાહિત્ય - લોકકથાઓની અણમોલ પ્રસાદી ભરી છે. 'સૌરાષ્ટ્રની રસધાર' ના વિવિધ ભાગોમાં ઝવેરચંદ મેઘાણીએ જે કાઠિયાવાડી ખમીર વર્ણવ્યું છે તે જ દરજ્જાની કચ્છના ખમીરની વિરલ કથાઓ કારાણીજીએ 'કચ્છની રસધાર' (ભાગ ૧ થી ૫ સંયુક્ત)માં રજૂ કરી છે. તો, આદર્શ કચ્છી રાજવીના આત્મગૌરવની કથા 'જામ અબડો અડભંગ' માં, 'જામ ચનેસર' માં એક કચ્છી રાજવીની પ્રણયભીની કથા પણ આલેખી છે. 'જામ લક્ષરાજ' પ્રજાવત્સલ કચ્છી રાજવીની જીવનકથા છે, તો 'જામ રાવળ' એક કચ્છી રાજવીની કુશળ કારોબાર - કથા છે. દુલેરાયજી માત્ર રાજવીઓ પર વરસ્યા છે એવું નથી, તેમણે એક કચ્છી શાયર 'નઝીર અકબરાબાદી' ના કાવ્યવૈભવને પણ મૂલવ્યો છે, તો કર્તવ્યનિષ્ઠ કચ્છી જમાદારની ખુમારીની કથા 'કચ્છનો ક્રોમવેલ જમાદાર ફતેહ મહમ્મદ' માં ભાવપૂર્વક આલેખી છે. પ્રેમીપાત્રોનાં ચરિત્રકાવ્યોની એક નોખી રજૂઆત છે, 'રસાલો શાહ અબ્દુલલતીફ ભિટાઈ જો...' માં, 'મિઠે મેરાણ જા મોતીડા' ના ભાગમાં કચ્છી સુભાષિતો, 'સાથે કચ્છી કહેવતો' માં કચ્છી વિવિધ કહેવતોનો કુંબેરભંડાર, 'કચ્છડો બારેમાસ' માં કચ્છી લોકસાહિત્યના ધબકારા, તો જીવનપ્રસંગો 'કથાકયારી' માં સમાવિષ્ટ છે. દુલેરાયજીએ ઈતિહાસ અને લોકકથામાં કચ્છ ક્યાં - ક્યાં છે તેનો અધ્યયન ગ્રંથ પણ 'કારા ડુંગર કચ્છ જા' શીર્ષકથી મૂક્યો છે. પાયાના આ કાર્યવ્યાયામમાં કચ્છી ઉખાણાં ને ઉક્તિમાં જીવનદર્શન કરાવતું પુસ્તક 'કચ્છ પિરોલી' નોખી જ ભાત લઈને આવ્યું છે. આ ચૌદેય પુસ્તકો ગુજરાતભરની પ્રત્યેક લાઈબ્રેરીમાં તો હોવા જ જોઈએ, પણ તેથીય દેશ-વિદેશમાં વસતા એકેએક કચ્છીમાડુની ઘરની અલમારીમાં પણ સ્થાન મેળવે તે કચ્છી ગૌરવની ઘટના બની રહેવી જોઈએ. જો કે આવા પ્રકાશનો કરી, આપણો સંસ્કૃતિ વારસો સાચવી લેવાની જવાબદારી ગુજરાત સાહિત્ય અકાદમીની છે, પણ ગુર્જર પ્રકાશને કરેલાં આ પોંખવાં જેવા કામનો પ્રસાર કરવાની ફરજ તો પ્રત્યેક ગુજરાતીની જ છે.

*('કચ્છમિત્ર')*

**GIRISH ✆ 2567 5418 • MUKESH ✆ 2568 5279**

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

*Ramji Devshi Shah & Co.*
**CUSTOM HOUSE AGENT**

કારાણી શતાબ્દી વંદના

# કચ્છી લોક સાહિત્યના ભીષ્મ પિતામહ કારાણીજીની તિથિ 'બાબાણી બોલી દિન' તરીકે ઉજવીએ

● જગદીશ ચં. છાયા 'શ્રેયસ' ●

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૮૯ રવિવારે પૂજ્ય કારાણીજીની ચિરઃ વિદાયથી કચ્છના 'લોક સાહિત્યના કલાયલ મોરલા'ની કદી ના પુરાય એવી ખોટ પડી. એમનો જન્મ દિન જ એમની પુણ્યતિથિ બની...! એક પૂર્ણ વ્યક્તિત્વની કુદરતે પણ વિદાય વેળાએ જાણે કે સાચવી પૂર્ણતા!!

## ● કારાણીજીની મહેચ્છા :

દુલેરાય કારાણીજીની મહેચ્છા હતી 'કચ્છનાં ગામોનાં નામકરણ' અંગે સંશોધન કરવાની. એ સંશોધન કાર્યમાં સહકાર આપવા, કારાણીજીએ અખબારી અપીલ બહાર પાડી. એ યાદી બહાર પડ્યાને ૧૦ વરસ થયા પછી પણ (૧૯૭૯ સુધી) ખાસ પ્રગતિ નહીં થતાં મેં થોડો રસ દાખવતાં, એમણે મને જ એ કાર્ય ઉપાડી લેવા પ્રેરણા, પ્રોત્સાહન અને આશીર્વાદ આપ્યા. મેં પણ લોક સહયોગ હેતુ સૌપ્રથમ અખબારી યાદી જ બહાર પાડી. આમ, એ દિશામાં લોકોને વિચારતા કરવાનો હેતુ સર્યો એનો સંતોષ છે.

મેં સૌ પ્રથમ તો ફક્ત ગામનાં નામોની યાદી બનાવી. એ વખતે જે સામાન્ય ખ્યાલ પ્રચલિત હતો કે કચ્છીઓએ આપેલ ગામ નામો પર મુખ્યત્વે 'વ્યક્તિ પ્રભાવ' છે, હું પણ એ જ માન્યતાને આધારે આગળ ધપવા તત્પર હતો. ત્યાં જયકૃષ્ણ ઈન્દ્રજીનો 'કચ્છ સ્વસ્થાનની વનસ્પતિ અને તેની ઉપયોગીતા' ગ્રંથ હાથમાં આવતા જ હું દંગ બની ગયો! ગામ નામોનું રટણ તો મગજમાં રમતું જ હતું ત્યાં વનસ્પતિઓની યાદી વાંચતા લાગ્યું કે... હું વનસ્પતિનાં નામો વાંચું છું કે ગામના નામો!!?? અને જાણે કે એક નવી દિશા જ ખૂલી ગઈ! આથી સાબિત પણ થયું કે કચ્છીઓ વ્યક્તિવાદી નથી પણ વનસ્પતિ પારખું અને પ્રકૃતિ પ્રેમી છે. હવે આ દિશામાં આગળ વધવા સારો સહકાર મળી રહ્યો છે. **વિશેષમાં આધુનિક ટેકનોલોજીનો સુંદર સદુપયોગ શક્ય બન્યો છે. લેખકો વિદ્વત્તા સભર, અભ્યાસપૂર્ણ લેખો મોકલે છે!** મેઘાણીજી, કારાણીજી જેવા લોક સાહિત્યકારોએ પાળિયાને ઢંઢોળીને એમને બોલતા કરવાનું 'ધૂળ-ધોયા' કાર્ય કર્યું છે.

કહેવાય છે કે પાળિયાને વાચા ફૂટી હોય એમ, એમની સમક્ષ પાળિયા સ્વયં જાણે કે પોતાની ગાથા બોલવા લાગતા! મને લાગે છે કે ગામના નામો પણ એ જ રીતે 'પોતાની ગાથા ગાવા લાઈનમાં ઊભા છે.' આપણે એમને સાંભળવા 'કર્ણ દૃષ્ટિ' કેળવવી પડશે. દરેક ગામ પોતાનો આગવો ઈતિહાસ, વિશેષતાઓ ધરાવે છે. ગામનું નામ સમાવિષ્ટ હોય એવી કહેવતો લોકોક્તિઓ અસંખ્ય છે. ગામ વિશે લોક કથાઓ, દંત કથાઓ, લોકોક્તિઓ, કહેવતો દ્વારા 'ગામ નામકરણની ગાથા' લોકમુખે રમે છે.

ચાલો, આ વિશિષ્ટ સંશોધન કાર્યને 'યજ્ઞ કાર્ય' સમજી એમાં આહૂતિ આપવાનો 'શિવ-સંકલ્પ' કરીએ. કાળના ગર્ભમાં આવી અમૂલ્ય વિગતો લુપ્ત થાય એ પહેલાં એને સાચવી લઈએ. અમૂલ્ય હસ્તપ્રતો, ફોટોગ્રાફ્સ, સાહિત્ય સામગ્રી, જૂની ડાયરીઓની નોંધો સ્કેન કરી શકાય. વડીલોની વાતોમાં સચવાઈ રહેલ અમૂલ્ય વારસોય સાચવી લઈએ. આ યજ્ઞ કાર્યમાં રસાજ્ઞુઓ, તજજ્ઞો સહિત સૌના અવિરત સહકાર અને માર્ગદર્શનની અપેક્ષા છે.

## ● ...કુરો કુજાડો...

એક સમયે 'કુરો કુજાડો' કહેવાતી કચ્છીનું મ્હેણું કચ્છી સાહિત્યકારોએ ભાંગ્યું.

*કારાણીજીએ તો લખ્યું :*

***'કુરો કુજાડો' કચ્છી, તું ૫ થી તૈયાર***
***કચ્છી પાણી વારી વીર વાણી કે તા 'કારાણી' ચે***
***મીણીનું વડેરી મહારાણી કરે વ્યારીયાં...!!***

કચ્છની વિકાસની દિશામાં પ્રયત્નો સતત થાય છે. પણ બીજી તરફ ગુજરાતના એક પ્રખ્યાત લેખકના કેટલાક વાક્યો આપણને વિચારતા કરી દે છે. તેઓ લખે છે : 'કચ્છની જનભાષા કચ્છી છે. એ ગુજરાતીની નહીં, સિંધીની શાખા છે. જો કે, અત્યારે કચ્છમાં શિક્ષણ, સંસ્કાર અને રાજ્યની ભાષા તરીકે સ્વીકારાયેલી ગુજરાતી ઝડપથી કચ્છીને ખસેડી રહી છે!!!' 'કચ્છીને ખસેડી રહી છે' એટલે શું?!!

મારી આ વ્યથા માંડવીની 'જયંત જ્યોત' સંસ્થામાં 'કચ્છના મેઘાણી દુલેરાય કારાણી અને મારા સંસ્મરણો' એ વિશે યોજાયેલ મારા વક્તવ્યમાં પણ ઠાલવી હતી.

## ● દાદા-પોત્રા જેવો સંબંધ :

કારાણીજી સાથે મારા દાદા-પૌત્ર જેવા મીઠા સંબંધો! તેઓ મને 'માનસ વારસદાર' કહેતા... એ એમની આત્મીયતા જ હતી!! કારાણીજી વિશે લખવું એટલે મનમાં થાય કે 'વ્હાલાજી તારી કલમ વખાણું કે તારી લાગણી વખાણું.' એમનાં ૭૦થી વધુ પુસ્તકો જે એમના સાચા વારસદારો છે. મારા હૃદયને વિશેષ સ્પર્શી ગયું છે 'સોનલ-બાવની.' ધર્મપત્નીના વિયોગમાં હૃદયમાંથી જ પ્રગટેલી એ ઊર્મિઓ છે એ જ કારણ. એમણે પાંચ બાવનીઓ લખી છે... ગાંધી, દયાનંદ, કલ્યાણ, સોનલ અને મહાવીર

બાવની. મેં વિચાર્યું 'કારાણી બાવની' લખાય ત્યારે આજે એમના માટે યોગ્ય હોય એવાં ...બાવન વિશેષણો મેં વિચાર્યા પણ છે. ને આ રહ્યા એ વિશેષણો.... બાબાણી બોલીના બેલી, અસ્મિતાના ઉપાસક, ધૂળ ધોયા સંશોધક, લોક સાહિત્યકાર, સર્જક, સરસ્વતીના સાધક, ઈતિહાસવિદ, પાળિયાને ઢંઢોળીને 'બોલતા' કરનાર, જાત મહેનતુ, કુશળ કેળવણીકાર, સારસ્વત, કચ્છીના યુગ પ્રવર્તક, મરમી, ભોમિયા, રક્ષક, પોષક, તજજ્ઞ, લેખક, સંપાદક, કવિ, સંકલનકર્તા, નાટ્યકાર, સંવાદ લેખક, ગુપ્ત ખજાનાના શોધક, વિચારક, ચિંતક, આદર્શ શિક્ષક, ઝીંદાદિલ, આત્મીય ગૃહપતિ, લોક સાહિત્યનું તીર્થ, વાણીના જાદુગર, આદર્શ પિતા, પ્રેમાળ પતિ, બાળ અખાણીકાર, વાત્સલ્ય મૂર્તિ, સાદગીના સમર્થક, મરોડદાર અક્ષરોમાં માહિર, પમરાટની પ્રતિભા, કલમના કસબી, ગુણીયલ, ગુણગ્રાહી, માનવતાના પૂજારી, સર્વધર્મ સમભાવી, વહેમના વિરોધી, કચ્છીના કારાયલ, મનોવિજ્ઞાની, જીવનદૃષ્ટા, કચ્છના કલાધર 'મેઘાણી', આપણું ગૌરવ, શબ્દોના સ્વામી, ઐતિહાસિક આલેખ 'જેમ્સ ટોડ', સંસ્કૃતિના પૂજક, સરસ્વતીના અનમોલ પુત્ર-રત્ન, કચ્છના 'કોલંબસ', આપણું 'ઓળખપત્ર', લોક સાહિત્યનો ઘેઘૂર વડલો.

કચ્છના મહાન લોક સાહિત્યકાર દુલેરાય કારાણીની જન્મ - પુણ્યતિથિ તા. ૨૬મી ફેબ્રુઆરીને પિતૃ ભાષા - બાબાણી બોલી... "કચ્છી ભાષા દિન" તરીકે ઊજવવો જોઈએ એવું નમ્ર સૂચન છે.

જેમ કચ્છ માટે કહેવાય છે — 'ભૂકંપ પહેલાંનું કચ્છ અને ભૂકંપ પછીનું કચ્છ' એમ કચ્છી ભાષા માટે કહેવું જ પડે... "કારણીજી પહેલાની અને કારાણીજી પછીની ભાષા સમૃદ્ધિ."

પહેલા 'મેઘાણીજી' જન્મ્યા. માટે દુલેરાય કારાણીજીને 'કચ્છના મેઘાણી'નું બિરૂદ મળ્યું. પણ જો દુલેરાય કારાણી એમનાથી પહેલા જન્મ્યા હોત તો... કદાચ મેઘાણીજીને... 'સૌરાષ્ટ્રના કારાણી'નું બિરૂદ મળ્યું હોત...!!

કચ્છી બાબાણી બોલીની અસલી તાકાત એમની રચનાઓ થકી કારાણીજીએ સુપેરે દર્શાવી છે. "ચાય - છાય જી સંગર" એક ઉદાહરણ માત્ર છે.

બળૂકી કચ્છી ભાષાનું આ શક્તિ પ્રદર્શન...

*રુક જેડી નક્કર, સક્કર જેડી શીરી વારી,*
*અક્કડ અનોખી અતિ ગતિ રામ બાણજી*
*કુછે મેં કડક કચ્છી પાણી જે કડાકે વારી*
*વિજ જે વરાકે વારી, જોય જિંધજાનજી,*
*તાજી ઘોડો છૂટે, તુટે તોપ જો ગલોલો તેડી,*
*'કારાણી' ચેં, ચોટ કચ્છી વાણી જી કમાનજી!*

'મુંજી માતૃભૂમિ કે નમન' કચ્છનું રાષ્ટ્રગીત ગણાય છે. તો આ રચના કચ્છ... 'વંદે માતરમ' જ છે!

કારાણીજીને કોટિ કોટિ નમન! ■

## ચંદ્રાબા - લાખો

**(અનુસંધાન : પાના નં.-૧૬ ઉપરથી ચાલુ)**

રહી ગઈ, ધન્યધન્ય થઈ ગઈ. જામ પેલા જૂના વડલે પહોંચી ગયો. તેને પોતાની જુવાનીના દિવસો યાદ આવ્યા. આ વડલાની ડાળી પકડીને તે ઘોડાને અધ્ધર કરી લેતો હતો. આજે પણ તે તે જ ડાળીએ ગયો, ડાળી પકડી, ઘોડાને જાંઘમાં દબાવ્યો. લોકો અધ્ધર શ્વાસે જોઈ રહ્યા હતા. ધડામ દઈને જામ લાખાએ ઘોડાને એક વેંત અધ્ધર કરી લીધો. ચારે તરફ તાળીઓના ગડગડાટ થઈ ગયા. ખરેખર તો આ કૌવત જામ લાખાનું ન હતું, ચંદ્રાબાનું હતું.

ચંદ્રાબા અને જામ લાખાનો સંસાર સારી રીતે ચાલવા લાગ્યો. ચંદ્રાબાને સારા દિવસો હતા. એક દિવસ પતિને પૂરી પ્રસન્નતામાં લાવીને તેમણે માગણી કરી : "તમારા પછી સિંધની ગાદીએ મારો (થનારો) કુંવર આવે." જામે વચન આપી દીધું. કામરસમાં તરબોળ પુરુષને ભાન નથી રહેતું. ચતુર સ્ત્રી તે વેળાએ તેની પાસેથી ધાર્યું કામ કરાવી લેતી હોય છે. દારૂના નશા કરતાં પણ કામનશો વધુ બેભાન બનાવે છે.

જામ લાખાને જ્યારે કામનશો ઊતર્યો ત્યારે તેને ભાન થયું કે પોતે ગરબડ કરી નાખી હતી. ગાદીનો ખરો વારસદાર તો પાટવી કુંવર મોડ છે. તે આ વાતને કેમ સ્વીકારશે? જ્યાં ઘણા વારસદારો હોય ત્યાં જાનલેવા ખટપટો થવાની જ.

જામ લાખાએ મોડને બોલાવીને બધી વાત કરી અને પોતે વચન આપી દીધું છે તેવું પણ કહ્યું. મહાન બાપનો મોડ કુંવર પણ મહાન હતો. તેણે તરત જ દસ્તાવેજ કરી આપ્યો કે "સિંધની રાજગાદી ઉપર મારો કોઈ અધિકાર નહીં. મારી ઓરમાન માતા ચંદ્રાબાની કૂખે જે કુમાર જન્મશે તે જ સિંધનો રાજા થશે."

થોડા જ સમયમાં ચંદ્રાબાને કુંવર જન્મ્યો. તેનું નામ ઉન્નડ રાખવામાં આવ્યું. પછી તો એક પછી એક બીજા ત્રણ કુંવરો જન્મ્યા, જેમનાં નામ ઉન્નડ, જેહો, ફૂલ અને મનાઈ રાખવામાં આવ્યાં. ચાર જૂની રાણીના અને ચાર નવી રાણીના મળીને જામ લાખાને આઠ પુત્રો થયાં.

ઘણી ખટપટો અને સંઘર્ષ પછી ઉન્નડ ગાદીપતિ થયો. આ બધો મહિમા ચંદ્રાબાનો જ કહેવાય. ■

*જ્ઞાનદેવને એકવાર પરિવ્રાજક ગુરુ મળ્યા હતા. તેમણે પોતાના શાસ્ત્રનો સાર થોડાકમાં બતાવી દીધો. મન એકાગ્ર કર. વન ખંખોળ મા. કારણ, ઈશ્વર તો પાસે જ છે. અભિમાન છોડી દે, અથવા બધી બાબતો માટે તે સરખું રાખ. આટલું થતાં તારો બધો અજંપો શમી જશે. તું પ્રકૃતિને પાર કરી જઈશ અને તને અમર જીવન મળશે.*

કચ્છની રસધાર

# દાદા કંથડનાથ

• દુલેરાય કારાણી •

કચ્છનો પુરાતન કિલ્લો કંથકોટ, જેના નામને આજે પણ જીવંત રાખી રહેલ છે, એ દાદા કંથડનાથ એક મહાન યોગીરાજ હતા. એમનું અસલ વતન જાણી શકવા તો આજે કોઈ સાધન ઉપલબ્ધ નથી; પરંતુ એટલું ખરું કે દાદા કોઈ દૂરદૂરના પ્રદેશથી તપશ્ચર્યા માટે શાંત સ્થળની શોધમાં કચ્છ આવ્યા હતા. જપતપ માટે સુયોગ્ય સ્થાન માટે એમની પસંદગી વાગડના આ ડુંગર પર ઊતરી હતી.

આ ઘટના પર આજે લગભગ ૧૨૦૦ વર્ષનાં વહાણાં વાઈ ગયાં છે છતાં કંથડનાથનું નામ આજે કચ્છમાં એમના શ્વેત સુશોભિત મંદિર જેવું જ તાજું અને ઊજળું રહેલ છે. અહીં આવીને દાદાએ આ ઉજ્જડ જેવા ડુંગર પર પોતાની તપશ્ચર્યા ચાલુ કરી દીધી.

દાદાનું મન સંસારમાંથી એકાએક ઊઠી જતાં તે છાનામાના પોતાને ઘેરથી ચાલી નીકળ્યા હતા. આ રીતે એમના ચાલ્યા જવાથી એમનાં માતુશ્રીનું મન ખિન્ન થઈ ગયું. એમના અંતર પર એક મોટો આઘાત લાગી ગયો. એકના એક પુત્ર પર આધાર રાખીને બેઠેલાં એમનાં માતાજી પણ પોતાના યોગી પુત્રની શોધમાં નીકળી પડ્યાં.

એમનાં માતુશ્રીનું નામ માંગુબા હતું. તપાસ કરતાં-કરતાં માંગુબા પોતાના મનમોજી પુત્રને પગલે-પગલે આ ડુંગર પર આવી પહોંચ્યાં. અહીં એક વિકટ જગામાં દાદાને તપશ્ચર્યામાં તલ્લીન જોઈને માંગુબાની આંખો અશ્રુજળથી છલકાઈ ઊઠી.

પોતાના વૈરાગી પુત્રને સમજાવીને પાછો લઈ જવા આવેલાં એમનાં માતુશ્રીએ એમને સમજાવવામાં કંઈ બાકી રાખ્યું નહિ; પરંતુ જેને રામનામનાં રામબાણ વાગ્યાં હતાં એવા આ યોગીરાજ હવે સંસારની જાળમાં સપડાય એમ ન હતું. એટલે આ સમજાવટનું પરિણામ ઊલટું જ આવ્યું. પોતાના યોગી પુત્રને સમજાવવા આવેલાં માંગુબાને આ યોગીરાજે એ જ ડુંગર પર રહીને શેષ જીવન ગાળવા સમજાવી દીધાં.

અહીં આ યોગીરાજ જે ટેકરી પર પોતાની તપશ્ચર્યા આદરી રહ્યા હતા તેની બાજુની ટેકરી પર એમનાં માતુશ્રીએ પણ પોતાની પર્ણકુટિર તૈયાર કરી દીધી, અને એ પણ પ્રભુભક્તિમાં પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યાં. આજે પણ આ ટેકરી એમનાં માતુશ્રીના નામ પરથી 'માંગુ ભિટ્ટ' ના નામે ઓળખાય છે.

બરાબર એ જ અરસામાં સિંધ નગરસમૈમાં જામ ઉન્નડનું ખૂન કરીને નાસેલા તેના ભાઈઓ મોડ અને મનાઈ કચ્છમાં આવી પહોંચ્યા હતા. મનાઈ કચ્છના ઉત્તર વિભાગમાં સ્થિર થઈ ગયો અને મોડ કોઈ નવી ભૂમિની શોધમાં ફરતો-ફરતો આ સ્થાન પર આવી ચડ્યો.

આ ડુંગરનું બારીક દૃષ્ટિએ નિરીક્ષણ કરતાં મોડને જણાયું કે અહીં જો એક ડુંગરી કિલ્લો બાંધવામાં આવે તો તે અજિત એવું સ્થાન બની જાય. આમ વિચારીને તેણે એક કિલ્લો બાંધવાની તૈયારી કરવા માંડી. પરંતુ જે ઠેકાણેથી આ કિલ્લાના પાયાની શરૂઆત થઈ શકે ત્યાં તો આ યોગી મહાત્મા ધૂણી નાખીને બેઠેલા હતા. એમને અહીંથી ઉઠાડ્યા વગર કિલ્લાનો પાયો પડી શકે તેમ ન હતું. એટલે મોડકુમારે આ યોગીને અહીંથી ઊઠી જવાની આજ્ઞા કરી.

યોગી કંથડનાથ અહીં બાર વર્ષની ધૂણી નાખીને બેઠા હતા. એમની ધૂણીને સાત વરસ પૂરાં થઈ ગયાં હતાં. હજુ પાંચ વર્ષ બાકી હતાં, એટલે યોગીએ ત્યાંથી ઊઠવાની પોતાની અનિચ્છા દર્શાવી. યોગીને પોતાની આજ્ઞાનો અનાદર કરતા જોઈને મોડને ગુસ્સો ચડ્યો. તેણે યોગીને કહ્યું : 'જો તું સાનમાં સમજી જઈને અહીંથી નહીં ઊઠે તો અમારે તને બળજબરીથી ઉઠાડવો પડશે, અને તારી સઘળી સિદ્ધિ થોડી જ વારમાં સમેટાઈ જશે. તારી ધૂણીના કારણે કિલ્લાનું કામ કંઈ થોડું જ અટકી રહેવાનું છે!'

મોડની સખ્તાઈ જોઈને યોગીને વધુ ક્રોધ ચઢ્યો. તેમની આંખો ગુસ્સાથી લાલચોળ બની ગઈ. ક્રોધમાં ને ક્રોધમાં તેઓ કંઈ પણ બોલ્યા વગર પોતાનું આસન બગલમાં મારીને ચાલતા થયા અને નજદીકની એક ગુફામાં ભરાઈ ગયા.

યોગીને ચાલ્યો ગયેલો જોઈને મોડને સંતોષ થયો. તેણે તરત જ કિલ્લો ચણાવવાનું કામ શરૂ કરી દીધું. સેંકડો કારીગરો અને મજૂરો આ કિલ્લો બાંધવાના કાર્યમાં રોકાઈ ગયા.

એક તરફ કિલ્લો ચણવાનું કામ ધમધોકાર ચાલી રહ્યું હતું ત્યારે બીજી તરફ યોગી કંથડનાથ પોતાની ગુફામાં બેઠાબેઠા પોતાની કંથા અર્થાત્ ગોદડી સીવવાના કાર્યમાં મંડી પડ્યા હતા. સાંજ પડતાં જ્યારે કિલ્લાનું કામ બંધ થયું ત્યારે યોગીએ પણ ગોદડી સીવવાનું પોતાનું કામ પડતું મૂક્યું. રાત્રિના સમયે તેમણે ગોદડીને ઉકેલી નાખી. અને કિલ્લો એ જ વખતે કડડભૂસ કરતો જમીન પર ઢળી પડ્યો. સવાર પડતાં જ્યારે મોડે આ કિલ્લાને જમીનદોસ્ત થયેલો દીઠો ત્યારે તેને ઘણી નવાઈ લાગી; પરંતુ તેનું કારણ કંઈ પણ તે કળી શક્યો નહિ. તરત જ કિલ્લો ફરીથી ઊભો કરવાનું કાર્ય ચાલુ કરવાની તેણે આજ્ઞા કરી. કામ ચાલુ થયું. જેટલો ભાગ પડી ગયો હતો તે ફરીથી તૈયાર કરી લેવામાં

આવ્યો. તે દિવસે પણ યોગીની એ જ પ્રવૃત્તિ ચાલુ રહી. રાત્રિ પડતાં કિલ્લાના પાછા એ જ હાલ થયા. મોડ હવે વિચારમાં પડી ગયો. તેણે કિલ્લાનું કામ ચાલુ કરાવીને ચોકીદારો બેસાડી દીધા; પરંતુ આ ચોકીદારો તૂટી પડતા કિલ્લાને અટકાવવાને અસમર્થ હતા. તેથી તે રાતે પણ કિલ્લાની તો એ જ દશા થઈ. આવું તો કેટલાયે દિવસ ચાલ્યું. કિલ્લો ચણવા માટે ઘણાં ફાંફાં માર્યા; પરંતુ કોઈ પણ ઉપાયે તે કિલ્લાને પડતો અટકાવી શક્યો નહિ. હવે તે સમજી ગયો કે આ કાર્ય પેલા યોગીરાજનું જ છે; પરંતુ હઠે ચડેલા યોગી હવે કોઈ રીતે માને તેમ ન હોવાથી આખરે તેણે કિલ્લો ચણવાનું કામ મુલતવી રાખી દીધું.

મોડનો કુંવર સાડ થયો. તેનાં લગ્ન વાગડના ધરણ વાઘેલાની બહેન સાથે કરવામાં આવ્યાં. સાડના લગ્ન પછી થોડા જ વખતમાં મોડનું અવસાન થયું. કંથકોટનો કિલ્લો ચણાવવાની તેના મનની હામ મનમાં જ રહી ગઈ.

મોડના અવસાન પછી સઘળી સત્તા જામ સાડના હાથમાં આવી. સાડ જામ ચતુર અને કુનેહબાજ હતો. પિતાનું અધૂરું કામ પૂર્ણ કરવાની તેને ખાસ ઉત્કંઠા હતી. એટલે તેણે પહેલું એ કાર્ય પોતાના હાથમાં લીધું. યોગી કંથડનાથના ચેલા ભસ્મનાથને બોલાવીને તેની પાસે તેણે પોતાની હૃદયેચ્છા વ્યક્ત કરી. જામ સાડને અત્યંત નમ્રતાપૂર્વક આજીજી કરતો નિહાળીને ભસ્મનાથને તેના પર દયા આવી. આ ભસ્મનાથે કિલ્લો ચણવાની એક નવી જ યુક્તિ સાડને બતાવી.

ભસ્મનાથની સૂચના અનુસાર જામ સાડે સાત ઊંચી કિસમના પોપટોને પાળીને તેમને પઢાવવા માંડ્યા. થોડા વખતમાં આ સાતે પોપટ તેમને આપવામાં આવેલા શિક્ષણમાં તૈયાર થઈ ગયા. આ સાતે પોપટને સાથે લઈને જામ સાડ યોગી કંથડનાથની ગુફા પર આવી ઊભો. તરત જ જામની ઈશારતથી એક પોપટ બોલી ઊઠ્યો :

'દાદા કંથડ! આદેશ!'

બહારથી આદેશનો અવાજ આવતો સાંભળી યોગી બોલ્યા : 'કઓન?'

'જામ સાડ.' પઢાવેલ પોપટે ઉત્તર આપ્યો.

'સાડં! ભસ્મ હો જા!' ગુફામાંથી યોગીનો ક્રોધાયમાન અવાજ આવ્યો.

તે જ ક્ષણે પેલો પોપટ બળીને ખાક થઈ ગયો. જામ સાડે હવે બીજા પોપટને બોલવા આજ્ઞા કરી. તે પણ પેલા પોપટની પેઠે જ બોલ્યો :

'દાદા કંથડ! આદેશ!'

'કઓન?' ફરીથી યોગીએ પૂછ્યું.

'જામ સાડ.' પોપટે પ્રત્યુત્તરમાં જણાવ્યું.

'સાડીઆ! ભસ્મ હો જા!' યોગીનો આગઝરતો અવાજ આવ્યો.

બીજો પોપટ પણ રાખનો ઢગલો બનીને નીચે પડ્યો.

આમ એક પછી એક સાત પોપટ બળીને ખાક થઈ ગયા.

આઠમી વખત જામ સાડ પોતે આગળ આવ્યો. હવે ધાસ્તી પેઠી કે યોગીના મોંમાંથી શબ્દ છૂટતાં જ રખે તેની પણ એ જ હાલત થાય. આથી તેનું હૃદય મૃત્યુની બીકથી ધડકી રહ્યું હતું. છતાં દૃઢ હૈયું કરીને ગુફાના દ્વાર પાસે તેણે પોકાર કર્યો :

'દાદા કંથડ, આદેશ!'

'કઓન?' યોગીએ હવે ક્રોધથી ખરખરા બનેલા અવાજે પ્રશ્ન કર્યો.

સાડના હૃદયના ધબકારા વધવા લાગ્યા. ખુદ કાળ તેની સામે ડાચું ફાડીને ઊભો હોય એવો એને આભાસ થયો. મહા મુશ્કેલીએ તેણે જવાબ આપ્યો :

'જામ સાડ.'

આ વખતે ભસ્મનાથ આગળ આવ્યો. બે હાથ જોડી યોગીની દયા માટે તે તેને વીનવવા લાગ્યો.

યોગીને હવે ભાન આવ્યું. સાત-સાત વચનો નિષ્ફળ જવાનો તેનો ક્રોધ હવે જરા શાંત થયો. ભસ્મનાથને આજીજી કરતો નિહાળી યોગી નરમ પડ્યો. તેણે જામ સાડને બોલાવવાની આજ્ઞા આપી.

સાડ જામ ગુફામાં આવતાં જ યોગીના પગોમાં આળોટી પડ્યો, અને ક્ષમાયાચના કરવા લાગ્યો. સાડની નમ્રતા જોઈ યોગીને દયા આવી અને આખરે કિલ્લો ચણવાની યોગીએ આજ્ઞા આપી.

સાડનું હૈયું હવે હર્ષથી ઊભરાઈ ગયું. તેનો સઘળો શ્રમ હવે સફળ થતો દેખાયો. યોગીને નમન કરી તેણે વિદાય લીધી અને કિલ્લો ચણાવવાનું કામ તેણે શરૂ કરી દીધું. કિલ્લાનું નામ યોગી કંથડનાથના નામ પરથી કંથકોટ રાખવામાં આવ્યું. અને કિલ્લાની ખડકી (બારી) નું નામ 'સાડ ખડકી' રાખવામાં આવ્યું, જે આજે પણ મોજૂદ છે.

જામ સાડે અહીં એક મોટો કૂવો બંધાવ્યો. એ કૂવાનું નામ પિતાના સ્મરણાર્થે 'મોડ કૂવો' રાખવામાં આવ્યું. આજે આ કૂવો જીર્ણ અવસ્થામાં જૂના દિવસોને યાદ કરતો હોય એવો જીર્ણશીર્ણ જોવામાં આવે છે. ■

***પ્રીતિ અને શ્રદ્ધાથી ઈશ્વરનું સ્મરણ કરીને શુભ કાર્યનો આરંભ કરીએ, એટલે તે કાર્ય પાર પડે જ. કેમકે, ઈશ્વર સ્મરણથી બુદ્ધિ નિઃશંક થાય છે અને કર્મમાં ભાવનાની ભીનાશ ભળે છે. નિઃશંક બુદ્ધિ અને ભાવનાથી કરેલું કર્મ સિદ્ધ કેમ ન થાય?***

કચ્છી કથા

# ચંદ્રાબા - લાખો

● સ્વામી સચ્ચિદાનંદ ●

કચ્છ-કાઠિયાવાડમાં કેટલીક કથાઓ ઘટના-આધારિત પેદા થઈ હોય છે, તો કેટલીક કથાઓ મહેણા-આધારિત પેદા થઈ હોય છે. ઘટના-આધારિત કથાઓમાં ગંભીરતા હોય છે. ઘટના જ એવી હોય કે તેને યોગ્ય વળાંક આપવો જ પડે. માનો કે કોઈને ઘોર અન્યાય થયો. અન્યાય સહન ન થયો અને ઘટના બની. આવી કથાઓ ઘટના-આધારિત કથાઓ કહેવાય. પણ કશું જ થયું નથી, બધું બરાબર ચાલી રહ્યું છે, પણ ઘરમાં કોઈએ કોઈને મહેણું માર્યું, મહેણું હાડોહાડ વ્યાપી ગયું અને તેની પ્રતિક્રિયા સ્વરૂપે કથા પેદા થઈ - ઘણી મોટી કથા, મહાવિનાશક કથા. તપાસ કરતાં ખબર પડી કે આ તો માત્ર એક નાનાસરખા મહેણામાંથી ઊભી થયેલી કથા છે. જે લોકો ગંભીર પ્રકૃતિના હોય છે તેઓ ઓછાબોલા હોય છે. તેઓ મહેણાં નથી મારતા કે બહુ કટાક્ષો પણ નથી કરતા. આવા લોકો કોઈનાં મહેણાંને પચાવી જતા હોય છે તેથી વાત આગળ વધતી નથી. પણ જે લોકો ચંચળ પ્રકૃતિના હોય છે અને ગમોઅણગમો પ્રબળ હોય છે તેઓ મહેણાં બહુ મારે છે અને કટાક્ષો પણ ઘણા કરતા રહે છે. સામેની વ્યક્તિ પણ જો આવી જ હોય તો ઘટનાઓ બનવા માંડે છે.

આજના પાલિતાણા પાસે ખેરગઢ નામનું ગામ હતું. ત્યાંનો ગોહિલ રાજા રાજ્ય કરતો હતો. એક દિવસ યોગાનુયોગ સિંધનો રાજા જામ લાખા ધુરારો ખેરગઢ આવી પહોંચ્યો. પાદરે તેણે તંબૂ નાખ્યા. રાજાને જોવા અને વધાવવા ગોહિલ રાજાની રાજદાસીઓ પહોંચી ગઈ. તેમણે લાખાનો ઘણો સત્કાર કર્યો. બદલામાં જામ લાખાએ પણ બધી રાજદાસીઓને ખૂબ ભેટ આપી. સ્ત્રીઓ ભેટથી રાજીરાજી થઈ જતી હોય છે - તેમાં પણ જે સ્ત્રીઓ ભેટની આવકથી જ જીવિકા જીવતી હોય તેમની તો વાત જ શી! જામ લાખાનું કદાવર અને બળવાન શરીર જોઈને બધી ખૂબ પ્રભાવિત થઈ હતી. જેમણે ચારે તરફ પોતાનાં ખૂબ વખાણ કરાવવાં હોય તેમણે હાથ ઉદાર રાખીને નાના લોકોને ખૂબ આપતા રહેવું જોઈએ. દાસીઓ રાણીઓ આગળ લાખાનાં ખૂબ વખાણ કરતી રહી. લાખાની તાકાત એવી હતી કે તે વડની ડાળ પકડીને પોતાના ઘોડાને જાંઘમાં દબાવીને અધ્ધર કરી દેતો. લોકો આશ્ચર્યચકિત થઈને જોતા જ રહેતા. ચારે તરફ લાખાના બળની ચર્ચા થયા કરતી. લોકો તો મરચુંમીઠું ભભરાવીને પણ વાતો કરતા.

ખેરગઢના રાજાને ચંદ્રકુંવરી નામની કન્યા હતી. તેની માતા તેને નાની મૂકીને દેવ થઈ ગઈ હોવાથી રાજાએ તેને ખૂબ લાડકોડથી ઉછેરીને મોટી કરી હતી. હવે તે મોટી થઈ હતી. તેને પરણાવવાની ચિંતા ગોહિલ રાજાને થયા કરતી હતી. તેવામાં લાખો પાદરે આવેલો જાણીને રાજાએ લાખા વેરે ચંદ્રાબાનાં લગ્ન કરી નાખવા સગાઈનો રૂપિયો અને શ્રીફળ આપ્યાં. લાખો આધેડ ઉંમરનો હતો અને તેને ચાવડી રાણીથી ચાર પુત્રો હતા, તેથી ઇચ્છા ન હોવા છતાં પણ તેણે રૂપિયો સ્વીકારી લીધો.

લાખો તો વિદાય થઈને પાછો સિંધ આવી ગયો અને સગાઈની વાત ભૂલી ગયો. ચંદ્રાબાના પિતા સૂર્યસિંહ ગોહિલ વાટ જોઈ-જોઈને થાક્યા, પણ લાખા તરફથી કશા સમાચાર ન આવ્યા. સંબંધ પોષણની અપેક્ષા રાખતો હોય છે. સમય-સમય ઉપર પત્ર આવે, સંદેશો આવે, કાંઈ ભેટ આવે, ફોન આવે તો સંબંધને પોષણ મળે. જો કશું જ ન આવે તો સંબંધ સુકાઈ જાય. સૂર્યસિંહ અને લાખાનો સંબંધ સુકાઈ ગયો, તેથી સૂર્યસિંહે ચંદ્રાબાનાં લગ્ન કચ્છના કનોજ કોટના ચાવડા રાજા સાથે કરી દીધાં. ખરેખર તો ચાવડા રાજા ચંદ્રાબાને ઝંખતો જ હતો. આપણે ત્યાં માત્ર લગ્નપ્રસંગને જ કંકોત્રીમાં 'વેરે' શબ્દથી લખાય છે. જેમ કે ફલાણી કન્યાનું ફલાણા મુરતિયા વેરે લગ્ન ગોઠવ્યું છે. આ 'વેરે' શબ્દ આ સિવાય બીજે ક્યાંય વપરાતો જાણ્યો નથી. કદાચ તેમાં એવો પણ મેસેજ નીકળતો હોય કે વેરે એટલે વૈરે અર્થાત્ દુશ્મનાવટથી. જોકે આવો લગ્નપ્રસંગ સૌથી વધ માંગલિક પ્રસંગ કહેવાય, એટલે દુશ્મનાવટનો વિચાર પણ ન કરાય; તોપણ કેટલીક વાર આવું થઈ પણ જતું હોય છે. કેટલીક વાર પતિ-પત્ની વૈરભાવથી પરણ્યાં હોય છે, તો કેટલીક વાર બંને વેવાઈ પક્ષો વૈરભાવ ભજવવા કે પૂરો કરવા વેવાઈ બન્યા હોય છે. જે હોય તે. અંગ્રેજી 'વિથ' શબ્દનાં અર્થમાં વપરાયેલો આ શબ્દ વૈરભાવનો પણ ઇશારો કરી જાય છે.

ખેરગઢના ગોહિલ સૂર્યસિંહની ચંદ્રાબા હવે તો પૂરી ઉંમરે પહોંચી ગઈ હતી ત્યાં તેના જીવનમાં એક અકલ્પનીય વળાંક આવી ગયો. ગોહિલની માનીતી ભેંસને નવચંદરી પાડી આવી. નવચંદરી એટલે ચાર પગ, પૂંછડાનો છેડો, કપાળે ચાંદલો, ગળે કાંઠલો અને આંખોમાં કેરી હોય અર્થાત્ નવ જગ્યાઓ ધોળી હોય તેને નવચંદરી કહેવાય, જે દુર્લભ જ કહેવાય. ચંદ્રાબાને નવચંદરી સાથે રાગ થઈ ગયો. માનવને માત્ર માનવ પ્રત્યે જ નહીં, પશુપક્ષીઓ પ્રત્યે પણ રાગ થતો હોય છે. તેથી તો લોકો કૂતરાં, પોપટ, વગેરે પશુપક્ષીઓ પાળતા હોય છે. જેને કોઈના ઉપર રાગ જ ન હોય તેને વીતરાગ કહેવાય. રાગ એટલે લાગણી. લાગણીહીન જીવનને પણ કેટલાક લોકો સર્વોચ્ચ - ઉચ્ચ સ્થિતિવાળું જીવન માનતા હોય છે, જેના પરિણામે

અનુયાયીઓ પણ લાગણીહીન થઈ જતા હોઈ શકે છે. શ્રીકૃષ્ણ લાગણીહીન નથી - તેઓ લાગણી ભરપૂર છે, તેથી તેમને પ્રેમાવતાર કહેવાય છે.

ચંદ્રાબાને નવચંદરી સાથે એટલો બધો રાગ થઈ ગયો કે દિવસ રાત તેને પોતાની સાથે જ રાખે. તેને હોંશેહોંશે ઉપાડે અને રમાડે. તેને ઉપાડીને રમાડતાં-રમાડતાં નવચંદરી છ માસની થઈ ગઈ. ભારોત્તોલનથી ચંદ્રાબા પણ પહેલવાન જેવી મજબૂત થઈ ગઈ હતી. તેની ભાભીઓને ચંદ્રાબાની આવી લાગણી ગમતી નહીં. એક વખત એક ભાભીએ ચંદ્રાબાને મહેણું મારી દીધું. ભાભીઓ મહેણાં મારવા માટે જ ભાભીઓ થતી હોય છે. મહેણું આવું હતું :

"ઓહોહો...ચંદ્રાબા! તમારે લાખા ધુરારાને વરવું છે કે શું? લાખો ઘોડો ઉપાડે છે તો તમે ભેંસ ઉપાડો છો! બંનેની સારી જોડી જામશે!"

ભાભીનું મહેણું ચંદ્રાબાને હાડોહાડ લાગી ગયું. જે હાડોહાડ લાગે તે જ જીવનને હચમચાવે. જે કદી હાડોહાડ લાગે જ નહીં તે જીવનને બહુ પ્રભાવિત ન કરે.

ચંદ્રાબાએ ચોપડાવી દીધું : "ભલે, ભાભી! હવે વરીશ તો લાખાને જ વરીશ, નહીં તો કુંવારી રહીશ!" ચંદ્રાબાના નિર્ણયથી સૂર્યસિંહ સાથે પૂરો પરિવાર ખળભળી ઊઠ્યો હતો. જામ લાખો તો સમાચારે પૂછતો ન હતો, પણ તેની સગાઈ તો ચંદ્રાબા સાથે થઈ જ હતી. રાજપૂતોમાં ખાંડા સાથે લગ્નવિધિ કરવાનો રિવાજ હોય છે, તો કેટલીક જગ્યાએ કન્યા સામે ચાલીને વરના ગામ જતી હોય છે. ચંદ્રાબા પોતાનું વેલડું લઈને જામ લાખાની ભાગોળે પહોંચી ગઈ. ખરેખર તો તેનું વેલડું કચ્છના કનોજકોટના ચાવડાને ત્યાં મોકલ્યું હતું, પણ રસ્તામાંથી જ ચંદ્રાબાએ હઠ પકડીને વેલડાને સિંધના નગરસમૈ તરફ વળાવી દીધું હતું. સ્ત્રીહઠને પણ એક પ્રબળ હઠ માનવામાં આવી છે. તેમાં પણ સ્ત્રી અને મહેણું સાથે ભળે તો-તો પછી કહેવું જ શું? અને આ બંનેની સાથે રાજપૂતાણીની મક્કમતા ભળે તો-તો ઇતિહાસ જ રચાય. રાજપૂતોનો ઘણો ઇતિહાસ આવી રીતે જ રચાયો છે, જેની પાછળ બૌદ્ધિક ગંભીર કારણો ન હોય પણ તુચ્છ લાગણીશીલતા હોય.

ચંદ્રાબાનું વેલડું નગરસમૈના પાદરે આવી પહોંચ્યું. મહેણાની મારેલી કન્યા વરને વરવા સામે ચાલીને આવી, ગામની ભાગોળે ઊભી છે. બીજી તરફ જામ લાખો તો મરણપથારીએ છેલ્લાં ડચકાં ખાઈ રહ્યો છે. તે હવે વૃદ્ધ તો થયો જ છે, પણ રોગોના કારણે ગંભીર માંદગી પણ ભોગવી રહ્યો છે. હવે તેને જૂની સગાઈ યાદ આવી, પણ હવે શું થાય? હવે તો મરણપથારીએ ડચકાં ખાઈ રહ્યો છું. તેને એક યુક્તિ સૂઝી. પોતાના ચાર કુંવરોમાંથી પાટવી કુંવર મોડને બોલાવીને બધી વાત સમજાવી અને પોતાની જગ્યાએ મોડને વરરાજા થઈ જવાનું કહ્યું. મોડ તૈયાર થઈ ગયો. ચંદ્રાબા અને મોડની ઉંમર સરખી હતી, જોડી પણ સરખી હતી, તેથી આણું પાછું વાળવાની જગ્યાએ વધાવી લેવાનું યોગ્ય માન્યું. બાપની જગ્યાએ દીકરો વરરાજા બનીને સુંદર ઘોડી ઉપર શણગાર સજીને વેલડાનું સામૈયું કરવા ચાલ્યો. મોડની ઘોડી નજીક આવતાં જ ચંદ્રાબાએ તેને જોયો. "આ જામ લાખો નથી. આ તો કોઈ બીજું જ છે." - તેને ખાતરી થઈ ગઈ. તપાસ કરતાં ખબર પડી કે જામ લાખો તો મરણપથારીએ પડ્યો છે. પોતાની જગ્યાએ તેણે પોતાના પાટવી કુંવર મોડને વરરાજા તરીકે મોકલ્યો છે. વાત સાંભળીને ચંદ્રાબાએ કહ્યું : "મોડ તો મારો દીકરો કહેવાય. હું તેની મા કહેવાઉં. તેની સાથે મારાં લગ્ન કદી ન થઈ શકે." ચંદ્રાબાએ મોડનાં માતા તરીકે ઓવારણાં લીધાં. બધાં છક થઈ ગયાં. આવા જુવાન વરરાજાને પડતો મૂકીને વૃદ્ધ-બીમાર-મરણપથારીએ પડેલા લાખાને વરવાની હઠ પકડનાર આ ચંદ્રાબા કેવી હશે! ચંદ્રાબાએ કહ્યું : "ભાભીએ મહેણું માર્યું છે. આ જામ લાખો જ મારો ભરથાર છે. હું બીજા કોઈને નહીં વરું! મોડ તો મારો દીકરો કહેવાય."

ચંદ્રાબાની મક્કમતા આગળ બધાને નમવું પડ્યું. અંતે લગ્નમંડપ રચાયો અને જામ લાખાના નામે ખાંડા સાથે ચંદ્રાબાએ ફેરા ફર્યા.

તે જ દિવસથી ચંદ્રાબાએ સોહાગરાત મનાવવાની જગ્યાએ જામ લાખાનાં કફ અને મલ-મૂત્ર ઉપાડવા મંડ્યો. તેઓ સેવામાં લાગી ગયાં. તેમને પૂરો વિશ્વાસ હતો કે હું મારા પતિને ફરીથી સાજો કરી દઈશ, એટલું જ નહીં, તેને જુવાન પણ કરી દઈશ. તેણે પોતાની બાલસખી નવચંદરી પાડીને અહીં મંગાવી લીધી. તે હવે ભેંસ થઈ ગઈ હતી અને દૂઝણી પણ થઈ હતી. ચંદ્રાબાએ સાત સિંધણ ભેંસો મંગાવી. સાતે દૂઝણી. એકનું દૂધ બીજીને પિવડાવે, બીજીનું ત્રીજીને, ત્રીજીનું ચોથીને - એમ સાતમીનું દૂધ પોતાની નવ ચંદરી ભેંસને પિવડાવે. પછી નવચંદરીના દૂધમાં વાજીકર ઔષધો નાખી એ દૂધ જામ લાખાને પિવડાવે. ધીરેધીરે માત્રા વધારવા માંડી. પત્ની ધારે તો વૃદ્ધ પતિને જુવાન બનાવી દે અને પત્ની ધારે તો નવજુવાન પતિને વૃદ્ધ બનાવી મૂકે. પત્નીનું બીજું નામ ભાર્યા છે. જે ભરે તે ભાર્યા, અર્થાત્ પતિમાં યૌવનનો થનગનાટ ભરે તે ભાર્યા એવો અર્થ પણ કરી શકાય. જે પતિના યૌવનને ચૂસી લે તે ભાર્યા ન કહેવાય પણ ચુડેલ કહેવાય. "ચૂસે તે ચુડેલ."

છ મહિના થતાં થતાં તો જામ લાખો બદલાઈ ગયો. સાવિત્રી સત્યવાનને યમરાજ પાસેથી છોડાવીને પાછો લાવી હતી, ચંદ્રાબાએ મરણપથારીથી પતિને ફરી જુવાનીમાં થનગનતો કરી મૂક્યો હતો.

દશેરાના દિવસે જૂની કથા પ્રમાણે જામ લાખો સજીધજીને ઘોડા ઉપર સવારી કરીને બજારમાંથી નીકળ્યો. પ્રજા જોતી જ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૨ ઉપર)**

કચ્છ વિશેષ

# કચ્છની પાણીની તરસ બુઝાતી નથી

● અશોક મહેતા ●

એક સમય હતો કે જ્યારે કચ્છમાં ઘી-દૂધની નદીઓ વહેતી હતી. કૂવાની પાળે ઊભા ઊભા પાણીનો ઘડો ભરી શકાતો હતો. ઘાસ તો એટલું થતું હતું કે ઘોડેસવાર વચ્ચેથી પસાર થાય તો તેનું માથું જ દેખાતું હતું. કચ્છના મોટા રણનો અત્યારનો પ્રદેશ સપ્ત સિંધુનો પ્રદેશ કહેવાતો. કેમકે સિંધુ ઉપરાંત અહીં સરસ્વતી, જેલમ, બિયાસ અને સતલજના નીર ઠલવાતાં અને આખો પ્રદેશ લીલોછમ રહેતો.

*કચ્છની પરિસ્થિતિથી વાકેફ તેમજ નર્મદા યોજનાના અભ્યાસુ એવા આ લેખકશ્રી ઘણા સમયથી કચ્છ માટે નર્મદા યોજના દ્વારા મંજૂર થયેલ નીર મળી રહે તે માટે સરકારશ્રી અને નર્મદા યોજનાના ખાતાના અધિકારીશ્રીઓ સાથે સતત સંપર્કમાં રહી યોજનાના આંકડાઓ તેમજ મંજૂર થયેલા કાર્યો તથા હાલે ચાલતા કાર્યો અંગેની માહિતી સહ સતત ચર્ચાઓ - પત્ર વ્યવહાર કરી કચ્છને નર્મદા યોજનાનો પૂરતા પ્રમાણમાં લાભ મળી રહે તેવા સતત પ્રયત્નો કરતા રહે છે.*

*— તંત્રી*

બારમી સદીમાં એક મોટો ભૂકંપ થતાં સિંધુના પાણી ખંભાતના અખાતમાં પડતા બંધ થયા. સરસ્વતી નદી લુપ્ત થઈ ગઈ. સિંધુના વહેણ લગભગ ૩૦૦ કિલોમીટર પશ્ચિમ તરફ ખસી ગયા. તેના પાણીની માત્ર એક શાખા કચ્છની પશ્ચિમે આવેલી કોરી ક્રીકમાં મળવા લાગી. આ એક શાખાના કારણે હવે માત્ર અબડાસા, લખપત અને રણનો ઉત્તર તરફનો વિભાગ લીલો રહ્યો પરંતુ તે સિવાયનો સપ્ત સિંધુનો પ્રદેશ સૂકો પટ થઈ ગયો.

૧૭૬૩માં સિંધના ગુલામશા ક્લોરાએ ઝારાનું યુદ્ધ જીત્યા બાદ પરત ફરીને સિંધુના પાણીની શાખા કચ્છ તરફ આવતી હતી તેના આડે એક નાનકડો બંધ બાંધીને સિંધુની એ શાખાના સારા એવા પાણીને કચ્છ તરફ આવતું અટકાવ્યું.

ત્યારબાદ તા. ૧૬-૬-૧૮૧૯ના થયેલા ગોઝારા ભૂકંપના કારણે પશ્ચિમ - ઉત્તરના વિસ્તારની જમીનનો કેટલોક ભાગ ઊંચકાઈ ગયો કે જેને આગળ જતાં અલ્લાબંધ કહેવાયો. પરિણામ સ્વરૂપે સિંધુની જે શાખાનું પાણી કચ્છ તરફની કોરી ક્રીકમાં આવતું હતું તે તદ્દન બંધ થઈ ગયું. સદાને માટે કચ્છ એક દુષ્કાળગ્રસ્ત વિસ્તાર બની ગયો.

સન ૧૨૦૦થી ૧૮૦૦ અંદાજિત ૬૦૦ વર્ષના ગાળામાં કચ્છ ક્યાંથી ક્યાં જઈને ઊભું રહ્યું.

સન ૧૮૧૯ એટલે આજથી માત્ર ૨૦૦ વર્ષ અગાઉની વાત!

૧૯૪૭માં ભારત - પાકિસ્તાનના ભાગલા પડ્યા.

ત્યારબાદની પાકિસ્તાન સાથેની સમજૂતી અનુસાર સિંધુ, જેલમ અને ચિનાબ એમ ત્રણ નદીના પાણી પાકિસ્તાનના ફાળે આવ્યા. રાવી, બિયાસ અને સતલજના પાણી ભારતના ભાગે આવ્યા. કચ્છ એ સિંધુનો તટ પ્રદેશ તરીકે ઓળખાતો હોવા છતાં તેનો સિંધુ નદીના પાણી પરનો હક્ક જતો રહ્યો.

ત્યારબાદ રાજસ્થાન કેનાલમાંથી કચ્છમાં પાણી લાવવાની વાતો ચાલી પરંતુ તેના પરિણામો શૂન્યમાં પરિવર્તન પામ્યા.

ત્યાર પછી નર્મદા નદીના પાણી પર આશા મંડાણી. કચ્છ સુધી પાણી પહોંચી શકે એ સિદ્ધાંતને માન્ય રાખી સરદાર સરોવર ડેમની વરવી ઊંચાઈ સંબંધિત રાજ્યો વચ્ચે માન્ય કરવામાં આવી. ત્યારબાદ તા. ૭-૧૨-૧૯૭૯ના રોજ જળપંચનો ચુકાદો આવ્યો. તે અનુસાર ગુજરાતને નર્મદા નદીના ૨૮.૦૦ એમ.એ.એફ. પાણીમાંથી ૯.૦૦ એમ.એ.એફ. પાણીની ફાળવણી કરવામાં આવી. જળપંચના ચુકાદા અનુસાર આ ૯.૦૦ એમ.એ.એફ. પાણીમાં કચ્છના ભાગે માત્ર ૦.૨ એમ.એ.એફ. પાણી ફાળવાયેલું હતું. જળપંચની ફાળવણીના સિદ્ધાંતને ગુજરાત સરકારે બીજા જ દિવસે એક જાહેરાત કરી માન્ય રાખ્યું. આ રીતે નર્મદા નદીના સિંચાઈના પાણી દુષ્કાળગ્રસ્ત કચ્છને માત્ર ૦.૨ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવ્યા ત્યારબાદ કચ્છ જળસંકટ નિવારણ સમિતિએ લડત ઉપાડી અને તેના પરિણામે ૦.૨ એમ.એ.એફ. પાણીની જગ્યાએ કચ્છને ૦.૫ એમ.એ.એફ. પાણી મળ્યા જે માત્ર ૨,૮૫,૦૦૦ એકર જમીનના ખેતીના પાકને કામ લાગી શકે કે જેની સામે કચ્છમાં ૪૦ લાખ એકર કરતા પણ વધુ વિસ્તારમાં ખેતી થતી આવેલી છે.

ત્યારબાદ કચ્છને વધારાના પાણી ફાળવવામાં પણ અન્યાય કરવામાં આવ્યા. કચ્છને ૩.૦૦ એમ.એ.એફ. પાણીમાંથી માત્ર ૧.૦૦ એમ.એ.એફ. પાણી વર્ષ ૨૦૦૬માં ફાળવાયા. એક એમ.એ.એફ. પાણી ઉત્તર ગુજરાતને અને એક એમ.એ.એફ. પાણી સૌરાષ્ટ્રને ફાળવાયા.

આ થઈ અત્યાર સુધીની પાણીની પરિસ્થિતિની વાત. હવે ચર્ચા કરીએ નર્મદા નદીના કચ્છને ફાળવાયેલા પાણીના કાર્યોની વાત.

નર્મદા મુખ્ય કેનાલમાંથી કુલ ૩૨ બ્રાંચ કેનાલોના આયોજનો સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા કરવામાં આવ્યા. ૧૯૮૯માં નિગમની રચના થયા પછી કચ્છ સિવાયની બાકી રહેતી ૩૧ બ્રાંચ કેનાલોના કામો પૂર્ણ કરી દેવામાં આવેલા છે. જ્યારે કે કચ્છ બ્રાંચ કેનાલના કામોને પૂર્ણ થતાં હજુ બીજા બે વર્ષ નીકળી જાય તો નવાઈ નહીં. બ્રાંચ કેનાલની રચનાથી માંડવીના મોડકુવા સુધી પાણી પહોંચે પણ ખેતરો સુધી પાણી પહોંચાડવા શાખા, પ્રશાખા, વિશાખા ન બનાવાય ત્યાં સુધી કચ્છના ખેતરો સુધી પાણી પહોંચી શકે નહીં. જે ગતિએ સરદાર સરોવર નર્મદા નિગમ કામ કરે છે એ ગતિએ કચ્છના ખેતરો સુધી પાણી પહોંચતાં હજુ બીજા ૧૦ વર્ષ લાગી જાય તો નવાઈ નહીં.

વર્ષ ૨૦૦૬માં નર્મદા નદીના વધારાના પાણીમાંથી કચ્છને ૧.૦૦ એમ.એ.એફ. પાણીની ફાળવણી કરવામાં આવેલી છે. સાથે સાથે ૧.૦૦ એમ.એ.એફ. પાણી ઉત્તર ગુજરાતને અને ૧.૦૦ એમ.એમ.એફ. પાણી સૌરાષ્ટ્રને ફાળવાયેલું છે. ઉત્તર ગુજરાતના વધારાના પાણીના કાર્યો વર્ષ ૨૦૦૬માં જે સુજલામ-સુફલામ યોજના અંતર્ગત શરૂ કરી દેવામાં આવ્યા અને ત્યારબાદના રૂા. ૧૨૦૦૦ કરોડના અદાંજિત ખર્ચની સામે અત્યાર સુધી ૫૦ ટકાથી પણ વધુ રકમ ફાળવી તેના કાર્યો પૂરબહારમાં ચાલુ રાખવામાં આવેલા છે.

હવે જ્યારે કચ્છને ફાળવાયેલ એક એમ.એ.એફ. વધારાના પાણીની વાત કરીએ ત્યારે તેના કાર્યો માટે વર્ષ ૨૦૦૬ની ફાળવણી બાદના અગિયાર વર્ષમાં સૌપ્રથમ ૨૦૧૭-૧૮ના બજેટમાં અંદાજિત રૂા. ૧૩૦૦૦ કરોડના ખર્ચની સામે માત્ર રૂા. ૭૬ કરોડ ફાળવવામાં આવેલા છે. બજેટથી એક મહિના અગાઉની કચ્છના ધારાસભ્યો સાથેની મિટિંગમાં મુખ્યમંત્રીએ રૂા. ૫૦૦ કરોડ ફાળવવાનું વચન આપ્યું હોવા છતાં આ વાસ્તવિકતા બની રહી કે જ્યારે આ જ બજેટમાં સૌરાષ્ટ્રને રૂા. ૧૭૦૦ કરોડથી પણ વધુ રકમ ફાળવવામાં આવેલી છે ત્યારે કચ્છને માત્ર રૂા. ૭૬ કરોડ ફાળવવામાં આવ્યા છે.

કચ્છ સુધી પાણી પહોંચે એ રીતે સરદાર સરોવર ડેમની ઊંચાઈ મંજૂર રાખવામાં આવી છતાં નિયમિત પાણીમાંથી કચ્છને માત્ર ૦.૫ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવેલું છે અને તેના કાર્યો સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌથી છેલ્લે હાથ પર લેવાયા છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ એ ત્રણ પ્રદેશમાં કચ્છ સૌથી વધુ અછતગ્રસ્ત પ્રદેશ હોવા છતાં વધારાનાં પાણીની ફાળવણીમાં તેને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની સમકક્ષ મૂકવામાં આવ્યો છે. આ પાણીનાં કાર્યોમાં પણ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રને અગ્રતાક્રમ આપવામાં આવ્યો છે જ્યારે કચ્છને સૌથી છેલ્લે મૂકવામાં આવ્યો છે. કચ્છના વધારાનાં પાણીના કાર્યો પૂર્ણ કરવા હજુ બીજા ૧૦ વર્ષ નીકળી જાય તો અચરજ નહીં થાય.

કચ્છને ફાળવવામાં આવેલા નિયમિત પાણી તેના ખેતરોમાં પહોંચે તો ૨,૮૫,૦૦૦ એકરમાં સિંચાઈ થઈ શકે. વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણી હયાત ડેમોમાં ભરી, ત્યારબાદ ખેતરો સુધી તેને પહોંચાડવામાં આવે તો બીજા ૧૦ લાખ એકરમાં સિંચાઈ થઈ શકે. આજના ભાવની ગણતરીએ બધા ખર્ચને બાદ કરતાં એક એકર દીઠ નેટ નફાના રૂા. ૧૫,૦૦૦ની ગણના કરીએ તો ૨,૮૫,૦૦૦ એકર સિંચાઈમાં રૂા. ૧૯૦૦ કરોડ જેવી રકમની કચ્છના ખેડૂતોની આવક વધી શકે. ડ્રિપ અને ટપક પદ્ધતિથી સિંચાઈ કરવામાં આવે તો આ આંકડો ક્યાંયે વધી જાય!

૧૯૪૭માં ભારતને આઝાદી મળી ત્યારબાદ કચ્છ એ 'ક' વર્ગનું રાજ્ય હતું. એ સમયે તેનો વિકાસ સારો હતો.

૧૯૫૬માં દ્વિભાષી રાજ્યની રચનામાં કચ્છ એ દ્વિભાષી રાજ્યનો એક માત્ર જિલ્લો બની ગયો અને ત્યારબાદ કચ્છની કમનસીબી ફરી ચાલુ થઈ.

૨૦૦૧ના ધરતીકંપ બાદ કચ્છમાં ઉદ્યોગોના વિકાસ થકી કચ્છ કંઈક અંશે નઠારા દિવસોમાંથી બહાર આવ્યું છે. પરંતુ બારમી સદીના ધરતીકંપ બાદ પાણીપ્રશ્ને કચ્છની કમનસીબી આજ સુધી ચાલુ રહેવા પામી છે.

આ કમનસીબીનું આઝાદી બાદનું મુખ્ય કારણ કચ્છની નેતાગીરીમાં દરેક સમયે દીર્ઘદૃષ્ટિનો અભાવ ચોક્કસપણે સામે આવે છે. ૧૯૬૯માં નિમાયેલા જળપંચનો ૧૯૭૯માં ચુકાદો આવ્યો ત્યારે એ દસ વર્ષના ગાળામાં કચ્છની નેતાગીરી કચ્છના પાણીપ્રશ્ને ગાફેલ રહી અને કચ્છના ભાગે ૦.૨ એમ.એ.એફ. પાણી આવ્યું. સમગ્ર ગુજરાતનો વધુમાં વધુ દુષ્કાળગ્રસ્ત પ્રદેશ હોવા છતાં મુખ્ય કેનાલની સાથેસાથે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો સૌથી પ્રથમ શરૂ કરાવવામાં આ નેતાગીરી નિષ્ફળ રહી. પરંતુ તે નિષ્ફળતા એટલી હદ સુધી પહોંચી ગઈ કે કચ્છ બ્રાંચ કેનાલના કામો સૌથી છેલ્લે શરૂ થયા ત્યાં સુધી એ જાગૃતતા ન લાવી શકી. એક સમય એવો હતો કે જ્યારે સ્વ. ધીરુભાઈ શાહ ગુજરાત રાજ્ય વિધાનસભાના સ્પીકર હતા ત્યારે કચ્છને નર્મદાના વધારાના પાણીમાંથી ૨.૦૦ એમ.એ.એફ. પાણીની ફાળવણીનું જણાવવામાં આવ્યું ત્યારે પણ આ નેતાગીરી એ તક ઝડપી લેવામાં નિષ્ફળ રહી. વધારાના પાણીના કાર્યો શરૂ કરાવવામાં દીર્ઘદૃષ્ટિનો અભાવ વરતાય છે. તે સામે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની નેતાગીરી ગાંધીનગર પર જરૂરી પ્રભાવ ઊભી કરી શકે છે કે જેનો કોઈને પણ તાદૃશ્ય ખ્યાલ આવી શકે.

જે દિવસો પસાર થઈ ગયા છે તે તો પરત આવવાના નથી પરંતુ જાગ્યા ત્યારથી સવાર સમજી કચ્છની હાલની કોઈ પણ પક્ષની કે સામાજિક નેતાગીરીએ જાગૃતતા અને સતર્કતા દાખવી બાકીના કાર્યો માટે ગાંધીનગર પર દબાણ સર્જે એ હાલે ખૂબ જ જરૂરી છે. સરકારના નિયમ મુજબ રજૂ થયેલા બજેટમાં કોઈ કાર્ય માટે કંઈક પણ એમાઉન્ટ ફાળવવામાં આવેલી હોય તો એ ફાળવણી કરતા ખૂબ જ સારા એવા પ્રમાણમાં ખર્ચ કરી શકાય છે. ચાલુ વર્ષ દરમિયાન રૂા. ૫૦૦ કે રૂા. ૧૦૦૦ કરોડનો ખર્ચ આ યોજના પાછળ કરવામાં આવે તો તે પણ સરકારી

નિયમો પ્રમાણે શક્ય છે. અગર કચ્છના કાર્યશીલો અને દરેક પક્ષના આગેવાનો હવે પછી પણ જાગૃત થઈ સરકાર પર દબાણ લાવવામાં સફળ રહે તો ગુમાવેલી બાજી સુધારવાની હજુ પણ તક રહે છે. પરંતુ આ માટે જરૂર છે મજબૂત ઇચ્છાશક્તિની! શું પોતાના હિત માટે કચ્છ આ ઇચ્છાશક્તિ દાખવી શકશે?

## પાણી પ્રશ્ને કચ્છની કમનસીબી

- ★ બારમી સદીના ધરતીકંપે સિંધુ નદીના વહેણ ૩૦૦ કિલોમીટર પશ્ચિમમાં જવાથી કચ્છનો પૂર્વ તરફનો વિસ્તાર રણમાં પરિવર્તિત થયો.
- ★ ૧૭૬૩માં ગુલામશાહ ક્લોરાએ ઝારાના યુદ્ધ પછી નાનો બંધ બાંધી કોરી ક્રીક દ્વારા કચ્છના લખપત વગેરે વિસ્તારમાં આવતું પાણી સારા એવા પ્રમાણમાં રોકી દીધું.
- ★ ૧૮૧૭ના ધરતીકંપ બાદ કચ્છમાં આવતી સિંધુ નદીની એકમાત્ર શાખાના પાણી પણ બંધ થઈ ગયા.
- ★ આઝાદી બાદ ભારત-પાકિસ્તાનની સમજૂતી અનુસાર સિંધુ નદીનાં પાણી પર પાકિસ્તાનનો હક્ક ભારત સરકારે માન્ય રાખતાં સિંધુનો તટપ્રદેશ હોવા છતાં કચ્છનો એ પાણી પરનો હક્ક જતો રહ્યો. કચ્છની નેતાગીરી મૂંગી રહી.
- ★ ૧૯૬૯થી ૧૯૭૯ના ૧૦ વર્ષની જળપંચની અવધિ દરમિયાન એ સમાયની કચ્છની નેતાગીરીએ કચ્છનો પ્રશ્ન યોગ્ય સ્વરૂપે રજૂ ન કર્યો. પરિણામે કચ્છને માત્ર ૦.૨ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવ્યું.
- ★ છેક ૧૯૮૯માં સરદાર સરોવર નર્મદા નિગમની રચના થઈ હોવા છતાં કચ્છના નિયમિત પાણીના કચ્છ બ્રાંચ કેનાલનાં કામો વાસ્તવિક રીતે ૨૧ વર્ષ બાદ એટલે કે ૨૦૧૦માં શરૂ કરવામાં આવ્યા.
- ★ કચ્છને નર્મદા નદીનાં વધારાનાં ૩.૦૦ એમ.એ.એફ. પાણીમાંથી ૨.૦૦ એમ.એ.એફ. પાણીની ઓફર કરવામાં આવી ત્યારે કચ્છની નેતાગીરી એ તક ઝડપી ન શકી.
- ★ વર્ષ ૨૦૦૬માં કચ્છને ૧.૦૦ એમ.એ.એફ. વધારાનાં પાણીની ફાળવણી કરવામાં આવેલી હોવા છતાં ૧૧ વર્ષ બાદ આજે પણ એ કામ ચાલુ કરી શકાયા નથી.
- ★ વર્ષ ૨૦૧૫-૨૦૧૬, ૨૦૧૬-૨૦૧૭ના બજેટમાં વધારાના પાણીના કાર્યો માટે કોઈ ફાળવણી કરવામાં ન આવી. વર્ષ ૨૦૧૭-૨૦૧૮ના બજેટમાં ઓછામાં ઓછા રૂા. ૫૦૦ કરોડની ફાળવણીની ગણના હતી. તેમ છતાં માત્ર રૂા. ૭૬ કરોડ ફાળવવામાં આવ્યા.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં,*
*એચ.પી. પેટ્રોલ પંપ પાસે, બોડકદેવ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## પવિત્ર ઝરણું

**(અનુસંધાન : પાના નં.-૩૬ ઉપરથી ચાલુ)**

આવી ગઈ અને હૃદયે જવાબ દઈ દીધો. હવે તો આ હરિસેવક આત્મા સદાયને માટે હરિહરમાં લીન બની રહી ગયો...ભાઈ...!

પછી મિત્ર સાથે વૃદ્ધાશ્રમ તરફ પાછા વળતા રણછોડભાઈએ આગળ વાત કરતા કહ્યું :

અરે...આ જુઓને વૈભવી હવામાં રહીને ટેવાયેલા સંતાનો હવે તો સોનાપુરીમાં પણ "સેલ્ફી" ખેંચતા જરાય અચકાતા નથી પછી "વોટ્સઅપ" માં સેન્ડ કરતા રહીને, પોતે ગર્વ અનુભવે છે. તેઓ જે મા - બાપની છત્રછાયામાં સુરક્ષિતપણે રહે છે, તેવી ઈમારતનાં પાયામાં રહેલી પરસેવાની ખૂશ્બુને ઓળખી નથી શકતા...ને પરસેવાનો ઢોંગ રચીને કેવા બેઠા છે.

કોઈ ચિંતકે સાચું જ કહ્યું છે...

"જે લોહી પીએ, તે જ લોહીનો સંબંધી, લોકો શા માટે લોહીના સંબંધ માટે રડે છે, અગ્નિ સંસ્કાર કરવા સિવાય ભલાએ લોકો ક્યારે કામમાં આવે છે...!

વૃદ્ધ મા-બાપની આંખો વૈભવ જોઈને નહિ પરંતુ પરિવારની એકતા જોઈને ખુશ થાય છે. હરીભરી પરિવારની ખેતીની હરિયાળી જોઈને સંતોષ થાય છે."

આખરે વૃદ્ધાશ્રમનાં ઘંટના અવાજે રણછોડભાઈને સફાળા ઝંઝોડી નાખ્યાં...આ ઘંટનો અવાજ, સંધ્યા સમયે વૃદ્ધાશ્રમમાં વાળું ટાણું થયાની જાણકારીનો હતો, એટલે બધા સિનિયર સિટીઝન્સ ભોજન લેવા રવાના થયા, પરંતુ રણછોડભાઈની ભૂખ તો ક્યાં ભાગી ગઈ તે કહેવું મુશ્કેલ હતું. તેને વારંવાર એક વિચાર આવ્યા કરતો, આમ અચાનક રામભાઈ શ્રીજી ચરણે સિધાવ્યા એ ઘણું યોગ્ય થયું. ઘરડાના ઘર સુધી આવવાનો વખત ઈશ્વરે ન આપ્યો, તે પહેલાં હરિદ્વારનું નિમંત્રણ આવી ગયું. પર સેવાભાવી રામભાઈ સેવા કાર્ય અર્થે અવાર-નવાર વૃદ્ધાશ્રમમાં આવતા રહેતા એટલે તો રણછોડભાઈનો પરિચય ખૂબ રહ્યો પછી કાયમને માટે મિત્રભાવને જીવંત કરતા ગયા.

દિવાળીના પર્વને હવે બહુ ઝાઝા દિવસો નહોતા, એટલે વૃદ્ધાશ્રમમાં તહેવારની તૈયારીમાં સૌ વ્યસ્ત રહી કાર્ય કરતા હતા, પરંતુ એક દોસ્તની વિદાયથી રણછોડભાઈનાં દિલમાં દિવાળીનો કોઈ ઉમંગ નહોતો, હવે તો હરિસ્મરણના દીપકો પ્રજ્વલિત કરવા, પોતાના મનને પરોવી રહ્યા હતા.

'એક વો ભી દિવાલી થી...એક યે ભી દિવાલી હૈ...

ઉજડા હુઆ ગુલશન હૈ...રોતા હુઆ માલી...'

ઉમ્રભર ચાહે કોઈ પુકારા કરે...ઉનકા નામ...વો ફિર નહીં...આતે... ■

વાર્તા

# છમના

લેખક : વનુ પાંધી ● સંપાદક : ધીરેન્દ્ર મહેતા

મંગલ દરિયાની ક્ષિતિજે ડૂબતા સૂર્યને જોઈ રહ્યો. આખો દિવસ ગરમીથી હાંફતો રહેલ મહેરામણ હવે ધીમે ધીમે શાંત થવા લાગ્યો હતો. પ્રભાતે શ્વસુરગૃહેથી બહેન ઉષાના આગમને ખુશ થયેલ અને અત્યારે બહેનીને વિદાય આપતા ગમગીન બનેલ પાણીનાં મોજાંને ફરી તે બીજે દિવસે પાછી ફરવાની છે એવું વહાલસોયા ભાઈઓને આશ્વાસન આપતી તે સંધ્યા સ્વરૂપે સરકી જઈ પતિ-મિલનની ઉત્કંઠા સાથે આકાશી સેજ પર લેટી પડવા પોતાનો રંગીન પાલવ સંકોરી રહી હતી. તેને પોતામાં સમાવી લેવા આકાશ બાહુપાશ ફેલાવી રહ્યો હતો. આ સુહાગી મિલન પર વરસતા શબનમી ફૂલોની સુગંધમાં પવન ખારાં પાણીની ખૂશબુ ઉમેરી રહ્યો હતો.

માના મૃત્યુ સાથે આ કિનારા પરના સર્વ સંબંધોનો સૂર્યાસ્ત થઈ ગયેલ હોઈ મંગલે હોડીનું સુકાન ફેરવ્યું. સઢનું હેરિયું કર્યું અને હોડીએ દિશા બદલી. ડૂબતા સૂર્યના ગોળાકાર વચ્ચે મંગલ હોડી સહિત ગોઠવાઈ ગયો. નામ વિનાના સંબંધોના અજાણ સમુદ્રતટ પર લંગર નાખવા હોડીથી પણ વધુ ગતિથી તેનું મન આગળ દોડી ગયું.

હોડીની ધમાણ ઢીલી કરી, સુકાનને બાંધી દઈ, તેના પર બંને હાથનો તકિયો બનાવીને મંગલ આરામથી લેટી પડ્યો. દરિયાખેડુનું મન પારખી લેનાર સાગરનાં મોજાએ તેના પથ માટે મહેરામણ પર નવી પગદંડી પાડી દીધી.

મંગલની મીંચાતી આંખમાં મહેરામણ, સમુદ્ર, સાગર, રત્નાકર, દરિયાની સમેટાઈ ગયેલ નિદ્રા ભળી ગઈ.

"એલા એ, છીપલાં જેમ આંખ બંધ કરી પડ્યો છો તેથી મરેલ છો કે જીવતો એની ખબર પણ નથી પડતી."

આ શબ્દો સાથે ખેંચાતા શરીરથી મંગલની ઊંઘ ઊડી ગઈ. આંખ ખોલતાં જોયું તો એક જુવાન છોકરી તેના શરીરને હલબલાવી રહી હતી. છોકરીની બેશરમીથી શરમાઈને મંગલ બેઠો થઈ ગયો. છોકરી હસવા લાગી.

"હાશ, છો તો જીવતો. આ કાંઠે મસાણ ન હોઈ, મરી ગયો હોત તો તને ધખાવવા ઠેકાણું ગોતવું પડત."

મંગલ ઝડપથી ઊભો થઈ ગયો.

"હું ક્યાં છું?"

છોકરીના હાસ્યનાં મોજાં વધુ ઊંચાં ઊછળ્યાં.

"લે કરી વાત, જુવાનજોધ આદમી આમ ભાન વીસરી જાય તો સમજવું કાં તો ઈ નમણી નારના દલડામાં ખોવાઈ ગયો છે, કાં તો નારના નેહના કાંઠાથી અલગ થઈ ગયો છે."

એટલું કહી એ હસતી હસતી હોડીના કઠેરા પરથી નીચે કૂદકો મારી કિનારા પર દોડતી ચાલી ગઈ. તેની પાછળ દોડતું મંગલની નજરનું મોજું થોડે દૂર જઈને પાછું વળી આવ્યું.

સ્વસ્થ થતાં મંગલને છોકરીના હસવાનું કારણ સમજાઈ ગયું. સવારે એની હોડી કિનારાની જમીન સાથે ભટકાઈ પડી. ધામણ છૂટી જતાં પવનના મારથી સઢ પણ ફાટી ગયો અને હોડીનાં બે-ત્રણ પાટિયાં પણ તૂટી પડ્યાં, તેમ છતાં તેની ઊંઘ ઊડી નહીં એટલે જ છોકરી વેંત ભરીને નાક કાપી ગઈ હતી.

અચાનક ચિરપરિચિત ખારી ખુશબૂ આવતાં મંગલ ખુશ થઈ ઊઠ્યો. એ માછલાંની વાસ હતી. બચપણથી જુવાન થયો ત્યાં સુધી માછલી પકડવા સિવાય તેણે બીજું કંઈ કામ કરેલ ન હોઈ, એ ગંધ તેના લોહીમાં ભળી ગઈ હતી. હોડી પરથી નીચે આવી કિનારા પર ચાલતાં તેને ચોતરફ માછલાંના ઢગ દેખાયા. પગની ઠેબે માછલાં ચઢતાં હતાં. કિનારાની ઊંચાણે સાદરાથી બાંધેલ છાપરીઓ તરફ આગળ વધતાં મંગલને એક આધેડ વ્યક્તિએ પૂછ્યું,

"ભાઈ, કોનું કામ છે?"

"કામ તો જે મળે તે માણસનું છે."

"તો આવને, મારી સાથે."

કહેતાં તેણે મંગલને એક છાપરી પાસે લઈ જઈને ખાટલો ઢાળી આપ્યો. પૂછ્યું, "શું નામ છે?

"મંગલ."

"જાતનો?"

"ખારવો."

બીડી સળગાવતાં તેણે કહ્યું : "ક્યાં રહેવું?"

મંગલે કિનારા તરફ હાથ લંબાવ્યો. "આ કાંઠો જ્યાં પૂરો થાય છે ત્યાં."

તે હસ્યો, "ગાંડાભાઈ, દરિયાનો કાંઠો તો ક્યાંય પૂરો થતો સાંભળ્યો નથી. ઠીક છે, મારું નામ શંકર, શંકર સનીયા, અમારી પાસે એક માણસ ખૂટે છે. કામ કરીશ?"

"હોવે."

"લે, છોડિયું પણ આવી. તને ખાવા માટે કાંક કરી આપશે."

રેતીના ઢૂવા પાછળથી પાંચેક જુવાન છોકરીઓ દોડતી

આવી. છાપરીમાં દાખલ થઈ ગઈ. એક બારણે ઊભી મંગલ સામે સહેજ જોઈને આગળ આવી.

"દા, આ તો ઈજ છે. મેં વાત કીધી'તી ને! એની એકલકડી હોડીને પૈડાં હોતને તો આપણી છાપરી સુધી પહોંચી આવ્યો હોત. પણ ઈંયા ઈનું શું દાટ્યું છે?"

શંકરે કહ્યું, "આપણા ભેગો કામ કરશે. એના સારુ ખાવાનું બનાવ. બચારો ભૂખ્યો છે."

"રહેવાનો પણ છે? વાહ ભાઈ, માછલાંની વાસથી ચકરિયું ખાઈ જશે."

કહેતી હસતી હસતી અંદર ચાલી ગઈ. શંકર બોલ્યો, "તું માઠું ન લગાડતો. માથા ફરેલી છે. આદિવાસી જાતની અને જંગલમાં રહેતી હોઈ, સ્વભાવની અવરથી છે. એટલે તો એનું નામ અમે છમના પાડ્યું છે."

મંગલે નવાઈથી પૂછ્યું : "છમના? એવું તે નામ હોય?"

"દરિયામાં ભારે ચંચળ, મસ્તીખોર, ઉછાંછળી પણ દેખાવે રૂપકડી છમના નામની માછલી થાય છે. એક વખત છટકી તો પછી છમના પકડાતી નથી."

મંગલ માછલીના વિચારમાં ખોવાઈ ગયો. છમના એકથી બીજા મોજા પર કૂદકા મારતી દેખાઈ. થોડી વારે છાપરીની અંદર તળાતી માછલીની ખુશબૂથી મંગલની ભૂખ ઓર વધી ગઈ.

છમનાએ તાંસળીમાં માછલીનું શાક અને ઘઉંના જાડા મોટા રોટલા લાવી ખાટલા પર મૂક્યા. મંગલને ચૂપચાપ મોટા કોળિયા ભરતો જોઈ હસતી છમના અંદર ચાલી ગઈ.

સાંજ સુધી મંગલ કિનારા પર એકલો એકલો રખડતો ચાલ્યો. છાપરીઓની લાંબી કતાર વચ્ચેની બજાર પણ જોઈ નાખી. એક નાનું સરખું માછીમારોનું શહેર વસેલું જોઈ તેનું આશ્ચર્ય વધતું ચાલ્યું. ચોતરફ થાંભલાઓ પર માછલાં પકડવાની જાળ બાંધી તેમા સૂકવવા માટે માછલાં પરોવી દીધાં હતાં. સૂરજ આથમતાં તે શંકર સનીયાની છાપરીએ પાછો ફર્યો. થોડી વારે આસપાસ નજીક-દૂરથી છોકરીઓનાં ટોળાં દંગાઓ તરફ દોડતાં આવતાં દેખાયાં અને પછી છાપરીની અંદર અને બહાર ચૂલા પેટ્યા. ફરીથી માછલાં શેકાતાં-તળાતાં તેણે જોયાં. એની ગંધમાં દરિયાનાં પાણીની ખુશબૂ ભળતાં મંગલને મહેરામણ જેવી ભૂખ લાગી. જ્યારે ખાવાનું આવ્યું ત્યારે જ તેનો જીવ હેઠે બેઠો. આ વખતે છમનાને બદલે બીજી જ છોકરી આવી હતી. દરિયાની નજદીકીએ મંગલ શાંતિથી ઊંઘી ગયો. છાપરીઓના દંગામાં પુરુષો શા માટે દેખાતા ન હતા એ આશ્ચર્ય રાતભર શમ્યું નહીં.

વહેલી સવારે ઘોંઘાટથી મંગલની આંખ ખૂલી ગઈ. દિવસના ભાગમાં ખાલી લાગતો કિનારો માછલાં પકડવાની યાંત્રિક ફિશિંગ ટ્રોલરોથી ભરાઈ ગયો હતો. રાતે ન દેખાયેલ પુરુષ માછીમારો ચોતરફ દોડાદોડી કરતા હતા. પાંચેક જુવાનિયા એની પાસે આવી ઊભા.

શંકરે તેમને મંગલની ઓળખ આપતાં કહ્યું, "આ છોરા આપણી ટ્રોલરમાં દિવસના ભાગમાં મોટા દરિયામાં માછલાં પકડવા જાય છે અને સવારે પાછા આવે છે."

મંગલ સાથે તેઓ ખુલ્લા મને વાતો કરવા લાગ્યા. એ હતા રમણ, રવજી, નાનો, મગર અને ચંદુ. દૂધ વિનાની ચા લીધા પછી ચંદુ તેને પોતાની સાથે ઢસડીને લઈ ગયો. એક ટ્રોલર નીચે ઊભો રાખી તેણે કહ્યું, "માથેથી છોડિયું માછલાં દે તે કોલ્ડ સ્ટોરેજના ટાંકામાં ઠાલવવા લાગી જજે.'

મંગલ કંઈ કહે તે પહેલાં ચંદુ ચાલતો થઈ ગયો.

અને ટ્રોલરના કઠેરા પરથી અવાજ સંભળાયો.

"લે...ટોકરો પકડી લેજે. છટક્યો તો માછલાંના ઢગલામાં દટાઈ મરવાનો અને લોક દાંત કાઢશે કે ભૂંડે મોતે મર્યો."

મંગલની આંખ ઉપર ઊઠી. છમના મોટેથી હસતી માછલાંનો ટોકરો નીચે સેરવી રહી હતી. આખો દિવસ છોકરીઓ સાથે માછલાં ઉપાડવાં પડ્યાં તે એને ગમ્યું નહીં. બે દિવસમાં છમનાએ સાથે કામ કરતી જશવંતી, ચંપા, લીલા વગેરેનો પરિચય પણ તેને આપી દીધો. એવું પણ કહ્યું, "મોટા ડિલવાળી મારી કોમની સીકીને અમે ગોયણી કહીએ છીએ. ગોયણી માછલી માણસના કદની અને ભારેખમ હોય છે."

સતત બોલબોલ કરતા અને અચાનક લાંબા સમય સુધી ચૂપ થઈ જતા દરિયા જેવી છમનાને સાગરખેડુ મંગલની નજરે પૂરેપૂરી ઓળખી લીધી.

અને એક દિવસ સાંજે છમના એના માટે ખાવાનું લાવી. કિનારા પર આડા પડખે પડેલ હોડીની આડમાં બેસી તેણે ઓઢણીમાં બાંધેલ રોટલા છોડીને સામે મૂક્યા. મંગલ તેની સામે અપલક નયને જોઈ રહ્યો. છમનાએ પોતાનું આગવું હાસ્ય વેર્યું, "આજ આપણે સાથે જ ખાઈશું."

કહેતાં તેણે કોળિયો મંગલ સામે ધર્યો. મૂંઝાઈ ગયેલ મંગલને કહ્યું, "ન ખા તો મારા સમ" અને પછી બંને એકબીજાને કોળિયો આપતા રહ્યાં. અંધારું થતા બંને ઊઠ્યાં. ચાલતાં ચાલતાં અચાનક તે ઊભી રહી ગઈ. મંગલે તેનો હાથ પકડી લીધો. અંધકાર ચીરતા સિતારા જેમ બંનેની આંખ મળી તે બોલી : "મારું નામ છમના છે. છમના માછલી જાળમાં નથી પકડાતી પણ બંધ મુઠ્ઠીમાં સમાઈ જાય છે. એટલું યાદ રાખજે કે મુઠ્ઠી ખૂલી ગઈ તો છમના પછી હાથ નથી લાગવાની."

એટલું કહી તે ચાલતી થઈ ગઈ. તારાને આકાશ કેમ કરીને પકડી રાખી શકતું હશે એ શોધવા મંગલે ઉપર આંખ ઉઠાવી.

થોડા દિવસ પસાર થઈ ગયા પછી શંકર સનીયાએ મંગલને ટ્રોલરમાં માછલી પકડવાનું કામ સોંપતા કહ્યું, 'તું દરિયાનો જીવ, કાંઠે અકળાતો હોઈશ એ જાણતો હતો. માછલીને ઓળખતો થા એટલા માટે મેં તને એના વચ્ચે મૂક્યો હતો. હવે ભલે દરિયે દોડ.'

મોટા દરિયામાં જવાનું મળતાં મંગલના આનંદનો પાર ન રહ્યો. પરોઢે તેની ટ્રોલરનાં લંગર ઊપડ્યાં ત્યારે તેની નજર કિનારા તરફ ગઈ. ત્યાં છમના ઊભી હતી-ચૂપચાપ, ખામોશ. પહેલી વખત મંગલના કાને છમનાના હાસ્યનો રણકાર ન સાંભળ્યો. ખાડીનો વળાંક આવતાં કિનારા સાથે છમના પણ આંખથી ઓઝલ થઈ ગઈ.

એક સાથે ત્રણ દિવસ રહેવાથી મંગલને એ નવા દરિયાનો પૂરો પરિચય મળી ગયો. પાણીમાં હાથ ઝબોળતાં પકડાઈ જાય એટલી મોટી સંખ્યામાં અહીં જેટલાં માછલાં પહેલાં તેણે ક્યાંય જોયાં ન હતાં. બોલકા ચંદુએ તો બીજી પણ ઘણી માહિતી આપી. તેને જાણવા મળ્યું કે વર્ષાઋતુ પૂરી થતાં જ વલસાડ, દીવ, ગોગલા, વણાકબોરી, કોડીનાર, સૂતરાપાડા વગેરે સ્થળોએથી સેંકડોની સંખ્યામાં માછીમારો અહીં પહોંચી આવે છે. યાંત્રિક ટ્રોલરોનો જમેલો જામે છે. થોડા એકલકડી મછવા અને પીલાણી હોડીઓ પણ આવે છે. જોતજોતામાં કિનારા પર સાદરાની છાપરીઓનું નગર બંધાઈ જાય છે. માછીઓ બે-ત્રણ દિવસ દરિયામાં રહી માછલાં પકડી લાવે છે. તેને બરફમાં મૂકવા, ખટારામાં ચઢાવવાથી માંડી સૂકવણીનું બધું કામ બૈરાં કરે છે. પુરુષવર્ગ મોટા ભાગે દરિયામાં રહેતો હોઈ દંગાઓમાં સ્ત્રીઓ સિવાય કોઈ જોવા મળતું નથી. ચંદુએ હિન્દુ ગોકલિયા ખારવા અને કાળી ખારવાની વાત પણ કરી. બુમલા જાતની માછલીમાં ખૂબ પાણી ભરેલ હોઈ, તેની સુકવણી કરાય છે અને બુમલાવાલાના દંગા પણ જુદા છે. એવી અનેક વાતો મંગલ સાંભળતો રહ્યો. ચંદુએ ગંભીરતાથી કહ્યું, આપણી કોરે પુષ્કળ માછલાં થતાં હોઈ, પડોશી દેશના માછીમારો સાથે ઝઘડા થાય છે અને આપણા માછીઓને ઉઠાવી જઈ ત્યાં કેદમાં પૂરી દે છે. એવું સાંભળી મંગલ સહેજ ચમકી પણ ગયો. છેલ્લે નિસાસો નાખતાં ચંદુ બોલ્યો, “ઉનાળો શરૂ થતાં, દરિયો તોફાની બનતાં માછલાં પકડવાની મોસમ પૂરી થાય છે અને બધા પોતાને ગામ પાછા વળી જાય છે.”

ત્રીજે દિવસે મંગલ કિનારે પાછો ફર્યો ત્યારે છમના તેની સામે દોડતી આવી. ફરીથી એના હાસ્યને કિનારો સાંપડતાં તે મુક્ત મને હસતી બોલી, “હું! હવે બરોબર, ખારવો તો દરિયે લોંઢવા કરવા જાય. બૈરાં વચ્ચે બેસી ન રહે.”

મંગલના હાથમાંથી માછલાંનો ટોકરો ઝૂંટવી લઈ, તેમાંથી થોડાં હાથમાં ઉઠાવી, મંગલને સાથે લઈ, છાપરીએ આવી, તેના દરવાજે માછલીનું તોરણ બનાવી, લટકાવતી બોલી, “લે, આપણા વિવાહનું તોરણ હું મારા હાથે જ બાંધી દઉં છું.”

મંગલે તેની સામે જોયું. બંનેની નજર મળી. માછલીની આંખમાં ડૂબતો દરિયો મંગલે પહેલી વખત દીઠો.

ત્રણ-ચાર વખત લોંઢિયા કર્યા પછી એક દિવસ મોટા દરિયામાંથી જાણે મછરા જળચર પાછળ પડ્યાં હોય તેમ માછીમારોએ ડરથી ભાગતાં કાંઠે આવી સમાચાર આપ્યા કે પાસેના પારકા દેશના માછીમાર ચાંચિયા મંગલને ઉઠાવી ગયા છે ત્યારે લોકો ગાભરા બની ગયા. ટોળામાંથી માર્ગ કાઢતી આગળ આવેલ છમનાએ આ વાત સાંભળી. તેના હોઠ સિવાઈ ગયા. મંગલ સાથે ગયેલ ચંદુને પૂછતાં તેણે કહ્યું, “એને ત્યાં જેલમાં ગોંધી દેવાના. હવે છુટકારો થવા મુશ્કેલ છે.”

છમનાએ વધુ પૂછપરછ કરવાનું છોડી દીધું.

દરરોજ સવારે લોંઢિયા કરવા ગયેલ માછીઓ પાછા ફરતા ત્યારે મંગલને તે શોધવા લાગતી અને નિરાશ થઈ પાછી ફરી જતી.

મોસમ પૂરી થઈ. છાપરીઓ વીંખાવા લાગી. ફિશિંગ ટ્રોલરો વતન તરફ હંકારાઈ ગઈ. બૈરાં ખટારામાં બેસી ઘર ભેગાં થવાં લાગ્યાં. છેલ્લે છમના પણ ટ્રક ઉપર ચઢી. એક નજર કિનારા પર ફેંકી. વણઝારા નગરના પડાવ વધુ એક વખત ઊઠી ચૂક્યા હતા. ટ્રક ચાલુ થતાં ધૂળની ડમરીમાં કિનારા સાથે દરિયો પણ દેખાતો બંધ થઈ ગયો.

ફરીથી નવી મોસમ બેસતાં સૌથી પહેલી ટ્રકમાંથી ઊતરીને છમના આખો દરિયાકિનારો ખૂંદી વળી. દરેક છાપરીમાં ડોકું કાઢી આવી. હરએક ટ્રોલરમાં ચઢતા ઊતરતા માછીઓના ચહેરા જોઈ વળી પણ મંગલ ક્યાંય દેખાયો નહીં. પરિચિત ગોયણી માછલી જેવી સીકી પાસેથી પણ મંગલના કોઈ સમાચાર ન મળ્યા. આખો મહેરામણ તેની આંખમાં સમાઈ ગયો. પાંપણે ખારા વખ જેવા મીઠાના અગર બાજ્યા. એને સમજાયું કે દરિયાના ખેતરે તો માછલાંનો ફાલ પાકતો રહે છે. મોસમ પૂરી થતાં છમના પાછી ફરી. આ વખતે તેણે દરિયા તરફ આંખ ઉઠાવીને જોયું પણ નહીં - મહેરામણથી રિસાયેલ માછલીને સાગર કેમ કરીને મનાવે!

તે પછીની મોસમમાં એક દિવસ મંગલ પાછો ફર્યો. એ ઓળખાય તેવો રહ્યો ન હતો. શરીર ભૂખ-તરસથી સુકાઈને હાડપિંજર જેવું બની ગયું હતું. પડોશી દેશમાં તેને કિનારા પરનું કામ મળતાં ચોકિયાતોની નજર ચૂકવી, હોડો લઈ નાસી છૂટ્યો. પછી હોડો ડૂબતાં ચાર દિવસ સુધી દરિયામાં તરતો રહી અજાણ્યો કાંઠો ખૂંદતો આખરે અહીં પહોંચી આવ્યો હતો. પૂછતાં એક જ જવાબ આપતો હતો, “મારે પાછું આવવું જ હતું” શંકર સનીયો તેને પોતાની છાપરીએ લઈ ગયો. કિનારા પર સળગતા તાપણા પર શેકાતી, તળાતી માછલીની ગંધ તેને સ્પર્શી ગઈ. છાપરીના ટોડલે તે દિવસે છમનાએ બાંધેલ માછલીનું તોરણ હજુ પણ ત્યાં જ લટકી રહેલું તેને દેખાયું.

બે મોસમ સુધી છમના આવતી રહી હતી, તેની સતત ખોજ કરતી હતી અને આખરે તેના કોઈ સમાચાર ન મળતાં છમનાએ પોતાના ગામમાં કોઈનું ઘર માંડી દીધું હતું. એ સમાચાર સીકીએ આપતાં મંગલ ભાંગી પડ્યો. પણ જ્યારે

સીકીએ એવું પણ કહ્યું, "છમના ભલે બીજાને પરણી ગઈ છે પણ એના ધણીને લગનનો ખરચો આપી દઈશ અને છમનાનું મન હશે તો છેડો ફાડી તારી સાથે ચાલી આવશે. અમારી કોમમાં ઈવો રિવાજ છે." ત્યારે મંગલના મન-કિનારે આશાનું નવું મોજું ફેલાઈ ગયું. બે મોસમ સુધી રાત-દિવસ જોયા વિના સખત કામ કરી મંગલે પૈસા એકઠા કર્યા અને પાસેના શહેરમાં જઈ સોના-ચાંદીનાં આભૂષણો ખરીદી લાવ્યો. છાપરીની બજારમાંથી પસાર થતાં અત્તર વેચનારાએ તેને રોકીને કહ્યું, "અરે, માલમ, ઘણા દિવસે દેખાયા? તે દિ' એક છોડીને લાવ્યા હતા. એણે તમારા માટે ડોલરનું અને તમે એને માટે ચમેલીનું અત્તર ખરીદેલ એ ભૂલી ગયા?"

એ પ્રસંગ યાદ આવતાં મંગલનું મન ખિન્ન થઈ ગયું. તેના હાથમાં ડોલર ચમેલીના અત્તરની શીશી મૂકી દઈ હસતાં તેણે કહ્યું, "અને આ ગુલાબનું અત્તર મારા તરફથી મફતમાં. ઘેર પારણું બંધાય ત્યારે તમારા છૈયાના કાનમાં એનું પૂમડું મૂકી દેજો."

શીશીઓ ગજવામાં મૂકી મંગલ ઝડપથી નાસી છૂટ્યો.

સીકી પાસેથી છમનાના ગામનું સરનામું મેળવી, કિનારા પર પડેલ પોતાની જૂની હોડીનાં લંગર ઉઠાવી, સઢ ચડાવી, સુકાન ફેરવી, મંગલે નવી દરિયાવાટ પકડી.

એક અજાણ્યા બંદરગાહના કિનારે મંગલે હોડીનું લંગર નાખ્યું. પૂછપરછ કરી વનની વાટ પકડી. જંગલની ભેજવાળી બોઝિલ હવાની અજાણી વાસ તેને અકળાવતી હતી. કેડીઓ ભૂલતો, શોધતો મંગલ આખરે છમનાના દંગે પહોંચ્યો. તેના તુંગાના પગથિયે ચૂપચાપ બેસી રહ્યો. બંધ બારણા પર ત્રાટક કરી રહેલ નજરે આખરે દરવાજાને ખોલાવી દીધા. અંદરથી એક સ્ત્રી બહાર આવી. એ છમના હતી. જુવાન છોકરીનું મુક્ત હાસ્ય વયસ્ક સ્ત્રીના સ્મિતમાં ફેરવાઈ ગયું. આશ્ચર્યથી તેણે પૂછ્યું :

"અરે મંગલ, તું? અહીં? કયા કામે આવવું થયું?"

મંગલે ઘરેણાંની પોટલી તેના પગ પાસે મૂકી દીધી.

"તારા ધણીએ વિવાહમાં કરેલ ખરચ આપી દઈ, તને છૂટી કરાવી મારી સાથે લઈ જવા આવ્યો છું."

છમનાના ચહેરા પર વિષાદ છવાયો. કિનારાથી દૂર ધકેલાયેલ ઓટનાં પાણીનાં મોજાં ફરી એ જ કાંઠે આવતાં નથી એવું તેનું પહેલાનું હાસ્ય મંગલને જોવા ન મળ્યું. ઘરેણાંની પોટલી તેના હાથમાં મૂકી દઈ છમના બોલી, "મેં તને કહ્યું હતું ને કે છમના માછલી હાથમાંથી એક વખત નીકળી ગયા પછી પાછી પકડાતી નથી એ યાદ છે ને? તારી મુઠ્ઠી ખૂલી ગઈ."

મંગલની આંખમાં ભૂતકાળ ઝંઝાવાતી સુમાલના તોફાન જેમ ચકરાવા લેવા લાગ્યો. ગુસ્સાથી બરાડ્યો : "એમાં મારો વાંક નથી."

"મંગલ, ગુનો મારો પણ ક્યાં છે? હવે જીવતર જ્યાં જોડાયું છે ત્યાંથી પાછી નહીં ફરું. એક ભવમાં બીજો ભવ નથી કરવો."

મંગલ પોટલી લઈને ઊભો થઈ ગયો. છમના પણ ઊઠી અને આગળ ચાલી. તેને ખબર ન પડે તેમ મંગલે ઉંબરા પાસે ગુલાબના અત્તરની શીશી મૂકી દીધી. મનના અજાણ ખૂણે ગુલાબ ફોરી ઉઠ્યું. થોડે દૂર જઈ એક કૂવા પાસે છમના ઊભી રહી ગઈ.

"મંગલ, વનચર કદી જળચર બની નથી શકતાં. દરિયાને જોતાં ધરવ ન થવાના કારણે જ જીવતાં - મરતાં માછલીની આંખ મીંચાતી નથી એવું પહેલેથી જાણતી હોત તો જંગલ છોડી મે'રામણ કાંઠે ગઈ જ ન હોત."

મંગલે કૂવામાં નજરને સેતરી દીધી. એનું તળિયું નજરે ન ચઢ્યું. છમના કહી રહી હતી, "છતે પાણીએ પણ જો દરિયો તરસ્યો રહે તો તેમાં બચારા ધરતીના કૂવાનો શો વાંક?"

છમના તેને રોકે તે પહેલાં મંગલે ઘરેણાંની પોટલી કૂવાની અંદર ફેંકી દીધી અને ચૂપચાપ ચાલતો થઈ ગયો. પાછળ ફરીને એક વાર પણ તેણે છમના તરફ નજર સરખી કરી નહિ.

છમના પાસે આવતાં વનની કેડીઓમાં વારંવાર ભૂલા પડેલ મંગળને વળતી વખતે રસ્તો શોધવો ન પડ્યો. બંદર પર આવી તેણે હોડીના સઢ ખોલી નાખ્યા. ધીમે ધીમે કાંઠો પાછળ સરકતો ગયો. મધદરિયે આવી તેણે લંગરને ઉઠાવી પાણીમાં ફેંકી દીધું. સુકાનની ચરખી છૂટી કરી દેતાં મુક્ત બની ગયેલ હોડી બેકાબૂ બની એકથી બીજી દિશા તરફ નાસવા લાગી.

અચાનક યાદ આવતાં મંગલે ગજવામાં સાચવી રાખેલ ડોલર અને ચમેલીનાં અત્તરોની શીશી બહાર કાઢી તેનું પ્રવાહી પાણીમાં રેડી દીધું. નવી ખુશબૂથી તરબતર બનેલ ખારાં પાણીની મહેકને મોજાંએ દૂર દૂર સુધી ફેલાવી દીધી. ■

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

વાર્તા

# અભાગીનું સ્વર્ગ

● શરદબાબુની શ્રેષ્ઠ વાર્તાઓમાંથી ●

## (૧)

ઠાકુરદા મુખર્જીનાં વૃદ્ધ પત્ની સાત દિવસની બીમારીમાં મૃત્યું પામ્યાં. વૃદ્ધ મુખોપાધ્યાય મહાશય અનાજના વેપારમાં ધનવાન થયા હતા. એમને ચાર દીકરા, ત્રણ દીકરીઓ અને તેમનાં પણ સંતાનો હતાં. જમાઈઓ, આડોશીપાડોશીઓ અને નોકરચાકરો-જાણે મોટો જલસો હોય એવું થઈ ગયું. ઠાઠમાઠવાળી સ્મશાનયાત્રા જોવા આખા ગામનાં માણસો ભેગાં થયાં હતાં. દીકરીઓએ રડતાં-રડતાં માના બંને પગમાં ખૂબ અળતો અને માથામાં ખૂબ સિંદૂરનો લેપ લગાવી દીધો. વહુઓએ કપાળમાં ચંદન ચોપડી કીમતી વસ્ત્રો વડે સાસુનું શરીર ઢાંકી પાલવ વડે તેમની અંતિમ ચરણ રજ લૂછી લીધી. પુષ્પ, પત્ર, ગંધ, માળા અને કલરવ પરથી આ કોઈ શોકનો પ્રસંગ હોય એવું લાગ્યું નહિ. આ તો જાણે મોટા ઘરની ગૃહિણી પચાસ વર્ષ પછી પુનઃ એકવાર નવેસરથી પોતાના પતિગૃહે જઈ રહી હતી. વૃદ્ધ મુખોપાધ્યાય શાંતિથી પોતાની સદાયની સહચરીને અંતિમ વિદાય આપી કોઈ ન જુએ તેમ આંખો લૂછી નાખી શોકસંતપ્ત દીકરીઓ અને વહુઓને આશ્વાસન આપવા લાગ્યા.

હરિનામના પ્રચંડ ધ્વનિથી પ્રભાતનું આકાશ ગજાવતું આખું ગામ પાછળ-પાછળ ચાલ્યું. બીજી એક વ્યક્તિ જરા આઘી રહી ટોળાની સાથે ચાલવા લાગી. તે કાંગાલીની મા હતી. તે પોતાના ઝૂંપડાના આંગણમાંથી થોડાંક રીંગણ લઈ એ માર્ગે હાટમાં વેચવા જતી હતી. આ દૃશ્ય જોઈ તે થોભી ગઈ. બજારમાં જવાનું વીસરી ગઈ. આંખનાં આંસુ લૂછતી-લૂછતી તે પણ બધાની પાછળ સ્મશાનમાં પહોંચી ગઈ.

ગામને એક છેડે ગરુડ નદીને કિનારે સ્મશાન હતું. ત્યાં અગાઉથી જ લાકડાં, ચંદન, ઘી, મધ, ધૂપ, લોબાન વગેરે સામગ્રી એકઠી કરવામાં આવી હતી. કાંગાલીની મા હલકી જાતની હતી. ભાઈની દીકરી એટલે પાસે જવાની તેની હિંમત ચાલી નહિ. દૂર એક ઊંચી ટેકરી પર ઊભી-ઊભી તે બધી અંત્યેષ્ટિ ક્રિયા આરંભથી અંત સુધી ઉત્સુકતા અને કુતૂહલપૂર્વક જોઈ રહી.

વિશાળ અને સજાવેલી ચિતા ઉપર જ્યારે શબ ગોઠવવામાં આવ્યું ત્યારે તેના રાતા બે પગ જોઈ તેની આંખો તૃપ્ત થઈ ગઈ. દોડી જઈ થોડો અળતો લૂછી લઈ માથે લગાડવાની તેને ઈચ્છા થઈ આવી. અનેક કંઠમાંથી નીકળતા 'હરિ' ધ્વનિ સાથે પુત્રના હાથનો મંત્રપૂત અગ્નિ જ્યારે ચિતામાં મુકાયો ત્યારે તેની આંખમાંથી દડ-દડ કરતાં આંસુ ટપકવા લાગ્યાં. તે મનોમન વારંવાર બોલવા લાગી, 'ભાગ્યવંતાં મા, તમે સ્વર્ગે સિધાવો છો; મને પણ આશીર્વાદ આપતાં જાઓ કે હું પણ આવી રીતે કાંગાલીના હાથની આગ પામું. દીકરાના હાથે આગ એ કંઈ જેવી તેવી વાત નથી!' એક સ્ત્રીને પતિ, પુત્ર-પુત્રી, પૌત્ર-પૌત્રી, દાસ-દાસી, સગાંસંબંધી-આખો ઉજ્જવળ સંસાર પાછળ મૂકી આ રીતે સ્વર્ગે સિધાવતી જોઈને તેની છાતી ફુલાઈ જવા લાગી. તેને આ સૌભાગ્ય અસીમ લાગ્યું. તરતની સળગેલી ચિતાનો ધુમાડો નીલ રંગની છાયા ફેલાવતો ગૂંછળાં વળતો-વળતો આકાશમાં ઊંચે ચડવા લાગ્યો. કાંગાલીની માને તેમાં એક નાનકડો રથ જાણે સ્પષ્ટ દેખાયો. એના પર કેટલાંય સુંદર ચિત્રો ચીતરેલાં હતાં, તેના શિખર પર કેટલી બધી ફૂલવેલ ચડાવેલી હતી! ભીતર જાણે કોઈ બેઠું હતું. તેનું મોં ઓળખાતું ન હતું, પણ તેના સેંથામાં સિંદૂરની રેખા હતી, બંને પગનાં તળિયાં અળતાથી રંગેલાં હતાં. ઊંચે જોતાંજોતાં કાંગાલીની માની આંખોમાંથી આંસુની ધારા વહેતી હતી, એવામાં એક ચૌદ-પંદર વરસનો છોકરો તેનો પાલવ ખેંચી બોલ્યો, 'તું અહીં ઊભી રહી છે મા, તે, ભાત નથી રાંધવો?'

માએ ચમકીને પાછળ જોઈ કહ્યું, 'રાંધીશ, ભાઈ, હમણાં તો-' અચાનક ઊંચે આંગળી ચીંધી વ્યગ્ર સ્વરે બોલી, 'જો બેટા, બામણીમા પેલા રથમાં બેસી સ્વર્ગે સિધાવે છે.'

છોકરો આશ્ચર્યથી મોં ઊંચું કરી બોલ્યો, 'ક્યાં છે?' થોડી વાર ઝીણવટથી જોઈ આખરે બોલ્યો, 'તું ગાંડી થઈ છે કે શું! એ તો ધુમાડો છે.' પછી તે ચિડાઈને બોલ્યો, 'બપોર થયા, મને ભૂખ નહિ લાગી હોય શું?' માની આંખમાં આંસુ જોઈ તે બોલ્યો, 'બામણી ડોશી મરી ગઈ એમાં તું શું કરવા રડ-રડ કરે છે, મા?'

કાંગાલીની માને આટલી વારે ભાન આવ્યું. પારકા ખાતર સ્મશાનમાં ઊભા રહી આ રીતે આંસુ વહાવવા માટે તે મનમાં શરમાઈ ગઈ. એટલું જ નહિ, છોકરાના અકલ્યાણના ડરથી એક ક્ષણમાં આંખો લૂછી નાખી જરા હસવાનો પ્રયાસ કરી તે બોલી, 'હું રડું શા માટે? આંખમાં ધુમાડો લાગ્યો છે એટલે એવું લાગે છે!'

'હા, ધુમાડો લાગ્યો છે! તું રડતી તો હતી!'

માએ કશો બચાવ ન કર્યો. છોકરાનો હાથ પકડી ઘાટ ઊતરી જાતે સ્નાન કર્યું, કંગાલીને પણ સ્નાન કરાવી ઘેર પાછી ફરી. સ્મશાનસંસ્કાર છેવટ સુધી જોવાનું તેના ભાગ્યમાં ન હતું.

## (૨)

સંતાનના નામકરણ વખતે માતાપિતાની મૂઢતા જોઈ વિધાતા અંતરીક્ષમાં રહ્યારહ્યા માત્ર સ્મિત કરીને જ થોભતા નથી, ક્યારેક તીવ્ર વિરોધ પણ કરે છે. તેથી તેમનું આખું જીવન તેમના નામના જાણે મૃત્યુ સુધી ચાળા પાડ્યા કરે છે. કાંગાલીની માના જીવનનો ઈતિહાસ ટૂંકો છે, પણ એ ક્ષુદ્ર કંગાળ જીવન વિધાતાના પરિહાસમાંથી બચી ગયું હતું. તેને જન્મ આપી મા મૃત્યુ પામી હતી, બાપે ગુસ્સામાં નામ પાંડ્યું 'અભાગી.' મા હતી નહિ, બાપ નદીમાં માછલાં પકડતો ફરતો. તે ન જોતો દિવસ, ન જોતો રાત. તો પણ કેવી રીતે નાની અભાગી એક દિવસ કાંગાલીની મા થવા જીવતી રહી એ અજબ વાત છે. જેની સાથે લગ્ન થયું તેનું નામ હતું રસિક વાઘ. વાઘને બીજી વાઘણ હતી. તેને લઈને તે ગામ છોડી બીજે જતો રહ્યો. અભાગી પોતાનું દુર્ભાગ્ય તથા પુત્ર કાંગાલીને લઈ ગામમાં જ પડી રહી.

એ કાંગાલી મોટો આજે પંદર વર્ષનો થયો છે. હમણાં જ તેણે નેતરનું કામ શીખવું શરૂ કર્યું છે. અભાગીને આશા છે કે હજુ એકાદબે વરસ તે તેના દુર્ભાગ્ય સામે સંઘર્ષ કરશે તો તેમના દુઃખનો અંત આવશે. આ દુઃખ શું છે તે તેના આપનારા સિવાય બીજું કોઈ જાણતું નથી.

કાંગાલીએ તળાવડીમાં હાથમોં ધોઈ આવી જોયું કે તેની થાળીનું વધેલું મા એક માટીના વાસણમાં ઢાંકી મૂકતી હતી. આશ્ચર્ય પામી તેણે પૂછ્યું, 'તેં ખાધું નહિ, મા?'

'બપોર ચડી ગયા બેટા, હવે ભૂખ નથી.'

છોકરાને વિશ્વાસ ન બેઠો. તેણે કહ્યું, 'ના, ભૂખ કેમ નથી! બતાવ તો, ક્યાં છે તારી હાંલ્લી?'

આવી રીતે કાંગાલીને ઘણા વખતથી છેતરી રહી હતી. તેણે હાંલ્લી જોયા વગર છાલ નમૂક્યો. તેમાં હજુ એક માણસ ખાય એટલો ભાત હતો. પછી તે હસતા મોઢે માના ખોળામાં બેઠો. તેની વયના છોકરાઓ આવું કરતા નથી. પણ બાળપણથી લાંબા સમય સુધી બીમાર રહ્યો હતો તેથી માનો ખોળો છોડી બહારના મિત્રો સાથે ભળવાની તેને તક મળી ન હતી. એ ખોળામાં બેસીને જ તેને રમત-ગમતની હોંશ પૂરી કરવી પડતી. એક હાથે ગળે વળગી મોં પર મોં રાખતાંની સાથે જ કાંગાલી વિસ્મિત થઈ બોલી ઊઠ્યો, 'મા, તારું શરીર ગરમ છે. શું કરવા તું આવા તાપમાં મડદું બળતું જોવા ગઈ? શા માટે પાછી નાહીને આવી? મડદું બળતું શું તેં-'

માએ હાંફળાં-ફાંફળાં છોકરાના મોં પર હાથ દાબી દઈ કહ્યું, 'છી! બેટા, મડદું બળતું હતું એમ ન બોલાય, પાપ લાગે. સતીલક્ષ્મી મા રથમાં બેસી સ્વર્ગે સિધાવ્યાં છે.'

છોકરાએ શંકા કરી કહ્યું, 'તું તો એકની એક વાત કર્યા કરે છે, મા, રથમાં બેસી વળી કોઈ સ્વર્ગે જતું હશે?'

મા બોલી : 'મેં નજરોનજર જોયું, કાંગાલી, બામણીમા રથમાં બેઠેલાં હતાં. તેમના રાતા પગ બધાએ ઉઘાડી આંખે જોયા હતા!'

'બધાએ જોયા?'

'હા, બધ્ધાએ.'

કાંગાલી માની છાતીને અઢેલીને વિચારવા લાગ્યો. તેને મા પર વિશ્વાસ રાખવાની ટેવ હતી. નાનપણથી તે વિશ્વાસ રાખવાનું જ શીખ્યો હતો. એ મા જ્યારે કહે છે કે બધાએ ઉઘાડી આંખે આવી મોટી ઘટના નજરે જોઈ છે ત્યારે અવિશ્વાસ કરવાનું કશું કારણ ન હતું. થોડી વાર પછી તે ધીરે ધીરે બોલ્યો, 'ત્યારે તો તું પણ મા, સ્વર્ગે જવાની? બિંદીની મા તે દિવસે રાખાલની ફોઈને કહેતી હતી, 'કાંગાલીની મા જેવી સતીલક્ષ્મી ભોઈવાડામાં બીજી કોઈ નથી.'

કાંગાલીની મા ચૂપ રહી. કાંગાલી તેવી રીતે ધીરેધીરે બોલવા લાગ્યો, 'બાપુ જ્યારે તને છોડી ગયા ત્યારે તને કેટલાય લોકોએ ફરી લગ્ન કરવા કહ્યું, પણ તેં કહ્યું, ના. કાંગાલી જીવતો હશે તો મારું દુઃખ જતું રહેશે. ફરી શા માટે લગ્ન કરું? હેં મા, તું ફરી પરણી હોત તો હું ક્યાં હોત? કદાચ ભૂખ્યો-તરસ્યો ક્યારનોય મરી ગયો હોત.'

માએ દીકરાને બંને હાથે છાતી સરસો ચાંપ્યો. હકીકતમાં તે વેળા આ સલાહ કંઈ થોડા માણસોએ તેને આપી ન હતી અને જ્યારે તે કોઈ પણ રીતે તૈયાર થઈ નહિ ત્યારે તેની પજવણી ઓછી થઈ ન હતી. એ વાત યાદ આવતાં અભાગીની આંખો ભીની થઈ ગઈ. છોકરાએ હાથ વડે માની આંખો લૂછી કહ્યું, 'મા, જરા આડા પડવું છે?'

મા ચૂપ રહી. કાંગાલીએ સાદડી નાખી ગોદડી પાથરી. માંચા પરથી નાનું ઓશીકું ઉતારી માને હાથ પકડી પથારીમાં ખેંચી જતાં માએ કહ્યું, 'કાંગાલી, આજે તારે કામે જવાની જરૂર નથી.'

કામ પર નહિ જવાની વાત કાંગાલીને ખૂબ ગમી, પણ તે બોલ્યો, 'તો પછી પાણીના બે પૈસા તેઓ આપશે નહિ, મા.'

'ભલે ના આપતા...આવ, તને વાર્તા કહું.'

વધારે લાલચની જરૂર પડી નહિ. કાંગાલી તરત જ માની છાતીએ લપાઈ સૂઈ જઈ બોલ્યો, 'તો કહે, રાજાનો દીકરો, કોટવાલનો દીકરો અને પેલો પક્ષીરાજ ઘોડો-'

અભાગીએ રાજપુત્ર, કોટવાલ પુત્ર અને પક્ષીરાજ ઘોડાની વાત શરૂ કરી. એ વાર્તા તેણે બીજાઓ પાસે કેટલીયે વાર સાંભળેલી તથા કેટલીયે વાર સંભળાવેલી, પણ થોડી વારમાં તેનો રાજપુત્ર અને કોટવાલપુત્ર કયાંય ગુમ થઈ ગયા. તેણે જે વાર્તા શરૂ કરી તે બીજી કોઈ પાસે સાંભળેલી ન હતી, તેણે

પોતે રચેલી હતી. જેમજેમ તેનો તાવ વધતો ગયો, ગરમ-ગરમ લોહીનો પ્રવાહ ઝડપથી મસ્તકમાં વહેવા લાગ્યો તેમતેમ જાણે નવીનવી વાતોની ગૂંથણી થવા લાગી. વાર્તામાં ક્યાંય વિસામો આવતો નથી. કાંગાલીનું નાનકડું શરીર વારંવાર રોમાંચિત થવા લાગ્યું. ભય, વિસ્મય અને કુતૂહલથી તે જોરથી માને વળગી પડી તેની છાતીમાં જાણે સમાઈ જવા લાગ્યો.

બહાર દિવસ પૂરો થયો. સંધ્યાની મ્લાન છાયા વધુ ગાઢ બની ચરાચરને આવરી રહી. પણ ઘરમાં દીવો સળગ્યો નહિ. ગૃહસ્થનું શેષ કર્તવ્ય પૂરું કરવા કોઈ ઊઠ્યું નહિ. ગાઢ અંધકારમાં માત્ર માંદી માતાનું અવિરત ગુંજન નિસ્તબ્ધ પુત્રના કાનમાં અમૃત વરસાવતું રહ્યું. તે સ્મશાન અને સ્મશાનયાત્રા વિશે જ બોલ્યા કરતી હતી. એ રથ, એ બે રંગેલા પગ, એ સ્વર્ગારોહણ! કેવી રીતે શોકાકુલ સ્વામીએ અંતિમ ચરણરજ આપી રડીને વિદાય આપી, કેવી રીતે 'હરિ' ધ્વનિ કરતા પુત્રો માતાને ખાંધે લઈ ચાલ્યા અને પછી પુત્રના હાથે અગ્નિદાહ! 'એ આગ તે આગ નહોતી, કાંગાલી, એ તો હરિ પોતે! એનો આકાશ સુધી પહોંચતો ધુમાડો તે ધુમાડો ન હતો, બેટા, એ તો સ્વર્ગનો રથ હતો! કાંગાલીચરણ, દીકરા મારા!'

'કેમ, મા?'

'તારા હાથની આગ જો પામું, બેટા, તો બામણીમાની જેમ હું પણ સ્વર્ગમાં જાઉં.'

કાંગાલી અસ્ફુટ સ્વરે માત્ર એટલું જ બોલ્યો, 'જા, એવું શું બોલે છે?'

મા તેના શબ્દો કદાચ સાંભળી શકી નહિ. ઊનો નિઃશ્વાસ નાખી બોલવા લાગી, 'હલકી જાત કહીને પછી કોઈ ધુતકારી શકશે નહિ, દુઃખી કહીને કોઈ અટકાવી શકશે નહિ. વાહ! દીકરાના હાથે અગ્નિદાહ, પછી રથ આવ્યા વિના થોડો રહેશે?'

છોકરો મોં ઉપર મોં રાખી ભાંગેલા અવાજે બોલ્યો, 'જા, એવું બોલીશ નહિ, મા, મને ખૂબ બીક લાગે છે.'

મા બોલી, 'અને જો, કાંગાલી, તારા બાપુને એક વાર બોલાવી લાવજે, આ રીતે જ માથે ચરણરજ આપી મને વિદાય કરે. આવી રીતે પગે અળતો, માથે સિંદૂર લગાવીને. પણ એ કોણ લગાડશે? તું જ લગાડીશ ને, કાંગાલી? તું જ મારો દીકરો, તું જ મારી દીકરી, તું જ મારું બધું!' બોલતાં-બોલતાં તેણે છોકરાને એકદમ છાતીસરસો ચાંપી દીધો.

## (૩)

અભાગીના જીવનનાટકનો અંતિમ અંક પૂરો થવા આવ્યો. વિસ્તાર કંઈ વધુ ન હતો, સામાન્ય જ ત્રીસેક વર્ષ કદાચ પૂરાં થયાં હોય કે ન પણ થયાં હોય; અંત પણ એવો જ, સામાન્ય રીતે જ આવ્યો. ગામમાં વૈદ્ય હતો નહિ, બીજા ગામમાં હતો. કાંગાલીએ ત્યાં જઈ રોકકળ કરી, તેના પગે પડ્યો, અંતે ઘડો ગીરો મૂકી તેમને ફીનો રૂપિયો આપ્યો. તોયે વૈદ્યરાજ આવ્યા નહિ, ચારેક પડીકીઓ આપી. એની પાછળ કેવી ધાંધલ! ખલ, મધ, આદુંનો રસ, તુલસીનાં પાંદડાંનો રસ, કાંગાલીની મા પુત્ર પર ગુસ્સે થઈને બોલી, "શા માટે તું મને કહ્યા વિના ઘડો ગીરો મૂકી આવ્યો, બેટા!' પછી હાથ લંબાવી પડીકીઓ હાથમાં લઈ ચૂલામાં ફેંકી દઈ કહેવા લાગી, 'સાજી થવાની હોઈશ તો એની મેળે થઈશ. ભોઈના ઘરનું કોઈ કદી દવા ખાઈને જીવ્યું નથી.'

બે-ત્રણ દિવસ એમ જ પસાર થયા. પાડોશીઓ ખબર પડતાં જોવા આવ્યા. જેને જે ઔષધની જાણ હતી તે, હરણનું શીંગડું ઘસીને પાવું, છીપ બાળી મધમાં ભેળવી ચટાડવી વગેરે બતાવી સૌ પોતપોતાને કામે ચાલ્યા ગયા. નાનકડો કાંગાલી ગભરાઈ ગયો. માએ તેને પાસે ખેંચી લઈ કહ્યું, 'વૈદ્યરાજની પડીકીથી કશું થયું નહિ, હવે એમનાં ઓસડિયાથી મટવાનું છે? હું તો વગર દવાએ સાજી થઈ જઈશ.'

કાંગાલી રડી પડીને બોલ્યો, 'તેં પડીકીઓ તો ક્યાં ખાધી છે, મા, ચૂલામાં નાખી દીધી છે. વગર દવાએ તો કોઈ સાજું થાય?'

હું તો એમ જ સાજી થઈશ. તું મૂઠી ભાત રાંધી ખા, હું એ જોઉં.'

કાંગાલી પહેલી વાર બિનઅનુભવી હાથે ભાત રાંધવા બેઠો. ન બરાબર સાફ કરી શક્યો, ન સારી રીતે રાંધી શક્યો. ચૂલો બરાબર સળગે નહિ, અંદર પાણી ઊભરાઈ ધુમાડો થાય, ભાત કાઢવા જતાં ચારે બાજુ વેરાઈ જાય. માની આંખો ભરાઈ આવી. પોતે એક વાર ઊભા થવાનો પ્રયત્ન કર્યો, પરંતુ માથું ટટાર રાખી શકી નહિ, પથારીમાં ગબડી પડી. ખાવાનું પૂરું થતાં દીકરાને સોડમાં લઈ કેવી રીતે શું કરવું તેનો રીતસર ઉપદેશ આપવા જતાં તેનો ક્ષીણ કંઠ રૂંધાઈ ગયો. આંખોમાંથી માત્ર અવિરત અશ્રુધારા વહેવા લાગી.

ગામનો ઈશ્વર વાળંદ નાડી જોવાનું જાણતો હતો. બીજે દિવસે સવારે તેણે હાથ જોઈ તેની સામે જ મોં ગંભીર કર્યું, દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો અને આખરે માથું ધુણાવી ઊભો થઈ ગયો. કાંગાલીની મા એનો અર્થ સમજી પણ તેને ડર લાગ્યો નહિ. બધા ચાલ્યા ગયા પછી તેણે છોકરાને કહ્યું, 'હવે એક વાર એમને બોલાવી લાવીશ, બેટા?'

'કોને મા?'

'એમને સ્તો - જે પેલે ગામ જતા રહ્યા છે-'

કાંગાલી સમજી ગયો. બોલ્યો, 'બાપુને?

અભાગી ચૂપ રહી.

કાંગાલીએ ક્યું, 'પણ તેઓ નહિ આવે તો?'

અભાગીને ખુદને પણ પૂરો સંદેહ હતો. તો પણ તે ધીરેધીરે

બોલી, 'જઈને કહેજે કે મા માત્ર તમારી ચરણરજ લેવા બોલાવે છે.'

તે તરત જ જવા તૈયાર થયો એટલે માએ તેનો હાથ પકડી કહ્યું, 'જરા રોક્કળ કરજે. બેટા, કહેજે કે મા જાય છે.'

જરા થોભીને પાછી બોલી, 'પાછા વળતાં વાળંદની વહુ પાસેથી થોડો અળતો માગી લાવજે, કાંગાલી. મારું નામ દેજે એટલે આપશે. મારા પર તેને ખૂબ ભાવ છે.'

તેના પર ઘણા માણસો ભાવ રાખતા હતા. તાવ આવ્યો ત્યારથી માના મોઢે તેણે આવાં કેટલાંક વાક્યો એટલી બધી વાર સાંભળ્યાં હતાં કે તે ત્યાંથી ધ્રૂજતો-ધ્રૂજતો ચાલી નીકળ્યો.

## (૪)

બીજા દિવસે રસિક ભોઈ જ્યારે આવી પહોંચ્યો ત્યારે અભાગીને ખાસ ભાન ન હતું. મોં પર મરણની છાયા પથરાયેલી હતી. આંખની દૃષ્ટિ આ દુનિયાનું કામ આટોપી કોણ જાણે કોઈ અજાણ્યા દેશમાં ચાલી ગઈ હતી. કાંગાલી રડીને બોલ્યો, 'મા, બાપુ આવ્યા છે, ચરણરજ નથી લેવી?'

મા કદાચ સમજી હશે કે નહિ સમજી હોય, કદાચ તેની ઊંડી સંચિત વાસનાએ સંસ્કારની પેઠે તેની સુષુપ્ત ચેતના પર ઘા કર્યો હશે. એ મૃત્યુમાર્ગના યાત્રીએ તેના અવશ હાથ પથારીમાંથી બહાર લંબાવ્યા.

રસિક દિગ્મૂઢની જેમ ઊભો રહ્યો. પૃથ્વી પર તેની ચરણરજની જરૂર છે, એ પણ કોઈ માગી શકે છે એ તેની કલ્પનાથી પર હતું.

બિંદીની ફોઈ પાસે ઊભી હતી. તે બોલી, 'આવો ભાઈ, થોડી ચરણરજ આપો.'

રસિક આગળ આવ્યો. જીવનભર જે સ્ત્રીને તેણે પ્રેમ આપ્યો ન હતો, અન્નવસ્ત્ર આપ્યાં ન હતાં, કશી ખબરઅંતર લીધી ન હતી, તેને મૃત્યુવેળા માત્ર ચરણરજ આપવા જતાં તે રડી પડ્યો.

રાખાલની મા બોલી, 'આવી સતી લક્ષ્મી બામણ કાયથમાં ઘરે ન જનમતાં અમારા ભોઈના ઘેર શા માટે જનમી? પણ હવે કંઈ ક્રિયાકરમ કરજો, ભાઈ. કાંગાલીના હાથે અગ્નિદાહ પામવાના લોભે તો એણે જીવ આપ્યો છે.'

અભાગીના અભાગ્યના દેવતાએ અદૃષ્ટ રહીને શો વિચાર કર્યો એની તો ખબર નથી, પરંતુ નાના કાંગાલીના હૃદયને આ શબ્દોએ જાણે તીરની પેઠે વીંધી નાખ્યું.

તે દિવસે દહાડો તો વીતી ગયો, રાતનો પ્રથમ ભાગ પણ વીત્યો, પરંતુ કાંગાલીની મા સવાર સુધી થોભી ન શકી. કોણ જાણે આવી હલકી જાતના લોકો માટે સ્વર્ગમાં રથની વ્યવસ્થા છે કે નહિ કે પછી અંધારામાં તેમને પગે ચાલીને જ જવું પડે છે, - પરંતુ એટલું તો સમજાયું કે રાત પૂરી થાય તે પહેલાં તે આ દુનિયા છોડી ગઈ હતી.

ઝૂંપડાના આંગણામાં એક બીલીનું વૃક્ષ હતું. એક કુહાડી માગી લાવી રસિકે તેને ટચકો માર્યો ન માર્યો ત્યાં તો જમીનદારના દરવાને ક્યાંકથી દોડી આવી તેના ગાલ પર જોરથી એક તમાચો માર્યો અને કુહાડી ખૂંચવી લીધી. પછી બોલ્યો, 'સાલા, તારા બાપનું ઝાડ છે કે કાપવા લાગ્યો છે?'

રસિક ગાલે હાથ ફેરવવા લાગ્યો, કાંગાલી રડુંરડું થઈ બોલ્યો, 'વાહ, આ તો મારી માએ હાથે વાવેલું ઝાડ છે, દરવાનજી, બાપુને તમે વગર વાંકે માર્યા શા માટે?'

હિંદુસ્તાની દરવાન તેને પણ એક ગંદી ગાળ દઈ મારવા ગયો, પણ તે તેની માના મડદાને અડીને બેઠો હતો એટલે અભડાવાની બીકે તેણે તેના શરીર પર હાથ ઉગામ્યો નહિ. બૂમાબૂમ થવાથી લોકોનું ટોળું ભેગું થઈ ગયું. સહુએ કહ્યું કે રસિક વગર રજાએ ઝાડ કાપવા ગયો એ ઠીક ન કર્યું. પણ એ લોકો પાછા દરવાનને પગે પડી વિનવવા લાગ્યા કે દયા કરી કાપવાની રજા આપો. કારણ, માંદગીમાં જે કોઈ મળવા આવ્યું હતું તે સૌનો હાથ પકડી કાંગાલીની માએ પોતાની અંતિમ ઈચ્છા વ્યક્ત કરી હતી.

દરવાન ભોળવાઈ જાય એવો ન હતો. તેણે હાથ-મોં હલાવી જણાવ્યું કે એ બધી ચાલાકી તેની આગળ નહિ ચાલે!

જમીનદાર એ ગામમાં નહોતા રહેતા. ગામમાં તેમની એક કચેરી હતી. મુનીમ અધરરાય તેમના કારભારી હતા. બધા લોકો દરવાન પાસે વ્યર્થ કાકલૂદીઓ કરવા લાગ્યા ત્યારે કાંગાલી ઊંચે શ્વાસે દોડી સીધો કચેરીમાં પહોંચ્યો. તેણે લોકો પાસેથી સાંભળ્યું હતું કે પટાવાળાઓ લાંચ લે છે. તેને દૃઢ વિશ્વાસ હતો કે આવા મોટા ગેરવાજબી જુલમની વાત જો માલિકના કાને નાખવામાં આવે તો તેનો ઉપાય થયા વિના રહે નહિ! પરંતુ બિનઅનુભવી એવો તે બંગાળના જમીનદાર અને તેના કારભારીઓને ઓળખતો ન હતો. તરતમાં જ માતાવિહોણો બનેલો એ બાળક શોક તથા આવેશથી અંધ બની સીધો મેડા પર ચડી ગયો. અધરરાય તે જ વખતે સંધ્યાપૂજન તથા અલ્પાહાર કરી બહાર આવ્યા હતા. અચંબો પામી ગુસ્સે થઈ તે બોલ્યા, 'કોણ છે?'

'હું કાંગાલી. દરવાનજીએ મારા બાપુને માર્યા.'

'સારું કર્યું. હરામજાદાએ મહેસૂલ નહિ ભર્યું હોય.'

કાંગાલીએ કહ્યું, 'ના, બાબુ મ'શાય, બાપુ ઝાડ કાપતા હતા. મારી મા મરી ગઈ છે-' બોલતાં-બોલતાં તે રડવું ખાળી શક્યો નહિ.

સવારના પહોરમાં આ રોકકળથી અધરબાબુ ખૂબ ખિજાઈ ગયા. છોકરો મડદાને અડીને આવ્યો છે, કોણ જાણે અહીં ક્યાંય અડક્યો હશે કે નહિ! તેને ધમકાવીને તે બોલ્યા, 'મા મરી ગઈ છે તો જા નીચે ઊતરી ઊભો રહે. અરે કોઈ છે કે, અહીં

જરા ગો-મૂતર છાંટી દે. કઈ નાતનો છે 'લ્યા તું?'

કાંગાલી બીતોબીતો આંગણામાં જઈ ઊભો રહી બોલ્યો, 'અમે ભોઈ છીએ.'

અધરબાબુ બોલ્યા, 'ભોઈ? ભોઈના મડદાને વળી લાકડાં શાનાં?'

કાંગાલી : 'મા મને આગ દેવાનું કહી ગઈ છે. તમે પૂછી જુઓને, બાબુ મ'શાય! બધાને કહેતી ગઈ છે. સૌને ખબર છે!' માની વાત કહેવા જતાં તેણે પળેપળ કરેલી બધી આજીજી, વિનંતી ક્ષણભરમાં યાદ આવતાં તેનું ગળું જાણે રુદનથી ફાટી જવા લાગ્યું.

અધરબાબુ બોલ્યા, 'માને બાળવી હોય તો વૃક્ષની કિંમત પાંચ રૂપિયા લઈ આવ. જા, લવાશે?'

કાંગાલી જાણતો હતો કે એ શક્ય ન હતું. માને ઓઢાડવાની ચૂંદડી ખરીદવા માટે તેની ભાત ખાવાની પિત્તળની થાળી બિંદીની ફોઈ એક રૂપિયા માટે બંધક મૂકવા ગઈ હતી એ તેણે નજરે જોયું હતું. તે માથું ધુણાવી બોલ્યો, 'નથી.'

અધરબાબુ મોં ખૂબ વિકૃત કરી બોલ્યા, 'નથી, તો માને લઈ જઈ નદીના ભાઠામાં ગાડી દે, જા. કોના બાપના ઝાડ ઉપર તારો બાપ કુહાડી ચલાવે છે - પાજી, હરામખોર!'

કાંગાલીએ કહ્યું, 'પણ એ તો અમારા આંગણાનું જ ઝાડ છે, બાબુ મ'શાય! મારી માએ જાતે વાવેલું હતું!'

'જાતે વાવેલું વૃક્ષ! પાંડે, બેટાને ગરદન પકડી ધક્કા મારી બહાર તગેડી મૂક તો!'

પાંડેએ આવી ગરદન પકડી ધક્કો માર્યો તથા એવા શબ્દો બોલ્યો જે માત્ર જમીનદારના નોકર જ બોલી શકે!

કાંગાલી ધૂળ ખંખેરી ઊભો થયો. પછી ધીમેધીમે બહાર ચાલ્યો ગયો. તેણે શા માટે માર ખાધો, તેનો અપરાધ શો હતો તે એ છોકરો સમજી શક્યો નહિ.

મુનીમના નિર્વિકાર ચિત્તમાં કશી જ અસર થઈ નહિ. થઈ શકે તેમ હોત તો આવી નોકરી તેમને મળત નહિ. તે બોલ્યા, 'પરેશ, જો તો ખરો, એ બેટાનું મહેસૂલ બાકી નીકળે છે કે નહિ! નીકળતું હોય તો જાળબાળ જે કંઈ હાથ લાગે તે પડાવી લાવ, - હરામજાદો ક્યાંય ભાગી ના જાય.'

મુખોપાધ્યાયના ઘરમાં શ્રાદ્ધક્રિયા શરૂ થવા આડે માત્ર એક દિવસ બાકી હતો. ગૃહિણીને શોભે તેવી રીતે સમારોહની તૈયારીઓ થઈ રહી હતી. વૃદ્ધ ઠાકુરદાસ જાતે દેખરેખ રાખતા ફરતા હતા. કાંગાલી આવીને તેમની સામે ઊભો રહ્યો અને બોલ્યો, 'ઠાકર મ'શાય, મારી મા મરી ગઈ છે.'

'કોણ છે તું? તારે શું જોઈએ છે?'

'હું કાંગાલી છું. મા પોતાને બાળવાનું કહી ગઈ છે.'

'તો બાળ.'

કચેરીની ઘટના અત્યાર સુધીમાં મોઢામોઢ બધે ફેલાઈ ગઈ હતી. એક જણ બોલ્યો, 'એને તો એકાદ ઝાડ જોઈએ છે.' આમ કહી તેણે સમગ્ર ઘટના કહી સંભળાવી.

મુખોપાધ્યાય નવાઈ પામી ગુસ્સે થઈ બોલ્યો, 'વાત તો સાંભળો, અમારે જ હજી કેટલાં લાકડાં જોઈએ છે, - પરમ દિવસે જ કારજ છે. જા, જા, અહીં કશું નહિ વળે.' આમ કહી તે બીજે ચાલ્યા ગયા.

ભટ્ટાચાર્ય મહાશય નજીક બેસી યાદી તૈયાર કરતા હતા તેઓ બોલ્યા, 'તમારી જાતમાં ક્યાં જોઈને બાળવામાં આવે છે, લ્યા? જા, ઉપર એકાદ પૂળો સળગાવી નદીના ભાઠામાં દાટી દેજે.'

મુખોપાધ્યાય મહાશયનો મોટો પુત્ર એ રસ્તે થઈને ક્યાંક જતો હતો. તે કાન માંડી જરા સાંભળી બોલ્યો, 'જોયું ને ભટ્ટાચાર્ય મ'શાય, બધાઓને સાલાઓને બામણ કાયથ થવું છે.' આમ કહી તે ક્યાંક કામે જતો રહ્યો.

કાંગાલીએ હવે આજીજી કરી નહિ. આ બે કલાકના અનુભવથી તે જાણે એકદમ વૃદ્ધ થઈ ગયો હતો. મૂંગોમૂંગો ધીરેધીરે તેની મરેલી માની પાસે જઈને ઊભો રહ્યો.

નદીના ભાઠામાં ખાડો ખોદી અભાગીને સુવાડવામાં આવી. રાખાલની માએ કાંગાલીના હાથમાં એક ઘાસનો પુળો સળગાવી આપી તેના હાથ વડે માના મુખે અડકાડી નાખી દીધો. ત્યાર બાદ સૌએ મળી માટી ઢાંકી દઈ કાંગાલીની માનું અંતિમ ચિહ્ન લુપ્ત કરી દીધું.

સૌ અન્ય કામમાં વ્યસ્ત હતા. માત્ર પેલા બળતા પૂળામાંથી જે થોડો ધુમાડો ગૂંછળાં વળતો આકાશમાં ઊંચે ચડતો હતો તેની તરફ નિષ્પલક આંખે કાંગાલી ઊંચી નજરે સ્તબ્ધ બની જોઈ રહ્યો હતો.

***(ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય)***

"ROLEX" Brand
Rushabh
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072
MFGR. & DEALERS IN : Rolex SQUARE DABBA & TIFFIN

# જખૌજા જશનામી માડુ
# (તેંમેં જખૌજા ચાર ચાર માણેક)

## સ્વ. શ્રી માણેકજી જેઠાભાઈ વર્ધમાન મોતા

માણેકજી જેઠાભાઈ જો જીવ લગો ધરમમેં, ક્યોં શાસ્ત્રજો અભ્યાસ
ઈ કઈંધે શ્રીમદ્ રાજચંદ્રજે મારગમેં ઈની ધ્યાન ડિનો ખાસ
શ્રીમદ્જી વિતરાગ વાટમેં જોડાઈધલ જખૌજા ઈ વા પેલા શ્રાવક
ગુરૂમાર્ગસેં આધ્યાત્મિકતામેં વેંધલ ઈનીકે નમા નતમસ્તક.

## સ્વ. શ્રી માણેકજી રતનશી મૈશેરી - ઘાટકોપર

જખૌજા ચિરાગ ભની, પ્રગટાયાં સેવાજી જ્યોતિ,
જખૌકે આન્યા પ્રકાશમેં, કીં ભૂલાબી આંજી સ્મૃતિ?
જખૌજે ઘણે સંસ્થાએંજી, રખ્યાં વડી તકેદારી
જખૌ ટ્રસ્ટજા મેનેજિંગ ટ્રસ્ટી થૈ, નિભાંયાં સચ્ચી જવાબદારી.
જિંધગીજે પલ પલ મેં જુકો જખૌલા ર્યા અંઇ જાગૃત
તન-મન-ધનસેં સેવા ડે, જખૌલાં વહાયવ્યા અમૃત
જેંજી રગરગમેં વા જખૌજે વિકાસજા વિચાર
તન વિઠો હોય મુંભઈમેં, પણ મન કરે જખૌલા વિહાર
છેલ્લી ઘડી પણ જખૌજે કમલાં ડિના સચ્ચો પ્રમાણ
યોગ ન્યાર્યો છેલ્લી સલામી ધુનિયાકેં આદર્યા મહાપ્રયાણ.
ઘણે વરેંજી દોસ્તી પાંજી વધઇ આત્મીયતા ડીંયાંડીં
જેર જેર જખૌમેં પગ રખબો 'રશ્મિન' અચીંધી યાદ આંજી.

## સ્વ. શ્રી માણેકજી પરબત ભારમલ કેશવજી મૈશેરી - શેગાંવ

ખામગામમેં ખીલ્યો ખમતીધર, ફુલી ફાલ્યો શેગાંવજો ઈ સેવાવીર
માણેકજી પરબત મૈશેરી વો જખૌજો સચ્ચો જવાહીર
વડીલેંજે વ્યવસાયજો વહીવટ સંભારી, ક્યાં જભરો વિકાસ
જીનીંગ ફેકટરીયું ને વેચાણ કેન્દ્ર ખોલી ઠેર ઠેર ર્યા કપ્પાજે આસપાસ
કપ્પા જગતમેં ધૂમ મચાયાં, થ્યા કપ્પાજા શાહ સોદાગર
મહાલક્ષ્મીજી મહેર વર્ષઇ ને ધંધેમેં વડતર મથા વડતર
પાંજો ભા હેળો બુધ્ધિશાળી ને પાં કંઇયું ઈનીકે નમસ્કાર
સરકાર ઈનીકે ભનાયવેં M.P. કપ્પાજા પિંઢજા સલાહકાર.
વિદર્ભ ચેમ્બર ઓફ કોમર્સ ને કોટન મરચન્ટ એસોસિએશન જા મેમ્બર
બુલઠાણા ડિસ્ટ્રીક્ટ ફેક્ટરી એસોસિએશનજા, વા સક્રિય કાર્યકર
જન સેવા ક્ષેત્ર શેગાંવ સુધરાઈજા થ્યા વા માનદ્ સભ્ય
ધર્મક્ષેત્ર અખિલ ભારત અંચલગચ્છજા વા સ્થાપક સભ્ય
ખામગામજી સેકસરીયા એગ્રીકલ્ચર કોલેજજા વા સભ્ય
તેં સિવાય વિધર્ભમેં નિંઢી વડી સંસ્થાએંજા કમ કંઈધલ સભ્ય
માટુંગા-શિવ-વડાલા કચ્છી શ્વે. મૂ. સંઘજા વા ચેરમેન
જખૌ મહાજન મુંભઈજા ઉપપ્રમુખ રૈ સેવા ડિના એળો જખૌલા પ્રેમ
માનદ્ ટ્રસ્ટી વા ચત્રભુજ ખીંયશી અજાણી વિદ્યાલયજા
ને સ્થાયી સભ્ય વા શાળા કોલેજમેં, તેની ક્યાં જભરા દાન
પ્રશંસા જો મોહ ન વો, છતાં વિદ્યાદાન ભનાંય ઈનીકે ખ્યાતનામ
નાતમેં મશહુર ને ધર્મ ધૂરંધર સદા રખ્યાં માણેકજી ટેક
રશ્મિન ચેં ઈ મૈશેરી વા ખરા માણેક, જે મેં નવે કીંય મીન મેખ.

## સ્વ. શ્રી માણેકજી વેલજી નરપાર માવજી ખોના - ઘાટકોપર

માણેકજી વેલજી ખોના વા જુને જમાનેજા તેંમેં નંઇ વિચારસરણી
સંખ્યાબંધ યુવાનેકેં પૂરો ખર્ચો ડે, કોમ્પ્યુટર ભણાંઇ ક્યાં ઉત્તમ કરણી
ઉચ્ચ શિક્ષણ થકી જ થીંધો અચેવારે યુગમેં જ્ઞાતિજો ઈષ્ટ
ઈન ટાંણે હૈયેજા દ્વાર ખોલી, લખ્ખેજા રચ્યાં માતબર ટ્રસ્ટ
કોમ્પ્યુટર શિક્ષણલા આંજે સૂરજ જેળે કમજી થીંધી બોલબાલા
વિદ્યાક્ષેત્રે વડો ક્યાં દાન, દીર્ઘ દૃષ્ટિવાળા અંઈ વીરલા નિરાળા
નંઇ પેઢી નયે યુગ ભેરો હલધી, ને નાત થીંધી આધુનિક ને આબાદ
હેળે સુકાનીયેં વિચારેંલા માણેકજીભાકે નાત કઈંધી જમાર જાધ
માણેકજી ખોના જેળા ભલા માડુ, નાતમેં જનમધારેં ભલેં
નાત સદાંય પ્રગતિ કઈંધી ને રોંધી સદાંય અવ્વલ નંબરેં
કે કોમ્પ્યુટર શિખ્યા ને શિખધા, થીંધા કોમજા સિતારા
હીની થકી એકવીસમી સદીમેં નાતકે અચીંધા સુપર વારા
ટ્રસ્ટ કરી ફેલાઈ પ્રકાશ, અંઇ થૈ વ્યા સચ્ચા માણેક
કોમ્પ્યુટર શીખી નાતજા યુવા હીરા, પણ ચમકધા જીંય માણેક
સોરો સોરો વખત સાહસ કરી, વિદેશજો ક્યોં વડો પ્રવાસ
નઉં નેરી જૂનો સંભારી જીવ્યા હેળે પ્રયાસલા આંકે છાભાશ.
ઝવેરાતમેં જીંય માણેક તીંય શિક્ષણ ઉધ્ધારમેં અંઇ થ્યા સવાઈ
ભાવિમેં જ આંજી સચ્ચી કધર થીંધી, રશ્મિન્ ચેં મીલી રોંધી વધાઈ.

## સ્વ. શ્રી જેઠાભાઈ વર્ધમાન મોતા

જખૌજા જેઠાભાઈ વર્ધમાન, ઈ પણ હીકડા બોર્ડિંગજા સ્થાપક
જહેમત જિજી ગિણા છાત્રાવાસલા વિદ્યાજા વા સચ્ચા ઉપાસક.

## સ્વ.શ્રી દેવજી રાયશી - હુબલી

હુબલીમેં દેવજી રાયશી જખૌજા નાતજા થ્યા પેલા ઝવેરી
ઈનીજી પેઢીમેં ભવાનજી કલ્યાણજી ઝવેરી ક્યાં ભાગીદારી ભેરી
શામજીને પ્રફુલ્લ બોય બાંધવા પિતાજે પગલે ક્યાં ધંધેજો વિકાસ,
ઝવેરી થૈ ઝવેરાત વારેંજી ચારેકોર ફેલાંયાં પ્રકાશ.

## સ્વ. શ્રી કરમશી પાંચારીયા નાગડા - ગદગ

કરમશીભાઈજો રૂડો ઈતિહાસ, ધરમમેં પૂરો વિશ્વાસ
કપ્પાજા શાહ સોદાગર થૈ, ફેલાંયાં ચોમેર સુવાસ
જખૌજા હી જશનામી જુવાન, થ્યા અનેક ધંધે મિંજા પસાર
કપ્પા સાથે ભાગ્ય વિઢા ને કરમશીભા ધન કમાયાં પારાવાર
શિક્ષણ ધર્મ સમાજ ને જીવદયા ક્ષેત્રે ક્યાં જભરા દાન
ગાંધી નહેરૂ ને સરદાર કે રાષ્ટ્ર સેવાલા ડીના અનુદાન
ધર્મભાવના ડિસજે વડી, કઢ્યાં કેસરીયાજીજો સંઘ
ભા ભેરો ભેરી કરી પાલીતાણાજા બ સંઘ કઢી રખ્યા રંગ
જીવ્યા સોમેં બ વરે ઓછા, સાક્ષી પૂરેતો ગદગ
કમ જભરા તીંય મન જભરા, અચીંધલેં કે પૂરો પ્રતિસાદ
રશ્મિન ચેં કરમશી પાંચારીયા હંમેશાં રોંધા યાદ.

*રશ્મિન ખોનાનો કાવ્યસંગ્રહ 'ધન્ય! દશેંજી નાત'માંથી સાભાર*

**શુભેચ્છા સહ : સૌ. લીનાબેન હંસકુમાર શાહ**

**હેમંત સર્જીકલ ઇ. લી.**

૧૪૦૩, શોભા સુમન, ચૌદમે માળે, મદનકુમાર માલવિયા રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦ ફોન : (૦૨૨) ૨૫૬૮૬૧૦૨

વાર્તા

# મા

● પી. એમ. લુણાગરિયા ●

હવે નિર્ણાયક ઘડી આવી પહોંચી હતી. પરંતુ કોઈ ચોક્કસ નિર્ણય પર આવવું દુષ્કર હતું. વાત જ કંઈક એવી હતી.

રમાબહેન ઘણી વાર કહેતાં, 'મારે તો બંને આંખ સરખી.' ખરી વાત હતી. આખર તો માનું હૃદય હતું.

જ્યોતિને પણ સાસરેથી બોલાવી લીધી હતી. બે ભાઈની એક માત્ર વચેટ બહેન હતી. થનાર નિર્ણયમાં તેની સંમતિ પણ જરૂરી હતી. ઘરમેળે જ નિર્ણય કરવાનો હતો. દિલ પર પથ્થર મૂકીને - નાછૂટકે નિર્ણય કરવો પડે એમ હતો. બીજો કશો વિકલ્પ જ ક્યાં હતો?

જ્યોતિ વસ્તુસ્થિતિ સુપેરે સમજતી હતી. તેથી માને આ વાત સમજાવવામાં તે મદદરૂપ થઈ શકે એ હેતુથી કૌશિકે ફોન કરીને બહેનને સાસરેથી બોલાવી હતી.

રમાબહેન સમય, સંજોગનો તકાજો સમજતાં ન હતાં, એમ તો ન જ કહી શકાય; પરંતુ વાત એવી ગંભીર હતી. પરિણામે પરિવારની સ્થિતિ અસમજંસભરી બની રહી હતી.

જ્યોતિની સગાઈ પ્રસંગે પણ આવી જ સ્થિતિ ઊભી થઈ હતી ને? જ્યોતિએ કૉલેજ પૂરી કરી અને સગાઈની વાત ચાલી ત્યારે પ્રથમ વાર બળવંતની ઉપસ્થિતિ બાધારૂપ બની રહી હતી.

મુરતિયા પક્ષના માણસો જ્યોતિને જોવા આવતા ત્યારે સ્વાભાવિક રીતે જ પરિવારનો પરિચય, વ્યવસાય વગેરે બાબતે જરૂરી પૂછપરત થતી હતી. 'કેટલાં ભાઈ-બહેન છે? શો બિઝનેસ, નોકરી છે? મોટા ભાઈ કેમ હજુ અપરિણીત છે? તેઓ શું કરે છે? મોટા ભાઈનાં લગ્ન પહેલાં નાની બહેનની સગાઈ?' આવા સ્વાભાવિક પ્રશ્નો સહજ રીતે પુછાતા રહેતા. આવા પ્રસંગે હકીકત છુપાવવાનો કશો અર્થ નહોતો.

'મોટાભાઈ થોડા મંદબુદ્ધિના છે.' એવો ખુલાસો કરતાં કૌશિક પારાવાર ક્ષોભ અનુભવતો.

કેટલાક લોકોનું એવું માનવું હતું કે 'ગાંડપણ વારસાગત હોય છે. પરિવારના અન્ય સભ્યો પણ સમય જતાં ગાંડપણનો ભોગ બની શકે છે.' લોકોમાં થતી આવી સાચી-ખોટી વાતો જ્યોતિની સગાઈમાં બાધારૂપ બની રહેતી.

આવા કલુષિત વાતાવરણ વચ્ચે લાંબા સમય બાદ જ્યોતિની સગાઈ થઈ હતી. મુરતિયો સ્થાનિક સહકારી બેંકમાં પટ્ટાવાળો હતો. આર્થિક સ્થિતિ નબળી હતી.

જ્યોતિ સાસરે સિધાવી હતી.

રમાબહેન એક મોટી ઉપાધિમાંથી બહાર આવ્યાં હતાં. પણ ઉપાધિ રમાબહેનનો પીછો ક્યાં છોડે એમ હતી!

કૌશિક કૉલેજના બીજા વર્ષમાં હતો ત્યારે તેના બાપુ અમૃતલાલ ટૂંકી માંદગીમાં ગુજરી ગયા. નાછૂટકે અભ્યાસ છોડીને ધંધો સંભાળવો પડ્યો. દાદાના સમયથી અનાજ કરિયાણાનો વેપાર હતો. તેના પિતાએ 'પ્રોવિઝન સ્ટોર્સ' નું આધુનિક રૂપ આપીને ધંધો વિકસાવ્યો હતો. અચાનક પિતાનું અવસાન થતાં કૌશિકના માથે પરિવારની અને ધંધાની જવાબદારી આવી પડી હતી.

ત્રણ વરસ પહેલાં જ પોતાની મોટી બહેન જ્યોતિનાં લગ્ન ધામધૂમથી કરાવીને તેણે કુટુંબના વડા તરીકેની ફરજ સુપેરે અદા કરી હતી.

પતિના અવસાન બાદ રમાબહેન જાણે કે અકાળે વૃદ્ધાવસ્થા તરફ ઝડપથી ગતિ કરી રહ્યાં હતાં! જો કે જ્યોતિને સાસરે વળાવ્યા બાદ હવે ખાસ કોઈ ચિંતા ન હતી.

હા, બળવંતની ઉપાધિ હૈયે જરૂર હતી. પ્રથમ સંતાન બળવંત જન્મથી જ મંદબુદ્ધિનો બલકે ગાંડો હતો. આમ જોકે નિરુપદ્રવી હતો, પરંતુ વધુ પડતા ભોળપણને કારણે પોળના છોકરા તેને પજવતા, મશ્કરી કરતા. કેટલાક તોફાની છોકરા બળવંતને 'બકો, બકો,' કહીને ચીઢવતા અને ટપલીદાવ પણ કરતા ત્યારે રમાબહેનનું માતૃહૃદય રડી ઊઠતું.

શાળામાં નામ દાખલ કરેલું; પરંતુ ઉંમર વધવા છતાં માનસિક વિકલાંગતાને કારણે પહેલા ધોરણમાં જ તે વારંવાર નાપાસ થતો રહ્યો. પંદર વર્ષની ઉંમરે તે માંડ અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરી શક્યો હતો.

શાળાના નટખટ છોકરાઓ બળવંતના ભોળપણનો ગેરલાભ ઉઠાવતા. એક વાર શાળાના મોટા છોકરાઓએ રિસેસ સમયે બળવંતને દસ રૂપિયા આપીને કહ્યું, 'બકા, સામેની ઠાકરશી અદાની દુકાનેથી પાંચ રૂપિયાના ફોલેલા દાળિયા અને પાંચ રૂપિયાની ફોલેલી અક્કલ લેતો આવ જા. તને પણ એમાંથી ભાગ આપશું હોં, જા લઈ આવ.'

ભોળિયો બકો ઉત્સાહભેર ઠાકરશી અદાની હાટડીમાં દાખલ થયો અને દશની નોટ આપીને પોપટવાણી ઉચ્ચારી. તે સાથે જ તામસી પ્રકૃતિના ઠાકરશી અદાએ ગાળોની બોછાર સાથે લાકડી ઉગામી અને બકાની પાછળ દોટ મૂકી. પેલી ટણક ટોળી છુપાઈને આ તાસીરો જોઈ રહી હતી.

તે દિવસે બકાએ લાકડીનો ખૂબ માર ખાધો હતો.

તે દિવસથી અમૃતલાલે નિશાળ છોડાવીને બળવંતને દુકાને બેસાડવા માંડેલો. બળવંત ભલે માનસિક રીતે વિકલાંગ હતો, પણ શારીરિક રીતે અલમસ્ત અને બળવાન હતો. દુકાનમાં અનાજ, કરિયાણાના કોથળા, મોટાં બૉક્સ, કાર્ટુન એકલા હાથે ફેરવતો અને સૂચના મુજબ ગોઠવતો. ચીંધેલું નાનું-મોટું કામ કરતો.

પિતાના અવસાન બાદ કૌશિક પણ મોટા ભાઈ બળવંતને દુકાને લઈ જતો અને નાનું-મોટું કામ ચીંધીને તેને કામકાજમાં વ્યસ્ત રાખવાનો પ્રયત્ન કરતો. પરંતુ ઉંમર વધવા સાથે બળવંતનું ભોળપણ ઉન્માદમાં પરિવર્તિત થતું ગયું. ક્યારેક નાની એવી વાતમાં ઉપદ્રવ મચાવી મૂકતો. કોઈની ચઢવણીથી ઘરમાં ધમાલ મચાવતો. શારીરિક તકાજો વિકૃતિમાં ફેરવાઈ રહ્યો હતો.

એક દિવસ કેટલા ટીખળીખોર યુવાનોએ બળવંતને ચાવી ચઢાવી, 'બકા, તું મોટો કે કૌશિક?''

"હું મોટો, કેમ?" બળવંત બોલી ઊઠતો.

'કેમ શું? ગાંડા! મોટો વાંઢો રખડે ને નાના ભાઈની સગાઈ, લગ્નની વાતો ચાલે? તારે ક્યારે પરણવું છે? ક્યારે લાડવા ખવડાવવા છે? અમારે તારી જાનમાં આવવું છે. જા ઘેર જઈને કૌશિકને વાત કર.'

...અને ઘા એ ચડેલો બકો આ મુદ્દે ઘરમાં બબાલ મચાવતો. કેટલાય દિવસ સુધી ઘરનું વાતાવરણ વિષાદમય બની રહેતું. મા રડતી. કૌશિકને કશી સૂઝ પડતી ન હતી.

યુવાનીના ઉંમરે ઊભેલા કૌશિકની સગાઈની વાત ચાલે એ સ્વાભાવિક હતું; પણ બકાનું અસ્તિત્વ કૌશિકની સગાઈ માટે વિઘ્નરૂપ બનતું હતું.

'મોટા ભાઈનાં લગ્ન બાકી છે? શા કારણથી?' એવા પ્રશ્નનો ખરો જવાબ સામે આવતાં જ કન્યાપક્ષ તરફથી સગાઈની વાત આગળ વધતી અટકી જતી.

આમ ને આમ સમય પસાર થતો રહ્યો.

કૌશિક સરળ સ્વભાવનો મહેનતુ યુવાન હતો. પરંતુ મોટા ભાઈની ઉપસ્થિતિ બલકે વ્યક્તિત્વ સગાઈ પ્રશ્ને અડચણરૂપ બનતું હતું. આ કારણે બળવંત ઉર્ફે બકો પરિવારમાં ખાસ કરીને કૌશિકની નજરમાં અળખામણો બની રહ્યો હતો.

રમાબહેનના માતૃત્વ પાસે તો ડાહ્યાં કે ગાંડાં સંતાનો વચ્ચે ભેદભાવનો અવકાશ જ નહોતો. બલકે ભોળા બળવંત તરફ સ્વાભાવિક જ વધુ પક્ષપાત હતો.

અલબત્ત, કૌશિકને પણ મોટા ભાઈ તરફ કોઈ દુર્ભાવ ન હતો. પરંતુ સ્થિતિ જ એવી નિર્માણ થઈ હતી કે સમય જતાં બકાની હાજરી ઘરમાં બોજારૂપ બનતી ચાલી.

આનો ઉકેલ શો?

ઘણા મનોમંથન બાદ કૌશિકે એક દિવસ રમાબહેન આગળ પ્રસ્તાવ રજૂ કરતાં કહ્યું, 'મા, બળવંતને મેન્ટલ હોસ્પિટલમાં દાખલ કરીએ. ત્યાં રહેશે તો સારવાર પણ થશે. તમારાથી હવે ઘરકામ થઈ શકતું નથી. સાજાં-માંદાં રહો છો.'

કૌશિકને આગળ પણ ઘણુંબધું કહેવું હતું પણ બોલી ન શક્યો.

રમાબહેન પણ વસ્તુસ્થિતિ સમજતાં હતાં.

'દીકરાની વાત ખરી છે. દીકરો સમજદાર છે, એટલે ખુલ્લી રીતે કશું બોલતો નથી પણ ઘરમાં વહુ લાવવાના કોડ યુવાન દીકરાને હોય જ ને?'

આ તરફ ભોળા દીકરાને ઘરબહાર, નજરબહાર રાખવા માતૃહૃદય રાજી નહોતું. માને સમજાવવા જ્યોતિએ આગળ આવવું પડ્યું. તેણે સમજાવટના સૂરમાં કહ્યું, 'મા, મારી વાત શાંતિથી સાંભળ, કૌશિકની ઉંમર હવે ત્રીસે પહોંચવા આવી છે, તેનો શો વાંક, ગુનો? બળવંતભાઈ જ્યાં સુધી આ ઘરમાં હશે ત્યાં સુધી કોઈ મા-બાપ તેની દીકરીને આ ઘરમાં આપવા હા નહિ પાડે. આમ ને આમ સમય પસાર કરવાનો કોઈ અર્થ નથી. તારું શરીર પણ સાજું માંદું રહે છે. તારાથી ઘરકામ થઈ શકતું નથી.'

રમાબહેન મૌન બનીને દીકરીની વાત સાંભળી રહ્યાં હતાં.

જ્યોતિએ નરમાશથી વાત આગળ ચલાવી, 'સાંભળ, કૌશિકની વાત બરાબર છે. ઉકેલ આપણે જ શોધવાનો છે, અણગમતો નિર્ણય લેવા સિવાય છૂટકો નથી.'

રમાબહેન કશો પ્રતિવાદ કરવાને બદલે મૂંગાં આંસુ વહાવી રહ્યાં હતાં.

ઘણીબધી સમજાવટના અંતે રમાબહેને ભારે હૈયે સંમતિ આપી હતી.

ભાઈ-બહેને બળવંતને સમજાવીને તૈયાર કર્યો હતો. નવાં કપડાં સીવડાવી આપ્યાં હતાં.

મેન્ટલ હોસ્પિટલની ઑફિસે જઈને કૌશિકે જરૂરી વિધિ પૂરી કરી લીધી.

બીજે દિવસે મોટા ભાઈને મૂકવા તે રવાના થયો ત્યારે મા હૈયાફાટ રડી પડી હતી. માને રડતી જોઈને તેનું મન પણ ઢીલું પડી ગયું હતું પણ આ પગલા સિવાય કશો ઉપાય જ નહોતો. મન મક્કમ કર્યે જ છૂટકો હતો.

'બીજા દિવસે બળવંતે ભાગી છૂટવા ઘણા ધમપછાડા કર્યા હતા. બે દિવસ ખાધું નહોતું' એવા સમાચાર કૌશિકે ફોન પર મેળવ્યા હતા પણ રૂબરૂ જવાની તેનામાં હામ ન હતી.

સારવાર શરૂ થવાથી તેમ જ દિવસો વીતતાં ધીમેધીમે બકો ત્યાં ગોઠવાઈ ગયો હતો.

પરિવારના સૌએ થોડી રાહત અનુભવી, પરંતુ રમાબહેનનું માતૃહૃદય હિજરાતું રહ્યું.

વચ્ચે કૌશિક ક્યારેક-ક્યારેક ફોન પર માહિતી મેળવતો રહેતો. આમ જ એક વર્ષ વીતી ગયું.

કૌશિકની સગાઈની વાત ફરી શરૂ થઈ હતી.

એક કન્યા પસંદ પડી હતી. કન્યાપક્ષના લોકોને પણ કૌશિક અને કુટુંબ ગમ્યાં હતાં. અને કેમ ન ગમે? એકનો એક દીકરો, ઘરનું ઘર અને જામી ગયેલો વેપાર-ધંધો. અલબત્ત, બળવંતની વાત તેમણે છુપાવી હતી - છુપાવવી પડી હતી.

નિર્વિઘ્ને કૌશિકનો લગ્નપ્રસંગ આટોપાઈ ગયો.

નવવધૂ તૃપ્તિનું ઘરમાં આગમન થયું.

આવતામાં જ તે ઘરમાં સૌ સાથે હળીમળી ગઈ. પોતાના સાલસ સ્વભાવથી તેણે બધાંનાં દિલ જાણે કે જીતી લીધાં હતાં! ઘરનું સઘળું કામકાજ તેણે કુનેહપૂર્વક સંભાળી લીધું હતું.

રમાબહેને સંતોષ અનુભવ્યો. થોડી નિરાંત અનુભવી. પરંતુ દિલમાં છાનાખૂણે એક ખટકો કાયમ હતો. કાળજાનો કટકો ભલે ઘરથી દૂર હતો પણ દિલથી ક્યાં દૂર હતો? ‘એ શું ખાતો હશે, કેમ રહેતો હશે? મને યાદ કરતો હશે? તેનાથી મોટા દર્દી તેને હેરાન કરતા હશે? મારો દીકરો ભોળો છે. મા વગર રડતો હશે.’ આવી આવી આશંકાઓ વચ્ચે માતૃહૃદય અહોનિશ ધલવલતું રહેતું.

તૃપ્તિ ઘણીવાર પૂછતી, ‘બા, તમે શી ચિંતા કરો છો?’

‘ના...રે! બેટા, તું હો પછી મારે વળી શી ચિંતા હોય?’ રમાબહેન હસીને વાત ટાળી દેતાં.

‘ના બા, તમારા મોઢા પર મેં ક્યારેય ખુશીના ભાવ જોયા નથી. મારી બાબતે કંઈ ફરિયાદ હોય કે મારી કાંઈ ભૂલ હોય તો માફી માગું છું.’ તૃપ્તિ અપરાધભાવ સાથે કહેતી.

‘ના દીકરી, એવું કાંઈ નથી. તું તો આપણા ઘરની શોભા છો.’ કહીને રમાબહેને તૃપ્તિના માથા પર હાથ ફેરવ્યો.

તૃપ્તિએ સંતોષ અનુભવ્યો, પણ સાસુમાના હિજરાતા માતૃહૃદયની પીડાનો પાર પામી ન શકી.

સતત ચિંતાથી રમાબહેનની તબિયત નરમ રહેવા લાગી હતી. ખોરાક ઘટી ગયો હતો. કૌશિકે ડૉક્ટર પાસે લઈ જઈને પૂરી તપાસ કરાવી હતી. પણ કશી બીમારી માલૂમ પડી ન હતી. નબળાઈ, માનસિક ચિંતા, ઉંમરનો તકાજો એવા ચીલાચાલુ કારણો ડૉક્ટરે જણાવ્યાં હતાં.

કૌશિક ‘મા’ ની માનસિક ચિંતાનું કારણ સમજતો હતો, પણ તેનો કશો ઉપાય નહોતો.

‘મા’ ની નરમ તબિયતના સમાચાર જાણીને જ્યોતિ ખબર કાઢવા પિયર આવી હતી.

સાંજનો સમય હતો.

તૃપ્તિ રસોડામાં વ્યસ્ત હતી.

જ્યોતિ માના રૂમમાં બેસીને તેની સાથે વાત કરી રહી હતી, ‘મા, કૌશિક જેવો કમાઉ અને ડાહ્યો દીકરો છે. તેનાથી પણ વધુ ડાહી એવી દીકરાની વહુ ઘરમાં છે. નસીબદારને જ આવી સમજદાર વહુ મળે. પછી તું ખોટી ચિંતા કરીને ‘આવ પાણા પગ પર’ જેવું શા માટે કરે છે? નિરાંતે ભગવાનનું ભજન કર ને.’

રમાબહેનનું હૈયું હાથ ન રહ્યું, ‘બે વરસથી મેં બળવંતનું મોઢું જોયું નથી. મારો ભોળો દીકરો ત્યાં શું કરતો હશે? શું ખાતો હશે? દીકરી, મને એની ચિંતા રાત-દિ’ કોરી ખાય છે.’ કહીને રમાબહેન રડી પડ્યાં.

તૃપ્તિ ચા આપવા રૂમ તરફ આવી રહી હતી ત્યારે તેના કાને આ શબ્દો પડ્યા હતા. પગરવ સાંભળતાં જ રમાબહેને ઝડપથી આંસુ લૂંછી નાખ્યાં હતાં.

તૃપ્તિને જોકે આ અંગેની અછડતી જાણકારી તો હતી જ. લગ્નબાદ અડોશપડોશમાંથી પતિના મોટા ભાઈ વિશેની તૂટક-તૂટક માહિતી અનાયાસે જ જાણવા મળી હતી. તેમ છતાં પતિ આગળ આ અંગે કશું વિશેષ જાણવા પૂછપરછ કરી ન હતી. પરંતુ આજે તેને સાસુમાની ચિંતાનું ખરું કારણ અનાયાસ જ હાથ લાગી ગયું હતું. તેણે મનોમન કશોક નિર્ણય કરી લીધો.

રાત્રે જમીને સૌ બેઠાં હતાં.

એકાએક તૃપ્તિએ સાસુમાનો હાથ પકડીને પોતાના માથા પર મૂક્યો અને ભીના સાદે બોલી ઊઠી, ‘બા, સાચું કહો, તમે બળવંતભાઈની ચિંતા કરો છો ને? તમે મને દીકરી ગણો છો ને? તો પછી બળવંતભાઈની વાત મારાથી કેમ છુપાવી? હું આ ઘરની સભ્ય નથી? મને પારકી ગણી?’’ કહેતાં-કહેતાં તૃપ્તિ રડી પડી.

કૌશિક તો આ અણધાર્યા ઘટસ્ફોટથી દિગ્મૂઢ બની ગયો હતો.

રમાબહેન તૃપ્તિને બથ ભરીને મોકળે સાદે રડી પડ્યાં. જ્યોતિ પણ આંસુ વહાવી રહી હતી.

થોડી વારે સૌ શાંત થયાં.

તૃપ્તિએ સાસુમાના પગ પકડીને કહ્યું, ‘બા, કાલે આપણે બધાં સાથે મેન્ટલ હોસ્પિટલની ઑફિસે જઈશું અને બળવંતભાઈને ઘેર લઈ આવીશું — કાયમ માટે.’

રમાબહેન ફરી રડી પડ્યાં.

તેમની આંખમાંથી અશ્રુધારા વહી રહી. સતત વહી રહી. હા, એ આંખોમાંથી આજે વર્ષો બાદ હર્ષનાં આંસુ વહી રહ્યાં હતાં! ■

વાર્તા

# પવિત્ર ઝરણું

● ભરત સુરેલિયા ●

મુંબઈ મહાનગરીનું સેન્ટ્રલ રેલવે સ્ટેશન એટલે સંખ્યાબંધ ટ્રેનોનું જંગલ, જ્યાંથી હજારો મુસાફરોની હેરાફેરી સતત જોવા જેવી. ચોવીસ કલાક શોરબકોર, ઘોંઘાટ વચ્ચે સૂટકેશ, બ્રિફકેશ, હેન્ડ બેગ્ઝ તથા અનેક પ્રકારનાં લગેજ હાથમાં લઈ જતા, મુસાફરો નજરમાં આવી રહ્યાં હતા. આવા સમયે પ્રવાસીઓએ પોતાના સ્વજનો મૂકવા તો અમુકને લેવાઆવેલા લોકોના ચહેરા પર સ્મિત જોવા મળતા તો અમુક પરિવારના સભ્યોની આંખો આંસુથી છલકાતી નજરમાં આવી રહી હતી. પ્લેટફોર્મ પર પ્રવાસીઓ સાથે સ્વજનોનાં સંગમ જોવા મળતા તો ક્યાંક કેન્ટીન પર ચા-પાણી-નાસ્તા કરતા લોકોની હાજરીથી ધમધમી રહ્યું હતું. સ્ટેશનની ઘડિયાળમાં સાંજના પાંચ અને વીસનો સમય થયો હતો.

આવા સમયે મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશનમાં બહોળી સંખ્યામાં મુલાકાતીઓ ધીરુભાઈની તબિયત વિશે ખબર પૂછવા ભેગાં થયાં હતાં. ધીરુભાઈની તબિયત સારી નહોતી, ચહેરા પર નબળાઈ વર્તાઈ આવતી હતી. મુંબઈના ડૉક્ટરોએ ત્રણેક મહિનાની જિંદગી જાહેર કરી, બાકી તો ઈશ્વરની ઈચ્છા, એવું જણાવી હોસ્પિટલમાંથી રજા આપી દીધી, પછી એમ્બ્યુલન્સમાં રેલવે સ્ટેશન લઈ આવવામાં આવ્યા.

હજુ સૌરાષ્ટ્ર મેલ ટ્રેન, પ્લેટફોર્મ પાંચ ઉપર આવી નહોતી.

અહીયાં આવેલ હરકોઈ વ્યક્તિ ધીરુભાઈના સ્વાસ્થ્યને માટે પ્રાર્થના કરતાં, તેમના ભૂતકાળનાં સમય-સ્મરણો તાજાં કરતાં, જીવનમાં કરેલા કાર્યો તથા કુશળતાને યાદ કરી બિરદાવી રહ્યા હતા. સિનેમા જગત, ધીરુભાઈને શ્રેષ્ઠ એન્જિનિયર તરીકે સદૈવ યાદ કર્યા કરશે જ. ફિલ્મ ડિસ્ટ્રીબ્યુટર્સમાં એવી વાતો થતી કે તેમના હાથે સાઉન્ડ સિસ્ટમને વેલ બેલેન્સ કરવાની માસ્ટરી અસાધારણ કહી શકાય એવી છે. ગુજરાત તથા મહારાષ્ટ્રમાં આ વ્યવસાય સાથે સંકળાયેલા એન્જિનિયર્સ પણ આ બાબતને સ્વીકારતા રહ્યા.

અત્રેના થોડા લોકોમાં એવું ચર્ચાઈ રહ્યું હતું કે સિનેમા યુગનો સૂર્ય મધ્યાહ્ને આવી ચડ્યો છે ત્યારે ધીરુભાઈની જિંદગીમાં સૂર્ય અસ્ત થવાને જઈ રહ્યો છે. સ્ટેશનમાં એકઠા થયેલા તમામ લોકોના દિલમાં વિષાદભાવ સ્પષ્ટ વર્તાઈ આવતો હતો.

ટ્રેન પ્લેટફોર્મમાં પ્રવેશી એ સાથે જ મુસાફરોમાં દોડભાગ શરૂ થઈ. મળવા આવેલ મુલાકાતીઓ રિઝર્વેશન કંપાર્ટમેન્ટ આવવાની રાહમાં ઊભા હતા. થોડી ક્ષણોમાં બે-ત્રણ ભાઈઓએ બર્થ સીટને ચકાસી લઈ પછી ધીરુભાઈને ત્યાં શીફ્ટ કર્યા. સામાનની ગોઠવણ વ્યવસ્થિત કરી લીધી, પછી તેમના ધર્મપત્ની મૃદુલાબહેનને બધું ધ્યાન રાખવાની જવાબદારી સોંપી દીધી.

ધીરુભાઈ સ્ટેશનમાં મળવા આવેલ મુલાકાતીઓને ટ્રેનની બારીમાંથી જ હાથ હલાવીને અભિવાદન કરતા કરતા સ્મિત આપતા હતા.

થોડો વખત પછી...

રામભાઈ..., સમૂહમાંથી કોઈકનો અવાજ સંભળાયો.

મુંબઈને તમારા પિતાશ્રી અલવિદા કરી જાય છે. ત્યારે અમે સૌ ગુરૂજ્ઞાનથી વંચિત વિદ્યાર્થી બનીને રહી જઈશું. ધીરુભાઈ પાસેથી અમને સિનેમા એન્જિનિયરિંગ વિષયનું સામાન્ય શિક્ષણ મેળવ્યું છે, તેથી તો અમો ધન્ય તેમજ ભાગ્યશાળી થયા છીએ. એક વાત એવી છે કે અમને મિત્ર ભાઈ કરતાં પણ વધુ માન સન્માન આપતા રહ્યા છે, સંબંધોના મૂલ્ય આંકી ન શકાય, એમ આપનાં પિતાશ્રીને કોઈનાય પ્રત્યે, કોઈ જ પ્રકારનો ભેદભાવ નહિ, સદાય કરુણા અને સુવાસ મળ્યા કરે, તેવી પુષ્પના જેવી પ્રતિભા, આજના બદલાતા યુગમાં પણ ઋણસ્વીકાર સમજાવી જાય, એવી આપના પિતાશ્રીની મુખાકૃતિ છે.

જીનવસાગરમાંથી રુધિરની ઝાકળને ધીમેથી વિલીત થતી હોય એવું વ્યક્તિત્વ સૌ કોઈના મન કબૂલ કરવાને તૈયાર નહોતું. લોકોના મુખેથી ભાવભીના શબ્દો કાને સંભળાતા જ રહ્યાં.

અહીંયાં એક કુશળ એન્જિનિયરના માન-સન્માન અને પ્રતિષ્ઠાની ગંગા વહી રહી હતી.

રામ સ્મરણમુકુરમાં કંઈક યાદ આવ્યું...અને પછી વાગોળતાં તેમાં સરી ગયો...

પિતાજીના, અંગત જણસ જેવાં વચનો... અંતરઆત્માને પવિત્ર કરે તેવા ને વળી સુગંધ હું એકલો જ અનુભવું. એવા... પિતાશ્રીનાં અમૂલ્ય વચનો ભૂલી જાત તો હું આળસી જાત... પણ એવું ના થવા દીધું, કેમ કે તેમના આદર્શોનું મૂલ્ય ખૂબ જ ઊંચું રહ્યું. દરેકને માટે સરખો ભાવ... કાયમ લાગણીઓની પરિષદમાં ક્યારેય કોઈ જ સ્પર્ધા નહિ...તેવા.

વિચારોના વમળમાંથી બહાર આવતાં નજર પિતાશ્રી પર પડી, કરુણા આંખોમાં કળી લીધી.

બાપુજીની ચિંતા, તો બીજા ભાંડરડાઓના પ્રત્યે, આંખોમાંથી ચાડી ખાતી જોઈને ઇશારો સમજી જઈ, રામ..., તેમની બર્થ પાસે સાવ નજદિક બેસી ગયો. પછી પ્રેમથી પૂછ્યું. "બાપુજી...! બોલો શું લઈ આવવું છે...?"

જવાબમાં 'હા' ના પ્રતિભાવને સમજી પછી પ્રતીક્ષા કરતાં, આજ્ઞાનું પાલન કરવા તત્પર બની...થોડી ક્ષણો માટે પિતાશ્રી સામે જોયા કર્યું.

ધીરુભાઈએ કહ્યું... "બેટા, રામ..., આ મારી મુંબઈની છેલ્લી સફર લાગે છે, હવે ફરીને હું કદાચ નહિ આવી શકું. મને એવું લાગે છે કે મારું એક કામ અધૂરું રહી જાય છે...જો તું મારી ચિંતાનું સમાધાન કરે, તો મનને શાંતિ થશે."

રામને, પિતાનું વેદનાકસણ મુખડું જોઈને લાગ્યું કે, ઈશાન ખૂણે આભમાં ઝાંખી કળાતી વાદળીઓને, નીચે સુકાતી ઊભા મોલની ડાળીઓને કંઈક તૃપ્ત કરવા માંગે છે.

પછી વિવેકથી કહ્યું... "બાપુજી..., આપ બિલકુલ ચિંતા ન કરશો, તમારી ઈચ્છાઓને હું પૂર્ણ કરીશ જ."

અનાયાસે પછી, રામને કેટલીક પંક્તિઓ વાંચેલી યાદ આવી ગઈ :

"ઉપાડશે કોણ મારું કામ...? એવું અસ્ત થતાં સૂરજે પૂછ્યું..., સાંભળી આ જગત આખું નિરુત્તર રહ્યું..., પણ માટીનું કોડિયુ બોલ્યું., મારાથી બનતું હું કરી છૂટીશ...'

હજુ ટ્રેન ઊપડવાને વાર હતી.

ધીરુભાઈએ ફરીને દીકરા સામે જોઈને...કહ્યું...

બેટા... હવે, રાજકોટ આપણા ઘરે જઈએ છીએ, તો તને નથી લાગતું કે મુંબઈનો થોડો હલવો-મીઠાઈઓ છોકરાઓને માટે લઈ જવો જોઈએ...? તેઓ કેવા ખુશ થશે...નહિ...?"

કેન્સર જેવી ગંભીર બીમારીમાં પણ બાળકો પ્રત્યેની લાગણીઓને તેઓ નહોતા વિસરી શક્યા, પછી તેમણે પહેરેલા ઝભ્ભાના ખિસ્સામાંથી રૂપિયા સોની એક નોટ કાઢીને રામના હાથમાં મૂકી દીધી. કોણ જાણે કેટલાય સમયથી છોકરાઓને માટે મીઠાઈના પૈસા સાચવીને ખિસ્સામાં રાખ્યા હશે...!!!

મુંબઈમાં 'પારસી ડેરી' ની શ્રેષ્ઠ મીઠાઈઓ ખૂબ વખણાય તથા લોકપ્રિય તેમ જ સ્વાદમાં પણ ઉત્તમ તેથી લોકો ખૂબ જ પસંદ કરતા.

ધીરુભાઈએ પણ "પારસી ડેરી" ની મીઠાઈ લઈ આવવા સૂચવ્યું..., એટલે તુરત આદેશનો અમલ કરવા રામે..., બાપુજીની રજા લઈ, ટ્રેનમાંથી નીચે ઊતરી ગયો, પરંતુ ટ્રેન છૂટવામાં હવે ગણતરીની મિનિટો જ બાકી રહી હતી.

સ્ટેશન પર મુલાકાતીઓ, સગા વહાલાંઓ, સ્નેહીમિત્રો વગેરેનો ખાસ્સો એવો જમાવડો હતો. તેથી રામ..., ઝડપથી નીકળી જવા સરક્યો.

પરંતુ અચાનક ભીડ વચ્ચેથી દિલીપમામાએ, રામનો હાથ પકડી પ્લેટફોર્મની એક તરફ લઈ જઈને કડકાઈથી પૂછ્યું... 'તારા બાપુજીએ શું કહ્યું...? મીઠાઈઓ લાવવા કે કંઈ બાજું...?' દિલીપમામા વાતને કળી ગયા હોય એવું લાગ્યું.

બાપુજીએ 'પારસી ડેરી' ની મીઠાઈ લઈ આવવા મને આગ્રહ કર્યો છે, એ લેવા જઉં છું. એમ ટૂંકમાં જણાવ્યું.

મામા ગુસ્સામાં બોલ્યા... ભાઈ તું... ગ્રાન્ટ રોડ પરથી મીઠાઈઓ લઈ આવ..નાહક દૂર જઈશ તો કદાચ ટ્રેન છૂટી જશે. સમય થોડો છે. તારા બાપુજીને ક્યાં ખબર પડશે...તું ક્યાંથી મીઠાઈ લઈ આવ્યો...? અત્યારે કોઈ જ જોખમ માથે નહિ લેતો. તું નજદિક ક્યાંકથી મીઠાઈ લઈ આવ..બાકી તારા બાપુજીને હું સમજાવી લઈશ...ચાલ જા હવે...! જો જે 'પારસી ડેરી' સુધી દોડી ના જઈશ.

ભલે..., તો હું નીકળું છું મામા..., આવા સમયમાં દિલીપમામા જોડે વધુ દલીલમાં ઊતરવાનું ટાળીને રામ ઝડપથી સ્ટેશન બહાર નીકળી ગયો. માહોલ કપરી પરીક્ષાનો હતો. એકબાજુ સમયની મર્યાદાને સમજીને ચાલવું, તો બીજી બાજુ બાપુજીની ઈચ્છાને પૂરતો ન્યાય આપવો, કદાચ આ એમની આખરી છેલ્લી ઈચ્છા પણ હોઈ શકે એટલે પ્રામાણિક તો રહેવું જ પડે.

રામ સ્ટેશન બહાર બોમ્બે તરફ જવાના રસ્તાની વચ્ચે ડિવાઈડર પાસે દોડી ગયો, શ્વાસની ગતિ સુપરફાસ્ટ જેમ બની ગઈ હતી. પરંતુ હિંમતપૂર્વક ટ્રાફિકવાળા રસ્તાની વચ્ચે આવીને વિચારવા લાગ્યો કે હવે શું થઈ શકે...? શું કરવું...? કઈ રીતે આગળ ચાલવું...? વગેરે. તથા જો ઘડિયાળ થંભી જાય તો કેવું સારું...! બાપુજીએ સોંપેલા કામને ઝટ લઈને પૂરું કરી લઉં...પણ...સરી જવું...વહી જવું...અને સરખી જવું...એ જ તો મૂળ સમયનો સ્વભાવ છે...ને...!!! પછી મનમાં જ રામ કંઈક ગણગણવા લાગ્યો. "હરિ તું કરે તે સાચું..."

આવું બધું વિચારતો હતો...!

ત્યાં જ એક ચમત્કારનો અનુભવ થયો...

રામ, રોડ વચ્ચે ડિવાઈડર પાસે ઊભો હતો, ત્યાં જ રેડ સિગ્નલના કારણે એક ટેક્સી કાર અચાનક રોકાઈ, ડ્રાઈવરે પછી રામ સામે જોઈને પૂછ્યું...

કયોં...સા'બ...ચલના હૈ...?

ટ્રાફિક વચ્ચે વાર્તાલાપ વધુ અનુકૂળ ન હોય, ટૂંકમાં ડ્રાઈવરને સ્ટેન્ડહર્સ્ટ રોડ જવું..., 'પારસી ડેરી' ની મીઠાઈ લઈ આવવી. પરત ટ્રેન છૂટી ના જાય તે પહેલાં ફક્ત પચાસ મિનિટોમાં જ સ્ટેશને આવી જવું...વગેરે વર્ણવી દીધું....!

વાંત સાંભળી...ડ્રાઈવર આશ્ચર્યથી રામની સામું જોઈને વિચારવા લાગ્યો, પછી બોલ્યો...ક્યા...સા'બ, આપભી કમાલ કે આદમી હો...યે કૈસે સંભવ હો શકતા હૈ...? તીન સ્ટેશન કે બાદ 'પારસી ડેરી' પહોંચના. ફિર મીઠાઈયાં પેક કરવા કે વાપસ લૌટના...ઉપરસે તૂફાની ટ્રાફિક કો દેખતે હો...ના...?!!!

ચિંતાગ્રસ્ત રામ મૌન રહ્યો..., ડ્રાઈવરની વાત બિલકુલ

તેને સાચી લાગી, હેવી ટ્રાફિકમાં કેમ કરી ઝડપથી કારને ચલાવી શકાય...!!! વગેરે પ્રશ્નો મૂંઝવતાં રહ્યાં.

થોડી વાર માટે તો બાપુજીની ઈચ્છાઓની ઈમારત વીખરાતી હોય એવી ભ્રાંતિ થઈ. પરંતુ જીસકા કોઈ નહિ...ઉસકા તો ખુદા હૈ...યારો...પછી એક નવો અનુભવ રામને થયો.

અચાનક કોણ જાણે કેમ...! ડ્રાઈવરને કુદરતી એક સંકેત થયો અથવા અજ્ઞાત્ શક્તિએ તેનામાં પ્રવેશ કર્યો...! એ તો ઉપરવાળો જાણે પણ આશ્ચર્યથી રામની સામે જોઈને પછી ચહેરાના ભાવ વાંચી દીધા અને બોલ્યો...ચલો...જલદી સે આપ બૈઠ જાઓ...સા'બ, આપ ભી ક્યા યાદ કરોગે...બમ્બઈ કે ડ્રાઈવર ભી ક્યા ચીજ હૈ...!

એક સેકન્ડનો પણ વિલંબ કર્યા વગર રામે સીધી જ પાછળની સીટમાં પોતાની જાતને ધકેલી દીધી. અને ડ્રાઈવર સામે જોઈને પૂછી નાખ્યું. યાર, તુમ્હારા નામ ક્યા હૈ...?

સિર્ફ... 'કેદાર'..., ને પછી મૌન બની સિગ્નલ લાઈટ્સને વૉચ કરતો રહ્યો. ગ્રીન લાઈટ થઈ...ને કારે સ્પીડ પકડી લીધી જાણે હવામાં વાતો કરતી ના હોય, આજે ડ્રાઈવર નહિ...પરંતુ ખુદ ભગવાન 'કેદારનાથ' કારને ચલાવી રહ્યાનો અનુભવ રામને થઈ ગયો.

ગણતરીની મિનિટોમાં...કેદારે, સ્ટેન્ડહર્સ્ટ રોડ પર કારને વાળી લઈ. ગાડીનાં અરીસામાં એક નજર કરીને, તુરત જ લેફ્ટ સાઈડથી રાઈટ સાઈડનો 'યુ' ટર્ન લઈ, સીધી જ 'પારસી ડેરી' સામે ટેક્સીને થોભાવી બોલ્યો, દેખો...સા'બ, યે હૈ 'પારસી ડેરી' ઔર સુનિયે સા'બ.., અંદર આપ ભીડ દેખ રહે હોના..., તો આપ ઐસા કિજીયે, સીધા મેનેજર કે પાસ ચલે જાઈએ ઔર મેનેજરસે રિક્વેસ્ટ કરીએ ઔર કહીયે કી હમેં જલદીસે ટ્રેન પકડની હૈ..., શાયદ, વહ આપકી તુરંત સહાય કરેંગે...પ્લીઝ, આપ જલદીસે જાઈએ...!!

રામે, આટલું સાંભળીને સીધો જ કાઉન્ટર પર જઈને મેનેજરને વિવેકપૂર્વક જણાવ્યું રેલવે સ્ટેશન બીમાર પિતાજીને છોડી., એમની ઈચ્છાનુસાર મીઠાઈ લેવા આવ્યો છું... ''પારસી ડેરી' ની મીઠાઈને તેઓ ખૂબ જ પસંદ કરે છે તથા સખ્ત બીમાર છે... વગેરે સમસ્યા ટૂંકમાં વર્ણવી..., અંતે મેનેજરના વ્યવહારની પ્રતીક્ષા કરતો ઊભો રહ્યો.

મેનેજરે વાતની ગંભીરતા સમજી તુરત જ બે-ત્રણ સ્ટાફના માણસોને પાસે બોલાવી લીધા, પછી તો રામ બોલતો રહ્યો અને મીઠાઈના બોક્સ પેકિંગ થવા લાગ્યા. બસ પાંચ સાત મિનિટોમાં તો દસ-બાર બોક્સ પેક થઈ ગયાં.

રામે બોક્સ લેવા હાથ લંબાવ્યો. ત્યાં તો ટેક્સી ડ્રાઈવર કેદાર પણ મીઠાઈ શોપમાં મદદે દોડી આવ્યો.

સા'બ છોડિયે...ઔર આપ મીઠાઈઓં કે પૈસે જલદીસે દે દિજીયે... તબતક મે યે બોક્સ, કારમેં છોડ આતા હું, રામ, આભારવશ હૃદયમનથી કેદારને નીરખી રહ્યો.

મેનેજરને પૈસા ચુક્તે કરી, બાકી રહેલા મીઠાઈના બોક્સ લઈને ટેક્સી તરફ ઉતાવળે દોડી, પાછલી સીટમાં બોક્સને સરકાવી દઈ, ડ્રાઈવરની બાજુમાં ગોઠવાઈ ગયો.

ફરીથી કાર એ જ રફતાર સાથે મુંબઈના રસ્તે દોડવા લાગી, કોઈ અજ્ઞાત શક્તિ, આજે રામને સહાય કરી રહી હોય એવું લાગ્યું. એ ગુરુદેવની કૃપા હોઈ શકે અથવા તો સાંઈરામ યા ઠાકુર...કોઈક તો અવશ્ય મદદે આવ્યા હોય, એવું અનુભવ્યું.

કેદારે પૂરેપૂરી સાવધાનીપૂર્વક ડ્રાઈવિંગ કરીને, સેન્ટ્રલ રેલવે સ્ટેશને કારને થોભાવી ત્યારે ટ્રેન ઊપડવાને ફક્ત દસ મિનિટનો જ સમય બાકી રહ્યો હતો. ત્યારે આવી કટોકટીની એક એક ક્ષણને કઈ રીતે રચયિતાએ અદ્‌ભુત રીતે ગોઠવી લીધી એ વર્તમાન યુગના આ રામને સમજવું બહુ જ કઠિન લાગ્યું.

રે...જગતના સર્જનહાર...તારી જાદુગરીનો તો કોઈ પાર નથી..., આમ વિચારતા મીઠાઈના બોક્સને ટેક્સીમાંથી લેવાનું રામ શરૂ કરે, તે પહેલાં તો ડ્રાઈવર કેદાર મદદ કરવા આવી ગયો પછી ત્યાં જ સ્ટેશનમાં ઊભેલા ટ્રાફિક પોલીસમેનની પાસે જઈને મરાઠીભાષામાં કંઈક વાતો કરીને સમજાવી લીધું, ને પછી ટેક્સીને ત્યાં જ મૂકી. ત્યારબાદ સૌરાષ્ટ્ર મેઈલના રિઝર્વેશન કોચ સુધી મીઠાઈઓના બોક્સ છોડી જવા આવ્યો.

આખરે નિરાંતનો શ્વાસ લઈને રામે...કેદારને ટેક્સીભાડાની રકમ ઉપરાંત કંઈક વધુ પૈસા ઉમેરીને તેના હાથમાં પ્રેમથી મૂકી દીધા, ત્યારે આંખમાં ઋણસ્વીકારનાં આંસુ છલકાઈ આવ્યાં.

પરંતુ આ ફરિસ્તાએ હસતા ચહેરે કાયદેસર પ્રમાણેની ભાડાની રકમ લઈને, બાકીના પૈસા પાછા આપી બોલ્યા. અરે સા'બ., યે ક્યા... આંસુ પોંછ લીજીયે... ક્યા આપકે પિતાજી...હમારે પિતાજી નહીં...હૈં..? બતાઈયે...? કયા...કેદાર કા રીશ્તા રામ સે નહીં...હૈ...?

આવું કહીને કેદારે પોતાનો હાથ રામના હાથ સામે હસતા-હસતા પ્રેમપૂર્વક મેળવ્યો...પણ...આ તો જાણે ભગવાનથી છૂટા પડવાનો વખત આવ્યો હોય, એવું અંદર થયું, ને આઘાતની કળ વળતા જરા વાર લાગી, જ્યારે કળ વળી ત્યારે આંખ પલળી ગઈ અને પછી સ્વસ્થ થતાં..., રામે, ચારેય તરફ નજર ફેરવી, પરંતુ પલવારમાં તો કેદાર પ્લેટફોર્મ બહાર અદશ્ય થઈ ગયો હતો.

ઈમાનદારના મુખ ઉપર મેક અપ કદીયે હોતો નથી.

મુંબઈમાં જ રહેતા, રામના એક મિત્ર માંડવજીરાવ મરાઠી પણ સ્ટેશનમાં હાજર હતા, અહોવૈચિત્ર્યમ્, ઘટનાની માંડવજીરાવને જાણ થઈ, તો એ બોલી ઊઠ્યા... ''કૌન કહેતા હૈ કિ ઈશ્વર દુનિયા મેં નહીં હૈ...?''

મિત્રના શબ્દો સાંભળી રામને ક્યાંક લખેલું ચિંતન સ્મરણ થઈ આવ્યું.... "આવા સામર્થ્યવાન વ્યક્તિને તો બીજા પીડિતોને માટે કષ્ટ ઉઠાવતાં જોઉં છું ત્યારે મારી અશ્રુગ્રંથિ અનાયાસે જ ઊભરી આવે છે, આવા રૂપમાં આવેલ ઈશ્વરને ક્યારેક ઓળખવા બહુ જ મુશ્કેલ છે કારણ કે માનવીઓનું મન ચંચળ હોય છે. મનની પરિસ્થિતિ વારંવાર બદલાયા જ કરતી રહે છે."

માનવીના મન તમન્નાઓથી ઘેરાયેલ હોય છે, દરેક વખતે એક નવી લહેર સમુદ્રની લહેરો જેવી તમન્નાઓની લહેરો...આવ્યા જ કરે, ક્યારેય રોકી નથી શકાતી.

કિસીને કુછ ઈસ તરહાસે કહા હૈ...કિ...,

"નયી તમન્નાઓમે ઉલઝાયા હૂઆ હૂં...મેં...,

ફિર નયે ખિલૌને દે કે સમઝાયા ગયા હૂં...મેં...!"

ઈન્સાન કો તમન્નાઓંસે દૂર રહ કર, સત્ય કા આચરન કરના ચાહીએ.

રામના મનમાં ચાલતી ઊથલપાથલ પણ જોરદાર બવંડર જેવી જ...! જાણે કે પરીક્ષા લેવાઈ ગઈ હોય, તેમ આકરા સંઘર્ષ પછી નિર્ધારિત સમયમાં મુશ્કેલ કાર્યને શુદ્ધ ન્યાય આપી શક્યાનો સ્વાભાવિક સંતોષ થયો. પછી બે-ત્રણ ઊંડા શ્વાસ લઈ, પ્રભુ સ્મરણ કરી, પિતાશ્રી પાસે આવી ગયો.

મીઠાઈઓના બોક્સ ઉપર સ્પષ્ટ 'પારસી ડેરી' નું નામ વાંચી શકાય તેમ પિતાશ્રી સમક્ષ બધા જ બોક્સ ગોઠવી દીધા, મીઠાઈનાં બોક્સ જોઈને ધીરુભાઈને ખૂબ સંતોષ થયો, પોતાના બાળકો પ્રત્યે પિતાનો વ્હાલ અને મીઠાઈ ખવડાવવાનો હરખ બંને સ્પષ્ટ વર્તાઈ આવ્યા.

રામને આવા સમયે સ્મરણમુકુરમાં કંઈક યાદ આવ્યું...કહેવત છે ને...,

"કર્યું કરાવ્યું નજરે આવ્યાનો હૈયે હરખ સમાતો નહોતો"

બાપુજીની આંખમાં ખુશીની લહેર દોડી ગઈ, લાગણીઓ તથા ઇચ્છાઓનો ધોધ હૃદયને સ્પર્શી ગયો અને પછી ધીરુભાઈએ પોતાના ધ્રુજતા બંને હાથ તેના માથા ઉપર મૂકી આશીર્વચન ધીમેથી બોલ્યા. તેમની અફાટ રણપ્રદેશ સરખી આંખોમાં મૃગજળનાં મોતી જેવા બે અશ્રુબિંદુઓ તગતગી રહ્યાં, એ જોયા પછી પુત્રની આંખમાંથી પણ અષાઢ-શ્રાવણનાં સરવણાં વરસી ગયાં, જાણે કે આસમાન છલકાઈ જાય એટલી ખુશીઓ એક ખોબામાં સમાઈ ના ગઈ હોય...!

દિલીપમામાને આ બધું જ મિરેકલ જેવું લાગ્યું...! અશક્યને શક્ય સમક્ષ ઝૂકવું પડ્યું ત્યારે એમની પણ આંખમાં અમીજળ ડોકિયાં કરવા લાગ્યાં. માન્યામાં ના આવે એવા આ અદ્ભુત કાર્યને મનોમન વધાવી લીધું.

રામના હૃદયમાંથી મીઠોસૂર સ્મરણ પર્ણ સુધી રેલાઈ રહ્યો...!

"હે...કરુણાના કરનારા... તારી કરુણાનો કોઈ પાર નથી..."

ધીરુભાઈના અપાર સ્નેહસાગરનાં જળ સૂકાઈ ગયાના ચાલીસ વર્ષ તો જોતજોતાં જ વિતી ગયાં પરંતુ હજુ આ વાત ભુલાઈ નથી ત્યાં તો ગઈકાલ સુધી સંગાથ નિભાવનાર, સુખદુખની વાતો કરનાર નિઃસ્વાર્થી રામે (રામભાઈએ) અચાનક વિદાય લીધી એ વાતને સ્વીકારવા મન માનતું નહોતું.

થોડી વાર તો રણછોડભાઈ, વિતેલા દિવસોના વ્હેણમાં સરી ગયાં. પાંસઠની ઉંમરે પગ માંડ્યો ત્યાં તો અંગત સ્વાર્થ અને સુખ ખાતર પોતાનાં સંતાનો રણછોડભાઈને વૃદ્ધાશ્રમની ઉત્તમ સેવાકીય પ્રવૃત્તિ કરવાના બહાના હેઠળ સેવા કરવા છોડી ગયા પછી આજકાલમાં જ સંતાનો આવીને જરૂર તેડી જશે એવા ભ્રમમાં રાહ જોતાં, દસ વર્ષ હસતા ચહેરે, દૂર દૂર સુધી ભીની પાંપણે મીટ માંડીને બેઠા રહ્યા. પણ હવે તો દુઃખના સાગરમાં થોડી ઘણી પીડાને પંપાળવી ગમવા લાગી હતી. ભૂતકાળના મલમથી સ્વજનપીડાને મટાડવાના વ્યર્થ પ્રયત્નો કરતા આજ ફરીને આંખ ભીંજાઈ ગઈ. હજુ તો આંસુ સૂક્યાં નથી ત્યાં રણછોડભાઈને પંચોતેરના ઉંબરે પહોંચતા વધુ એક આંચકો રામભાઈની વિદાયથી અનુભવ્યો.

રામભાઈની અંતિમ યાત્રા નિહાળીને આજીવનના સાચા સાક્ષી મિત્ર રણછોડભાઈ સોનાપુરીમાં તેમની વિદાયથી અતિવ્યાકુળ થઈ ગયા.

અગ્નિસંસ્કારની જ્વાળાઓ ઊંચે ને ઊંચે જઈને પછી તેમાંથી અલગ પડીને ચમકતાં પ્રિયજન સખાના એક એક રજકણને હવામાં અદૃશ્ય બની ઓગળતા રહ્યા.

આશ્રમ પરિવારના એક સદસ્યે પછી રણછોડભાઈને બોલાવ્યા તથા (રામ) રામભાઈ વિશે પૂછ્યું... 'કેમ આવું થયું...? રામભાઈને તો કોઈ બીમારી નહોતી...!! તો આમ અચાનક હાથમાં હાથ મૂકી અગોચર પંથકના ઘોડા કેમ પલાણી ગયા...??'

બીમારી તો હતી...ભાઈ...! ઘણી મૂંઝવણ ભરેલી..., રણછોડભાઈએ કઠણ થઈને જવાબ આપ્યો.

પણ...મિત્રે જરાય છતી થવા ન દીધી. જીવન પર્યંત પુત્રોનાં સ્વપ્નાને સેવતા રહ્યા, તથા પોતાની આબરૂને સમાજમાં સુરક્ષિત રાખવાની ચિંતામાં, પોતાના સંતાનો પાસેથી સુખની અપેક્ષા કરતા રહ્યા, પરંતુ આશાઓ બધી જ છેતરી ગઈ..., ને મારી જેમ જિંદગી જીવતા રહ્યા પરંતુ ફર્ક માત્ર એટલો જ રહ્યો, હું આ વૃદ્ધાશ્રમમાં દિવસો પસાર કરતો રહ્યો અને રામભાઈ પરાણે પરિવાર સાથે રહીને પીડાને સહન કરતા રહ્યા. પછી બધી જ ચિંતાઓ છોડી, પોતાની જિંદગીના અમૂલ્ય દિવસોને અવગણી નિસ્વાર્થપણે કાર્યો કરતા રહ્યા. ત્યાં તો આઘાતની ઘડી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૯ ઉપર)**

વાર્તા

# શ્વાસની ભેટ

● દિનેશ ગજ્જર ●

વિભાનો આજે જન્મદિવસ છે. જન્મદિવસની પાર્ટીની બધી તૈયારીઓ થઈ ગઈ છે અને મહેમાનો આવવા લાગ્યા છે. એક વ્યક્તિના આગમનની પ્રતીક્ષામાં વિભા વારંવાર દરવાજા તરફ જોતી રહે છે. મહેમાનો ગોઠવાઈ ગયા અને ઉજવણીની શરૂઆત કરવાની હતી. વિભાને જેને પ્રતીક્ષા હતી એ ચહેરો હજુ પણ દેખાતો નહોતો. સમય ઘણો થઈ ગયો હોવાથી વિભા કેક કાપવા માટે ટેબલ સામે ગોઠવાય છે, મહેમાનોના ચહેરા ખીલી ઊઠ્યાં છે. પંખાઓ બંધ કરવામાં આવે છે, મીણબત્તીઓ પ્રગટાવવામાં આવે છે. વિભાનો શ્વાસ થંભી જાય છે છતાંય લોકોના ઉત્સાહની વચ્ચે એ સહેજ નીચી વળીને ફૂંક મારવા જાય છે ત્યારે અંતિમ આશા જગાવીને એક નજર દરવાજા ઉપર કરે છે અને અપૂર્વ દરવાજામાંથી અંદર આવતો દેખાય છે. વિભાને જાણે રોકાયેલો શ્વાસ મળે છે અને એક ઊંડો શ્વાસ લઈને હળવી સ્માઈલ સાથે ફૂંક મારીને મીણબત્તી ઓલવી નાખે છે. બધા હેપી બર્થડે કહે છે. વિભા બધા મહેમાનોને કેક આપે છે. એક બાજુ ખૂણામાં બેઠેલા અપૂર્વને વિભા આંખના ઈશારાથી નજીક બોલાવે છે, અપૂર્વ ઊભો થઈને એની નજીક આવે છે અને વિભા તેના હાથમાં કેકનો ટુકડો મૂકે છે. અપૂર્વ તેને જન્મદિવસની શુભેચ્છા આપે છે અને થોડો ઉતાવળમાં છું એવું કહીને નીકળવા જાય છે ત્યાં વિભા કહે છે : "પ્લીઝ અપૂર્વ, એક મિનિટ મારા પપ્પા તમને મળવા માંગે છે, તમને થેન્ક્યૂ કહેવા માંગે છે." અપૂર્વ વિભાના પપ્પાને મળીને જાય છે.

અપૂર્વ શ્રીમંત ઘરનો છોકરો. વિભા અને અપૂર્વ બંનેએ એક જ કૉલેજમાંથી એમ.બી.એ. કરેલું. વિભા સામાન્ય ઘરની પરંતુ ટેલેન્ટેડ છોકરી હતી. એક કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજરની પોસ્ટ માટે બંને ઈન્ટરવ્યૂ આપવા ગયેલા ત્યારે મુલાકાત થયેલી. અપૂર્વએ પોતાની હરીફ વિભા તરફ નજર કરી. જીન્સ પહેરેલી વિભા, ઑફ વ્હાઈટ ટી-શર્ટ અને રેડ કલરનો દુપટ્ટો, કાનમાં લાંબાં લટકણિયાં સાથે એના સુંદર ચહેરા પર હળવાશનો ભાવ હતો. અપૂર્વએ કંપનીના મેનેજડ સાથે સાંઠ-ગાંઠ કરી લીધી હતી એટલે જોબ એને જ મળવાની હતી એટલે આવી સુંદર છોકરી હમણાં ઉદાસ અને ઢીલી થઈ જશે એ વાતનો એને આનંદ હતો. કંપનીના માલિકે બંને સાથે વારાફરતી મિટિંગ કરી અને થોડી વાર પછી મેનેજર સાહેબ ફાઈનલ જવાબ આપવા માટે બહાર આવ્યા અને અપૂર્વને અભિનંદન આપ્યા અને વિભાને સોરી કહ્યું. વિભાએ પણ ઊભા થઈને અપૂર્વને અભિનંદન આપ્યા અને હળવી સ્માઈલ આપીને બહાર નીકળી ગઈ. અપૂર્વને વિભાનું વ્યક્તિત્વ કંઈક જુદું લાગ્યું એટલે વિભા પોતાની સ્કૂટી ચાલુ કરતી હતી ત્યારે અપૂર્વએ કહ્યું : "મૅડમ, તમે ટેલેન્ટેડ અને ઉત્સાહી છો પરંતુ આપની જાણ માટે કહું છું કે જીવન સફળ થવા થોડો-ઘણો વહેવાર પણ શીખવાની જરૂરિયાત હોય છે. હવેથી બીજી જોબ પર જાઓ તો મેનેજર સાથે થોડો વહેવાર સમજી લેજો, તમને જોબ મળી જશે, બેસ્ટ ઓફ લક." વિભાએ જવાબ આપતાં કહ્યું : "માર્ગદર્શન બદલ થેન્ક્યૂ, મને લાગે છે કદાચ એક સમય એવો પણ આવશે કે તમારા જેવા લોકો પોતાના શ્વાસ માટે બીજાના શ્વાસ પણ ખરીદી લેશે!" અપૂર્વએ કહ્યું : "જુઓ મેડમ, આ દુનિયામાં કાબેલિયતથી કામ નથી થતું, ભ્રષ્ટાચારથી જ કામ મળે છે. બધાં જ ખાય છે અને બધા જ ખવડાવે છે." વિભાએ કહ્યું : "આપણે બધાએ કૉલેજમાં સાથે જ ભ્રષ્ટાચાર નાબૂદીની રેલી કાઢી હતી, તમે એ વાતને ભૂલો છો. એન્ડ ફોર યોર કાઈન્ડ ઈન્ફોર્મેશન મિ. અપૂર્વ, આ કંપનીના મેનેજરે મને પણ કોલ કર્યો હતો કે તમે મને બે લાખ રૂપિયા આપો તો હું તમને આ જોબ અપાવી શકીશ. મારો જવાબ હતો કે સોરી હું કોઈ કોમ્પ્રોમાઈઝ કરીશ નહીં. મારે પૈસા દઈને કોઈની જોબ છીનવવી નહોતી. મને તો ખબર જ હતી મિ. અપૂર્વ આ જોબ મને મળવાની નથી, હું તો માત્ર જોવા જ આવી હતી કે કોણ છે એ વ્યક્તિ કે જેને કાબેલિયતથી નહીં પણ પૈસા ફેંકીને બીજાના હક્કો ખરીદતાં આવડે છે. તમને જોઈને મને ખાસ આનંદ નથી થયો." આટલું કહીને વિભા સ્કૂટી ચાલુ કરીને જતી રહી. અપૂર્વ આ મારફાડ બોલતી છોકરીને મારફાડ સ્પીડમાં જતી જોઈ જ રહ્યો. મેનેજર સાથે તેને રકઝક કરીને દોઢ લાખમાં નક્કી કર્યું હતું, જો વિભાએ બે લાખ આપ્યા હોત તો આ મલ્ટીનેશનલ કંપનીની જોબ તેને મળત નહીં આ વિચારથી તેને સહેજ આંચકો લાગ્યો.

આ ઘટનાને પાંચ વર્ષનો સમય વીતી ગયો. એક દિવસે અપૂર્વ રસ્તા પર એક નાનકડી દુકાનમાં વિભાને જોઈ જાય છે. દુકાન પર "ગીફ્ટ શોપ" લખેલું હતું. ગાડી ઊભી રાખીને અંદર ગયો. વિભાએ તેને તરત મીઠો આવકાર આપ્યો અને ઠંડું પાણી આપ્યું. અપૂર્વએ કહ્યું : "હું તમારી સફળતાની શરૂઆતમાં તમારા રસ્તાનો કાંટો બન્યો છું તેનો ખેદ મને હજુય છે એટલે સૉરી કહેવા માટે હું તમને શોધતો હતો." વિભાએ કહ્યું : "ઈટ્સ ઓકે, એ પછી તો મારા રસ્તામાં કેટલાય કાંટાઓ આવી ગયા. જુઓ...આ મારા પપ્પાની નાનકડી ગીફ્ટ શોપ છે જેને હવેથી હું સંભાળું છું, અહીં હું જ માલિક અને હું જ નોકર." અપૂર્વ અને વિભા થોડીઘણી ફોર્માલિટીની વાતો કરતાં હતાં ત્યાં વિભાનો ફોન વાગ્યો. વિભાએ ફોન પર વાત પૂર્ણ કરીને અપૂર્વને કહ્યું : "સૉરી, મારે અત્યારે હોસ્પિટલ જવું પડશે, રાત્રે પપ્પાના ઑપરેશન અંગે ડોક્ટર સાથે થોડી ચર્ચા કરવાની છે." વિભા ઑફિસ લોક કરતી હતી ત્યારે અપૂર્વએ ફેમિલી અંગેના સમાચારો

પૂછતા વિભાએ જવાબમાં કહ્યું : "મમ્મીના અવસાન પછી પપ્પા એકલા પડી ગયા છે. મારે કોઈ ભાઈ-બહેન નથી એટલે બધી જ જવાબદારી મારા માથે છે. પપ્પાનો દીકરો બનીને મારે આજીવન ટેકો આપવાનો છે." અપૂર્વએ જતાં સમયે પોતાનું કાર્ડ વિભાને આપે છે અને વિભાનું કાર્ડ માંગી પણ લે છે.

અપૂર્વ રાત્રે જમીને વૉકિંગમાં નીકળે છે, બે-ચાર મિત્રોના ફોન આવે છે પણ વિભાનો ચહેરો તેની સામે તરવરે છે એટલે તેનો મૂડ નથી. એકલો રોડ સાઈડના બાંકડા પર બેઠો છે. હાથમાં મોબાઈલ લે છે અને વિભાને મેસેજ કરે છે : "આપના પપ્પાનું ઓપરેશન સફળ રીતે થઈ ગયું?" જવાબમાં વિભા કહે છે : "ના, ચાલુ છે અને કેસ ક્રિટીકલ છે". અપૂર્વ તુર્ત જ કોલ કરીને કહે છે : "કેટલાક મોટા ડૉક્ટર્સ મારા જાણીતા છે, હું તમને કંઈ હેલ્પ કરી શકીશ પ્લીઝ મને આપ હોસ્પિટલનું નામ આપો." વિભા હોસ્પિટલનું નામ આપે છે. અપૂર્વ ઝડપથી ચાલીને ઘરે જાય છે, નાઈટ ડ્રેસ ચેઈન્જ કરીને કાર લઈને હોસ્પિટલ પહોંચે છે. વિભાના પપ્પાનું ઑપરેશન ચાલુ છે, હજુ શ્વાસ બરોબર ચાલુ થતા નથી, ડૉક્ટર્સ મુંઝાતા હોય છે. અપૂર્વ ડૉક્ટરને મળે છે અને તેના નિષ્ણાત ડૉક્ટર મિત્રને કોલ કરે છે અને તે ડૉક્ટર તરત જ હોસ્પિટલ આવી જાય છે. થોડા સમયમાં વિભાના પપ્પાની તબિયતમાં સુધારો થાય છે. રાત્રીના દોઢ વાગ્યે પરિસ્થિતિ નોર્મલ થાય છે અને પપ્પાને ઑપરેશન થિયેટરની બહાર લાવે છે ત્યાં સુધી અપૂર્વ રોકાય છે અને ડૉક્ટર સાથે બધી ચર્ચાઓ કરીને જાય છે. વિભા આંખમાં આંસુ સાથે અપૂર્વને થેન્ક્યૂ કહે છે. અપૂર્વ હળવું સ્માઈલ આપીને જતો રહે છે.

વિભાના પપ્પાને એક અઠવાડિયા સુધી હોસ્પિટલમાં રાખવામાં આવે છે. અપૂર્વ રોજ સાંજે કોલ કરીને તબિયતની પૂછપરછ કરતો રહે છે. પપ્પા ઘરે આવી જાય છે અને વિભાને નિરાંતનો શ્વાસ મળે છે એટલે એક રાતે વિભા અપૂર્વને મેસેજ કરે છે : "સૉરી...મારી તમને સમજવામાં ભૂલ થઈ ગઈ. તમે મારી જોબ લઈ લીધી પરંતુ મારા પપ્પાને જિંદગી આપી છે. તમે મારા પપ્પાને શ્વાસની ભેટ આપી છે... આઈ એમ રીયલી સૉરી... મેં તમને ઘણું બધું કહી દીધું હતું." અપૂર્વ જવાબમાં લખે છે "ઇટ્સ ઓ.કે." વિભા અપૂર્વના બીજા મેસેજની રાહ જુએ છે, અડધો કલાક સુધી અપૂર્વ બીજો મેસેજ ટાઈપ કરે છે "ગુડ નાઈટ." અપૂર્વ તરત જવાબ આપે છે "મને સહેજ પણ ખોટું નથી લાગ્યું, તમે બહુ વિચારો નહીં, શાંતિથી સુઈ જાઓ, ગુડ નાઈટ." વિભા જવાબમાં "થેન્ક્યુ...ગુડનાઈટ" લખીને સૂઈ જાય છે.

થોડો સમય જતાં એક દિવસે વિભા મેસેજ લખે છે "આજે મારો જન્મદિવસ છે, મારા પપ્પાનું મન રાજી થાય તે માટે પરિવારના અંગત લોકો માટે સાંજે ૮.૦૦ કલાકે હું સેલીબ્રેટ કરવાની છું. હું ઇચ્છીશ કે તમે મારા ઘરે આવો. હું તમને મારા ઘરનું સરનામું મોકલું છું." સંજોગોવશાત અપૂર્વ આજે જ બહુ જ કામમાં હતો એટલે એને મોબાઈલ સાઈલન્ટ કરીને બેગમાં મૂકી દીધેલો. વોટ્સઅપમાં વિભા સતત જોયા કરતી કે મેસેજ સેન્ડ થઈ ગયો છે પરંતુ અપૂર્વએ તેનો મેસેજ વાંચ્યો નથી. રાત્રીનાં ૭.૩૦ થઈ જાય છે અપૂર્વ મેસેજ વાંચતો નથી. એક બાજુ પાર્ટી માટે મહેમાનો ગોઠવાઈ જાય છે. બીજીબાજુ અપૂર્વ ડ્યુટી પૂરી કરીને ઘરે જવા માટે પાર્કિંગમાં પડેલી ગાડીમાં ગોઠવાઈ જાય છે અને સેલ્ફ મારતાં પહેલા મોબાઈલ ચેક કરે છે. વિભાનો મેસેજ વાંચે છે, ઘડિયાળ જુએ છે તો ૭.૪૫ થયા છે. ઝડપથી ગાડી વિભાના ઘર તરફ ચલાવે છે. આ બાજુ મહેમાનોને આવકારતાં વિભા ફરી વાર મોબાઈલમાં નજર કરે છે અને વોટ્સઅપનાં બ્લૂ ટીક જોઈને તેનું હૃદય ધબકી ઊઠે છે. હવે તે સમજી જાય છે કે અપૂર્વએ મેસેજ વાંચ્યો છે અને તેની પાસે પંદર મિનિટ છે, પણ...અપૂર્વ આવશે કે નહીં? અપૂર્વ તરફ આટલી લાગણીથી તે પહેલીવાર જોડાઈ છે. અનેક સવાલો મનમાં થાય છે અને સતત નજર દરવાજા પર રહે છે. મીણબત્તીઓ ઓલવાય તે પહેલા અપૂર્વ વિભાના ઘરે પહોંચી જાય છે અને વિભાને થંભી ગયેલો શ્વાસ મળી જાય છે. અપૂર્વ વિભાના પપ્પાને મળે છે. જન્મદિવસની ઉજવણી પૂરી થાય છે. બધા પોતપોતાના ઘરે જાય છે.

વિભા રાત્રે અપૂર્વને "થેન્કસ ફોર કમિંગ" મેસેજ કરે છે. અપૂર્વ જવાબમાં લખે છે "સૉરી, ઉતાવળમાં હું કોઈ ગીફ્ટ લાવી શક્યો નથી" વિભા લખે છે "તમે મારા પપ્પાને શ્વાસની ભેટ આપી છે, જે મારા માટે સૌથી મોટી ગીફ્ટ છે. હું હંમેશાં તમારી ઋણી રહીશ." અપૂર્વ બીજો મેસેજ કરે છે તે વાંચીને વિભાની ઊંઘ ઊડી જાય છે. અપૂર્વનો મેસેજ હતો : "તમે સ્પષ્ટ વકતા છો એટલે હિંમત કરીને કહું છું. જો તમારા જીવનમાં બીજું કોઈ ના હોય અને બીજાનો હક્ક હું છીનવતો ના હોઉં તો મારે તમારી સાથે આજીવન શ્વાસ લેવા છે. તમારા પપ્પાએ મને જોયો છે, હવે મારા મમ્મી-પપ્પા તમને જોવા માંગે છે. જવાબ તમે નિરાંતે કાલે આપજો. ગુડનાઈટ." વિભા જવાબમાં "ગુડનાઈટ" લખે છે. વિભા આખી રાત પડખાં ફરે છે, ઊંઘ આવતી નથી અને સવાર પડી જાય છે. સવારે વહેલી તૈયાર થઈને છૂટા અને ભીના વાળ રાખીને બે વાર અરીસામાં પોતાની જાતને જુએ છે. પહેલા ડ્રેસ પહેરે છે અને પછી વિચાર બદલીને બ્લૅક બ્લાઉઝ પર ટ્રાન્સપરન્ટ યલો કલરની સાડી પહેરે છે. ગીફ્ટ શોપ ઉપર પહોંચીને વિભા મેસેજ કરે છે "તમે ઑફિસ જાઓ ત્યારે શોપ પર થઈને જજો." અપૂર્વ ગીફ્ટ શોપ પર આવે છે અને વિભા એને ફૂલોનો ગુલદસ્તો આપીને કહે છે "આ મારી લાગણીનો ગુલદસ્તો છે." અપૂર્વ ગુલદસ્તો બાજુમાં મૂકીને મઘમઘતાં ગુલાબ જેવી સુંદર અને સુગંધીત વિભાનો હાથ પકડીને કહે છે "આઈ લવ યુ" વિભા કહે છે "આઈ લવ યુ ટુ..." અપૂર્વ મમ્મીને કોલ કરીને કહે છે કે "હું વિભાને લઈને અત્યારે જ આવું છું મમ્મી, પપ્પાને કહેજે થોડી વાર રોકાય." ગાડીમાં બેસતાં વિભા કહે છે "તું ખરેખર શ્વાસનો સોદાગર છે, શ્વાસ આપી પણ શકે છે અને લઈ પણ શકે છે, મારા પપ્પાને શ્વાસ આપ્યા...બદલામાં મારા બધા જ શ્વાસ તેં લઈ લીધા." અપૂર્વ કહે છે "તમેમાંથી તું થઈ ગયો?" વિભા હસે છે અને અપૂર્વ તેનો હાથ પકડીને ગાડી ચલાવતો ઘરે પહોંચે છે. ■

વાર્તા

# છૂટાછેડા

● શિલ્પા પીપરમીંટવાળા ●

મોનાએ પડખું બદલ્યું. અંધકાર થોડોક અવળસવળ થયો. સામે ધૂંધળી પીઠ દેખાઈ. કિરીટ, શું જાગતો હશે? કે પછી ઘસઘસાટ...? પ્રશ્ન થયો. સાથે જ તીરની જેમ એક વિચાર ભોંકાઈ ગયો. આજે તો નિર્ણય ચોક્કસ લઈ લેવો છે. અહીં કંઈ રહેવાય? આંખમાં આકાશ જાણે ગોરંભાયું હતું. ગમે ત્યારે માવઠું થાય એવું લાગતું હતું. ના, રડવું તો નથી જ. એણે કિરીટની ધૂંધળી પીઠ તરફ અપલક જોયા કર્યું. જાણતી હતી, એકનું એક નાટક ફરી ફરીને ભજવાશે અને એને વધુ ને વધુ દુઃખી કરશે. આંખ જોરથી બંધ કરી દીધી. છતાં એ બંધ આંખેય કિરીટની પીઠ જોઈ રહી.

'તમે દર વખતે આમ ઊંધી પીઠ કરીને કેમ સૂઈ જાઓ છો?' શરૂઆતમાં એ નવી નવી આવેલી ત્યારે કિરીટની પીઠ પર હાથ મૂકીને પોતાની તરફ ખેંચતાં મુખોમુખ થઈને કહ્યું હતું. ભૂખરા પ્રકાશમાં ત્યારે પણ ચહેરો સ્પષ્ટ દેખાયો ન હતો.

કિરીટે ખભા પરથી મોનાનો હાથ ખસેડીને ફરી ઊલટા ફરતાં ફરતાં સહેજ હસીને કહ્યું હતું, 'મોના ડાર્લિંગ, મને આ જ પડખે સૂવાની મજા આવે છે.'

મોનાને યાદ છે, અનેક રાતો એણે કિરીટની પીઠ જોઈ જોઈને વિતાવી હતી. ત્યારે પણ આજના જેવું જ અંધારું હતું. રૂમમાં પ્રવેશી કે તરત કિરીટે એને બાંહોમાં જકડી લીધી હતી. એક ઝાટકા સાથે કિરીટને પોતાથી દૂર કરીને એ પડખું ફરી ગઈ હતી.

'મારી તરફ ફર.' કિરીટે હાથ એના ખભા પર મૂકીને પોતાની તરફ ખેંચતાં કહ્યું હતું.

'ના, હવેથી હું આમ જ સૂઈશ.'

'કેમ?' ના જવાબમાં એનાથી ડૂસકું મુકાઈ ગયું. કિરીટ ઊભો થયો. લાઈટ કરી. જોયું તો મોનાની આંખમાં પાણી...

'કેમ રડે છે, ડાર્લિંગ?' પથારી પર બેસીને કિરીટે એને બાંહોમાં લેવાની કોશિશ કરી. મોનાએ વીજળીક ગતિથી હાથ ઊંચો કરીને કિરીટને લગભગ ધક્કો માર્યો હતો.

'આવું કેમ કરે છે, ડાર્લિંગ?' કિરીટે ફરી એને પોતાના તરફ ખેંચવાની કોશિશ કરી.

'પ્લીઝ, મને અડકીશ નહિ.'

'પણ શું થયું તે તો કહે?'

'ભયાનક ભૂકંપ આવ્યો છે અને એમાં હું તારાજ થઈ ગઈ છું.' મોના ધ્રુસકે ધ્રુસકે રડી પડી હતી.

કિરીટે એનો હાથ પોતાના મસ્તક પર મૂકીને કહ્યું, 'ચાલ, શું થયું તે કહે. તને મારા સમ!'

'તું મને પ્રેમ કરે છે?'

કિરીટ ખડખડાટ હસી પડ્યો હતો - 'આવો તે કંઈ સવાલ હોય? તું પણ જાણે છે, હું તને ખૂબ ચાહું છું.'

મોનાએ જાણે ચિસાડો પાડ્યો, 'જૂઠું...!'

'સાચું કહું છું. તારા સમ.'

'તો પછી પેલી કોણ છે?'

કિરીટને સહેજ આંચકો લાગ્યો હોય એવું મોનાએ અનુભવ્યું.

'કોણ પેલી?'

મોનાએ કિરીટની આંખોમાં ધ્યાનથી જોયું. પછી એનો હાથ પોતાના મસ્તક પર મૂકી ડૂસકાતા અવાજે પૂછ્યું :

'પેલી નચિકેતા...!'

જાણે કરંટ લાગ્યો હોય એમ ઝડપથી કિરીટે મોનાના મસ્તક પરથી હાથ લઈ લીધો. સહેજ ખસીને એ બારી પાસે આવી ઊભો રહી ગયો. મોનાએ પોતાના સ્થાન પર રહીને જ મોટા અવાજે પૂછ્યું :

'કોણ છે નચિકેતા? સાચું કહે, તને મારા સમ!'

'એ મારો પ્રેમ છે.' કિરીટે બારી બહારના આકાશ તરફ જોઈ રહેતાં કહ્યું હતું.

મોના લગભગ ધસીને બારી પાસે પહોંચી ગઈ. ઝાટકા સાથે કિરીટને પોતાની તરફ કર્યો. એની આંખમાં જોયું અને પછી પૂછ્યું : 'અને હું?'

'તું પણ મારો પ્રેમ છે.'

મોનાએ નોંધ્યું હતું કે બોલતી વખતે કિરીટનો અવાજ ભીનાશ પકડીને આવ્યો હતો. એ કઈ રીતે શક્ય બને? મોનાએ ત્યાર પછી કિરીટ સાથે બોલવાનું બંધ કરી દીધું હતું. આંખ ભીની થઈ. સામેનું દૃશ્ય એક જળમાં વહી ગયું. સામે કિરીટની પીઠ હતી. વધુ ધૂંધળી, વધુ અસ્પષ્ટ.

નિર્ણય તો લેવો જ પડશે. ફરી મોનાએ પોતાની જાતને કહ્યું.

સૂતાં સૂતાં પણ થાક લાગતો હતો. શરીરમાં કળતર થતી હતી. એણે ફરી પાસું બદલ્યું. ચાદર સાથે શરીરના ઘસાવાનો અવાજ તીવ્રતાથી અંધારામાં ફરી વળ્યો હતો. ઊંઘની ટીકડીની સહેજ પણ અસર નથી. એને થયું, વિચારો અટકી જાય તો કદાચ

ઊંઘ આવી જાય. સામે એ જ બારી હતી, જ્યાં કિરીટે નચિકેતા સાથેના સંબંધનો એકરાર કર્યો હતો. બારી બહારનું આકાશ વધુ અંધેરું બન્યું હતું. આંખ બંધ કરીને એણે વિચારોના ધસમસતા પ્રવાહને રોકવાની કોશિશ કરી. ગળું સુકાતું હોય એવું લાગ્યું. ઊભા થઈને પાણી પીવું જોઈએ એવું થયું. શરીરમાંથી બધી શક્તિ કોઈએ ચૂસી લીધી હોય તેમ પથારીમાંથી ઊઠવાની ઈચ્છા ન થઈ. ઘરમાં એના સિવાય એનું કોઈ ન હતું. વિચાર જાણે અનુભૂતિ બનીને આવ્યો. એને થયું પણ ખરું કે, આ અનુભૂતિને આગળ ન લંબાવે. શરીર અક્કડ કરી નાખ્યું. મનમાં શૂન્યાવકાશ સર્જવાની એ તીવ્રતાથી મથામણ કરી રહી. જો કે એથી તો શરીરમાં કળતર વધી ગઈ. આખા શરીરમાંથી થોરની જેમ દુખાવો ફૂટી નીકળ્યો. થયું પણ ખરું, લાંબો સમય આ સ્થિતિમાં રહેવાશે નહિ. એણે ઝડપથી પગ લાંબા કર્યા, આખેઆખા શરીરને ઢીલું કર્યું. બે-ત્રણ ઊંડા ઊંડા શ્વાસ લીધા. હમણાં હમણાં એ યોગના ક્લાસમાં જતી હતી, માનસિક શાંતિ માટે.

'આ ઘરમાં તને અશાંતિ ક્યાં દેખાઈ?' ઈચ્છા ન હોવા છતાં અંધારામાંથી સાસુ લક્ષ્મીબેન ટપકી પડ્યાં. ઘરમાં પગ મૂક્યો ત્યારથી સાસુએ તો એને ઘરની બહાર કાઢવા માટેની બધી જ યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવવા માંડી હતી. આખા દિવસમાં હજારોની સંખ્યામાં નાની-નાની ફરિયાદો સાસુના મુખે તે સાંભળતી : 'રસોઈ બનાવતાં નથી આવડતી, ઘરને સહેજ ચોખ્ખું રાખો, આખો વખત સૂઈ રહો છો, થોડુંક કામ પણ કરો, જોજે મારા કિરીટને ભરખી નહિ જતી! આમ ફૂલફટાક થઈને ક્યાં ચાલ્યાં? ઘરની ઈજ્જત સાચવજો.' આવું તો ઘણું ઘણું મોના સાંભળતી. ક્યારેક વિરોધ કરતી. કિરીટ પણ મહદંશે માનો જ પક્ષ લેતો. અંધકારમાં સાસુમા પોતાનું પાત્ર બેરોકટોક ભજવી રહ્યાં હતાં. એ કશું જ કરી શકતી નહોતી. બસ, નિઃસહાય બનીને એ જોઈ રહી. એક દિવસ સાસુમા હીંચકે ઝૂલતાં હતાં અને તે શાક સમારી રહી હતી. કહેવું કે ન કહેવું, પૂછવું કે ન પૂછવુંની અવઢવમાં ક્યારે ચપ્પુની ધાર એની આંગળીમાં ઘૂસી ગઈ એની ખબર પણ ન પડી. સાસુમાએ જોયું. 'કામમાં ધ્યાન આપતાં હો તો?'

મોનાએ સાડીનો છેડો આંગળી પર દાબી દીધો. સખત પીડા થતી હતી.

સાસુમા તરફ જોઈને ધીમા અવાજે ડરતાં ડરતાં છેવટે કહ્યું, 'તમને ખબર છે?'

લક્ષ્મીબહેને ત્યારે પણ અછડતી આંખે જોયું હતું. કશું બોલ્યાં ન હતા. જોકે આંખમાં પ્રશ્ન જરૂર હતો.

'કિરીટને કોઈ નચિકેતા સાથે....' વાક્ય અધૂરું જ રહ્યું હતું અને લક્ષ્મીબહેન ખડખડાટ હસી પડ્યાં હતાં. મોનાને ત્યારે કશું જ સમજાયું ન હતું.

'મમ્મી, કિરીટને નચિકેતા સાથે લફરું છે?'

જવાબમા લક્ષ્મીબહેન હીંચકા પરથી નીચે ઊતર્યાં. મોનાની નજદીક આવ્યાં. ઘૂંટણનો પ્રોબ્લેમ હતો. નીચે બેસી શકાય તેમ નહોતું, છતાં દબાણપૂર્વક મોનાની બાજુમાં બેઠાં. પછી જાણે સમજાવતાં હોય એમ કહ્યું, 'એ તો દરેક પુરુષને હોય. તને તો આનંદ થવો જોઈએ. તારા પુરુષમાં કેટલી તાકાત છે કે બીજી સ્ત્રીઓને પણ એ લોભાવી શકે છે.' પછી ખંધું હસ્યાં હતાં.

મોના ત્યારે સાસુને ક્યાંય સુધી જોઈ રહી હતી. એક સ્ત્રી બીજી સ્ત્રી માટે આટલું અધમ કેવી રીતે વિચારી શકે? એ પ્રશ્ન અંધારામાં ફરતો થયો. એ સાથે જ મોનાની આંખોમાં ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો. અંધારામાં ડૂસકાંનો અવાજ વધુ મોટો સંભળાયો. રડતી રહી મોના, ધ્રુસકે ધ્રુસકે રડતી રહી. અંધારું પણ મોનાની સાથે જાણે ડૂસકે ચઢ્યું હતું. આખું શરીર કંપતું હતું.

'શું થયું મોના?' અવાજ સાથે એના ખભા પર કિરીટનો હાથ હળવેથી પડ્યો.

'તું રડે છે?' બીજો પ્રશ્ન આવ્યો. મોના નિરુત્તર રહી. કિરીટ ઝડપથી ઊભો થયો. લાઈટ કરી. જગમાંથી પાણી ગ્લાસમાં રેડ્યું. મોના પાસે આવીને ઊભો રહ્યો અને કહ્યું, 'લે પાણી પી!'

મોના પથારીમાં પડી પડી જ ડુસકાતી હતી. કિરીટે મોનાને ખભેથી પકડીને ઉઠાડવાની કોશિશ કરી. મોના બળપૂર્વક પથારી સાથે ચીપકી રહી.

'તારે શું જોઈએ છે?' એકાએક કિરીટ ગુસ્સે થઈ ગયો. મોનાએ અણગમાથી કિરીટના હાથને હડસેલો માર્યો. સહેજ ધક્કો પણ માર્યો. કિરીટ થોડોક એનાથી દૂર ગયો. મોના હળવે હળવે પથારીમાંથી બેઠી થઈ. રડતા અવાજે કહ્યું, 'મારા પર એક ઉપકાર કરશે?'

'શું?'

'મને છૂટાછેડા આપ.'

કિરીટ ઝડપથી મોના પાસે આવ્યો. હળવેકથી એની ડોક ઊંચી કરી. એની આંખમાં જોયું. કહ્યું, 'ના, એ શક્ય નથી. હું તને ક્યારેય પણ છૂટાછેડા ન આપું.' પછી મોના પથારીમાં ફસડાઈ પડી. સાથે ત્રુટક અવાજે ડુસકાતી બોલી, 'હું તારી સાથે રહી શકું એમ નથી. મને છૂટાછેડા આપ.'

કિરીટે ઊભા થઈને લાઈટ બંધ કરી. ફરી પથારીમાં પડ્યો. પછી મોનાને પોતાની તરફ ખેંચી અને કહ્યું, 'હું તને ખૂબ પ્રેમ કરું છું. તને છૂટાછેડા ક્યારેય આપીશ નહિ.'

મોનાએ કિરીટના હાથમાંથી છૂટવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. સાથે ફુસફુસાતી બોલી, 'અને નચિકેતા?'

સામેથી અંધકારને ચીરતો અવાજ આવ્યો, 'નચિકેતાને પણ હું એટલો જ પ્રેમ કરું છું.'

'તો પછી મને છૂટાછેડા આપ.' બહાર ધીમે ધીમે અજવાળું ફેલાતું જતું હતું.

'ના, કદી નહિ.'

સઘળો અંધકાર જાણે મોનાની આંખમાં સમાઈ ગયો.

મોનાએ જોયું, સામેના દરવાજામાંથી કિરીટ ખોડંગાતો ખોડંગાતો ધીમેથી પ્રવેશી રહ્યો હતો. તેણે તરત નજર આડી કરી નાખી. તો સામે સાસુ લક્ષ્મીબહેનને બેઠેલાં જોયાં. તે પણ બારણામાંથી ધીમે ધીમે પ્રવેશતાં કિરીટને અપલક જોઈ રહ્યાં હતાં.

'આવી ગયો, દીકરા?' લક્ષ્મીબહેને તરત કહ્યું. મોનાએ ફરી કિરીટ તરફ જોયું. આવી ગયો તું? એવું બોલવાની ઇચ્છા ધરાર ન થઈ. જોકે મોનાએ કિરીટના ચાલવામાં ફેરફાર નોંધ્યો. એ લંગડાતો ચાલતો હતો. ધ્યાનથી જોયું તો ચહેરો પીડાને કારણે સખત ખેંચાયેલો હતો. શું થયું હશે? પ્રશ્નની સાથે જ તરત પ્રતિક્રિયા આવી. જે થયું હોય તે, મારે શું? એણે મનોમન છણકો કર્યો. કિરીટની ચાલ ખૂબ ધીમી હતી. એણે પણ મોના તરફ અછડતું જોયું. બંનેની દૃષ્ટિ મળી. કિન્તુ ક્ષણ માત્ર. કશુંક ખોટું થઈ ગયું હોય તેમ બંનેએ તરત જ પોતાની દૃષ્ટિ બદલી નાખી. હું નથી બોલતી એનું મારી પાસે કારણ છે. પણ એણે તો મારી સાથે બોલવું જોઈએ ને? પ્રશ્ન થયો. જોકે ત્યાં જ વાવાઝોડું આવ્યું હોય તેમ લક્ષ્મીબહેન કિરીટ પાસે ધસ્યાં. એને ચાલતો અટકાવી પૂછ્યું, 'શું થયું દીકરા? ખોડંગાતો કેમ ચાલે છે?' કિરીટે લક્ષ્મીબહેન તરફ જોયું. એ મ્લાન હસ્યો. પછી બેફિકરાઈથી બોલ્યો, 'કંઈ નહીં મમ્મી, એ તો થોડુંક વાગ્યું છે.'

મોનાના હૃદયમાં જાણે પીડા ઊપસી આવી. થયું પણ ખરું, નજદીક જઈને પૂછે, ક્યાં વાગ્યું? કેવી રીતે વાગ્યું? બહુ વાગ્યું તો નથી ને? દવા પીધી? જોકે શરીરમાં આ પ્રશ્નોની કોઈ પ્રતિક્રિયા ન થઈ. એ એમ જ બેસી રહી, કિરીટ અને લક્ષ્મીબહેનને જોઈ રહેતી. કિરીટ તરત જ પોતાના રૂમમાં ચાલ્યો ગયો. મોનાને પણ એને અનુસરવાની ઇચ્છા થઈ. જોકે એ બેસી જ રહી. શરીરની બધી જ શક્તિ શોષવાઈ ગઈ હતી. લક્ષ્મીબહેને કિરીટને રૂમમાં પ્રવેશીને પ્રચંડ અવાજ સાથે બારણું બંધ કરતો જોયો. બંધ બારણાને તેઓ થોડોક વાર તાકી રહ્યાં. પછી ધસમસતાં મોના પાસે આવ્યાં, 'આને આટલું વાગ્યું છે તે તને કંઈ થતું નથી? એને પૂછ તો ખરી?'

મોનાએ જાણે કશું જ સાંભળ્યું ન હોય એમ બંધ બારણા તરફ જોયા કર્યું. સાથે સળગતો કાકડો ફેંકતી હોય તેમ કહેવાનું મન પણ થયું, 'પેલી નચિકેતાને બોલાવો.' કિન્તુ મૌન રહી. સળગતી આંખે માત્ર લક્ષ્મીબહેન તરફ જોયું એટલું જ. જોકે એક પ્રશ્ન ચિત્તમાં થયો પણ ખરો. બારણું બંધ કરીને કિરીટ શું કરતો હશે? નચિકેતા — જોકે આગળનો વિચાર અધૂરો જ રહ્યો.

લક્ષ્મીબહેને જોરથી મોનાનું બાવડું પકડ્યું ને પિશાચી તાકાતથી ખેંચીને ઊભી કરી. ચિસાડો પાડતાં બોલી, 'મારા કિરીટનો જાન લેવા બેઠી છે. જા અંદર જા. કિરીટને પૂછ.' સાથે જોરથી ધક્કો પણ માર્યો.

મોનાની આંખ સળગી ઊઠી. ગુસ્સાથી ધ્રૂજતાં લક્ષ્મીબહેન તરફ જોયું. 'ના. હું નહીં જાઉં. તે તમારી સગલી નચિકેતાને બોલાવો.' બોલીને ફરી પાછી એ ખુરશી પર ફસડાઈ પડી. લક્ષ્મીબહેન અસહાય બની એને જોઈ રહ્યાં. હું છૂટાછેડા તો લઈશ જ. એક મક્કમ વિચાર મોનાના ચિત્તને અસ્તવ્યસ્ત કરી ગયો.

કિરીટે બોલવાનું લગભગ બંધ કરી દીધું હતું. મોના તો કિરીટ ઘરમાં પ્રવેશે કે તરત જ મોં પર જાણે પટ્ટી બાંધી દેતી. અશબ્દ, પૂતળા જેવી. જોકે મોના નોંધતી હતી કે કિરીટ ધીમે ધીમે વધુ ને વધુ લંગડાતો ચાલી રહ્યો છે. ડગલું માંડવામાં એને સખત પીડા થઈ રહી છે એવું તેને લાગતું હતું. શું થયું હશે? એવો પ્રશ્ન જાતને જ પૂછતી. કિન્તુ મોનાએ ક્યારેય પણ એ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટેની કોશિશ કરી ન હતી. તો કિરીટે પણ પોતાને શું થયું છે તે જણાવવાની દરકાર કરી નહોતી. લક્ષ્મીબહેન વારંવાર પૂછતાં, પણ તેય કશું જાણી શક્યા નહોતાં. કિરીટ ઘરમાં પ્રવેશતો ત્યારે મોનાને થતું, ન સમજાય એવી દુર્ગંધ આવી રહી છે. એના પગ તરફ જોઈને કશુંક શોધવા માટે મથામણ કરતી. જોકે કશું જ મળતું નહીં, માત્ર પાટો દેખાતો. સાથે હોય લોહીનો ડાઘ. એમાં પરુ જેવી પીળાશ પણ ભળેલી હોય. ધીમે ધીમે પાટો અને ડાઘ મોટો થઈ રહ્યો હોય એવું એને લાગતું હતું. થતું પણ ખરું, કિરીટને કોઈ ભયાનક રોગ - ના, ના. મન બળવો કરતું. એ મને મારીને મરે એવો છે.

કિરીટ એક દિવસ સીધો જ મોના પાસે પહોંચ્યો. મોના ત્યારે રસોડામા વૉશ બેઝિનમાં એસિડ નાખીને કચરો સાફ કરવાની કોશિશ કરતી હતી. વૉશ બેઝિનમાં પાણી ભરાઈ ગયું હતું. નાનકડા સળિયાથી તે કચરાને આગળ ધકેલવાની કોશિશ કરતી હતી.

'મોના.' અવાજ સાંભળ્યો. જવાબમાં એણે કિરીટ તરફ જોવું જોઈએ. પણ ન જોયું. સાંભળ્યું ન હોય તેમ તે સળિયાને વૉશ બેઝિનનાં કાણાંમાં જોરથી ઠોકવા માંડી.

પાછળ લક્ષ્મીબહેન આવ્યાં. 'શું છે દીકરા?' કિરીટે લક્ષ્મીબહેન તરફ જોયું. જોકે પછી તરત જ મોના તરફ જોઈને આજીજી કરતો હોય તેમ કહ્યું, 'મોના, પ્લીઝ મને સાંભળ!'

મોનાના હૃદયમાંથી કશુંક ઊછળ્યું. કિરીટ તરફ ક્ષણાર્ધ જોયું. જોકે કિરીટની દયામણી નજરનો તાપ એ જીરવી શકી નહિ. તરત આડું જોઈ ગઈ.

લક્ષ્મીબહેને એક નજર મોના તરફ નાખી. પછી કિરીટના ખભા પર વહાલથી હાથ મૂકી કહ્યું, 'દીકરા! એ પથ્થર જેવી થઈ ગઈ છે. મને કહે, શું કહેવું છે તારે!'

કિરીટનો અવાજ સહેજ ધીરો થયો. 'મમ્મી.' માત્ર એટલું જ બોલાયું. કૂવાના ઊંડા પોલાણમાંથી આવતો હોય તેવો કિરીટનો ક્ષીણ અવાજ સાંભળી મોના કંપી ગઈ. સહેજ ડોક ફેરવીને કિરીટ તરફ જોયું. કિરીટ એની તરફ જોતો નહોતો. લક્ષ્મીબહેન તરફ એની દૃષ્ટિ હતી. જોકે સંબોધન થયું મોનાને.

'મોના, આવતી કાલે મારું ઑપરેશન છે. આખેઆખો પગ સડી ગયો છે. કાપવો પડશે.'

ત્યારે જ મોનાથી સળિયો જોરથી વૉશ બેઝિનના કાણાંમાં ઠોકાઈ ગયો. શું થયું તે પાણી સડસડાટ જવા માંડ્યું. મોના થોડીક ક્ષણો પાણીના વહેવાને અને સાફ થતા વૉશ બેઝિનને જોઈ રહી. પછી અચાનક યાદ આવ્યું હોય તેમ પૂછ્યું, 'પગ સડી ગયો? કેવી રીતે? ઑપરેશન કરવાનું? મને કહ્યું પણ નહિ?'

બોલતાં બોલતાં તેણે કિરીટ તરફ જોયું. જોકે એ ત્યાં નહોતો. એ તો ચાલ્યો ગયો હતો. એના શબ્દો સામેની ભીંત સાથે અથડાઈને પાછા આવ્યા. લક્ષ્મીબેન ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં. મોના પોતાના લૂગડાથી હાથ લૂછતી લક્ષ્મીબહેન તરફ દોડી.

'દૂર રહેજે મારાથી. તું મારા દીકરાને ભરખી જવાની.'

મોના અટકી ગઈ. લક્ષ્મીબહેન તરફ જોઈ રહી. લક્ષ્મીબહેન પણ તરત રસોડામાંથી બહાર નીકળી ગયાં. મોનાની આંખમાં અશ્રુ બહાર ધસી આવ્યાં.

'તમે ક્યારેય સુગર ચેક કરાવ્યું નહિ?' પ્રશ્નના જવાબમાં કિરીટનું નકાર સૂચવતું ડોકનું હલાવવું. મોનાએ ડૉક્ટર તરફ અપલક જોયું.

'તમને ખબર છે, ઑપરેશન સફળ થયું હોવા છતાં તમે -' ડોક્ટરનો અવાજ વધુ ગંભીર બન્યો હતો. મોનાના કાન વધુ સતેજ થયા. શું કહેશે ડૉક્ટર? કિરીટે પોતાના કપાયેલા પગ તરફ જોયું. એનો બીજો પગ એકલો જ પથારી પર પડેલો હતો. મોનાના નાકમાં હોસ્પિટલની તીવ્ર ગંધ પ્રવેશી ગઈ.

'ડૉક્ટર...!' એ કશુંક બોલવા ગઈ.

ડૉક્ટરે હાથ સહેજ આગળ કરીને મસ્તક જોરથી હલાવીને માત્ર એટલું જ કહ્યું, 'મને ખબર નથી, આગળ શું થશે.' પછી આકાશ તરફ નજર કરી કહ્યું, 'Wait and watch.'

ડૉક્ટર શા માટે થોભવાનું કહેતા હતા અને શું જોવાનું કહેતા હતા? એ પ્રશ્નનો જવાબ મળ્યો જ નહિ. ડૉક્ટર ગયા પછી મોનાએ કિરીટ તરફ જોયું. કિરીટ તો મોનાને જ જોઈ રહ્યો હતો.

'મોના, અહીં આવ.'

મોના કિરીટ તરફ અપલક જોતી ઊભી જ રહી.

'પ્લીઝ...! મોના, અહીં આવ.'

ભીતરથી ખંચકાટ હોવા છતાં મોનાએ આગળ ડગલું ભર્યું.

'આવ, બેસ મારી પાસે.'

મોના ખંચકાઈને બેડ પર કિરીટ પાસે બેઠી. કિરીટે મોનાનો હાથ પકડ્યો. ધીમે ધીમે કિરીટનો હાથ મોનાના હાથ પર ફરતો હતો. શરૂઆતમાં કિરીટના હાથમાં કાંટા હોય તેવી અનુભૂતિ થઈ. કિરીટનો હાથ ફરતો રહ્યો અને મોનાને કંટક ભોંકાતા રહ્યા. ક્યાંય સુધી કિરીટ હાથ પર હાથ ફેરવતો રહ્યો. એક ધીમું ડૂસકું મોનાને સંભળાયું. તરત એણે કિરીટ તરફ જોયું.

'મોના, મેં તારી સાથે ખૂબ અન્યાય કર્યો છે.' રુદન વધતું ગયું.

મોના નિરુત્તર. મોનાએ પોતાના રુદનને બળજબરીથી અટકાવ્યું.

'કંઈક બોલ મોના!'

'શું બોલું?'

'તને છૂટાછેડા જોઈએ છે ને?' કિરીટે મુદ્દાની વાત કરી.

મોના અશબ્દ રહી.

'તને યાદ હશે કે, એક વખત મેં તને છૂટાછેડા આપવાની ના કહી હતી?' પ્રશ્ન પછી કિરીટ થોડું થોભ્યો. મોના તરફ જોયું. મોનાએ હકારમાં મસ્તક નમાવ્યું.

નચિકેતા શું કરતી હશે? અનાયાસ જ મોનાને સવાલ થયો. જોકે કિરીટને એ પૂછ્યો નહિ.

'ચાલ, આજે હું તને-' વાક્ય અધૂરું મુકાયું. થોડોક સમય મૌન. મોના કિરીટના બોલવાની પ્રતીક્ષા કરતી હતી. 'હું તને...' કિરીટ આગળ બોલી ન શક્યો.

'એટલે?'

'મારે જીવવું નથી.' કિરીટ બોલ્યો.

અહીં પણ ક્યાં કોઈને જીવવું છે? મોના મનમાં જ બોલી.

'તને ખબર છે, હું જાણી જોઈને મૃત્યુ તરફ ધસતો હતો. ભીતરથી મને એવું લાગતું કે હું એક સાથે બે સ્ત્રીઓને અન્યાય કરી રહ્યો છું. તને પણ અને નચિકેતાને પણ.' નચિકેતાનું નામ સાંભળીને ફરી મોનાએ પોતાનો હાથ કિરીટના હાથમાંથી છોડવવાની કોશિશ કરી.

'ના, ના મારા હાથમાં જ હાથ રાખ. કાલે કદાચ હું નહિ હોઈશ.' મોનાએ વેધક દૃષ્ટિથી કિરીટ તરફ જોયું.

'હું બહુ જીવવાનો નથી.'

'એટલે?'

'એટલે કે, હું તને છૂટાછેડા આપું છું. આજથી જ, હમણાંથી જ.' કિરીટે ડુસકાતાં અવાજે કહ્યું.

'ના.' અનાયાસ મોનાથી બોલાઈ ગયું.

'હા, એવું જ થશે. છૂટાછેડા હું તને આપીશ. આવતી કાલે હું ન હોઉં તો મોના પ્લીઝ, મને યાદ ન કરતી.' સાથે જ કિરીટે મોનાનો હાથ હળવેકથી છોડી દીધો. મોનાએ પોતાના હાથ તરફ જોયું. કિરીટના હાથનો સ્પર્શ હજુય રવરવતો હતો. એણે કિરીટ તરફ ધ્યાનથી જોયું. એની આંખમાં આંસુ તગતગી રહ્યાં હતાં. મોનાએ ધીમે ધીમે પોતાનો હાથ આગળ લંબાવ્યો અને કિરીટનો હાથ પકડી લીધો. સ્પર્શમાં કાંટાળો અનુભવ ન થયો. સાથે જ મોનાની આંખમાંથી એક અશ્રુબિંદુ સર્યું ને કિરીટના હાથ પર પડ્યું. કિરીટે ધીમેથી પોતાનો હાથ પાછળ ખેંચી લીધો. 'મોના હવે તું સ્વતંત્ર છે.' કિરીટે એ સાથે જ પડખું ફેરવ્યું. મોના કિરીટની પીઠને અપલક જોઈ રહી. આંખમાં અશ્રુઓ જાણે ઊભરાતાં હતાં, પીઠ ધૂંધળી બનતી ગઈ. ■

ચિંતન

# આપણું જીવન એક જાદુઈ ડબ્બી જેવું છે

● જનક નાયક ●

*ન સમજો તો જીવન ક્ષણ પણ અધૂરી*
*અને સમજો તો એક જ ક્ષણ ઘણી છે.*
*– આદિલ મન્સૂરી*

પ્રશ્ન પૂછીએ આપણી જાતને, કેટલો સમય છે આપણી પાસે? કદાચ એક ક્ષણ. કદાચ એક મિનિટ. કદાચ પાંચ મિનિટ. કદાચ પાંચ કલાક. કદાચ પાંચ મહિના. કદાચ પાંચ વર્ષ. કદાચ પચાસ વર્ષ. કદાચ એંસી વર્ષનો પણ સમય હોય આપણી પાસે. આપણું જીવન એક જાદુઈ ડબ્બી જેવુંછે. એમાંથી દરરોજ એક એક દિવસ આપણને ઈશ્વર તરફથી અથવા ઈશ્વરમાં જે માનતા ન હોય તેઓ માટે કુદરત તરફથી ભેટ મળતો રહે છે. આ દિવસની ભેટ મળતી ક્યારે બંધ થઈ જાય એની કોઈને ખબર નથી. અર્થ એ કે, આપણે અનિશ્ચિતતાઓ વચ્ચે જીવીએ છીએ. સવારે જાગીએ ત્યારે કોણ જાણે કેમ આભારદર્શક હાથ આકાશ તરફ ઊંચા થઈ જતા હોય છે. 'તારો ખૂબ ખૂબ આભાર. આજનો નવો દિવસ જોવા મળ્યો.' રાતે હેમખેમ ઘરે આવીએ ત્યારે પણ 'આજનો દિવસ પસાર થઈ ગયો' નો આનંદ આપણામાં કશીક શ્રદ્ધાનાં બીજ રોપતો હોય છે.

મને એક કલ્પના કરવાનું મન થાય છે. આપણે સમયની ઘડિયાળ પર લટકી ગયા છીએ. સમયના કાંટાઓ અવિરત, નોન સ્ટોપ ફરતા રહે છે. આપણે કાંટાની સાથે ચાલતા રહીએ છીએ. ઘણી વખત એવો ભ્રમ થાય છે, આપણે સમયને ચલાવી રહ્યા છીએ. પણ વાસ્તવિકતા એ છે કે, સમય આપણને એની સાથે ખેંચી રહ્યો છે. આપણે છીએ ત્યાં સુધી સમય છે. સમય તો અવિરત છે. ચાલ્યા જ કરે છે. પણ આપણે નહિ હોઈએ, પછી સમયની ગણતરી કોણ કરશે? આપણે નહિ હોઈએ ત્યારે પણ સમય ચાલતો જ રહે છે. પણ એય હકીકત છે કે, સમયનું અસ્તિત્વ આપણા લીધે જ છે. સમયને આપણે અનુભવીએ છીએ. આપણા મૃત્યુ સાથે સમય પણ મૃત્યુ પામતો હોય છે. આપણે નહિ હોઈએ પછી સમય હોય અથવા ન હોય તેથી શું? તેથી જ સમયને પૂર્ણતયા આનંદથી અનુભવી ન શકાયાનો વસવસો ન રહી જાય એ માટે પણ સમયના શ્રેષ્ઠ આયોજનની કળા આપણને આવડવી જોઈએ. આપણે એ અંગે જ સમયના વિવિધ પાસાંઓ, એની લાક્ષણિકતાઓ વગેરેને કેન્દ્રમાં રાખીને સમયનું આયોજન કરવાની કોશિશ કરી રહ્યા છીએ.

બહુ વર્ષો પહેલાં એક વાર્તા સાંભળેલી અથવા વાંચેલી. ઝાંખી ઝાંખી એ યાદ છે. એક મોટું શહેર. નામ આપણે આપી દઈએ, અમદાવાદ. એના એક ભરચક રસ્તા પર એક મદારી ખેલ કરી રહ્યો છે. વાંદરો નાચી રહ્યો છે. અચાનક મદારીની દૃષ્ટિ રસ્તા પરના એક ચળકતા પથ્થર પર પડે છે. એ તરત પથ્થર લઈ લે છે. ખિસ્સામાં મૂકે છે. પછી એને થાય છે, આ પથ્થર ખિસ્સામાં રાખવાથી શો ફાયદો? એનાં કરતાં આ સુંદર, ચળકતો પથ્થર જોઈને બાળકો ખુશ થશે. એટલે એ વાંદરાના ગળામાં એ પથ્થર લટકાવી દે છે. એક વેપારી આવે છે. પથ્થર જોઈને એ ચોંકી જાય છે. આ તો હીરો? તરત એ મદારીને કહે છે, 'પથ્થર વેચવો છે?' મદારી કહે છે, 'હા.' 'કેટલામાં?' મદારી કહે, 'પાંચસો રૂપિયામાં.' પણ વેપારીને લોભ જાગે છે. 'હું તને સો રૂપિયા આપીશ.' મદારી ના કહે છે. વેપારી સહેજ આગળ જાય છે. એને એમ કે, મદારી તેને બોલાવશે. પણ મદારી તેને બોલાવતો નથી. વેપારીને થાય છે, થોડુંક ફરીને આવું. પછી મદારી પાસેથી એ પથ્થર ખરીદી લઈશ. ફરીને વેપારી આવે છે. તો એ વાંદરાના ગળામાં પથ્થરને જોતો નથી. એ ગુસ્સે થઈ જાય છે. 'ક્યાં ગયો એ પથ્થર?' મદારી કહે છે, 'મેં તો એ પથ્થર વેચી દીધો. ૫૨૫ રૂપિયામાં.' વેપારી માથે હાથ દઈને બેસી જાય છે. પછી ખિજવાઈને બોલે છે, 'મૂરખ! તને ખબર છે, એ પથ્થર નહોતો. હીરો હતો.' મદારી સ્વસ્થતાથી બોલે છે, 'મને કંઈ હીરાની ખબર નહોતી.' 'તને ખબર નથી, 'તેં કરોડો રૂપિયાનું નુકસાન કર્યું છે.' વેપારી વધુ ને વધુ ચિઢવાઈને બોલતો હતો. 'માફ કરજો. મારે મન તો એ પથ્થર જ હતો. મને તો ૨૫ રૂપિયાનો ફાયદો થયો છે. પણ તમે તો હીરા વિશે જાણતા હતા. પછી શા માટે લાખો રૂપિયાનું નુકસાન કર્યું?' મદારી સામે પ્રશ્ન પૂછતો હતો. વેપારી શું બોલે? એ નતમસ્તકે ત્યાંથી ચાલ્યો ગયો. મદારી પછી ફરી ખેલ બતાવવામાં તલ્લીન થઈ ગયો, જાણે કશું જ ન બન્યું હોય તેમ.

સમયનું પણ એવું જ છે. આપણે સૌ જાણીએ છીએ કે, સમય શું છે? અને છતાં જાણે સમયને સમજતા ન હોઈએ એ રીતે વર્તીએ છીએ. જો આપણી જીવનશૈલીને તપાસીશું તો જણાશે કે આપણા પર સમય રાજ કરે છે. ને આપણે સૌ સમયના ગુલામ બની ગયા છીએ.

આપણી પાસે કેટલો સમય છે? ભલે, આજની ક્ષણે જવાબ આપવામાં મુશ્કેલી પડે. પણ સહેજ થંભીને વિચારો. માની લો, આજે તમે એકવીસ વર્ષના છો. તો તમે અત્યાર સુધીમાં કેટલો સમય પસાર કર્યો છે? જરા વિચારો. આ એકવીસ વર્ષમાં તમે એક લાખ ત્યાસી હજાર નવસો સાઇઠ કલાક પસાર કર્યા છે. આ સમય કઈ રીતે પસાર થયો એ તમારે વિચારવાનું છે. હજુ

એક ગણતરી કરી લઈએ. સામાન્ય રીતે સરેરાશ સાત કલાકની ઊંઘ ગણીએ, (કેટલાક કુંભકર્ણ યુવાનો દિવસના ૧૦ થી ૧૨ કલાક ઊંઘતા હોય છે એની આપણે વાત કરતા નથી.) એટલે માત્ર ઊંઘવામાં ત્રેપન હજાર છસો પંચાવન કલાક પસાર થાય છે. પછી રોજિંદી ક્રિયામાં નહાઈ ધોઈને તૈયાર થવામાં, કપડાં બદલવા કે પહેરવામાં, જમવામાં, નાસ્તો કરવામાં લગભગ ચાર કલાક. (કેટલાકને તૈયાર થવામાં જ માત્ર ચાર કલાક જોઈતા હોય છે એ અલગ વાત છે.) એટલે આ રોજિંદી અત્યાવશક ક્રિયાઓમાં આપણો સમય જાય છે ત્રીસ હજાર છસો સાઈઠ કલાક. આઠ કલાકની નોકરી અથવા બિઝનેસ અથવા ભણવામાં. એટલે એમાં આપણો કુલ સમય જાય એકસઠ હજાર ત્રણસો વીસ કલાક. (કેટલાક સરકારી ઓફિસમાં પોતાની ઊંઘ પૂરી કરવા જતા હોય છે અને કેટલાક માત્ર ગપ્પાં મારવા. પણ આપણે એની વાત કરવી નથી. આ લેખમાળા વાંચીને તેઓને થોડીક બુદ્ધિ આવે એવું આપણે ઈચ્છીએ.) આમ કુલ ૧૯ કલાકનો સમય આપણે રોજિંદી ઘટમાળમાં એક જ ઢબથી પસાર કરવો જ પડે છે. આ સમયના વપરાશમાં આપણું કશું ચાલતું નથી. અલબત્ત, જો આ સમય સંતાપમાં વીતે તો બાકીના સમય પર તેની ગંભીર અસર થાય છે. દા.ત. ઊઠવામાં મોડું થયું, એટલે તૈયાર થવામાં મોડું થયું. એટલે ફૂસ ફૂસ કરતું ખાવું પડ્યું. સંતોષ થયો નહિ. સમય પસાર થયો ખરો પણ મજા આવી નહિ. હવે પછી પાંચ કલાકનો સમય રહે છે, અર્થાત એકવીસ વર્ષમાં આડત્રીસ હજાર ત્રણસો પચીસ કલાક. આ સમય આપણે કઈ રીતે પસાર કરીએ છીએ એની પર જ આપણી લાઈફ સ્ટાઈલનો મુખ્ય આધાર છે. કયો સમય કઈ રીતે પસાર કરવાનો છે એ વિશે આપણે આગળ વાત કરવાના જ છીએ. પણ મારે તમારું એક વાત પર ધ્યાન દોરવું છે. એકવીસ વર્ષમાં ૧,૮૩,૯૬૦ કલાક પસાર થઈ ગયા. એની આપણને ખબર પણ પડી નહિ. અને આપણે અત્યાર સુધીમાં કઈ સિદ્ધિ હાંસલ કરી? કેટલો સમય બરબાદ કર્યો? કેટલા સમયને તમારા લક્ષ્યાંક માટે તમે વાપર્યો? અને સમયના કેટલા ભાગનો સદુપયોગ કર્યો? આ પ્રશ્નો જાતને પૂછવાના છે. ડાયરી લખતા હોય તો તો આપોઆપ તમારા એકવીસ વર્ષના જીવનનું સરવૈયું તમારા હાથમાં આવી જાય. સમય બહુ કિંમતી છે અને તેનો બહુ સંભાળીને ઉપયોગ કરવાનો છે એ આપણે જાણતા હોવા છતાં સમયને આપણે અતિશય બેદરકારીથી પસાર થઈ જવા દઈએ છીએ. સરવૈયું જો હાથમાં આવ્યું હો તો કદાચ તમે ધ્રૂજી જાઓ એવાં તારણો હાથમાં આવશે. પણ નિરાશ થવાની જરૂર નથી. જાગ્યા ત્યારથી સવાર. હવે એક બીજો પ્રશ્ન. તમારું આયુષ્ય તમે કેટલું ધારો છો? તમારા આયુષ્ય વિશે કદી સાશંક રહો નહિ. તમે એકવીસ વર્ષ પૂર્ણ કરવાના છો એવું પણ જાણતા નહોતા. છતાં એકવીસ વર્ષ પૂર્ણ થઈ ગયાં. તમે કેટલાં વર્ષ પૂર્ણ કરવાના છો એ જાણતા નથી. જાણવાનું કામ પણ નથી. હા, ધારણા કરવી હોય તો કરી શકાય. આયુષ્ય ધારવું હોય તો હંમેશાં હકારાત્મક રહેવું. ધારી લો તમે ૭૫ વર્ષ જીવવાના છો. આ લેખમાળામાં સમયના ઉપભોગની જે ટેકનિક દર્શાવી છે એનું પાલન કરશો તો એકસો પચાસ ટકા તમે ૭૫ શું, સો વર્ષ પણ જીવી જાઓ. પણ આપણે પંચોતેર વર્ષનું જ વિચારીએ. એમાંથી તમે અત્યાર સુધીમાં પસાર કરેલા એકવીસ વર્ષ બાદ કરીએ. તો તમારી પાસે બચે છે ચાર લાખ, તોંત્તેર હજારને ચાળીસ કલાક. અધધધ...કહી શકાય એટલા કલાકો તમારી પીઠ પરના કોથળામાં છે. એ કોથળો કાણો છે. તમે ઈચ્છો કે ન ઈચ્છો એ કોથળામાંથી કલાકોની સોનામહોરો નીચે પડતી જ જાય છે. તમારી પાસે છે ત્યાં સુધી એ સમય સોનામહોર છે. તમારી પાસેથી પસાર થઈ ગયો, એટલે સમય બની ગયો પથ્થર, જેની કોઈ કિંમત નથી.

આપણે ઘણી વખત કહીએ છીએ, 'મારી પાસે જો થોડાક પૈસા હોય તો હું જગત જીતી લઉં.' પૈસા વિના જાણે આપણે અપંગ બની ગયા હોઈએ એવો ભાવ અનુભવીએ છીએ. પણ આપણી પાસે સોનામહોરોરૂપી અઢળક સમય છે એનો આપણે કદી વિચાર કરતા નથી. આ સમય એ આમ તો પૈસાથી પણ વધુ કિંમતી છે. ચાલો, આજથી જ સમયને ઓળખવાની કોશિશ કરીએ. સમયને ઓળખીશું તો એના શ્રેષ્ઠ આયોજનની તરકીબો પણ જાણી શકીશું. ■


પંચગની હવાફેર

પ્રકૃતિના સાંનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવાફેર કરવા પધારો.
શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
રાજલક્ષ્મી આરોગ્યધામ
મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709

Estd. 1955
Laxmichand Dharshi
Container Transportation & Handling
Govt. Contractors ● Erection Job
Owners & Suppliers
Crane ● Top Lifter ● Forklift ● Trailor ● Truck ● Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
H.O. : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
L. D. Yard (Jasai, JNPT) : 6522 3399

ચિંતન

# આપણાં ધાર્મિક સ્થળો ગંદાં કેમ છે?

● ભીમજી નાકરાણી ●

થોડા વર્ષો પહેલાં સૌ પ્રથમવાર હરદ્વાર જવાનું થયું. મારા મનમાં ગંગાનો કિનારો, વૃક્ષોથી સભર ગામ, મસ્ત મજાના આશ્રમોની કલ્પના હતી. વહેલી સવારે મોં સુઝણા ટાણે બસમાંથી ઉતરવાની સાથે એક નિસાસો નંખાઈ ગયો. મને થયું કે, "અરે! મારો આખો દેશ જે નદીને માતા ગણે છે, પવિત્રતાની સાક્ષાત મૂર્તિ છે અહીં દેવાલયો અને આશ્રમોનો કોઈ પાર નથી તે આ દેવભૂમિ!" જ્યાં જુઓ ત્યાં ગંદવાડ, આસપાસ વૃક્ષોનું નિકંદન કાઢી નાંખેલું, જ્યાં નજર પડે ત્યાં માણસો ખુલ્લામાં જાજરૂ બેઠેલા. કેટલીક ધર્મશાળાઓમાં ફર્યા, નર્યો ગંદવાડ, ઊભા રહી શકાય નહીં તેવી સ્થિતિ! અને આ દશ્ય બધે જ જોવા મળ્યું. ત્યારબાદ ઋષિકેશ. અહીં પણ આ જ દશા! પછી તો ગોકુળ, વૃંદાવન, મથુરા અને ધાર્મિક સ્થળો જોયા, નેપાળમાં કાઠમંડુ-પશુપતિનાથ મંદિરમાં ખુલ્લા પગે ચાલતા ચીતરી ચડે તેટલી ગંદકી. ક્યાંય પેશાબ કરવા ન જઈ શકો તેવા ગંધાતા પેશાબખાના. મન દુઃખી દુઃખી થઈ જાય. આને માટે જવાબદાર કોણ?

ગુજરાતમાં પણ અંબાજી જાવ, ડાકોર જાવ, હમણાં જ પાવાગઢ ગયો, સાથે સાથે નાના મોટા મંદિરોમાં જવાનું થયું. માં ચામુંડાના દર્શને ગયા, નીચે તળેટીની ગંદકી, ભીડ અને દુકાનો જોઈ-મનમાં લાગે કે આટલી ગંદકી, ગેરશિસ્ત અને લોકોના માનસની ગંદકીમાં ઈશ્વરને કે માતાજીને ક્યાંથી ગમે? તરણેતરના કુંડમાં ગંદુ પાણી જોયા પછી અહીં આ બધા સ્થળોની આવકનો ઉપયોગ ક્યાં થાય છે? મોટો પ્રશ્નાર્થ ઊભો થયો.

લોકો દર્શને જાય છે, હાથમાં ખાવાનું, પીવાનું પાણી કે બીજી બોટલો, પ્લાસ્ટિકની થેલીઓ, ઇચ્છા પડે ત્યાં ફેંકે છે. માણસોને ચાલવાની જગ્યાના અભાવ વચ્ચે ગંધાતા નાસ્તાની લારીઓ, ખાણી પીણીની હોટલો અને જેને જ્યાં ઇચ્છા પડે ત્યાં મસાલા ખાઈને થૂંકવાની ટેવ. ભગવાનની છબીઓનેય છોડતા નથી. હિંદુત્વની ભાવના અને ઈશ્વરનો ભાવ ક્યાં સંતાઈ જતા હશે? નાના બાળકોને કે મોટેરાઓને આ ગંદકી કરતા અટકાવે કોણ? ગંદકી થયા પછી આ ધર્મ સ્થળોના મેનેજમેન્ટની જવાબદારી ખરી કે નહીં? વાહન પાર્કિંગના સ્થળો દૂર હોય, રસ્તા ઉપર ગંદવાડ, ધર્મ સ્થળોને પણ પ્રજા છોડતી નથી. કોઈ પણ ધર્મ કે સંપ્રદાયોના દેવસ્થાનોની આ દશા માટે કોણ જવાબદાર? પ્રજાએ વિચારવું પડશે. આ ધર્મ સ્થળોની આજુબાજુ જાહેર મુતરડી કે શૌચાલયમાં ગંદકી સહન ન થઈ શકે. સારંગપુર હનુમાનના દર્શને જતાં પહેલાં મંદિરમાં દાખલ થઈને ડાબી બાજુ જજો. તમને થશે કે અહીં મારો આ 'દાદો' આ મંદિરના મેનેજમેન્ટને 'ગદા' દેખાડતો નથી લાગતો? ક્યારેક ડાકોરથી ગળતેશ્વરની જગ્યા જોજો. આવી ગંદકીમાં મારો - તમારો ભગવાન ટકે ખરો? જ્યારથી આ પ્લાસ્ટિક પેકિંગ, ફુડપેકેટ્સ હોય કે ઠંડા પાણીની બોટલો આવી છે, આપણા જાહેર સ્થળો ગંદકી-ગટરના સ્થળો બની ગયા છે. કોઈને પણ આ ગંદકી કરતા હાથ અચકાતો નથી, શરમ આવતી નથી. મસાલા-પાનની પિચકારી મારતા કોઈને ડર લાગતો નથી અને પછીથી આ પ્રજાના પૈસે આ ધર્મ સ્થળોમાં તગડી કમાણી કરતા શહેર કે આ જગ્યાના મેનેજમેન્ટને આ ગંદવાડ સામે કોઈ વાંધો નથી તેમ આ બધું વધતું જ જાય છે.

હમણાં જ ઇસ્કોન મંદિર - ભાડજ જવાનું થયું. આગલા દિવસોમાં તહેવાર હતો. ત્રીજા દિવસે ગયો હતો. અંદર મંદિરમાં ભગવાનને જ્યાં બેસાડેલા તે નાનકડા પરિસરમાં ત્રણ જગ્યાએ દાનપેટીઓ હતી, ફૂલોના શણગાર હતા. જેવો બહાર આવ્યો, રસોડા વિભાગ અને બાથરૂમ (જાહેર શૌચાલય) તરફ ગયો-જ્યાં જુઓ ત્યાં ગંદવાડ, પગ મૂકો તો ક્યાં મૂકવા? એમાંયે જાજરૂની જગ્યા ઉબકા આવે. અહીં લોકો આંખો બંધ રાખીને આવતા હશે? કોઈને થાય છે ખરું કે લાખો રૂપિયાનો વેપાર કરો છો, ચોખ્ખાઈ તો રખાવો! આ ગંદવાડમાં મારો કન્હૈયો રહે ખરો?

ધાર્મિક સ્થળોની આ ગંદકી માટે કોણ જવાબદાર? પ્રજા? પૂજારીઓ? મેનેજમેન્ટ? કે લોકલ પ્રજા? ગમે તે હોય પણ આપણે વિદેશ તરફ નજર નાંખવી પડે કે નહીં? કોઈ ધાર્મિકતા વિના પણ જાહેર સ્થળો કે પછી દેવાલયો-કોઈ વ્યક્તિ ગંદવાડ ફેલાવતો નથી. અને સરકારી તંત્ર ચલાવી લેતું નથી. આ શિસ્ત જો ધર્મ પણ શીખવાડી ન શકે, તો આ ધર્મ શા કામનો? આ પ્રજાને કોઈનીયે બીક નથી, તો સામે આ ધર્મ સ્થળોમાંથી પૈસા રળતા જે તે સ્થળના મેનેજમેન્ટને પણ ઈશ્વર સાથે કોઈ લેવાદેવા નથી.

કોઈપણ મંદિર, પરિસર, દેવાલયમાં જાવ, ત્યારે મંદિર-દેવાલયની આસપાસ જજો, શૌચાલયમાં જજો તમને ચોખલિયા થઈ ફરતા પૂજારી અને ધર્મસ્થાનના સંચાલકને સાચું કહી તેમના ભક્તજનોએ ફેલાવેલા ગંદવાડને દૂર કરવાની વાત કરજો. મેં આ પ્રયોગ કર્યો છે. દરેકે દરેક જાગૃત પ્રજા આ પ્રયોગ કરે અને જાતે ક્યાંય ગંદકી ન કરે તો કદાચ આવતા ૨૦ વર્ષ પછી આપણા ધાર્મિક સ્થળો ગંદકી મુક્ત થાય, આપણી નદીઓ કચરામુક્ત થાય, એવું અંદરથી દૂર-દૂર લાગ્યા કરે છે.

**મો. ૯૭૨૩૩૩૬૪૮૨**

● **તણખો :**

***મુ. શ્રી નરેન્દ્રભાઈ મોદીને માલૂમ થાય કે તમે બે હાથે પકડેલા સાવરણા સાથેના ફોટોગ્રાફ અને પોસ્ટરો ઠેરઠેર રોડ ઉપર રખડતી ગાય માતાના પેટમાં જતા રહ્યા છે અને તે કાગળનું છાણ, અહીં મેટ્રો સિટીના રસ્તા પર રખડી રહ્યું છે.***

મંથન

# મૃત્યુની મારી પસંદગી

● ફાધર વર્ગીસ પૉલ ●

વહેલા મોડા મૃત્યુ તો એક દિવસ આવવાનું જ છે. ગમે તે રીતે ગમે ત્યાં મરવાની મારી તૈયારી છે. ટૂંકા કે લાંબા ગાળાની માંદગીથી મરવાનું મારે ફાળે આવે તો તે પણ મને સ્વીકાર્ય છે. પણ હું ઇચ્છું છું કે મારું જીવન કૃત્રિમ રીતે જીવતું રાખવામાં ન આવે. મધ્યમ વર્ગના લોકોને ના પોષાય એવી દવાઓ અને વેન્ટિલેટર જેવા યંત્રોથી મારું જીવન લંબાવવામાં ન આવે. ઇચ્છા-મૃત્યુથી પણ મારા જીવનનો અંત આણવામાંય હું માનતો નથી. કારણ, હું દૃઢપણે માનું છું કે મારું જીવન મારા માટેની ઈશ્વરની અમૂલ્ય ભેટ છે. હું મને કે અન્ય કોઈને જીવન આપી શકતો ન હોઉં તો મને મારું જીવન લેવાનો પણ અધિકાર નથી. એટલે હું માંદગીથી, અણધાર્યા અકસ્માતથી કે કોઈ પણ કુદરતી રીતે મરણને આવકારવા તૈયાર છું.

સ્વેચ્છા-મૃત્યુ કે ગૌરવપૂર્ણ મૃત્યુની વાત હાલમાં ખૂબ જોરશોરથી ચાલે છે. રેશનલ સમાજના માસિક 'વિવેકપંથી' ના જાન્યુઆરી ૨૦૧૫ ના અંકમાં "સ્વેચ્છા-મૃત્યુનો અબાધિત આજન્મ અધિકાર" નામે લેખમાં ધનસુખ ઢીમરે ભૌતિકચંદ્ર ભૂતનાથની વાત કરી છે. લેખકે ભૌતિકચંદ્ર વિશે કહ્યું છે કે, "ભૌતિકચંદ્રનો એવો દાવો હતો કે આ સંસારની તમામ ક્રાંતિકારી યોજનાઓની મૂળ શોધ તેઓએ કરેલી." દુનિયાભરમાં ઘણાં બધાં ક્ષેત્રે ક્રાંતિકારી યોજનાઓ અને સુધારો કરવામાં આવે છે. એ બધી યોજનાઓના મૂળમાં પોતે હોવાનો દાવો કરનાર માણસનું મગજ ઠેકાણે હોય એવું મને લાગતું નથી. એટલે ધનસુખ ઢીમરે ભૌતિકચંદ્રની સ્વેચ્છા-મૃત્યુ વિશે કરેલી વાતથી મને નવાઈ લાગતી નથી.

ધનસુખ ઢીમર લખે છે, "સર્વ પ્રથમ તો ભૌતિકચંદ્રે પોતાના સ્વેચ્છા-મૃત્યુની જાહેરાત કરી. એમણે જણાવ્યું કે પથારીમાં કાગડા કૂતરાની જેમ રિબાઈ રિબાઈને મરવા હું માગતો નથી. હું માણસ છું અને માણસ તરીકે જેમ જીવવા ઇચ્છું છું એ જ રીતે માણસ તરીકે જ ગૌરવથી મરવા કટિબદ્ધ છું. મને ઇચ્છા થાય ત્યારે માણસ તરીકે સ્વેચ્છાએ મરવાનો અધિકાર કુદરતે જ આપેલો છે, એમાં માનવીની દખલગીરી હું સ્વીકારતો નથી. તેમણે ભાષણો કર્યા, લેખો લખ્યાં, ગૌરવપૂર્ણ મૃત્યુ વિશે એક દળદાર પુસ્તક પણ તેઓએ લખ્યું."

ભૌતિકચંદ્ર વિશે લેખક ધનસુખ ઢીમરે વધુમાં કહ્યું છે કે, "એમને અનુયાયીઓ બહુ જ ઓછા મળ્યા!" કદાચ એમને એક પણ અનુયાયી મળ્યો ન હોય. કારણ, ભૌતિકચંદ્ર સ્વેચ્છા-મૃત્યુને વરવા માગતા હતા. પરંતુ એમાં એમને મદદ કરવા માટે એક પણ અનુયાયી મળ્યો નથી. એટલે ધનસુખ ઢીમરે છેલ્લે કહ્યું છે કે, "ઘોર નિરાશાથી તેઓ વૃદ્ધાવસ્થાનો સામનો કરી રહ્યા હતા. ત્યાં ઘડપણના રોગોએ હુમલા શરૂ કર્યા. અંતે ભૌતિકચંદ્ર નિરાશ થયા અને પથારીવશ પણ થયા."

આત્મહત્યા કાયદાકીય ગુનો છે. એટલે છેલ્લાં થોડાં વર્ષોમાં સ્વેચ્છા-મૃત્યુ માટે કેટલાક માણસોએ કોર્ટ-કચેરીનાં પગથિયાં ઘસી નાખ્યાં છે. સ્વેચ્છા-મૃત્યુના ચારેક પ્રકાર છે. એમાં આત્મહત્યા ફક્ત એક જ પ્રકાર છે. બીજા પ્રકારમાં સ્વેચ્છા-મૃત્યુ ઈચ્છનાર વ્યક્તિ બીજાની મદદથી મૃત્યુને વરે છે અને ત્રીજા પ્રકારમાં માણસની સ્થિતિ ખૂબ કફોડી હોય, જીવવાની આશા ન હોય અને અસહ્ય દુઃખથી રિબાતો હોય, એવી સ્થિતિમાં બીજો માણસ દયા ખાઈને ચોક્કસ પગલાં લે છે કે જેથી માણસનું મૃત્યું થાય. હજી એક ચોથા પ્રકારનું મૃત્યુ છે. એ પણ કુદરતી મૃત્યુ નથી. એમાં માણસને એની ચોક્કસ પરિસ્થિતિમાં એના કુટુંબ, સમાજ કે રાષ્ટ્ર માટે "કાંઈ કામનો નથી" એમ માનીને એને મારી નાખવામાં આવે છે. માણસના આવા અંતને સ્વેચ્છા મૃત્યું કે દયાવધ પણ ન કહી શકાય. કારણ, માણસની ઇચ્છા વિરુદ્ધ એને મારી નાખવામાં આવે છે. એને તો નરી માનવહત્યા જ કહેવી જોઈએ. જર્મનીના એડોલ્ફ હિટલરે લાખો માણસોને સમાજ અને રાષ્ટ્ર માટે નકામા માનીને 'ગૅસ-ચેમ્બર' માં (કોટડીમાં) બંધ કરીને ઝેરી વાયુથી મારી નાખ્યા. એ રીતે એમણે નરી માનવહત્યા જ કરી છે.

અહીં આપણે બીજાની મદદથી સ્વેચ્છા-મૃત્યુને વરવા માગતા માણસોની વાત કરીએ છીએ. એને આપણે દયાવધ કહીએ. બે કારણોથી આ પ્રકારના સ્વેચ્છા-મૃત્યુ લોકોના ધ્યાન દોરતા રહે છે. (૧) વડી અદાલતે (સુપ્રીમ કોર્ટ) ગયા વર્ષે એટલે ૧૬ જુલાઈ, ૨૦૧૪ માં બધાં રાજ્યોને નોટિસ આપીને દયાવધ (અંગ્રેજીમાં mercy killing or euthanasia) અંગે અભિપ્રાય માગ્યો છે. (૨) થોડાં વર્ષ પહેલાં ૭ માર્ચ, ૨૦૧૧ માં વડી અદાલતે એક નોંધપાત્ર ચુકાદામાં દયાવધ અંગે એક અરજદારનો કેસ કાઢી નાખ્યો હતો. એમાં એક પત્રકાર પિન્કી વિરાણીએ વડી અદાલત સમક્ષ અરુણા રામચંદ્ર શાનબાગની દયાવધ માટે માગણી કરી હતી. પિન્કીની અરજી કાઢી મૂકતાં વડી અદાલતે કહ્યું કે, દયાવધને કાયદેસર કરી શકે છે. પરંતુ ફક્ત ધારાસભાએ સત્તાવાર કરેલા કાયદાની જરૂર છે. જીવન

ચાલુ રાખવા માટે કૃત્રિમ સાધનોનો આશરો લેવામાં આવે છે. પણ કોણ અને ક્યારે અને કેવા સંયોગોમાં કૃત્રિમ સાધનોની મદદ દૂર કરી શકાય, આવી બધી વાતો નક્કી કરવા માટે વડી અદાલતની બંધારણીય બેઠક (Constitutional Bench) ની જરૂર છે.

અરુણા રામચંદ્ર શાનબોગ ૨૪ વર્ષની નર્સ સિસ્ટર હતી. તેઓ મુંબઈની કિંગ ઍડવાર્ડ મેમોરિયલ હોસ્પિટલમાં કામ કરતાં હતાં. એ હોસ્પિટલમાં ઝાડુંપોતું મારનાર સોહનલાલે ૨૭ નવેમ્બર ૧૯૭૩ ના રોજ અરુણા પર ઘાતકી રીતે બળાત્કાર કર્યો અને એમને મૃત્યુ સમા વેજિટેટીવ સ્થિતિ (Vegetative State) માં મૂકી દીધાં. એ જ સ્થિતિમાં કિંગ ઍડવાર્ડ મેમોરિયલ હોસ્પિટલનાં નર્સ સિસ્ટરો અને દાક્તરો અરુણાની ખૂબ પ્રેમથી સેવા ચાકરી કરતાં રહ્યાં. આવી સ્થિતિમાં રોજેરોજ ફક્ત દ્રવ્ય પદાર્થ રૂપે અરુણાને ખવડાવવાથી માંડી એમની ખૂબ સમર્પિત સેવાચાકરી કરતાં હતાં કે સતત પથારીમાં પડી રહેવાથી થતાં કોઈ પરું, વ્રણ કે ઘા એમના શરીર પર ન થાય એની કાળજી રાખતાં હતાં.

પણ પિન્કી વિરાણીએ અરુણાની વેજિટેટીવ સ્થિતિ જોઈને ૨૦૦૯ માં એટલે ઘાતકી બળાત્કારના ૩૬ વર્ષ પછી વડી અદાલતમાં અરુણા શાનબોગ માટે દયાવધ માટે અરજી કરી. તેમણે વડી અદાલતને જણાવ્યું કે આ રીતે ફક્ત દ્રવ્યરૂપે ખવડાવીને અરુણાને વેજિટેટીવ સ્થિતિમાં જીવતા રાખવાને બદલે એમને ખવડાવવાનું બંધ કરીને અરુણાને શાંતિથી મૃત્યુને વરવા દેવાં જોઈએ. કારણ, માણસ સામાન્ય રીતે જીવવા જોઈએ, એવું જીવન કે એવી હયાતી અરુણાની નથી. એટલે અરુણા હકીકતમાં મરેલાં (Virtually dead) છે.

પિન્કી વિરાણીની આ અરજી સામે હોસ્પિટલમાં અરુણાનાં સાથીદાર નર્સો અને દાક્તરોએ વડી અદાલતમાં સોગંદનામું આપ્યું કે અમે અરુણાને ખોરાક દ્રવ્યરૂપે ખવડાવીએ છીએ. અમે કદી એમને કૃત્રિમ સાધનોની મદદથી ખવડાવતાં નથી. અરુણાને સંગીત સાંભળવાનું ગમે છે. તેઓ પોતાની રીતે પોતાનો આનંદ અને આભારની લાગણી પ્રગટ કરે છે. આટલાં બધાં વર્ષોમાં અરુણા પથારીવશ હોવા છતાં એમને પરુ કે વ્રણ પણ થયું નથી. KEM હોસ્પિટલનાં અમારાં બધાં નર્સ સિસ્ટરો અને તબીબી દાક્તરો માટે અરુણા ખૂબ પ્રિય વ્યક્તિ છે. એમની સારસંભાળ રાખવામાં અમને કોઈ પ્રશ્ન કે સમસ્યા નથી. પણ અરુણા સાથે કોઈ લેવાદેવા નથી એવી ત્રીજી વ્યક્તિ શા માટે એમની ચિંતા કરીને એમને માટે દયાવધ માગે છે, તે અમને સમજાતું નથી. (અરુણા રામચંદ્ર શાનબાગનું મૃત્યુ ૪૨ વર્ષે વેજિટેટીવ સ્થિતિમાં જીવ્યા પછી ૧૮ મે, ૨૦૧૫માં ન્યુમોનિયા એટલે ફેફસાંના સોજાના ગંભીર દરદથી થયું હતું.)

સ્વેચ્છા-મૃત્યુ ઈચ્છનાર અને દયાવધ માગનાર લોકો પાસે જાતજાતની અને ભાતભાતની દલીલો હોય છે. બીજી બાજુ માનવજીવનની પવિત્રતા અને માનવ-ગરિમામાં માનનારની તરફેણમાં દેશનો કાયદો છે. એમાં સ્વેચ્છા-મૃત્યુ અને દયાવધ માટે કોઈ સ્થાન નથી. પરંતુ આવા કાયદાના વિરોધીઓ કહે છે કે, એ અંગ્રેજી કાયદા કાનૂનનો જૂનો પુરાણો વારસો છે. આધુનિક ભારતમાં એવા કાયદાને વળગી રહેવાની કોઈ જરૂર નથી. વળી, તેઓ માને છે કે, આપણો જમાનો તો લોકમત અને લોકશાહી શાસનતંત્રનો જમાનો છે અને લોકશાહી પોતે જાતનિર્ણય પર આધારિત છે. એટલે લોકોને પોતાનું ગૌરવભર્યું મૃત્યુ-સ્વેચ્છા-મૃત્યુ-પસંદ કરવાનો અધિકાર હોવો જોઈએ.

આવી દલીલો સામે વડી અદાલતે વારંવાર જણાવ્યું છે કે માનવ જીવન પવિત્ર છે. આપણે હંમેશાં જીવનની પવિત્રતાના સમર્થકો બનવું જોઈએ. એટલે કોઈને ગમે તેમ પોતાના જીવનનો અંત લાવવાનો અધિકાર નથી. માનવજીવનને હણી નાખવાનો કોઈ પણ પ્રયત્ન મૂળભૂત માનવહક્ક સામેનો ગુનો છે. એટલે સ્વેચ્છા-મૃત્યુ વરવામાં માનવહત્યાનો ગુનો છે. વળી સ્વેચ્છા-મૃત્યુમાં જાત પર પ્રેમ રાખવાની માનવસહજ વૃત્તિનો ઇન્કાર છે. માનવજીવનને ગમે તે ભોગે વળગી રહેવાની માનવસહજ વૃત્તિનો દયાવધમાં નિષેધ છે. એટલું જ નહિ, પણ એમાં પોતાના ઘરપરિવાર પ્રત્યેની જવાબદારીઓથી માણસનું પલાયન છે.

દરેક માણસ માટે મૃત્યુ અનિવાર્ય છે. આપણે કહી શકીએ કે દરેક માણસને ગૌરવભર્યો મૃત્યુનો હક્ક છે. પરંતુ એમાં સીધી કે આડકતરી રીતે સ્વેચ્છા-મૃત્યુને વરવા કે બીજાનો દયાવધ કરવા કોઈને હક્ક નથી, અધિકાર નથી. મૃત્યુનો હક્ક એટલે શાંતિથી ને માનવગરિમાથી મરવાનો અધિકાર છે. એમાં લાંબી માંદગી હોઈ શકે; અસહ્ય દુઃખ અને વેદના હોઈ શકે. મારે ફાળે આવું બધું આવે તો તે ખુશીથી સ્વીકારવાની મારી તૈયારી છે. મારી માન્યતા છે કે, પ્રભુ ઈસુ સમગ્ર માનવજાતના તારણ માટે ખૂબ રીબાઈને અને અસહ્ય દુઃખો વેઠીને ક્રૂસ પર મૃત્યુને ભેટ્યા હતા. એમાં હું માનવગરિમા જોઈ શકું છું. એવા માનવ ગરિમાવાળા મૃત્યુની જ મારી પસંદગી છે. ■

તીર્થ પટ

હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વીંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

મંથન

# પંચામૃત

(સંકલિત)

## પિતાની શિખામણ

મહાન વિશ્વવિખ્યાત સાહિત્યકાર જ્યોર્જ બર્નાર્ડ શો ને તેમના પિતાજી સલાહ આપતા હતા કે બેટા, જીવનને સ્વર્ગ બનાવવું કે નર્કાગારમાં પલટાવવું એ નસીબના નહિ પણ આપણા હાથમાં છે. ભગવાને આપેલા આવા મૂલ્યવાન માનવજીવનને મેં ખોટી કુટેવોમાં અને મોજમજામાં વેડફી નાખ્યું. બર્નાર્ડે કહ્યું, 'પિતાજી, આપ આમ શા માટે કહો છો? અત્યારે આપને શું દુઃખ છે?' પિતાએ વ્યગ્ર સ્વરે કહ્યું, 'બેટા, બાહ્ય દષ્ટિએ મારું દુઃખ દેખાય એવું નથી. મેં મહેનતથી કમાયેલો પૈસો મદિરાપાન, માંસભક્ષણ અને ધૂમ્રપાનમાં વેડફી નાખ્યો. આનો અંજામ એ આવ્યો કે મદિરાને હું નહોતો પીતો, પણ મદિરાના રૂપમાં રાક્ષસી મારું રક્તપાન કરી રહી હતી. માંસનું ભક્ષણ હું નહોતો કરતો, પણ એ માંસ મારા દેહમાં વિકૃતિ ઊભી કરી મારા જીવન સત્યને નષ્ટ કરતું હતું. સિગારેટ હું નહોતો ફૂંકતો પણ સિગારેટ પોતે જ મને એક એક ફૂંકે રોજ થોડો થોડો બાળી રહી હતી. માટે બેટા, મારી તને હૃદયપૂર્વકની શિખામણ છે કે તું આ નશાના ફંદામાં ફસાઈશ નહિ. તો જીવનના પરમ આનંદનો લાભ તું પામી શકીશ.' પિતાની વાત પૂરી થતાં જ્યોર્જ બર્નાર્ડ શો પોતાના રૂમમાં આવ્યા. પિતાની વાતે આજે એના સમગ્ર મનને હચમચાવી નાખ્યું. રૂમમાં પિતાની જીવનચર્ચા તટસ્થ વિવેચકની નજરે નિહાળવા લાગ્યા. પિતા શરાબના નશામાં બેફામ થઈ ઘણા દિવસો કામ-ધંધો કરી શકતા નહિ. નશામાં બેફામ બની કજિયા કરી બેસતા. તે કજિયા પતાવટમાં ઘણા પૈસા બરબાદ થતા. પિતા અકરાંતિયાની માફક માંસની બનેલી વાનગીઓ હોજરી સહન કરે ત્યાં સુધી ખાધા કરતા. સિગારેટોએ ફેફસાંને કાણાં કરી નાખ્યાં હતાં. આનો અંજામ એ આવ્યો કે જીવનના સાચા શાશ્વત આનંદથી વંચિત રહેવું પડ્યું અને જીવતર બોજ બની ગયું. પિતાના જીવનમાં આચરેલાં બધાં દૂષણોને તિલાંજલિ આપી દીધી. રોજ નિયમિત કસરત, શાકાહારી બની ખૂબ સ્ફૂર્તિથી સાહિત્યનાં એકએકથી ચડિયાતાં સર્જનો વિશ્વને આપ્યાં.

## રાષ્ટ્રનું સામર્થ્ય

એક દિવસ એક યુવક એક મહાપુરુષની પાસે જઈ પહોંચ્યો, જેમના વિશે તેણે સાંભળ્યું હતું કે તેઓ એક મોટા સંત છે અને લોકકલ્યાણનું કામ કરે છે. યુવકે તેમની પાસે આશ્રમમાં કોઈ સેવાના કામની માગણી કરી. મહાપુરુષે પૂછ્યા બાદ તે યુવકે જણાવ્યું કે તે બેકાર છે, એટલે તેમના આશ્રમમાં રહીને તે સેવાકાર્ય કરશે તથા તેનું ગુજરાન પણ ચાલુ રહેશે. મહાપુરુષે કહ્યું, "વત્સ! હું તને કામ નહીં, માર્ગ બતાવી શકું છું. તું પોતાની જાતને બેકાર કેમ સમજે છે? તારામાં અનંત શક્તિ છે. આત્મવિશ્વાસ સાથે કોઈપણ શ્રમ-સાધ્ય કરશો, તો તારું ગુજરાન થવા લાગશે." આવું કહીને મહાપુરુષે તેને દસ રૂપિયા આપ્યા.

તે યુવકે આ રૂપિયાનું સૂતર ખરીદ્યું, અને જનોઈ બનાવવા લાગ્યો. જનોઈ બનાવીને તે વેચવા લાગ્યો. શરૂઆતમાં તો તેને ખૂબ ઓછી આવક થતી હતી, પરંતુ ધીમે-ધીમે તેની જનોઈની માંગ એટલી વધી ગઈ કે તેને મદદ માટે એક વ્યક્તિ રાખવો પડ્યો. એક દિવસ પેલા મહાપુરુષ જાતે જનોઈ ખરીદવા નીકળ્યા, તો તેમને જોઈને આશ્ચર્ય થયું કે જનોઈ વેચનારો તે જ યુવક છે. યુવક સંતના ચરણોમાં ઝૂક્યો અને કહેવા લાગ્યો, "મહાત્મા, તમે મને નોકરી આપી હોત, તો હું અકર્મણ્ય જ બનીને બેસી રહત. નોકરી ન આપીને તમે મારો આત્મવિશ્વાસ જગાવીને જે માર્ગદર્શન આપ્યું, તેનાથી જ આ આત્મનિર્ભરતાની સ્થિતિમાં પહોંચી શક્યો." આ મહાપુરુષ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આર.એસ.એસ.) ના સંસ્થાપક ડૉ. કેશવરામ બલિરામ હેડગેવાર હતા, જેમની સંકલ્પના હતી કે રાષ્ટ્રનું સામર્થ્ય તેની આત્મનિર્ભરતામાં જ છે.

## એક પુત્ર દેશના કામ આવવો જોઈએ

અમૃતસરની નૈનસુખ ગલીમાં એક પરિવાર રહેતો હતો. એક વેપારી, તેમની પત્ની અને ચાર પુત્ર. આ એ દિવસો હતા, જ્યારે સ્વતંત્રતા માટે ઉત્સાહિતો સ્વાધીનતાની લડત લડી રહ્યા હતા. આ પરિવારનાં ગૃહસ્વામીની લલિતાદેવીએ વિચાર્યું, "મારા ચાર પુત્ર છે. તેમાંથી કોઈ એક દેશના કામમાં આવે, તો કેટલું સારું!" તે પોતાના સૌથી નાના પુત્ર રોશનલાલને ક્રાંતિકારીઓના ચારિત્ર્ય અને વીરતાની વાર્તાઓ સંભળાવવા લાગ્યા. માતાના ખોળામાં બેસીને બાળક બંદૂક, તલવાર, ભાલા અને વીરતાની ઘટનાઓ ખૂબ રસથી સાંભળતો હતો.

વાર્તાઓ સાંભળીને માતા જ્યારે પૂછતી, "શુ તું આમના જેવો બનીશ?" રોશન ઉત્તર આપતો, "હા, માતા, ભારતમાતાની બેડીઓ દૂર કરવા માટે હું પોતાનું સર્વસ્વ કુરબાન કરી દઈશ. હું આ બધું જ જરૂર કરીશ." માતાને આ સાંભળીને ખૂબ ગર્વ થતો.

રોશનલાલની ઉંમર હજુ તો ૧૮ વર્ષની જ હતી અને તેણે માતાની છત્રછાયા ગુમાવી દીધી. રોશનલાલના હૃદયમાં વીરતાનાં બીજ હવે અંકુરિત થવા લાગ્યાં. ક્રાંતિની ભાવનાઓને હૃદયમાં રાખીને રોશનલાલ ૧૯૩૦માં શંભુનાથ આઝાદના સંપર્કમાં આવ્યા.

ક્રાંતિકારી સંગઠનને વધારવા માટે રૂપિયાની જરૂર હતી. પાર્ટીએ નિશ્ચય કર્યો કે આ માટે ધનવાન લોકોને લૂંટવામાં આવે. બીજાનાં ઘરોમાં લૂંટ ચલાવવાનો રોશનલાલે વિરોધ કર્યો અને તેની સાથે થયેલી ચર્ચા બાદ પાર્ટીએ પદ ધરાવતા સભ્યોના ઘરમાંથી જ પહેલા રૂપિયા એકઠા કર્યા. સૌએ આ પ્રસ્તાવને સ્વીકાર્યો.

આ વિચાર પ્રથમ રોશનલાલે આચરણમાં મૂક્યો. એક દિવસની વાત છે, રોશનલાલના પિતા બહાર ગયા હતા. રોશને સારી તક જોઈને તિજોરીમાંથી પાંચ હજાર આઠસો રૂપિયા કાઢી લીધા અને હવે તેણે હંમેશ માટે ઘર છોડી દીધું. આ રકમમાંથી ૫૦૦૦ રૂપિયા આઝાદને આપ્યા. બાકીના રૂપિયા લઈને તેઓ લાહોર ચાલ્યા ગયા. પિતાને જાણકારી મળી, ત્યારે તેમણે પોલીસને સૂચના આપી. રોશનલાલ પોલીસના હાથમાં ન આવ્યો.

૮ મે, ૧૯૯૩ એ મદ્રાસના દરિયા કિનારે બોમ્બ પરીક્ષણ કરતી વખતે રોશનનું મૃત્યુ થયું. આ દુઃખદ અંત પર 'ઇન્ડિયન એક્સપ્રેસ' માં મુખ્ય સમાચાર પ્રકાશિત થયા હતા. "શેરદિલ યુવાનનું બોમ્બ વિસ્ફોટથી મૃત્યુ." તે સમય સુધી રોશનલાલે માત્ર ૧૯ વસંત જ જોઈ હતી.

માતા પ્રત્યે સાચી શ્રદ્ધા રાખનારા, રોશનલાલની ભારતમાતા માટે શહીદ થવાની ઈચ્છા પૂર્ણ થઈ.

## સંત તુકારામનો કર્તવ્યપથ

છત્રપતિ શિવાજી મહારાજને માહિતી મળી કે તેમના રાજ્યમાં તુકારામ નામના પ્રસિદ્ધ સંત નિવાસ કરે છે. તેમણે તત્કાલ કેટલાક મંત્રીઓ, જનપ્રતિનિધિઓ અને રાજદરબારીઓને મોકલીને તુકારામને એક શોભાયાત્રાના રથમાં બેસાડીને આદરપૂર્વક લાવવાનું કહ્યું.

નગરમાં ચારેબાજુ આનંદની લહેર પ્રસરી ગઈ. માતા જીજીબાઈ પણ ખૂબ પ્રસન્ન થયા.

મહારાજના રાજદરબારી તુકારામજીના ઘરે પહોંચ્યા, તો તેમને આશ્ચર્ય થયું. "મારા જેવા સામાન્ય સાધુના ઘરે મહારાજે દરબારીઓને મોકલ્યા છે, આ મહારાજની ઉદારતા છે." તમામ સભાસદોએ અભિવાદન કર્યું અને શિવાજી મહારાજનો સંદેશ સંભળાવ્યો અને તેમને વસ્ત્ર પણ ભેટ આપ્યાં.

સંત તુકારામ મલકાયા. તેમણે કહ્યું, "સાધુ માટે આવા મહામૂલાં વસ્ત્રોનું શું પ્રયોજન છે?" મંત્રી મહાશયે વિનંતી કરી, "મહારાજ! ઘરે આવેલી લક્ષ્મીને પાછી આપી દેવી સારું નથી. કૃપા કરીને આનો સ્વીકાર કરી લો."

"ભિક્ષા માંગવાથી કે લોકોના ઉપહાર લઈને અમારી ગરીબી દૂર નથી થવાની. જો ભગવાન વિઠ્ઠલ જાતે આપણને આપે છે, તો આપણું નસીબ છે. અમે આ માયાજાળમાં ફસાઈશું નહીં." આવું કહીને સંતે તેને આશીર્વાદ આપતાં કહ્યું, "સજ્જનો, આ ઉપહારને પાછા લઈ જાઓ. ભજનોનાં આ પુસ્તકો મારા તરફથી મહારાજને આપીને મારા વતી તેમનો આભાર પ્રગટ કરશો."

બધા જ પાછા ફર્યા. શિવાજી મહારાજે આ ઘટનાની પૂરી વાત સાંભળી અને ભજનોનાં પુસ્તકો વાંચી તેઓ હર્ષવિભોર થઈ ગયા અને કહેવા લાગ્યા, "સાચા અર્થમાં મને આજે આશીર્વાદ મળ્યા છે."

હવે કોઈ સૂચના વિના શિવાજી મહારાજ સંત તુકારામની મુલાકાતે ગયા. આ મિલન બે મહાન આત્માનું દિવ્ય મિલન હતું. શિવાજી જે ભેટ લાવ્યા હતા, તે સંત તુકારામે આદર સહિત પાછી આપતા કહ્યું, "આ ધન, હીરા, મોતી, ઘરેણાં જે તમે મને ભેટ આપી રહ્યાં છો, આ તમારાં ભંડારમાં સુરક્ષિત રાખો અને તેનાથી ગરીબોની મદદ કરો." તુકારામના શબ્દો સાંભળીને શિવાજીએ તેમનાં ચરણોમાં પ્રણામ કર્યા.

*કૃષ્ણ મારી માતા છે, કૃષ્ણ મારા પિતા છે.*
*કૃષ્ણ મારા સંબંધી છે, આવું કહેતા હતા તુકા.*

તમામ ઈચ્છાઓથી ઉપર ઊઠીને સંત તુકારામે નિશ્ચલભાવથી પોતાનું જીવન વિઠ્ઠલનાં ચરણોમાં અર્પી દીધું હતું. કર્તવ્યપથ પર આ પથિકને આપણી સલામ.

## સોક્રેટિસનો કર્તવ્યધર્મ

ગ્રીસનો મહાન તત્ત્વચિંતક સોક્રેટિસ મહાન જ્ઞાની પુરુષ. એ એના સમયથી ઘણો આગળ ચાલતો હતો.

બુદ્ધિ અને તર્કની સરાણ પર દરેક વાતને પારખીને તે સત્યનું અન્વેષણ કરતો. તે અંધ પરંપરાઓને ઊખાડી ફેંકતો.

તે કહેતો કે હું જ્ઞાની છું એમ કહેવું તે મોટામાં મોટું અજ્ઞાન છે. લોકો ભલે એને જ્ઞાની કહેતા, પણ એ પોતે તો કહેતો કે હું અજ્ઞાની છું, એના જ્ઞાન સિવાય મને કશું જ જ્ઞાન નથી.

તેની વાતોથી પરંપરાગત વાતોમાં માનનારા ભડકી ઊઠતા.

એક વખતે તો તે પરંપરાને અનુસરનારા જૂનવાણીઓએ તત્કાલીન શાસકોની કાનભંભેરણી કરીને સોક્રેટિસ વિરુદ્ધ એમને ભડકાવ્યા. "સોક્રેટિસ લોકોને અવળું સમજાવીને ધર્મ અને ભગવાનનું અપમાન કરે છે. કાલ પછી તે રાજાની વિરુદ્ધમાં

(અનુસંધાન : જુઓ પાના નં.-૭૩ ઉપર)

સમાજ ચિંતન

# સંબંધોના સથવારે : સોનેરી પ્રકાશ

● ઇલા કે. શાહ ●

ગાત્રો થીજાવી દે તેવી કડકડતી ઠંડીની એક સવારે પીનલનાં ઘરની ડોરબેલ રણકી. પ્રાતઃસમયે કોણ હશે? તેમ વિચારતી તે દરવાજા તરફ ગઈ અને બારણું ખોલ્યું ને જોયું તો હાંફી ગયેલા શરીર સાથે પરાણે શ્વાસ લઈ રહેલા ને ગરમ કપડામાં લપેટાઈ ઉભા રહેલા સસરાજી હતા.

ઓહો! પ્રણામ બાપુજી, કેમ અત્યારે આ રીતે આવવું પડ્યું? તમારી તબિયતનાં હાલ જોઈ શકાય છે, પરંતુ બાને ઠીક નથી કે શું? વહુ પીનલે આશ્ચર્ય સાથે પૂછ્યું.

"શ્વાસની તકલીફ તો મને રહે જ છે, પણ આ પ્રણવની બા ને ક્યાં સારું રહે છે? હવે તેનો ઈલાજ કર્યા વગર ચાલે તેમ છે જ નહિ. પ્રણવને વહુ તમે સમજાવો તો સારું. થોડા પૈસા મને આપે તો ગિરવે મૂકેલું ખેતર છોડાવી હું ડૉક્ટર પાસે જઈ શકું." સસરા દલસુખરામ બોલતાં હતા.

તે બાપુજી, આ વાત કરવા આટલી ઠંડીમાં જાતે દોડવું પડ્યું? ફોન કરવો હતો ને? અથવા પ્રણવને બોલાવીને કહેવું હતું. પીનલ વહુએ કહ્યું.

"પ્રણવ મારી વાત સાંભળે છે જ ક્યાં? ફોન તો ઉપાડતો જ નથી. મારો અવાજ સાંભળીને ફોન મૂકી દે છે. અત્યારે ઓફિસમાં જતાં પહેલાં મને મળી જાય તેથી આવ્યો છું. જરા કહો ને સમજાવો." સસરાજીએ હૈયાવરાળ ઠાલવી.

તમે ચિંતામુક્ત થઈ નિરાંતે બેસો. હું ગરમ નાસ્તો અને ચા લાવું છું. તેને ન્યાય આપો તેથી ઠંડીમાં થોડી રાહત થશે. તેઓ સૂતા છે, પછી ઉઠાડું છું." પીનલે સહાનુભૂતિ દર્શાવી.

"સારું બેટા, લાવ ચા પીશ, નાસ્તાની ઈચ્છા નથી." તેમ કહી સોફા પર આરામથી ગોઠવાયા.

પ્રણવના ભણવા પાછળ દલસુખરામે બધી જ મૂડી ખર્ચ કરી નાંખી હતી. પત્ની સવિતાને ટી.બી. નું નિદાન થયા પછી તેમની બધી ચીજો ગીરવે મૂકાઈ ગઈ હતી. એટલે દીકરા પ્રણવને સમજાવવા તેઓ ઘેર આવ્યા હતા. પણ પીનલને ખબર નહોતી.

વહુ પીનલે સસરાજીને આગ્રહપૂર્વક ચા-નાસ્તો કરાવ્યા, ને પ્રણવને ઉઠાડવા કોશિષ કરી. "બાપુજી, ઘેર આટલી ઠંડીમાં તમને ખાસ મળવા આવ્યા છે. તમારું કામ છે, તો જલ્દી ફ્રેશ થઈને આવો."

"એમને કહી દે કાલે ઓફિસેથી બારોબાર મળવા આવીશ. અત્યારે સવારના પહોરમાં શાંતિ રાખો." પ્રણવે ગુસ્સાથી કહ્યું.

અરે, આવું વર્તન તમને ન શોભે. વૃદ્ધ મા-બાપ પ્રત્યે દીકરાની કેટલી સહાનુભૂતિ હોય! મમતા હોય, પ્રેમ હોય! આટલી ઉંમરે નાદુરસ્ત તબિયત હોવા છતાં ને કડકડતી ઠંડી સહન કરીને આવ્યા છે, તમે ફોન પર વાત કરી હોત તો આ નોબત ન આવત, ચાલો, ઊઠો, ને જલ્દીથી તૈયાર થઈ મળવા આવો. હું બ્રેકફાસ્ટ ને ચા લઈને આવું છું." પીનલે કહ્યું.

થોડીવાર બાદ ફ્રેશ થઈ નાછૂટકે પ્રણવ બહાર આવ્યો ને બોલ્યો : "બોલો, બાપુજી, શું કામ પડ્યું?" પ્રણવે પ્રશ્નઝડી છેડી.

જો બેટા, પ્રણવ, તારી બાનાં રોગનાં નિરાકરણ માટે મારે થોડા પૈસાની જરૂર છે. મમતામયી માતાનાં પ્રેમને, હેતભર્યા સંબંધને ધુત્કારીશ નહિ. તને ભણાવી-ગણાવી આટલા ઊંચા હોદ્દા પર પહોંચાડ્યો. તે મારા સંબંધે તું મદદ ના કરીશ, કારણ એ મારી ફરજ ગણાય. પણ તારી માતાના મૂંગા આશીર્વાદ તને મળ્યા છે. તેના ટી.બી. જેવાં રોગનો ઈલાજ તો કરાવવો જ પડશે. શિક્ષણક્ષેત્રે તું ઉચ્ચત્તમ શિખરો સર કરે તે માટે મેં મારી આર્થિક તાકાત લડાવી. બધી વસ્તુ ગિરવે મૂકાઈ ગઈ છે. તારી બાના માટે તું થોડી મદદ કરે તો ગિરવે મૂકેલું ખેતર છોડાવી દઉં. પછી ડોક્ટર પાસે જવામાં વાંધો નથી." દલસુખરામે પોતાની વાત કરી.

"ના, બાપુજી! હું કેવી રીતે મદદરૂપ થાઉં? મેં મારા પરિવાર અને છોકરાંઓની ભવિષ્યની કેરિયર માટે પૈસા સાચવી રાખ્યા છે. બા તો ઘરડી થઈ. તેનો ઈલાજ ન કરાવો તો પણ શું વાંધો? ટી.બી. જેવા રાજરોગ માટે પૈસા વેડફી નાંખવા હિતાવહ નથી, અમુક ઉંમર વધ્યા પછી દવા પણ અસર કરતી નથી. ડોક્ટર પણ ઈશ્વર પર ભરોસો રાખવાનું કહેતા હોય છે.

ખોટી રીતે પૈસાની બરબાદી કરવાથી શો ફાયદો? પ્રણવ બેફિકરાઈથી જાણે નફ્ફટ થઈ બોલતો હતો. તેનાં જવાબમાં નર્યો સ્વાર્થ ડોકિયા કરતો હતો. પ્રણવની પત્ની પીનલે આ જવાબ સાંભળ્યો. પ્રણવની આવી હલકી વાતો સાંભળી તે હેબતાઈ ગઈ. તેની ગરમીનો પારો ઊંચો ચડ્યો.

"માએ કેટલી મુશ્કેલી વેઠી તમને મોટા કર્યા, ભણાવ્યા, પરણાવ્યા, ને હવે તેનું પરિણામ શું આ હોઈ શકે? જ્યારે બાપુજીની સમગ્ર મૂડી ખર્ચાઈ ગઈ છે તો તમારી ફરજ નથી કે બા માટે મદદ કરવી જરૂરી છે? બા પણ તમારી જ છે, પારકી નથી, ઘરડાં થવું તે ગુનો નથી હોં"

'બસ, હવે, તું ચૂપ રહે. બહુ લાગણી હોય ને તો તારી મૂડી ખર્ચી નાંખ, બાકી મારાથી કશું નહીં બને.' પ્રણવે ચોખવટ કરી.

જીવનસંધ્યાના સમયે જ મા-બાપને દીકરા-વહુની હૂંફની જરૂર હોય છે. વૃદ્ધત્વ મેળવી ચૂકેલ મા-બાપ દીકરાની ટેકણ લાકડીની અપેક્ષા રાખે છે. પણ જ્યારે પુત્ર જ આવું વલણ દાખવે તો પિતાના હૈયે કેવી ચોટ પહોંચે? પ્રણવ તમારે બીજા માટે નથી કરવાનું. પોતાનાં મા-બાપની સહારે દોડવાનું છે.

કાલે સવારે મારી તબિયત બગડે તો તમે મારા માટે પણ આવું જ વિચારશો ને? જ્યારે માનવી પોતાનું ભલું ઇચ્છે છે, ને તેમાં નિઃસ્વાર્થી ભાવ અલોપ થતો જાય તે નિર્દય બની કોઈપણ સંબંધની ગાંઠને તોડતા અચકાતો નથી. જે માતાનું દૂધ પીને તમે મોટા થયા છો, તે તમારી નસોમાં તેનું લોહી વહે છે. જાઓ, મારી ફિક્સ ડિપોઝિટ છે તે તોડીને બાપુજીને પૈસા આપી દો. મારે સ્વાર્થનો પૈસો નથી જોઈતો. આ મારાં જ માબાપ છે ને તેમને હું મુશ્કેલીમાં દુઃખી થતાં જોઈ શકતી નથી.'' આટલું એકધાર્યું બોલતાં પીનલ રડી પડી.

પહાડ જેવા કઠણ હૃદયવાળા પિતાજીનું હૈયું બરફની જેમ પીગળી ગયું. તેમણે કહ્યું : ''વહુ હોય તો આવી જ ને પત્ની હોય તો પણ પીનલ જેવી જ. એનું લોહી અલગ હોવા છતાં તે મારા હૃદયમાં તેના પિતાનાં દર્શન કરે છે. મને તો એમ હતું કે ભણેલી-ગણેલી શહેરી વહુ તને ચડાવે છે, ભડકાવે છે, પણ તારી સાચી પત્નીનાં દર્શન તો મને આજે જ થયાં. તારે તો હવે લાજી મરવું જોઈએ. તું પથ્થરદિલ કહેવાય. મરણપથારીએ રહેલી તારી બા તને યાદ નથી આવતી? હજુય તારાં પ્રત્યે હેતની નદીઓ વહેવડાવતાં અચકાતી નથી. અને તું સ્વાર્થના કીડાને તાર ડબીમાં રાખી મૂકે છે. પીનલનું કહ્યું કર, જેથી હું જઈ શકું.'' બાપુજી એકધાર્યું બોલતા રહ્યાં.

માતા-પિતાની કૂણી લાગણી, પીનલની નિઃસ્વાર્થ ભાવના, તેનું વર્તન જોઈ પ્રણવની આંખો ખુલી ગઈ. તેના હૃદયપટ પર માનો મમતાભર્યો ચહેરો છવાઈ ગયો ને શૈશવની સ્મૃતિને ઢંઢોળવા લાગ્યો.

તેણે તુરત બાપુજીને પ્રણામ કરી પગે લાગીને માફી માંગી. તેનું કઠોર હૃદય પોતાની બાને લેવા આક્રંદ કરવા લાગ્યું. પૈસાની મદદ સાથે બાનાં રોગનો તે ડૉક્ટર પાસે ઉપાય મળી જશે તે આશાએ બાને અહીં જ લાવવા નક્કી કરાયું. લાગણીવશ ને સાચી પત્ની તરીકે સસરાજીની ઊતરતી ઊંમરમાં અજવાળું પાથર્યું. જાણે સૂર્યાસ્ત સમયે સોનેરી પ્રકાશ પથરાયો. ■


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

ઇતિહાસ

# સરદારની સિદ્ધિ

● નગીનદાસ સંઘવી ●

સરદાર વલ્લભભાઈ પટેલની સવાસોમી જન્મ જયંતીની ઉત્સાહભેર ઉજવણી કરનાર લોકોને ખ્યાલ નથી કે તેમની જન્મ તારીખ આપણી પાસે નથી. નરહરિ પરીખ અને કનૈયાલાલ મુન્શીએ તેમના મેટ્રિકના સર્ટિફિકેટને આધારે એકત્રીસ ઓક્ટોબર ઠરાવી ત્યારે ખુદ સરદારે જ નરહરિભાઈને ટપાર્યા હતા કે 'એ તો તે વખતે મનમાં આવ્યું તેમ ઠોકી દીધી હતી.' મહાનુભાવોના ગુણાનુવાદ માટે તારીખ કે સ્થળનું કશું મહત્ત્વ નથી, પણ તારીખ પસંદ કરવી જ હોય તો મરણદિન જ ઊજવવો ઘટે, કારણ કે તેમનાં પરાક્રમનો સરવાળો તે દિવસે પૂરો થાય છે. પરદેશી પાગલપણાની વાનર નકલ કરીને હવે જન્મદિવસો ઊજવાય છે. જન્મ તે માણસનું નહીં, તેનાં માબાપનું અને ખાસ કરીને તેની માતાનું પરાક્રમ છે. સરદારની સવાસોમી જયંતી વધારે ધામધૂમથી ઊજવાય છે તે વાજબી છે. ઇન્દિરા ગાંધીએ લાદેલી કટોકટીને કારણે તેમની શતાબ્દી જયંતીની ઉજવણી થઈ નથી. તેજોદ્વેષ હોય કે તુચ્છકાર હોય પણ જવાહરલાલ અને તેમના વંશજોએ સરદારનાં નામ-કામની હંમેશાં ઉપેક્ષા કરી છે, પણ આમ જનતાએ સ્વયં સ્ફૂર્તિથી આપેલા સરદાર, લોકમાન્ય, મહાત્મા જેવાં માનચિહ્નો ભૂંસી નાખવાની શક્તિ દુનિયાની કોઈ સરકાર પાસે નથી. સૂરજ છાબડે ઢાંક્યો રહેતો નથી. સરદારને ભારતરત્ન અપાય અથવા તેમની છબી-પૂતળાં ઠેરઠેર હોય તેનો અર્થ નથી અને તેની કશી જરૂર પણ નથી. સિંહ વનનો રાજા કહેવાય છે તે સ્વપરાક્રમે કહેવાય છે. તેનો અભિષેક વિધિ કોઈ કરતું નથી અને તેની જરૂર પણ પડતી નથી. સરદારે આવી 'સ્વયં મૃગેન્દ્રતા' હાંસલ કરી લીધી છે.

આપણે માટે તો અડધિયા સરદાર જ કામના છે. દુનિયામાં બીજા કોઈ માણસની જીવનકથા સરદાર જેવી નથી. પંચોતેરનું આયખું, તેમાંથી આડત્રીસ વરસ સરદાર ઘરસંસારના કોશેટામાં જ પુરાઈ રહ્યા. બને તેટલી કમાણી કરવી, કુટુંબની દેખભાળ કરવી, છોકરા ઉછેરવા-બીજી કશી લપછપ નહીં. વાંચન અતિશય ઓછું, જાહેર જીવનમાં જરાપણ રસ નહીં. મોટા ભાઈ કરે તેને પગલે પગલે ચાલ્યા કરે, પણ આડત્રીસમાં વરસે સરદારે ગુલાંટ ખાધી. અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ચૂંટાયા, ગાંધીની હાંસી ઉડાવતા, ઉડાવતા ક્યારે ખેંચાયા તેની સૂધબૂધ તેમને રહી નહીં. સર્વસ્વ હોમી દીધું. પછી કોઈ દિવસ પાછું વળીને જોયું નથી. કમાણી બંધ, કુટુંબની બાબતમાં રસ નહીં, બાળકોનાં ઉછેર કે લગ્નમાં તેમણે કશું કર્યું નથી. છેક વીસ-બાવીસ વરસ પછી વિઠ્ઠલભાઈની તમામ સંપત્તિનું વસિયતનામું મારે નામે છે તેવા સુભાષચંદ્ર બોઝના દાવાને ડાહ્યાભાઈએ અદાલતમાં પડકાર્યો. વસિયત ખોટી ઠરી ત્યારે આ તમામ મિલકત કોંગ્રેસ ફંડમાં જમા કરાવી દેવાનો આગ્રહ વલ્લભભાઈએ કરેલો તેટલું માફ. અંગત જીવન ત્યારે કેવળ. સર્વાંગ કુટુંબજીવન જીવ્યા. જાહેર જીવનમાં જોડાયા પછી કેવળ સર્વાંગ જાહેર જીવન જ અપનાવ્યું. બંને બાજુ નહીં. તેથી આપણે પણ પાછળના અડધિયા સરદારને જ સમજવા જોઈએ. સરદાર એકાગ્ર ચિત્ત ખરા પણ લડાઈ અને વહીવટ બંનેમાં સરખી જ કુશળતા તેથી તેમને સવ્યસાચી કહેવા જોઈએ. (ડાબા-જમણા બંને હાથે બાણ ચલાવી શકે તે સવ્યસાચી કહેવાય) આવા માણસ ભાગ્યે જ પાકે. ખેડા, બારડોલી, નાગપુર કે અસહકારનો લડાયક, આક્રમક સરદાર જુદો. સાબરમતીનાં પૂર અને ગુજરાતમાં હિમ પડ્યું ત્યારે રાહત કાર્યની અદ્ભુત કામગીરી માટે મુંબઈના ગવર્નરે તેમને બિરદાવેલા.

આઝાદ ભારતના નાયબ વડા પ્રધાન અને ગૃહમંત્રીના હોદ્દા પરથી તેમણે સાડા પાંચસો જેટલા દેશી રજવાડાઓને ભારતમાં ભેળવી દીધાં તે કામ નાનુંસૂનું નથી. આ કામ માટે તેમણે સામ, દામ, દંડ, ભેદની રાજનીતિમાં વચનદ્રોહ અને જોરતલબીનો ઉપયોગ ભરપૂર માત્રામાં કર્યો. જે કામ અંગ્રેજ સરકાર સો-પોણાસો વરસમાં બજાવી શકી નહીં તે કામ વરસમાં પૂરું કરી નાખવામાં આવ્યું. આ કામ ઘણું મહત્ત્વનું અને અતિશય તાકીદનું હતું. બીજો કોઈ માણસ આટલી સરસ રીતે કામ બજાવી શક્યો ન હોત તે ખરું છે, પણ આ સરદારની મહાસિદ્ધિ નથી. રજવાડાંઓને રાજ્ય કહેવામાં જેટલો વિવેક છે તેટલો વાણીવ્યભિચાર પણ છે. આમાંથી એકપણ જણ પાસે લશ્કર નહીં. અડધો ડઝન અપવાદ બાદ કરીએ તો બાકીના તમામ રાજવીઓ નિર્માલ્ય અને નીચ હતા. આ બધો ઉકરડો સરદારે સાફ કરી આપ્યો, પણ તેમાં બહુ અક્કલ કે આવડતની જરૂર પડે તેવું ન હતું. સરદારની સરખામણી બિસ્માર્ક જોડે કરી શકાય નહીં. જર્મનીનાં રજવાડાંઓ શસ્ત્રસજ્જ હતાં અને ફ્રાંસ-ઓસ્ટ્રિયા જેવાં પ્રતાપી રાજ્યોની તેમને ઓથ હતી. બિસ્માર્કે બે લડાઈ લડવી પડી અને દોસ્તો જોડે બાખડવું પડ્યું. આવું કશું અહીં થયું નથી. સરદારે રજવાડાંઓને ખતમ કર્યા નથી, પણ સવાસો-દોઢસો વરસ અગાઉ મરી પરવાયેલાં મડદાંઓની અંતિમક્રિયા કરી છે.

સરદારની સૌથી મોટી સિદ્ધિ આજનું ભારત છે. હિંદુ-મુસલમાન વચ્ચેનો સંઘર્ષ પરાકાષ્ટાએ પહોંચ્યો છે અને સાથે રહેવાનો આગ્રહ રાખીશું તો સતત ઝઘડાખોરીમાંથી ઊંચા અવાશે નહીં તે વાસ્તવિકતા સૌથી પહેલી પારખનાર સરદાર પટેલ હતા. ઘરમાં સતત ઘમસાણ ચાલતું રહે તેના કરતાં ભારત પાકિસ્તાનના ભાગલા થાય તે સારા ગણાય તે વાત સરદારે જવાહર અને

મહાત્માજીને ગળે ઉતારી. આપણે જે ઝઘડાખોરીમાંથી છૂટ્યા તેમાંથી પાકિસ્તાન આજની ઘડી સુધી છૂટ્યું નથી. કાશ્મીરની બાબતમાં જવાહરલાલને ભાંડવાની ફેશન થઈ પડી છે, પણ ૧૯૪૮ના જાન્યુઆરીમાં મહાત્માજી અને સરદાર બંનેની અનુમતિથી કામ થયું છે. કાશ્મીરનો સવાલ ઘણો ગૂંચવાયેલો છે અને અલગથી સમજવો પડે.

સરદારની પ્રતિભા અને દૂરંદેશિતાનો બીજો પુરાવો કોંગ્રેસપક્ષ છે. કોંગ્રેસને વિખેરી નાખવાની મહાત્માજીની પયગંબરી સલાહ દેશને પાયમાલ કરશે તેવું જાણનાર સરદાર અને જવાહર બંનેએ આ સલાહ ફગાવી દીધી. દેશવ્યાપી, શિસ્તબદ્ધ, મજબૂત કોંગ્રેસ પક્ષને કારણે બંધારણ ઘડાયું. ચૂંટણીઓ થઈ, લોકશાહીતંત્ર સ્થિર થયું. પચાસ-સાઠના દાયકાઓમાં એશિયા-આફ્રિકાના સિત્તેરેક જેટલા દેશો આઝાદ થયા અને બધાએ લોકશાહી સ્થાપવાની મથામણ કરી. માત્ર ભારત સિવાય બીજે કશે લોકતંત્ર સ્થિર અને સતત ટક્યું નથી. દેશવ્યાપી, એક છત્ર કોંગ્રેસપક્ષ તેનું મુખ્ય કારણ છે. આજે આ પક્ષ જર્જરિત થયો છે, સડી ગયો છે. પાંચ વરસની રાજસત્તા તો લોખંડને પણ મીણ બનાવી મૂકે છે. સરદારની ત્રીજી મહાસિદ્ધિ તેમણે અંગ્રેજી રાજવટના અમલદારોને અભય વચન આપ્યું અને વહીવટીતંત્રમાં એક દિવસ પણ ખોટકો આવવા દીધો નથી. વિજય થાય ત્યારે છીછરો માણસ થૈ, થૈ નાચે. સરદારે સંયમ અને ઉદારતા પાળ્યાં અને નવી વહીવટીસેવા ઊભી કરી. સરદાર-જવાહરના ઝઘડા અંગે ઘણું કહેવાયું છે. બે પ્રતાપી માણસો સાથે કામ કરે, વજ્ર સાથે વજ્ર અથડાય તો તણખા તો ઝરે. પણ આ બંને ઐરાવતોને કારણે ભારતનો સિતારો બુલંદ થયો. પહેલાં પાંચ વરસમાં ભારતનો પાયો નખાયો, દેશ એકજૂટ બન્યો, લાખો નિરાશ્રિતો થાળે પડી ગયા. બંધારણ ઘડાયું, વહીવટ ટકોરાબંધ ચાલ્યો, 'તણખલા જેવા ભારતીય નેતાઓ કાળપ્રવાહની થપાટમાં નેસ્તનાબૂદ થઈ જશે' તેવી ચર્ચિલની કામવાણીમાં ખોબો ધૂળ ઠાંસીને ભારતીય ગણતંત્ર ટટ્ટાર ઊભું છે તે માટે અગણિત મહાનુભાવોનાં લોહી, માંસ, હાડકાંનો પાયો ધરબાયો છે. વલ્લભભાઈ પટેલ-સરદાર આ પાયામાં સૌથી મોટો, સૌથી મજબૂત અને સૌથી વધારે ખરબચડો પથ્થર છે. ■

## ઇર્ષ્યા તમારા સુખની દુશ્મન છે...

આ ખતરનાક લાગણીઓથી બચતા રહો.

કેટલીક લાગણીઓ દુઃખ આપે છે જેમાં ઈર્ષ્યા મુખ્ય છે. ઈર્ષ્યા તમારા સુખની દુશ્મન છે. માનવ સ્વભાવ સાથે આ લાગણી સંકળાયેલી છે. આવી જ અન્ય કેટલીક લાગણીઓ છે, જે બધી નેગેટિવ છે અને દુઃખ સિવાય તેમાંથી કંઈ મળતું નથી.

ઈર્ષ્યા અને અહંકાર, નફરત કે ક્રોધ એ બધી ખતરનાક લાગણીઓ છે. તમારા સુખને દૂર કરે છે. દુઃખ અને નુકસાન સિવાય કંઈ આપતી નથી.

સમાજમાં ને માનવમનમાં એકબીજાની ઈર્ષ્યા હોય તે નવાઈની વાત નથી. ઈર્ષ્યા કરનારની ઈર્ષ્યા તેમને જ નુકસાન કરે છે. કોઈ ફાયદો નથી કરતી. તમારું અંગત સુખ ને માનસિક શાંતિ આવી લાગણીઓથી ઓછું થાય છે.

પેલાની પાસે છે તેટલા પૈસા મારી પાસે નથી કે મારો બંગલો તેના જેવો નથી. આવા વિચારો સુખને દૂર ધકેલવાનું જ માત્ર કામ કરતા હોય છે.

મારી પાસે મોનાબેન જેવી સાડીઓ નથી કે ઘરેણાં નથી તેમ વિચારવું એટલે સુખનો નાશ કરવો અને જાતે બળ્યા કરવું.

આવી નાની નાની ઈર્ષ્યા પણ તમારા આનંદ અને નાનાં નાનાં સુખને પલિતો ચાંપવાનું જ કામ માત્ર કરે છે. આવી લાગણીઓ થવી સ્વાભાવિક છે. મન છે, થયા કરે. તમે વધુ સતેજ પણ નથી આવી બાબતોમાં... પણ આ બધું સુખને દૂર કરે છે.

સ્પર્ધા કે સ્વસ્થ સ્પર્ધા વિકાસ કરે છે અને પ્રગતિ માટે જરૂરી છે. પણ ઈર્ષ્યાથી મિશ્રિત સ્પર્ધા આનંદનો નાશ કરે છે, સુખને દૂર ધકેલે છે. શાંતિની દુશ્મન છે.

આ બધી લાગણીઓ મનમાં અશાંતિનું કારણ બને છે... માનસિક રીતે આનંદને ખતમ કરે છે. એટલે જ સુખી થવાની એક શરત છે કે કોઈની પણ ઈર્ષ્યા ન કરો. ઈર્ષ્યા નેગેટિવ લાગણી છે... એના પર અંકુશ મેળવો અને પોઝિટિવ વિચારો.

પરિવારમાં ભાઇઓ - ભાઇઓ વચ્ચે કે ભાઈ-બહેન વચ્ચે ઈર્ષ્યા હોય તેમાં નવાઈ નથી.

આ ઘરઘરની વાત છે, આપણી સૌની વાત છે. અને પરિવારો તૂટે છે પણ આ જ કારણે સંબંધો નથી રહેતા. ઉંમર વધતાં એનું પણ આ જ એક કારણ થે.

ઑફિસમાં સાથીની ઈર્ષ્યાથી ઓટ આવે છે. ઉષ્મા નથી રહેતી અને અવિશ્વાસ રહે તે અલગ.

કામને અને ઑફિસના વાતાવરણને પણ આવા કારણે અસર થતી હોય છે.

કહે છે કે ઈર્ષ્યા અને કજિયાખોર એક સ્વભાવ છે અને સ્વભાવને બદલવો બહુ મુશ્કેલ છે. પણ સુખી થવું હોય તો સ્વભાવને કેળવવો પડે અને સ્વભાવ પણ બદલવો પડે.

ઈર્ષ્યા પર કાબૂ મેળવવા જરૂર પડે તો મિત્રો... સોબત બદલો, વાતાવરણ બદલો અને નવો શોખ રાખો.

કોઈ કાર્ય કરો કે ધ્યેય રાખો અને તેમાં મન પરોવો.

સારું વાંચન કરો કે સારા પ્રવચનો સાંભળો.

તમારા ફેમિલી કે વર્ક પ્લેસને ઈર્ષ્યાથી બચાવો તો જ સુખી થશો અને માનસિક શાંતિમાં જીવી શકશો.

***સૌજન્ય : "સુખી થવાના સરળ ઉપાયો", ચૌલા કુરુવા***

પ્રતિભા વિશેષ

# શ્યામજી કૃષ્ણવર્માના ઘડતરમાં પ્રભાવક વ્યક્તિઓ

આપણને હંમેશ મોટા કે મહાન વ્યક્તિઓ જ દેખાય છે. તેમની સફળતા પર આપણે વારી જઈએ છીએ. પણ જો તે વ્યક્તિઓનો અભ્યાસ કરીએ, તો દેખાશે કે આ વ્યક્તિઓ મહાન થઈ શકી તેમાં ભલે તેની મહેનતનો ફાળો હોય જ, પણ, સમાંતરે, તેમના આસપાસ રહેલી અનેક વ્યક્તિઓનો પણ મૂંગો ફાળો હોય છે. વ્યક્તિ મહાન થતી હતી ત્યારે અને થઈ ગયા પછી પણ આવી વ્યક્તિઓનો ફાળો ચાલુ જ રહેતો હોય છે. સાધારણ રીતે આવી ગૌણ કે અદૃશ્ય વ્યક્તિઓ તરફ આપણી નજર જતી નથી. આપણને કેવળ પેલી મહાન વ્યક્તિ જ દેખાય છે. પણ ત્યારે આવી પાછળ રહેતી વ્યક્તિઓને પણ યાદ કરવી જોઈએ અને તેમની પણ કદર કરવી જોઈએ.

શ્યામજી કૃષ્ણવર્માના કિસ્સામાં પણ આવું જ બન્યું છે. આમ તો તે સ્વ-પ્રેરિત વ્યક્તિ જ છે. જાતે જ શીખતા શીખતા અને પરિસ્થિતિનો લાભ લેતા લેતા આગળ વધતા ગયા છે, છતાં આ દરમ્યાન પણ એવી કેટલીક વ્યક્તિઓ તેમના પાછળ ઊભી રહી છે અને તેમને આગળ વધવામાં જાણતાં-અજાણતાં પણ મદદ કરી છે. આવી વ્યક્તિઓનો પરિચય પણ કરવા જેવો છે.

## નાની

આવી સૌથી પહેલી વ્યક્તિ છે શ્યામજીનાં નાની. તેમનું નામ પણ શું છે તે ઈતિહાસને ખબર નથી. તે શું કરતાં હતાં તેની પણ ખબર નથી. પણ લાગે છે કે તે ગરીબ હશે. કામકાજ કરી ગુજારો ચલાવતાં હશે. જમાઈ ગરીબીના કારણે મુંબઈ છે. તેથી દિકરી સાથે તે રહે છે. શ્યામજી જન્મ્યા ત્યારે પણ નાની જ હાજર છે. તે સાત વર્ષના થયા ત્યારે માતા મૃત્યુ પામ્યાં. શ્યામજી અનાથ જ થઈ ગયા. ત્યારે નાની તેમને સાચવી લે છે અને ઉછેરે છે. એટલે શ્યામજીના ઘડતરમાં પ્રથમ અને કદાચ સૌથી મહત્ત્વનો પ્રભાવ છે એમ કહી શકાય.

સાત ધોરણ પછી માંડવીમાં હાઈસ્કૂલ નથી. તેથી આગળ ભણવા ભુજ જ જવું પડે. એટલે શ્યામજી ભણી શકે માટે નાની ભુજ જાય છે અને તેને શાળામાં દાખલ કરે છે. સંભવ છે, તેમણે અહીં પણ બીજાનાં કામ કરી ગુજારો કર્યો હશે. પછી શ્યામજી મુંબઈ જાય છે, ત્યારે પણ તે સાથે જ જાય છે અને ત્યાં પણ સાથે જ રહે છે. છેક શ્યામજી ઈંગ્લેન્ડ ગયા ત્યાં સુધી નાની સાથે રહ્યાં હશે. ઈતિહાસમાં આ કશાનો ઉલ્લેખ નથી, સિવાય કે માના મોત પછી તે નાની સાથે રહ્યા. પણ પહેલાં અઢાર વર્ષ શ્યામજી નાનીના ટેકાથી જ ભણ્યા હશે. તેમણે જ તેમને સાચવ્યા હશે. જો નાની ન હોત તો શું થાત - આ પ્રશ્નનો જવાબ નથી મળતો. પણ જો વિચાર કરાય તો નાનીનો બહુ મોટો ફાળો અને પ્રભાવ દેખાય છે.

## એક અજ્ઞાત શિક્ષક

શ્યામજીના ઘડતરમાં બીજો ફાળો છે એક શિક્ષકનો. ભુજની દરબારી હાઈસ્કૂલમાં તે દાખલ થયા. (ત્યારે હજી ઑલ્ફ્રેડ નહીં હોય.) ત્યાં તેમની હોશિયારી પ્રગટ થઈ હશે. ત્યારે તે સમયના શાળાના સંસ્કૃત શિક્ષકની નજર પડી હશે. તેને થયું હશે કે આ છોકરા પર મહેનત કરવા જેવી છે, ઊગી નીકળશે. અને તેમણે તેને પોતાની પાંખમાં લીધા હશે. સરસ શીખવ્યું હશે. પરિણામે બહુ જ ટૂંકા ગાળામાં શ્યામજી સંસ્કૃતમાં હોશિયાર બની ગયા હશે. આ તાલીમ અને માર્ગદર્શન જ તેમને મુંબઈ ખેંચી ગયું. એટલું જ નહીં, સમય જતાં મુંબઈમાં સ્વામી દયાનંદ સરસ્વતી અને ઈંગ્લેન્ડમાં વિલિયમ મોનીયર પાસે ખેંચી ગયું. 'પંડિત' નું બિરુદ અપાવ્યું. પણ આ બધા પાછળ પ્રભાવ તો પેલા અજ્ઞાત શિક્ષકનો જ કહી શકાય જેણે તેનું હીર પારખ્યું અને પાંખમાં લઈ તૈયાર કર્યા. કદાચ દલીલ થાય કે શ્યામજી જ હોશિયાર હતા. તેમણે જ શિક્ષકની વાતને ઝીલી લીધી. આ વાત સાચી છે, પણ શિક્ષક ન હોત તો તે સામાન્ય હોશિયાર જ રહ્યા હોત. તેમની સંસ્કૃત હોશિયારી ધ્યાન ખેંચવા લાયક ન થઈ હોત. પણ આ શિક્ષક કોણ? કશી જ ખબર નથી.

## મથુરાદાસ લવજી

શિક્ષક પછી પ્રભાવક વ્યક્તિ આવે છે મથુરાદાસ લવજી. આ મુંબઈના એક ભાટિયા વેપારી છે જે શ્યામજીના પિતાથી પરિચિત છે. તેને ઊડતા સમાચાર મળે છે કે શ્યામજી ભુજમાં ભણે છે અને સંસ્કૃતમાં હોંશિયાર છે. મથુરાદાસ હોંશિયાર વિદ્યાર્થીઓને મદદરૂપ થતા હશે. અને તે જ્યારે પોતાના કામસર ભુજ આવે છે, ત્યારે સામેથી શ્યામજી પાસે જાય છે અને તેની હોંશિયારી તપાસે છે. તેનાથી તે સંતોષ પામે છે. તેને થાય છે કે આ છોકરો ભુજમાં આગળ નહીં વધી શકે. એટલે તે નાની અને શ્યામજીને પોતા સાથે મુંબઈ લઈ જાય છે. આટલું કરી તે સંતોષ નથી પામતા. તે મુંબઈમાં તેને વિલ્સન હાઈસ્કૂલમાં દાખલ કરે છે. સાથે મુંબઈની એક સંસ્કૃત પાઠશાળામાં પણ દાખલ કરાવે છે જ્યાં શ્યામજીનું સંસ્કૃત વધારે ઉત્તમ બને છે જે પાછળ જતાં ઉપયોગી થાય છે. પણ આ બધું મથુરાદાસ

કેવળ સ્વૈચ્છિક રીતે કરે છે. આ કશું પણ ન કર્યું હોત તો તેને કશો વાંધો નહોતો આવવાનો. પણ તેમની આ મદદવૃત્તિ જ શ્યામજીને એક પળમાં મુંબઈમાં મૂકી દે છે જ્યાં તેમનું અદ્‌ભુત ઘડતર થવાનું હતું અને જીવન વળાંક લેવાનું હતું. એટલે મથુરાદાસજીનો ફાળો પણ નાનો ન જ કહી શકાય. મહત્ત્વના સમયે તે તેમની સાથે ઊભા રહ્યા.

## છબીલદાસ શેઠ

છબીલદાસ શેઠનો ફાળો વિશિષ્ટ છે. તે એવી વ્યક્તિ છે જેમણે સુએઝ નહેર પસાર કરી છે અને જ્ઞાતિનો રોષ વહોર્યો છે. પણ તે વિદ્વતા અને વિદ્વાન પ્રિય છે, જિજ્ઞાસુ છે. એટલે પુત્રને પૂછે છે કે તેની શાળામાં કોઈ હોંશિયાર વિદ્યાર્થી છે? પુત્ર જ્યારે શ્યામજીનું નામ આપે છે, ત્યારે, તેની ઉંમરની ચિંતા ન કરતાં, તેને બોલાવે છે અને તેની સાથે વાતો કરતાં તેની પ્રતિભાને ઓળખી જાય છે. તેની સાથે સતત સંપર્ક રાખે છે અને, સમય આવ્યે, તેના પોતાની પુત્રી ભાનુમતિ સાથે લગ્ન પણ કરે છે. શ્યામજી માટે આ બહુ મોટો વળાંક છે. તેનું સમગ્ર ભાવિ અહીં નક્કી થાય છે. તે બધાના પાયામાં આ છબીલદાસ શેઠ છે. જો તે ન મળ્યા હોત, તો શ્યામજીનું ભાવિ કેવું થાત તે કલ્પનાનો વિષય છે.

## દયાનંદ સરસ્વતી

સ્વામી દયાનંદ સરસ્વતી પણ શ્યામજીના જીવનમાં યોગ્ય ક્ષણે આવે છે. તે સંસ્કૃતમાં પ્રતિભાવાન થઈ ગયેલ છે. તે સંદર્ભમાં જાણીતા પણ થતા જાય છે. ત્યારે દયાનંદજી મુંબઈ આવે છે અને, કદાચ, મથુરાદાસ લવજીના માધ્યમથી, શ્યામજી તેમના પરિચયમાં આવે છે. દયાનંદ પળમાં તેની પ્રતિભા ઓળખી લે છે. શ્યામજીને પણ દયાનંદ ગમે છે. બન્નેનો પરિચય વધે છે. દયાનંદે ધાર્યું હોત તો શ્યામજીને આર્યસમાજમાં દાખલ કરી સંન્યાસી બનાવી શક્યા હોત. પણ તેમના મનમાં લાંબાગાળાના વિચારો છે. તે શ્યામજીના માધ્યમથી પશ્ચિમમાં સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કરવા માગતા હતા. એટલે તે તેને વિલિયમ મોનીયર પાસે તાલીમ અપાવવ માગતા હતા. તેથી જ તે તેને ઇંગ્લેન્ડ જઈ ભણવા અને પ્રચાર કરવા કહે છે. શ્યામજીની મહત્ત્વાકાંક્ષાને તે અનુકૂળ હતું. એટલે તે સમય જતાં તે પ્રમાણે જ કરે છે. અલબત, પાછળથી સંસ્કૃતના બદલે ક્રાંતિમાં તે પડી જાય છે, પણ ભારતીય પ્રતિભાને તો તે વ્યક્ત કરતા જ રહે છે. શ્યામજીનું ઇંગ્લેન્ડ જવું તે દયાનંદ સરસ્વતીના પ્રોત્સાહનનું જ પરિણામ છે. તે ન મળ્યા હોત, તો શ્યામજી પંડિત તો થાત જ, પણ તેમની વૈશ્વિક પ્રતિભા વિકસત કે કેમ તે ચર્ચાનો મુદ્દો છે. એ સ્વપ્ન તો દયાનંદે જ તેમના મનમાં રોપ્યું હતું.

## ભાનુમતિ

શ્યામજીના જીવનમાં જે મોટો વળાંક આવ્યો, તે કેવળ તેમનાં પત્ની ભાનુમતિના કારણે. સંસ્કૃતમાં હોંશિયાર હતા. દયાનંદે તેમને ઇંગ્લેન્ડ જવાની પ્રેરણા આપી. આ બધા છતાં તે ત્યાં જઈ શકતા ન હતા, કારણ કે તેમની પાસે જવાના પૈસા જ ન હતા. પુષ્કળ પ્રયાસો છતાં જરૂરી મદદ મળતી ન હતી. તેમનામાં ધીમે ધીમે નિરાશા વધતી હતી. ભાનુમતિ આ જોતાં હતાં. તે પણ તેમની પ્રતિભાને ઓળખતાં હતાં. તેથી તેમને નિરાશ થવા દેવા પોષાય તેમ ન હતું. એટલે તેણે પોતાના બધા જ દાગીના તેમના ચરણોમાં ધરી દીધા. શ્યામજી ખચકાયા, પણ ભાનુમતિએ આગ્રહ કરી આપ્યા. સ્વમાની શ્યામજીને કેમ મનાવ્યા હશે તે કલ્પનાનો જ વિષય છે. પણ માન્યા અને તેની સહાયથી ઇંગ્લેન્ડ ગયા.

ભાનુમતિનો ફાળો અહીં જ નથી અટકતો. સમય જતાં શ્યામજી સ્વાતંત્ર્ય ચળવળમાં જોડાય છે અને મુક્ત રીતે કામ કરવા ઇંગ્લેન્ડ જઈ કામ કરવા માગે છે, ત્યારે પણ ભાનુમતિ જરા પણ ખચકાટ વગર તેમને ટેકો આપે છે અને તે પણ તેમના સાથે ચાલ્યાં જાય છે. તે માટે કુટુંબ, દેશ બધાનો ત્યાગ કરે છે. ઇંગ્લેન્ડમાં, ફ્રાન્સમાં અને જીનિવામાં પણ શ્યામજી અનેક તકલીફો વચ્ચેથી પસાર થાય છે ત્યારે ભાનુમતિ જ તેમને સ્વસ્થ રાખે છે - સ્વસ્થ રાખ્યા હશે. અનેક વાર તે હતાશ થઈ ગયા હશે, પણ ભાનુમતિએ જ તેમને પુનઃ સક્રિય કર્યા હશે. અંત સુધી શ્યામજી કામ કરી શક્યા તેમાં ભાનુમતિનો બહુ મોટો હાથ હશે. પળે પળ તેમને સાચવ્યા હશે. તેમના મોટા લોકોના સંપર્ક વખતે પણ તે બધાનો આદરસત્કાર કરી સાચવ્યા હશે. આદર્શ ગૃહિણીની ભૂમિકા ભજવી જ હશે. આની કોઈ જ નોંધ નથી, પણ શ્યામજીની વિદાય પછી સરદારસિંહ રાણાએ સંબંધ ચાલુ રાખ્યો તે ભાનુમતિના વલણનો જ પ્રભાવ હશે.

ઉપરાંત, શ્યામજીના મૃત્યુ પછી તે ભાંગી પણ પડ્યાં હશે, છતાં પુનઃ દૃઢ થઈ તેમણે શ્યામજીની વસ્તુઓ અને મિલકતનો ઉત્તમ વહીવટ તો કર્યો જ. સાથે ટ્રસ્ટ બનાવી લાંબાગાળા સુધીની વ્યવસ્થા પણ કરી લીધી. તે પણ ગયાં તે પહેલાં તેમણે બધું જ વ્યવસ્થિત કરી લીધું હતું. એટલે જ સરદારસિંહ રાણાએ જ્યારે ઈન્દુલાલ યાજ્ઞિક પાસે શ્યામજીનું ચરિત્ર લખાવ્યું, ત્યારે શ્યામજીની બધી જ વિગતો હાજર હતી. કારણ? ભાનુમતિએ તે વ્યવસ્થિત રીતે ગોઠવી રાખેલ હશે.

ભાનુમતિનો વિચાર કરીએ છીએ, ત્યારે સ્પષ્ટ લાગે છે કે જો તે ન હોત, તો શ્યામજીની પ્રતિભા પૂર્ણ રીતે પ્રગટ થઈ હોત કે કેમ શંકા છે. તેમનો પ્રેમ, ત્યાગ, વ્યવસ્થા શક્તિ- બધું જ અજોડ હતું. બીજા બધા કરતાં ભાનુમતિ સાથેનાં શ્યામજીનાં લગ્ન એ નિયતિની શ્યામજીને એક અદ્‌ભુત ભેટ હતી. શ્યામજીના ઉત્તરાર્ધના ઘડતર અને વિકાસમાં એક માત્ર

ભાનુમતિ જ જવાબદાર છે એમ કહી શકાય.

## અન્યો

આ મહત્ત્વનાં પાત્રો ઉપરાંત પણ થોડાં અન્ય પાત્રોએ પણ તેમના ઘડતર અને વિકાસમાં ફાળો આપ્યો છે.

એક છે તેમનો મિત્ર રામદાસ. તેણે જો શ્યામજીનો તેના પિતા સાથે પરિચય કરાવ્યો ન હોત, તો ભાનુમતિ ન મળત. તો તેમનું ભાવિ કંઈક અલગ જ સર્જાયું હોત. બીજા હતા વિલિયમ મોનીયર. તેમણે, અલબત્ત દયાનંદના કહેવાથી, શ્યામજીનો પરિચય કર્યો. પણ તે પણ તેની પ્રતિભાને ઓળખી ગયા અને પોતા પાસે આવવા કહ્યું. પાછળથી મોડું થવા છતાં તેણે તેને સાચવ્યા અને ઑક્સફર્ડમાં જવાની સગવડ કરી આપી. સંસ્કૃતમાં પણ તેને બરાબર તૈયાર કર્યા હશે. જેને 'ફિનીશીંગ ટચ' કહે છે, તેમાં મોનીયર વિલિયમનો ફાળો પણ છે.

એક ગૌણ પાત્ર એવું હતું જેનો ફાળો નકારાત્મક છે, પણ મહત્ત્વનો છે. તે છે અંગ્રેજ મેકેન્સી. તે તેમનો ઑક્સફર્ડનો મિત્ર હતો. પાછળથી તેમણે તેને જૂનાગઢમાં નોકરીએ પણ રાખ્યો. જૂનાગઢના નવાબે ત્યાંના નાગરોની ખટપટથી તેમને દિવાન પદેથી દૂર કર્યા, ત્યારે શ્યામજીએ આ મેકેન્સીને નવાબને સમજાવવા કહેલ, પણ નાગરોએ તેને પોતા સાથે કરી લીધેલો. એટલે તેણે દગો આપ્યો. આ બનાવથી શ્યામજી અંગ્રેજોથી વિરુદ્ધ થયા. તેના કારણે તે ચળવળમાં જોડાયા. મૂળે તે અંગ્રેજોની વિરુદ્ધ ન હતા. તેના તો પ્રસંશક હતા. પણ આ મેકેન્સીના દગાના કારણે તેમનો અભિપ્રાય બદલાયો અને જીવનમાં મોટો વળાંક આવ્યો. એક નકારાત્મક બનાવ તેમના જીવન માટે ક્રાંતિકારી બનાવ બની ગયો. જો આ બનાવ બન્યો ન હતો અને મેકેન્સીએ મદદ કરી હોત, તો સંભવ છે, શ્યામજી જીવનભર દિવાન પદે જ રહ્યા હોત અને ક્રાંતિકારી થયા જ ન હોત.

આડકતરા પ્રભાવમાં હર્બટ સ્પેસરને પણ ગણી શકાય. તેને વાંચી શ્યામજી ખૂબ જ પ્રભાવિત થયા હતા. તેમના વિચારોને જ પાયાના વિચારો માનતા હતા. પરિણામે તેના નામે સ્કોલરશીપ પણ ઊભી કરી હતી.

## ● સમાપન :

આમ, જ્યારે શ્યામજી કૃષ્ણવર્માના ચરિત્રનો અભ્યાસ કરીએ છીએ, ત્યારે તેમની પ્રતિભાથી તો અંજાઈ જ જવાય છે પણ સમાંતરે આ પ્રતિભાને ઘાટ આપવા, વિકસાવવા અને સતત જાળવી રાખવામાં જે પણ પાત્રોએ સહયોગ આપ્યો છે, અભાનપણે, તે પણ આપણને પ્રભાવિત કરે છે. તેમનો આભાર એટલા માટે માનવાનું મન થાય કે તેમના જાણતાં અજાણતા પણ પ્રયાસથી આપણને, દેશને, એક મહાન ક્રાંતિકારી મળ્યો.

કુમુદ ટ્રાવેલ્સ

માંગલ્ય

# સબસે ઊંચી પ્રેમ સગાઈ

● ગીતા માણેક ●

*આજે થોડીક સાચુકલા પ્રેમની અને એની અભિવ્યક્તિની સત્યઘટનાઓની વાતો તમારી સાથે વહેંચવી છે. કિસ્સાઓ તો બહુ નાના-નાના છે પણ એમાં જે લાગણીઓ છે તે શબ્દોમાં સંગ્રહ ન કરી શકાય એવા કદની છે. અહીં કોઈ જ ટિપ્પણી વિના એ સત્ય ઘટનાઓનું નિરૂપણ માત્ર કરવું છે. આ ઘટનાઓમાં જે નામ છે એ કાલ્પનિક છે પણ બાકી બધું હકીકત જ છે.*

★ રમણિકભાઈએ આવીને સોફામાં બેસતાંની સાથે જ સમાચાર જોવા માટે ટેલિવિઝન ઑન કર્યું. અગ્નિશામક દળના એક ઑફિસરનો ઈન્ટરવ્યૂ ચાલી રહ્યો હતો. આ એ ઑફિસર હતો જેણે ગઈકાલે બહુમાળી ઈમારતમાં લાગેલી આગમાંથી પોતાના જીવના જોખમે બે બાળકો અને ત્રણ મહિલાઓની જાન બચાવી હતી. રમણિકભાઈને આ યુવાન માટે ખરેખર માન થઈ રહ્યું હતું. તેઓ ધ્યાનપૂર્વક ઈન્ટરવ્યૂ જોઈ રહ્યા હતા. તમે આવું ઉમદા કામ કરી શક્યા એનું શ્રેય તમે કોને આપો છો? આ પ્રશ્નના જવાબમાં તે યુવાને કહ્યું કે હું જ્યારે સ્કૂલમાં હતો ત્યારે બહુ જ તોફાની હતો અને ભણવામાં બિલકુલ ધ્યાન નહોતો આપતો. બધા જ શિક્ષકોએ હાથ ધોઈ નાખ્યા હતા કે મારું કશું જ ભવિષ્ય નથી અને હું જીવનમાં કશું ઉકાળવાનો નથી. પરંતુ એક શિક્ષક હતા જેમને મારામાં શ્રદ્ધા હતી. ચિત્રકામ શીખવતા મારા તે શિક્ષકે એક દિવસ મને સુપરમેનનું ચિત્ર દોરીને આપ્યું હતું અને નીચે લખ્યું હતું કે સુપરહીરો ક્યારેય પ્રયત્નોને અધવચ્ચે મૂકી નથી દેતા અને અંતમાં વિજય હંમેશાં તેમનો જ થાય છે. મારા એ શિક્ષકનું નામ રમણિકભાઈ શાહ હતું. હું ફક્ત આ ઘટના માટે જ નહીં મારા આખા જીવનને નવો વળાંક આપવાનું શ્રેય મારા શિક્ષક રમણિકભાઈને આપું છું. આગળનું કશુંય રમણિકભાઈ જોઈ ન શક્યા કારણ કે તેમની આંખો છલકાઈ ગઈ હતી.

★ કિશોરભાઈને તેમના પગના તળિયે ભીનાશનો અનુભવ થયો અને તેઓ ઊંઘમાંથી જાગી ગયા. સૂતાં-સૂતાં જ તેમણે નજર કરી. મિની તેમના પગને ચાટી રહી હતી અને મ્યાઉં-મ્યાઉં કરી રહી હતી. કિશોરભાઈએ ભીંત પરની ઘડિયાળ પર નજર કરી. રાતના સવા ત્રણ વાગ્યા હતા. આમ તો કિશોરભાઈને કૂતરાં-બિલાડાં પાળવાનો બિલકુલ શોખ નહોતો, પણ બે મહિના અગાઉ તેમના મોટા ભાઈનું મૃત્યુ થયું હતું. તેમના ઘરમાં પ્રાણીઓની આખી ફોજ રહેતી હતી. પ્રાણી-પ્રેમી રોહિતભાઈ એ જ કારણસર આજીવન કુંવારા રહ્યા હતા. તેમના મૃત્યુ બાદ બધાં પ્રાણીઓની જુદી-જુદી જગ્યાએ વ્યવસ્થા કરી હતી પણ આ નાનકડી મિની નામની બિલાડીએ કિશોરભાઈની પત્ની રમાબેનનું મન મોહી લીધું હતું.

રમાબેનની ઈચ્છાને માન આપીને કિશોરભાઈ મિનીને પોતાના ઘરે લઈ આવ્યા હતા. બંને દીકરીઓનાં લગ્ન થયા બાદ કિશોરભાઈ અને રમાબેન એકલાં પડી ગયાં હતાં. મિનીની તેમને હૂંફ રહેતી હતી, ખાસ કરીને રમાબેનને. પરંતુ રમાબેન વૈષ્ણવબહેનોના ગ્રુપ સાથે દિલ્હી-ગોકુળ-મથુરા-વૃંદાવનની યાત્રાએ ગયાં હતાં. ત્યારે રમાબેનની ગેરહાજરીમાં મિનીની જવાબદારી તેમને નિભાવવી પડતી હતી. મિની કિશોરભાઈના પગમાં અટવાતી રહેતી. ક્યારેક કિશોરભાઈના ખોળામાં પણ ચડી બેસતી. આ બધું તો કિશોરભાઈએ સ્વીકારી લીધું હતું પણ રાતના સવા ત્રણ વાગ્યે આ રીતે ચાટવાનું! કિશોરભાઈને ગુસ્સો આવ્યો. તેઓ ઊભા થવા ગયા પણ કોણ જાણે કેમ તેમનાથી ઊભા થવાયું જ નહીં. ખૂબ જ નબળાઈ લાગતી હતી. બાજુમાં જ મૂકેલા શુગર માપવાના મશીન વડે તેમણે શુગર લેવલ ચેક કર્યું. મશીન જે આંકડો દેખાડી રહ્યું હતું એ જોઈને કિશોરભાઈ ચોંકી ગયા. ડૉક્ટરે કહ્યું હતું કે શુગર લેવલ ૭૦ થી ૧૨૦ વચ્ચે હોવું જોઈએ. પરંતુ અત્યારે મશીનમાં આંકડો હતો ૫૩. કિશોરભાઈએ તરત જ તેમના ડૉક્ટર મિત્રને ફોન કર્યો. તેમણે આવીને કિશોરભાઈને હોસ્પિટલમાં દાખલ કર્યા. હોસ્પિટલમાં ડૉક્ટરે કહ્યું કે જો તમારી ઊંઘ સમયસર ઊડી ન હોત તો શક્ય છે કે ઊંઘમાં જ તમારા રામ રમી ગયા હોત. ■

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવાણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

Corporate Office :
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com ● www.hdfire.com

HD FIRE PROTECT PVT. LTD.
Protecting What Matters Most to You

આરોગ્ય

# World Health Day : 7th April
# વૈશ્વિક સ્વાસ્થ્ય દિન : ૭ એપ્રિલ

ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક
ડૉ. દિપ્તી શાહ, મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક

**યુનાઇટેડ નેશન ઓર્ગેનાઇઝેશન - યુનો** (United Nations Organisations - UNO)ની ૧૯૪૮માં મળેલી સામાન્ય સભા (World Assembly)એ સર્વાનુમતે નક્કી કર્યું કે ૧૯૫૦થી દર વર્ષે **૭મી એપ્રિલ વૈશ્વિક સ્વાસ્થ્ય દિન તરીકે વિશ્વભરમાં મનાવવો.** વૈશ્વિક સ્વાસ્થ્ય દિન મનાવવાનો મુખ્ય હેતુ એ હતો કે વિશ્વવ્યાપી બીમારીઓ પર આખા વિશ્વના દેશોનું તથા સામાન્ય પ્રજાનું ધ્યાન દોરવું તથા વિશ્વવ્યાપી બીમારીઓ કાબૂમાં આવે એવા પગલાં આંતરરાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય ક્ષેત્રે સંયુક્ત રીતે લેવા.

આ સંદર્ભમાં અછબડા (Chikenpox), શીતળા (Smallpox), ટી.બી., રક્તપિત્ત (Leprosy) જેવી બીમારીઓ વિષે જનજાગૃતિ લાવી આ બીમારીઓ પર વિશ્વકક્ષાએ કાબૂ મેળવ્યો છે. ૧૯૯૫માં સફળતાપૂર્વક પોલિયો નાબૂદ કરેલ છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (યુનો) વૈશ્વિક સ્વાસ્થ્ય દિન નિમિત્તે વિશ્વવ્યાપી બીમારી વિશે એક સુત્ર બહાર પાડે છે. એ વર્ષે આ સુત્રને તથા બીમારીને લક્ષમાં આપી પ્રાધાન્ય આપવામાં આવે છે. ૨૦૧૬નું સૂત્ર હતું : "ડાયાબિટીસ."

**૭ એપ્રિલ, ૨૦૧૭નું સૂત્ર છે : "હતાશાની બીમારી" (Depression)** (www://who.worldhealthday2017)

- **હતાશાની બીમારીનો વ્યાપ અને વિસ્તાર :**

વિશ્વ આરોગ્ય સંસ્થાએ **હતાશાની બીમારીનો વ્યાપ વાર્ષિક સામાન્ય જનતામાં ૮થી ૯% અંદાજ્યો છે. એટલે વિશ્વમાં ૧૦૦ કરોડથી વધુ લોકો હતાશાની બીમારીથી પીડાય છે.** આ ચોંકાવનારા આંકડા છે. અનેક સર્વેક્ષણો દ્વારા તારવવામાં આવ્યું છે કે આપણા ભારત દેશમાં જ્યાં ૧૨૫ કરોડની વસતિ છે ત્યાં વસતિના ૮% લોકોમાં હતાશાની બીમારીનું પ્રમાણ છે. એટલે **આશરે ૧૦ કરોડ ભારતવાસીઓ હતાશાની બીમારીથી પીડાય છે.**

**વૈશ્વિક સ્વાસ્થ્ય દિન ૨૦૧૭ના મુખ્ય હેતુઓ છે** કે હતાશાની બીમારી - ડિપ્રેશન (Depression) વિશે નીચે આપેલ અગત્યના મુદ્દાઓ પર લોકોમાં જાણકારી તથા જાગૃતિ આવે :

૧. હતાશાની બીમારી - ડિપ્રેશન એક બીમારી છે.
૨. હતાશાની બીમારી - ડિપ્રેશન એ મનની નબળાઈ નથી.
૩. હતાશાની બીમારી - ડિપ્રેશન કોઈને પણ થઈ શકે છે, કોઈપણ ઉંમરબાધ નથી.
૪. હતાશાની બીમારી તથા દર્દી પ્રત્યેનું પરિવારજનો તથા સમાજનું નકારાત્મક વલણ (Social stigmae) બદલાવવાની જરૂર છે.
૫. હતાશાની બીમારી - ડિપ્રેશન સુધારી (treatable) શકાય છે. સારવારના પરિણામો અન્ય શારીરિક બીમારીઓ (ડાયાબિટીસ, બ્લડ પ્રેશર વગેરે)ની જેમ સંતોષકારક આવે છે. સારવાર બાદ દર્દી ગુણવત્તાભર્યું જીવન (Quality Life) જીવી શકે છે.
૬. સારવાર ન કરવાથી ધંધાકીય, નાણાંકીય, કૌટુંબિક તથા સામાજિક નકારાત્મક અસરો થાય છે.
૭. સારવાર ન કરવાથી દર્દી આત્મહત્યા કરવા પ્રેરાય છે.

**૧. હતાશાની બીમારી ડિપ્રેશન એક બીમારી છે.**

હતાશા - ડિપ્રેશન શબ્દનો પ્રયોગ આપણી રોજિંદી જિંદગીમાં અને સામાન્ય વ્યવહારમાં આપણે એટલી હળવાશથી વાપરીએ છીએ કે **"હતાશા" એ બીમારી છે અને એની યોગ્ય સારવાર કરવી જોઈએ એવો લોકોને ભાગ્યે જ ખ્યાલ આવે છે.**

- **હતાશાની બીમારી - ડિપ્રેશન વિરુદ્ધ હતાશાની લાગણી**

૧. હતાશાની બીમારી - ડિપ્રેશન તેમજ મનોભાવ (મુડ) **લાંબો વખત રહે છે.** દિવસોના દિવસ સુધી રહે છે. બે અઠવાડિયાથી વધારે સમય રહે છે.

હતાશાની લાગણી થોડોક જ વખત રહે છે.

૨. હતાશાની બીમારી - ડિપ્રેશન (લાગણી, વિચારો, વર્તણૂક, શારીરિક લક્ષણો) પર **દર્દીનો કાબૂ રહેતો નથી.** દર્દી સમજી શકે છે કે જે થઈ રહ્યું છે તે યોગ્ય નથી પરંતુ આ બધું એના કાબૂમાં નથી.

હતાશાની લાગણી પર વ્યક્તિ જાતે જ (બીજા કોઈની મદદ વિના) **થોડા સમયમાં કાબૂ મેળવી લે છે.**

૩. સુખદ, હકારાત્મક પ્રસંગો કે વાતાવરણ **દર્દીને આનંદ અપાવતા નથી.**

સુખદ, હકારાત્મક પ્રસંગો કે વાતાવરણ આ સમય દરમિયાન **વ્યક્તિને આનંદ અપાવે છે.**

૪. **રોજિંદા કામકાજ તથા જીવન પર હતાશાની બીમારી - ડિપ્રેશનની નકારાત્મક અસર થાય છે.**

રોજિંદા કામકાજ તથા જીવન પર હતાશાની લાગણીની અસર થતી નથી.

૫. હતાશાની બીમારી - ડિપ્રેશન સારવાર (દવા અને / અથવા કાઉન્સેલિંગ) અગત્યની છે.

## ૨. હતાશાની બીમારી - ડિપ્રેશન એ મનની નબળાઈ નથી.

ટાઈફોઈડ, ન્યુમોનિયા, કમળો વગેરે શારીરિક બીમારીઓમાં શારીરિક નબળાઈ બીમારીનું એક લક્ષણ હોય છે જે થોડોક સમય રહે છે અને સારવાર બાદ નબળાઈ દૂર થાય છે. તેવી જ રીતે હતાશાની બીમારી - ડિપ્રેશનમાં **મનની નબળાઈ ટૂંક સમય માટે રહે છે,** આત્મવિશ્વાસ ઓછો થાય છે. **સારવાર બાદ મનની નબળાઈ દૂર થાય છે.** દર્દી આત્મવિશ્વાસ મેળવે છે અને પૂર્વવત પોતાના દરેક કામ વ્યવસ્થિત રીતે કરે છે. ગુણવત્તાભર્યું જીવન પૂર્વવત જીવે છે.

અમેરિકાના માજી પ્રમુખ અબ્રાહમ લિંકન તથા ઈંગ્લેન્ડના માજી વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલને પણ હતાશાની બીમારી - ડિપ્રેશન થયેલ. સારવાર બાદ નોર્મલ થયેલ.

## ૩. હતાશાની બીમારી - ડિપ્રેશન કોઈને પણ થઈ શકે છે - કોઈપણ ઉંમર બાધ નથી.

હતાશાની બીમારી - ડિપ્રેશન એ એક સર્વસામાન્ય તથા સૈકાઓથી પ્રચલિત બીમારી છે. ઈ.સ. પૂર્વે બીજી સદીમાં પ્રખ્યાત નાટ્યકાર **સુદોર્કેએ પુરાતન ભારતીય સાહિત્યમાં આ બીમારીના લક્ષણો વર્ણવ્યા છે.** ભારતના પૌરાણિક લખાણો, ધાર્મિક સાહિત્ય, પુરાણો અને ઐતિહાસિક ધાર્મિક ગ્રંથો - રામાયણ તથા મહાભારતમાં હતાશાની બીમારી - ડિપ્રેશન વિશે વિશિષ્ટતાપૂર્વક તથા ઉંડાણમાં વર્ણન કરેલ છે. **અર્જુનને હતાશાની બીમારી - ડિપ્રેશનનો હુમલો રણમેદાનમાં થયો હતો.** જે ભગવાન શ્રીકૃષ્ણે ગીતા જ્ઞાન (Counselling, Psychotherapy) દ્વારા દૂર કર્યો હતો. **રાજા દશરથને ત્રણ વખત હતાશાની બીમારી - ડિપ્રેશનનો હુમલો આવ્યો હતો** અને છેલ્લો હુમલો જીવલેણ નીવડ્યો હતો. આગળ જણાવ્યા પ્રમાણે અબ્રાહમ લિંકન તથા વિન્સ્ટન ચર્ચિલ પણ હતાશાની બીમારી - ડિપ્રેશનનો ભોગ બન્યા હતા.

**હતાશાની બીમારી - ડિપ્રેશન દુનિયાના દરેક દેશોમાં, દરેક સંસ્કૃતિમાં, ગરીબ - તવંગરના ભેદ વિના, પુરુષ તથા સ્ત્રી બંનેમાં, નાની કે મોટી ઉંમરના બાધ વગર** સૈકાઓથી પ્રચલિત છે.

તાજેતરના વર્ષોમાં **બાળકો, કિશોરો તથા યુવાનોમાં હતાશાની બીમારી - ડિપ્રેશનનું પ્રમાણ ઘણું જ વધી ગયું છે.** તેમજ **સિનિયર સિટીઝનમાં (૬૦ વર્ષથી વધારે) પણ હતાશાની બીમારી - ડિપ્રેશનના કિસ્સાઓ વધતા જાય છે.**

આ બંને ગ્રુપના તાજેતરના આંકડાઓ પ્રમાણે આત્મહત્યાનું પ્રમાણ વધારે જોવા મળે છે.

## ૪. હતાશાની બીમારી - ડિપ્રેશન તથા દર્દી પ્રત્યેનું પરિવારજનો તથા સમાજનું નકારાત્મક વલણ (Social Stigma) બદલાવવાની તાતી જરૂર છે.

**હતાશાની બીમારી - ડિપ્રેશનના દર્દી પ્રત્યેનું નકારાત્મક વલણ અને કટુવચનો હતાશાની બીમારીને વધારે છે તથા સારવારમાં અવરોધપૂર્વક બને છે.** "દર્દી ઢોંગ કરે છે, નાટક કરે છે. કાંઈ થયું નથી." "તે આળસુ થઈ ગયો છે. તેને કામ કરવું નથી." વગેરે દર્દી માટેના કટુવચનો છે. ઉપરોક્ત હતાશાની બીમારી ડિપ્રેશનના લક્ષણો છે. દર્દીનો આ બધા પર કાબૂ નથી. જેમ ડાયાબિટીસના દર્દીને મીઠાઈ આપવાથી નુકસાન થાય છે તેમ કટુવચનો અથવા નકારાત્મક વલણ હતાશાની બીમારીના દર્દી માટે બીમારી વધારે છે.

**કુટુંબીજનોના મનમાં શું છે એના કરતાં દર્દી કુટુંબીજનોની વર્તણૂક - વાણીનું કેવી રીતે અર્થઘટન કરે છે એ મહત્ત્વનું છે.** કુટુંબીજનોએ સમજણપૂર્વકના યોગ્ય પ્રયત્નો કરવા જોઈએ જેથી દર્દી હકારાત્મક અર્થઘટન કરે.

જે વ્યક્તિ હતાશાની બીમારી - ડિપ્રેશનની શિકાર બનેલ છે તેના કુટુંબીજનો તથા સ્વજનોએ દર્દીને સહાનુભૂતિપૂર્વક સમજવાની કોશિશ કરવી જોઈએ. દર્દીના ગમા-અણગમા તથા અપેક્ષાઓને ધ્યાનમાં રાખી એ પ્રમાણેની વર્તણૂક કરવી જોઈએ. વાણી અને વર્તણૂકમાં સંયમ કેળવવો જોઈએ. દર્દીને સ્વજનો તથા કુટુંબીજનોની હૂંફ મળવી જોઈએ. દર્દીને હરહંમેશ મહેસુસ થવું જોઈએ કે કુટુંબીજનોને દર્દી પ્રત્યે હકારાત્મક લાગણી (positive feeling) અને સહાનુભૂતિ છે. દર્દીને લાગવું જોઈએ કે ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ સ્વજનોનો માનસિક અને નૈતિક સાથ મળી રહેશે. આવી લાગણીને લીધે દર્દી જલ્દી સારો થાય છે તથા ભવિષ્યમાં પણ હતાશાની બીમારી - ડિપ્રેશન થવાની શક્યતા ખૂબ જ ઓછી થઈ જાય છે.

*(ક્રમશઃ)*

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

આરોગ્ય

# સાઠ પછીનું સ્વાસ્થ્ય – (૩)

● હરેશ ધોળકિયા ●

સાઠ પછીના આપણા સ્વાસ્થ્યનો વિચાર કરીએ છીએ, ત્યારે શરીરનાં બધાં જ અંગોમાં સૌથી મહત્ત્વના અંગ એવા મગજનો પણ વિચાર કરવો ફરજિયાત છે.

સાઠ પછી જેમ શરીરમાં બધાં જ અંગોમાં પરિવર્તન આવે છે, તે જ રીતે મગજમાં પણ પરિવર્તન તો આવે જ છે. પણ પરિવર્તનનો અર્થ એવો નથી થતો કે મગજની શક્તિમાં ઘટાડો થાય છે. ડૉક્ટરો તો કહે છે કે હકીકત એ છે કે વૃદ્ધ મગજ હોવું તે ફાયદાકારક છે.

માર્ક ટ્વેઈને મજાકમાં કહેલ કે, "મેં જે અનેક ચીજો ગુમાવી છે, તેમાં સૌથી મહત્ત્વનું મારું મન છે." પણ હકીકત પણ છે કે મોટા ભાગના લોકોને વૃદ્ધાવસ્થામાં સૌથી મોટો ભય મનની-મગજની-શક્તિ ગુમાવવાનો હોય છે. એ પણ સાચું છે કે સાઠ પરના લોકો-જેને આપણે સીનિયર સિટીઝન કહીએ છીએ-તે પોતાનાં ચશ્માં ક્યાં મૂક્યાં છે તે કે પોતાનો પાન નંબર ભૂલી જાય છે.

આમ કેમ બને છે? મહત્ત્વનું કારણ એ છે વીસ અને નેવું વર્ષની ઉંમર વચ્ચે મગજ તેના કદના પાંચથી દસ ટકા સંકોચાય છે. અને મોટા ભાગનું સંકોચન તેના 'હિપોકેમ્પસ' વિભાગમાં થતું હોય છે, જે સ્મૃતિનો મુખ્ય વિભાગ છે. તે સાથે મગજના 'પ્રિ-ફ્રન્ટલ કોર્ટેક્ષ' વિભાગમાં પણ સંકોચન થાય છે, જે માહિતીને યાદ કરી શકે છે, વિચારોને વ્યવસ્થિત રાખે છે અને એકી સમયે અનેક કામો કરી શકે છે.

વ્યવહારમાં આના પરિણામે એમ કહી શકાય કે યુવાનીમાં વ્યક્તિ શીખવા માટે અને કામ પૂરું કરવા માટે જેટલો સમય લેતી હતી, તેના કરતાં હવે લાંબો સમય લે છે. તેમાં પણ ખાસ કરીને જ્યારે વ્યક્તિ અનેક કામ સાથે કરતી હોય અને કોઈ અડચણ ઊભી થાય ત્યારે તો આમ ખાસ બને છે. પણ આ બાબતની જાગૃતિ એમ સૂચવે છે કે તે કામ તો કરી જ શકે છે. તેનો ઉપાય એ છે કે વ્યક્તિએ શીખવા કે કામ કરવા થોડો લાંબો સમય આપવો પડશે. તે કારણે તેણે હતાશ થઈ કંઈ હાથ ઊંચા કરી દેવાની જરૂર નથી. અને કદાચે થોડું કંઈ ઓછું થાય છે, માર્ક ટ્વેઈન કહે છે તેમ, તો તેના બીજા અનેક હકારાત્મક ઉપાયો કરી શકાય છે.

પહેલી સારી બાબત તો એ છે કે વિજ્ઞાનીઓ કહે છે કે વ્યક્તિનાં મગજ પાસે, શરીર જેમ, અનેક વધારાની શક્તિ હોય છે. એટલે કે જો મગજને ઈજા ન થઈ હોય કે ગંભીર બીમારી ન થઈ હોય, તો વ્યક્તિ સતત નવું નવું શીખી શકે છે. તે સાથે એ પણ જાણી લેવાનું છે કે, નવા પુરાવા કહે છે, જૂની માન્યતાની વિરુદ્ધ, મગજમાં નવા નવા કોશો ઉત્પન્ન થવાનું આખું જીવન ચાલુ રહે છે. વિજ્ઞાનીઓ તેને 'ન્યુરોજિનેસીસ' કહે છે. તે જ રીતે ન્યુરોન્સ વચ્ચે પણ નવાં નવાં જોડાણો સતત થતાં રહે છે. આ બાબત પ્રોત્સાહક છે, કારણ કે તેનો અર્થ તો એ થયો કે જો વ્યક્તિ ડિમેન્સિયા જેવી મગજની ગંભીર બીમારીનો ભોગ ન બને તો વ્યક્તિની ઉંમર ગમે તેટલી થાય છતાં તે નવી માહિતી શીખી શકે છે અને તેને યાદ પણ કરી શકે છે. વધારામાં, મગજ પાસે "પ્લાસ્ટિસિટી" નામની પોતાને પુનઃવ્યવસ્થિત કરવાની એક અદ્‌ભુત શક્તિ છે, જેમાં જો કદાચે કોઈ ઈજા થાય-દાખલા તરીકે સ્ટ્રોક-તો તે પોતાનું ત્યાંનું કામ તેના બીજા વિસ્તારોને સોંપે છે, જેથી સમય જતાં સાજા થયા પછી તે કામ ફરી તે વિસ્તાર કરી શકે.

વળી, મગજ પાસે અનુકૂલન સાધવાની પણ કલ્પનાતીત શક્તિ છે. એટલે કે તે તેની શક્તિને જાળવી શકે છે અને સક્રિય રહીને કે પોષક આહાર લઈ કે ચેસ કે બ્રીજ રમવાનું કે નવી ભાષા શીખવાનું કે નૃત્ય શીખવા જેવી નવી કુશળતાઓ શીખી તેને સુધારી કે વધારી પણ શકે છે.

આપણે એ પણ જાણીએ છીએ કે સાઠ વર્ષ પછી વાંચવાનાં ચશ્માની જરૂર ઊભી થાય છે. બીજી ઇન્દ્રિયોની શક્તિ પણ ઘટે છે. પણ આ ઘટાડો કે ફેરફાર એટલા તો ધીમા હોય છે કે વ્યક્તિ તેના સાથે જીવવાનું શીખી જાય છે. પણ એ બરાબર નથી. તેનું કારણ એ છે કે વ્યક્તિ પાસે આને અટકાવવાના અનેક માર્ગો છે. તેમાં આરોગ્યની તપાસ કરાવી શકાય છે અથવા તો સાદાં પરિવર્તનો પણ મદદ કરે છે.

ઇન્દ્રિયોનાં પરિવર્તનો આવાં હોઈ શકે :

- ★ **સ્પર્શ :** સંભવ છે, વ્યક્તિ ત્યારે પીડા, ઉષ્ણતામાન, કંપન, દબાણ વગેરે બાબતે ઓછી સંવેદનશીલ બને છે. તેની ચામડી પણ થોડી જાડી બને છે. તેને કારણે સ્પર્શના સંવેદન બાબતે ઘટાડો થાય. આનાં કારણો ઉંમર છે કે બીજી કોઈ પરિસ્થિતિ તેની ચર્ચા ચાલે છે. તેમાં લોહીનું દબાણ કે વિટામિન-બી ની અછત પણ ભાગ ભજવે છે.
- ★ **જોવાની શક્તિ :** આંખની કીકીઓ ઉંમરના કારણે કડક બને કે તેમાં પીળાશપણું આવે જેવા ફેરફારો થતા હોય છે. નર્વ કોશમાં પરિવર્તન પણ આવી શકે છે. કીકી પ્રકાશ પ્રત્યે જે રીતે પ્રતિભાવ આપે છે તેમાં પણ બદલાવ આવે

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૪ ઉપર)

સાંપ્રત

# આ વેકેશનને યાદગાર કેમ બનાવશો?

● ડૉ. મિહિર એમ. વોરા ●

મિત્રો, વેકેશન એટલે જય વસાવડાના મત પ્રમાણે વેકેશન એટલે ઈટ + લવ + સ્લીપ + ફન, રિપીટ. ગુજરાતની મોટાભાગની શાળા - કૉલેજોમાં એપ્રિલ, મે અને જૂન મહિનો એટલે વેકેશનનો ગાળો. આ સમયમાં બાળકો શાળા અથવા કૉલેજમાંથી અભ્યાસ જેવી દૈનિક પ્રવૃત્તિમાંથી રાહત મેળવે છે. માનવીના મગજને વિકસવા માટે સમયની જરૂર પડે છે અને અભ્યાસમાંથી વિરામ મળતાં મગજ અને શરીરમાં શક્તિનો પુનઃસંચાર થાય છે. આ માટે વેકેશનની ખાસ જરૂર પડે છે. મોટાભાગનાં બાળકો પરીક્ષાની તૈયારી કરતી વખતે વેકેશનના સપનાં જોતાં હોય છે અને વાલીઓ વેકેશનનું પ્લાનિંગ પણ પહેલેથી જ કરી લે છે. પરંતુ જ્યારે શાળા અથવા કૉલેજમાં વેકેશન પડે ત્યારે તેઓ આ પ્લાનિંગ ભૂલી જાય છે. સામાન્ય દિવસોમાં દરેક જણે જોયેલાં સપનાં, વિચારો અથવા મનમાં આવેલા ખ્યાલને લખી લેવા જોઈએ અને જ્યાં સુધી પરીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી તેને જોવા જોઈએ નહીં. આનાથી ખાસ હેતુ સિદ્ધ કરી શકાશે. તમારું મન પરીક્ષાની તૈયારી ઉપર કેન્દ્રિત રહેશે અને જ્યારે વેકેશન શરૂ થાય ત્યારે શું કરવું તેનું તમારી પાસે પ્લાનિંગ તૈયાર હશે. આનાથી ઘણો સમય બચશે અને તમે વેકેશનમાં અપેક્ષા મુજબના પ્લાનિંગમાં સક્રિય બની રહેશો.

વેકેશન દરમિયાન કેટલીક પ્રવૃત્તિઓ ખાસ કરવી જોઈએ. વેકેશનમાં મોટી સંખ્યામાં લોકો રાજ્યનો, દેશનો અને વિદેશ પ્રવાસ કરતા હોય છે. આનો ઉદ્દેશ્ય પરિવાર સાથે સારો સમય વિતાવવો, નવાં સ્થળો જોવાં, આરામ કરવો અને સારી પ્રવૃત્તિઓ કરવાનો હોય છે. વેકેશનની મજા માણવાનો મતલબ એ નહીં કે માત્ર નાણાંનો જ ખર્ચ કરવો. રોજિંદા જીવનમાં તમે બાળકોને પૂરતો સમય આપી શકતા નથી. પરિવાર સાથે પ્રવાસ કરવાથી માતા-પિતા અને બાળકોને સાથે મળીને એકબીજાને વધુ સારી રીતે સમજવામાં મદદ મળી રહે છે. બાળકો વિવિધ પરિસ્થિતિમાં માતા-પિતાના વ્યવહારનું અવલોકન કરતા હોય છે. એટલે કે તેમની તણાવયુક્ત અને હળવાશની પળો. જેને બાળકો અનુસરે પણ છે. બાળકો એમ્યુઝમેન્ટ પાર્ક, મ્યુઝિયમ, જોવાલાયક સ્થળોનો પ્રવાસ કે પછી શોપિંગ — આમાંથી શું કરવા ઇચ્છે છે તે અંગે તેમની સાથે ચર્ચા કરીને પસંદગીની પ્રવૃત્તિ કરવાથી તેમનું મગજ વધુ વિકસે છે. વેકેશનમાં પ્રવાસ કરવાનું આયોજન કરતા પહેલાં આ બાબતોનો હંમેશાં ધ્યાનમાં રાખો : શું તમારે પરિવાર સાથે પ્રવાસ કરવાનો છે અથવા સંબંધીની મુલાકાત લેવાની છે અથવા નવા સ્થળની મુલાકાત લેવાની છે કે પછી બાળકોને મનોરંજન પૂરું પાડવાનું છે. આનાથી તમે સૌથી મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ્ય માટે મહત્તમ સમયની ફાળવણી કરી શકો. જો તમે પરિવાર સાથે સમય વિતાવવા માંગતા હો તો બધા સાથે મળીને એક પ્રવૃત્તિમાં જોડાય તેવું આયોજન કરો. છેલ્લાં થોડાં વર્ષોથી શહેરોમાં બાળકોને સમર વર્કશોપમાં મોકલવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. આ વર્કશોપમાં ભાગ લેવાથી બાળકો નવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રેરાય છે અને કૌશલ્યો શીખે છે, જે તેઓ રોજિંદા જીવનમાં ક્યારેય શીખી શકતા નથી. જો કે, આ મોંઘું હોઈ પણ શકે અને નહીં પણ. સામાન્ય રીતે ક્લાસીસ, શાળાઓ અને સંસ્થાઓ દ્વારા સમર વેર્કશોપનું આયોજન કરાતું હોય છે. આનો ઉદ્દેશ્ય બાળકોને નવીન પ્રવૃત્તિઓમાં સાંકળીને નિપુણ બનાવવાનો હોય છે. જો તમે તમારા બાળકનું એડમિશન ડાન્સ વર્કશોપમાં કરાવો, અને જો તમારા બાળકમાં ડાન્સની છૂપી પ્રતિભા હશે તો વર્કશોપમાં આ પ્રતિભાને નિખરવા માટે પ્લેટફોર્મ મળી રહેશે. બાળકો ઉપર તમારી ઈચ્છાઓ થોપશો નહીં. તેમની સાથે વાત કરીને તેમની રુચિ અનુસારની પ્રવૃત્તિઓમાં બાળકોને સાંકળો. બાળકોને સક્રિય રાખવા અને તેમની પસંદગીની પ્રવૃત્તિમાં કાર્યરત બનાવવા માટે સમર વર્કશોપ શ્રેષ્ઠ પ્લેટફોર્મ છે. તમારા બાળકની સાથે અભ્યાસ કરતાં અન્ય વિદ્યાર્થીઓની માતા સાથે વાત કરો અને અન્ય પ્રોગ્રામની પણ જાણકારી પ્રાપ્ત કરો. વેકેશન માણવાનો આ પરંપરાગત પ્રકાર રહ્યો છે. એટલે કે કોઈ ચોક્કસ બાબતમાં સંપૂર્ણપણે સક્રિય ન રહેવું. માનસિક અને શારીરિક આરામ માટે આ વધુ એક સારો વિકલ્પ છે. વર્ષ દરમિયાન બાળકોને એવા પણ સમયની જરૂર હોય છે કે જ્યારે તેઓ કોઈપણ ચોક્કસ પ્લાન વિના સવારે ઊઠે. આનાથી તેમની સર્જનાત્મકતાને બળ મળી રહે છે. જો કે, તમારે આ બાબતે ધ્યાન રાખવું પણ જરૂરી છે. ઘણા કિસ્સામાં બાળક આળસુ થઈ જાય છે અથવા તો તે બિનઉત્પાદક પ્રવૃત્તિઓમાં સંકળાઈ જાય છે. આમાં ટી.વી. જોવું, ઘરની બહાર મિત્રો સાથે રમવાને બદલે કોમ્પ્યુટર, ટેબ્લેટ અને મોબાઇલ ઉપર ગેમ્સ રમવી વગેરેનો સમાવેશ થાય છે. આ વેકેશનમાં ઘણી સારી હિંદી, અંગ્રેજી મૂવી ઘરે જોઈ શકાય છે. જો કે સારાં પુસ્તકો વાંચવાં, મિત્રો, ભાઈઓ અને પડોશી સાથે ઈન્ડોર - આઉટડોર ગેમ્સ રમવાથી વેકેશનનો સદુપયોગ થાય છે. શારીરિક અને માનસિક પ્રવૃત્તિઓ દ્વારા બાળક વધુ સારું પ્રદર્શન કરવા સક્ષમ બને છે અને અભ્યાસ ઉપર તેની સકારાત્મક અસરો પેદા થાય છે. વેકેશન દરમિયાન પણ બાળક જે વિષયમાં નબળો હોય તેનો થોડાં કલાક અભ્યાસ કરાવવાથી સારાં પરિણામ પ્રાપ્ત થાય છે. પહેલાંની સરખામણીમાં આજના બાળકો પ્રત્યે વધુ ધ્યાન આપવું

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૮ ઉપર)

શિક્ષણ

# ગ્રામ્ય જીવો એ શિક્ષણનું કુદરતી ઝરણું

● ડૉ. પ્રયતકર કાનડિયા ●

ગ્રામ જીવન એ શિક્ષણનું, અનૌપચારિક શિક્ષણનું, સહજ શિક્ષણનું કુદરતી ઝરણું છે. એનો આપણે અહેસાસ કરી શકીએ છીએ. સવારની પહોરમાં રંગબેરંગી પક્ષીઓનો કલરવ, એક પક્ષી તેના બચ્ચાની ચાંચમાં કંઈક ખવડાવી રહ્યું હોય એ જ આપણા માનવજીવનને મહત્ત્વનો અને પ્રેમનો બોધ આપે છે. નિઃસ્વાર્થી, ઢોર-ઢાંખર સવારે તેના માલિકને દૂધ આપવા માટે તૈયાર થઈ જાય છે અને ક્યારેક માલિક દૂધ કાઢવામાં મોડો પડે તો તેને બોલાવવા માટે સાંકળથી ખીલે કે ખૂંટે બંધાયેલ ગાય-ભેંસ તોફાન કરી મૂકે છે. અને માલિકને તોફાન કરીને એવો સંદેશ આપે છે કે 'તારે દૂધ ભરાવવાનું મોડું થશે જલ્દી કર નહિ તો દૂધનું ટેંકર ઉપડી જશે.' આવા નિઃસ્વાર્થ પશુઓ આપણને કેટલું શીખવી જાય છે. એનો આપણે ગહન વિચાર કરીએ ત્યારે ખબર પડે.

પેલો કૂકડો વહેલી સવારે 'કૂકડે કૂ...' કરીને સૌને જગાડી દે છે ત્યારે એવું લાગે કે આ એલાર્મના અવાજ કરતાં આ કુદરતી પક્ષીનો સૂર કેટલો મીઠો- મધૂર લાગે છે! ના કોઈ ચાવી ભરવાની કે ન કોઈ સમય સેટ કરવાનો. આપોઆપ કૂકડે કૂ...ની રીંગટોન વાગી જાય. ન કોઈ ડિસ્ટર્બ (ખલેલ) જેવું લાગે. બસ એક મીઠા રણકારોમાં એક રણકાર વધારે.

ત્યારબાદ મંદિરોમાં પૂજારી કે સેવક 'ઢમઢમમ...ઢમ...' અને 'ટન ટન ટન...' ના અવાજ સાથે સૌની સવાર સંગીતમય બનાવી દે છે. ટી.વી. કે રેડિયોની ક્યાં જરૂર હતી! આ તો આપણે કૃત્રિમ શિક્ષણ મેળવવા આ બધા સાધનો વસાવી દીધા. કોઈ ગામમાં વળી મુલ્લા અજાન પોકારે, ક્યાંક સવારની પ્રભાતફેરી નીકળી હોય, તેમાંથી એક સેવક ઘંટડી વગાડે અને ઘેર ઘેર જઈને અનાજ વગેરે ઉઘરાવી પક્ષીઓ માટે ચણ ભેગું કરે. ત્યાં દરેક પ્રકારના પક્ષીઓ ભેગા મળીને ગામના સીમાડે કે વચ્ચે ચોગાનમાં ચણ ચરતા હોય તે વાતાવરણ તો જે જુએ એ જ માણી શકે. બાકી શહેરોમાં આજે કોલાહલ સિવાય પક્ષીઓનો મીઠો-મધૂરો સૂર ક્યાં સંભળાય છે! ક્યાંક એકાદ પક્ષી પોળો કે સોસાયટીમાં ઊડતું જોવા મળે ત્યારે એવું લાગે કે 'શહેરમાં મહેમાનગતિએ આવ્યું હશે!' બીજી દૃષ્ટિએ વિચારીએ તો 'ગામ સમા સ્વર્ગને છોડીને તે અહીં શું કામ આવે?' ત્રીજો વિચાર આવે 'અરે! ભૂલું પડી ગયું હશે કારણ કે શહેરમાં એના સંબંધીઓ ક્યાં રહે છે?' છેલ્લું વાક્ય કદાચ વધારે સાચું હોય.

પક્ષીને શહેરની ભરમાર સાથે શો સંબંધ? એ કંઈ શોકેસનું પક્ષી થોડું છે કે પીંજરે પૂરાવા આવ્યું હોય! એને તો એય મુક્ત ગગનમાં વિહરવું છે. અને પોતાના સંગીતના સૂરો મુક્ત વાતાવરણમાં લહેરાવા છે. એને આપણી જેમ ક્યાં સ્વાર્થ છે? ક્યાં મોટો હોદ્દો મેળવવો છે કે સેલિબ્રિટી બનવું છે? ખરા અર્થમાં તો એ સેલિબ્રિટીનો પણ ગુરુ છે. અને એની આપણને ત્યારે જ ખબર પડે કે તેને આપણે બરાબર જાણીએ. તેને માત્ર અબુધ પક્ષી સમજીએ તો શી ખબર પડે!

મોર કળા કરે એ ટી.વી. માં જોઈએ અને પ્રત્યક્ષ નિહાળીએ એમાં આસમાન જમીનનો ફેર છે. ટી.વી. ઉપર જોઈએ છીએ ત્યારે આપણા મોઢામાંથી શબ્દો નીકળી પડે, 'શું વાત છે, સુંદર અતિ સુંદર' પણ પ્રત્યક્ષ જોઈએ ત્યારે કોઈ શબ્દો જ ન નીકળે અને એ જ મોરની કળા. ખરેખર તો કળા કે કળાનું વર્ણન ન હોય એનો અહેસાસ હોય, એની સંવેદના હોય. વર્ણન હોય ત્યાં નિબંધ બની જાય અને અહેસાસ હોય ત્યાં કાવ્ય સરી પડે. હૃદય નાચી ઊઠે અને ગીતાંજલિ રચાઈ જાય. નરસિંહ મહેતા જેવા ભક્તોના હૃદય ગૂંજી ઊઠે કે 'અખિલ બ્રહ્માંડમાં તું એક...'

ગામની નદી કે વાંઘા - કોતરોની ધૂળમાં રમતા ગલુડિયાં એય ધૂળને ગુલાલ બનાવીને જે રમતો રમે છે અને જે આનંદ મેળવી માણસને સમજ આપે છે તેવો આનંદ કદાચ વિરાટ કોહલી ક્રિકેટ રમીને મેળવતો હશે કે કેમ? એ પ્રશ્નનો જવાબ તો એ પોતે જ આપી શકે. દેશ માટે રમવું, કરોડો લોકોની નજરમાં રહીને રમવું અને દેશને જીતાડવાના ટ્રેસમાં (દબાણમાં) રમતનો આનંદ કેવો મળે તે આપણે સમજી શકીએ છીએ. ખૂબ મહેનત કરીને રમવું અને દેશને જીતાડવો કંઈ નાનીસૂની વાત નથી.

પણ પેલા ગલુડિયાંને તો ન કોઈ ટ્રેસ, ન કોઈ બંધન. મુક્ત વાતાવરણમાં કોઈની પરવા કર્યા વગર ગુલામીમુક્ત જીવન જીવવાનું. આ જોઈને કદાચ આપણને ઈર્ષા પણ આવે અને મનમાં વિચારીએ પણ ખરા કે 'સ્વતંત્રતાથી જીવતા પેલા ગલુડિયાં કે આપણે' આ વિચારને વંટોળમાં ફેરવી દઈએ તો આપણે ગાંડા થઈ જઈએ. એના કરતા તો ગલુડિયાંને સમજીએ તો શાંત થઈ જઈએ. વિચારવા કરતાં સમજવું બરાબર છે ભાઈ! અને શીખવવા કરતાં પેલા ગલુડિયાં પાસેથી શીખી જવું એ શ્રેષ્ઠ છે. નહિ તો અંકના પહાડોના શિખરો સર કરી જઈશું. પછી શું? પાછા પેલા ગલુડિયાં! તો અત્યારે જ ગલુડિયાંનો બોધ શું ખોટો. એ તો આપવા (બોધ) માગતા જ નથી આપણે આપણા સ્વાર્થ માટે લેવાનો છે.

ગલુડિયાંથી આગળ જઈએ તો જેને આપણે કૂતરો કહીએ છીએ એ શ્વાન તો આપણી સાન ઠેકાણે લાવી દે છે. કેટલી વફાદારી! શહેરોમાં મોટા મોટા બંગ્લાઓમાં લખ્યું હોય છે -

'કૂતરાથી સાવધાન, બીવેર ઑફ ડોગ' અરે! સાવધાન તો કૂતરાથી રહેવાનું છે કે માણસથી! આ એક મોટો ઉકેલાય એવો છતાંય વણઉકલ્યો કોયડો છે. આપણે આપણી જાતને પૂછીએ તો પાકી ખબર પડી જાય કે સાવધાન કોનાથી રહેવાનું છે. ડર તો કૂતરો રાખનારને છે. એટલે તો એ કૂતરાના નામે ડર ઊભો કરે છે. બાકી સંતો, મહાત્માઓ જ્યારે જંગલોમાં નિવાસ કરતા હતા ત્યારે વાઘ-સિંહ જેવા હિંસક પ્રાણીઓ ઉપરાંત અન્ય નાના-મોટા પ્રાણીઓ તેમની સમીપમાં શાંતિ મેળવતા હતા. એ ક્યાં 'સાવધાન કે બીવેર' લખતા હતા! આ તો કૂતરાના નામે માણસે ડરનો ભ્રમ ઊભો કરી દીધો છે. બાકી આજના આધુનિક અને ટેકનોલોજીકલ શસ્ત્રોવાળા યુગમાં બિચારો સિંહ પણ બિલાડી બની જાય ત્યાં કૂતરો માણસને શું બીવડાવે!

કૂતરો તો ખરેખર ગામડાંની વફાદારીનું પ્રતીક છે. તેના ઉપર આપણે ડરનો 'સિમ્બોલ' ઠોકી બેસાડ્યો છે. ખરેખર તો કૂતરો એ આપણો રક્ષક છે. આપણો ગુરુ છે. તેના વફાદારીના પાઠ શીખવાના ન હોય પણ આત્મસાત્ કરવાના હોય. એ કંઈ નિશાળમાં આવીને વ્યાખ્યાન નથી આપતો પણ એનું જીવન એ જ વ્યાખ્યાન છે. કૂતરાની એક કહેવત કદાચ ખોટી હોય, 'ભસતા કૂતરા કરડે નહિ' ખરેખર તો કૂતરો ભસીને જ કરડે છે. એ માણસની જેમ સીધો 'ઍટેક' નથી કરતો. એ પહેલા ચેતવણી આપે છે અને આપણે ન માનીએ તો જ એ કરડે છે. (અપવાદ હોય) કૂતરાની આ ચેતવણી અને વફાદારી માણસને ઘણું શીખવી જાય છે.

કૂતરો કદી વફાદારીનો અહેસાસ પણ નથી કરાવતો. જ્યારે માણસ પત્ર લખતો હોય તો લિખિતંગ આપનો વિશ્વાસુ કે વફાદાર લખીને પોતાની સહી કરીને પત્ર પૂરો કરીને એવો આનંદ માને છે કે 'મેં સરસ પત્ર લખ્યો.' આપણે ખરેખર વિચાર કરીએ તો વફાદાર પેલો કૂતરો કે જે કોઈ લિખિતંગ કે બંગ લખતો નથી છતાંય મૂક વફાદારી અદા કરે છે કે આપણે? આપણે બરાબર સમજી શકીએ છીએ. કૂતરો તો ખરેખર સમાજનો ઉત્તમ શિક્ષક છે. તેનાથી પણ વધુ શ્રેષ્ઠ ગુરુ છે. આપણે સમજીએ તો!

ગામના બળદો, જો કે ટેકનોલોજીના યુગમાં બળદો ઓછા થઈ ગયા છે. છતાંય ખાધું ન ખાધું કરીને દિવસ દરમિયાન માઈલોની ખેપ કરીને તેના માલિકને જીવાડે છે અને મરતાં મરતાં પણ માલિકને વીમાની રકમ આપીને જાય છે. આ બળદને શું સ્વાર્થ? માત્ર બે ટંકનું ખાવાનો? એ તો જંગલમાં એને એકલો મૂકી દઈએ તો પણ એનું પેટ તો ભરી લે (જોકે આજે જંગલોનો વિચાર કરવો જોઈએ). છતાંય બળદ ગામ અને સીમના ધૂળીયા માર્ગો ઉપર કોટે બાંધેલી ઘૂઘરીઓની હોર્ન વગાડતો વગાડતો પોતાનો માર્ગ કરીને ચાલ્યો જ જાય છે અને આપણને અનાજ ભેગા કરે છે, આપણને ભોજન ભેગા કરે છે. આ બળદ સમાજનો મોટો દાતા છે. ખેડૂત એ દેશનો તાત છે તો બળદ એ એનો પણ તાત છે કે જે ખેડૂતને ખેતી કરવામાં અને રોજગારી મેળવવામાં મદદ કરે છે.

આજે પશુઓ પ્રમાણમાં ઘણા ઓછા થઈ ગયા છે. છતાંય 'ગધેડો' કે જેને આપણે અપમાનિત શબ્દથી ઉચ્ચારીએ છીએ એ ગધેડો સેંકડો માઈલોની ખેપ કરીને સમાજને મદદરૂપ થાય છે. જે પર્વતો ઉપર વાહન ન જઈ શકે ત્યાં ગધેડાની મદદથી સામાન ચડાવવામાં આવે છે. પર્વતો ઉપર મંદિરોમાં માણસ દર્શન કરવા જાય છે તે મંદિરોનો સામાન કોણે ચડાવ્યો એ આપણને ખબર છે? જેને આપણે 'ગધેડો' કહીએ છીએ તેણે ચડાવ્યો છે. આપણે સમજવું જોઈએ કે ગધેડો 'ગધેડો' કે માણસ 'માણસ'. જોકે આ સમજ કંઈ અઘરી નથી!

આપણે આપણે બનાવેલી પેલી પથ્થરની મૂર્તિને સ્વાર્થથી અને લાલચું બનીને નતમસ્તકે નમી પડીએ છીએ. જ્યારે પેલા ગધેડાને જોઈએ ત્યારે તેની પાછળ ધોકો લઈને પડીએ છીએ અને કહીએ છીએ, 'આ ગધેડો અહીં ક્યાંથી આવી ગયો!' અરે ભાઈ! એ ગધેડો હતો ત્યારે તમારો ભાર ઊંચકાયો અને આ ઊંચા પર્વત ઉપર મૂર્તિ બનાવાઈ. એક પથ્થરના આકારને આપણે સ્વાર્થમાં અને દુઃખમાં નમી પડીએ છીએ અને એક અબોલ, નિઃસ્વાર્થી અને પરોપકારી પ્રાણીને ધોકા વડે મારીએ છીએ. આ કેવી સમજ! ભગવાન પણ હસતા હશે અને વિચારતા હશે કે 'આ મૂર્ખ કેટલો સ્વાર્થી અને લાલચું છે જે પોતાના પાલકને મારી રહ્યો છે અને એ સમજતો નથી કે હું તો તેની અંદર જ વસું છું, સર્વત્ર છું, જો હું પેલી મૂર્તિમાં હોઉં તો ગધેડાના રોમ રોમમાં પણ છું.' પરંતુ પરમાત્માની આ મૂકવાણી ગધેડાને ધોકો મારનાર થોડો સાંભળવાનો છે!'

ગધેડા પાસેથી કામ લેવા માણસો ઘણીવાર સ્વાર્થી બની જાય છે, ધાર્મિક બની જાય છે. તેઓ ગધેડા પાસે કામ કરાવે અને 'ગાય' ને ખવડાવવાની રાહ જોઈ રહ્યા હોય. પુણ્ય મળે ને! ગધેડાને ચારો નાખ્યો ન નાખ્યો કરીને ગાયમાતાને શોધવા નીકળી પડે છે અને ગાયને ન ખવડાવે ત્યાં સુધી તેમની 'બાધા' પૂરી ન થાય. આ ક્યાંનો ન્યાય? ગાયમાતા તો માતા છે જ પરંતુ એનો મતલબ એ નથી કે આપણે એક અબોલ અને ભાર ઊંચકનાર પ્રાણીને અન્યાય કરીએ! ગાયને ખવડાવવાનું કોણ ના પાડે છે. એ પણ અબોલ જીવ છે, પરંતુ એ ભૂલવું ન જોઈએ કે બંને એક જ ઈશ્વરે બનાવેલાં જુદા જુદા ખોળિયામાં વસતા એક જ સ્રોતના બે બિંદુઓ છે. સૂર્યપ્રકાશના કિરણની જેમ. સૂર્યનું કિરણ કાદવમાં પડે કે સ્વચ્છ પાણીમાં પડે, બંને કિરણ જ કહેવાય કાદવ કે સ્વચ્છ પાણી ન કહેવાય.

ગધેડો અને ગાય માણસને ઘણું શીખવી જાય છે, સમજાવી જાય છે. એ બંને તો એક જ છે, પરંતુ માણસ ધાર્મિકતાના નામે બંને વચ્ચે ભેદ રાખીને એકનું અપમાન કરે છે અને બીજાની પૂજા કરે છે. ખરેખર તો બંને પૂજનીય છે. ગાય તો ઈશ્વરે આપેલું અનોખું પ્રાણી છે જ, પરંતુ ગધેડો કંઈ નોખો નથી. બંને પ્રાણીઓ મૂક રહીને સૌદ્ધાંતિક કાર્ય જ નહિ, પરંતુ પ્રાયોગિક કાર્ય કરે છે. તેમના પ્રયોગો ભગવાનની પ્રયોગશાળામાં ચોક્કસ

સફળ છે જ. આપણા માનવા ન માનવાથી શું ફેર પડશે?

ઊંટ અને ઘોડો ભાર વહન કરનાર પ્રાણીઓ માણસનો મોટાભાગનો શારીરિક અને માનસિક ભાર ઓછો કરી દે છે. ઊંટ ઊંટલારી આગળ ચાલતો હોય કે માણસ કે માણસના અન્ય ભારને પીઠ ઉપર લઈને ચાલતો હોય. તેની ન કોઈ ફરિયાદ કે ન તેના આત્મજનોની યાદ. એ જીવનપર્યંત ચાલ્યા જ કરે છે. માણસને એનો ભાર ન લાગે એટલે ક્યારેક તો તે માર્ગો ઉપર ચાલતાં ચાલતાં વૃક્ષોના પાંદડાઓથી પોતાનું પેટ ભરી લે છે. કેટલો સાચવે છે એના માલિકને! આ માણસનો સાચો પથદર્શક છે કે જે ઉઘાડા પગે ઉબડખાબડ માર્ગો ઉપર ચાલીને પગ છોલાવાની, ઠેસ વાગવાની કે કાંટા વાગવાની પરવા કર્યા વગર ખેપ કર્યા જ કરે છે.

ઘોડો પણ માણસને પીઠ ઉપર બેસાડીને તેને ખેપ કરાવે છે. ખેતરોની ચોકી કરવામાં મદદ કરે છે. વગર પેટ્રોલે ચાલતી કુદરતી એ.સી. વાળી ગાડી કે બાઈક. આમ તો પેટ્રોલની (ખાવાની) જરૂર પડે પણ ગાડી કે બાઈકની જેમ એ ક્યાં રિઝર્વમાં આવે છે. આ પગની એડી મારી, ને સવારી ઉપડી. થોડું ખાધું-પીધું ને કામે લાગી જવાનું. ખરેખર આવા પ્રાણીઓ જીવન જીવવાની કળા શીખવી દે છે – 'જીવવું હોય તેને.'

ગાંધીબાપુની બકરી હરતી-ફરતી દૂરની ડેરી. જ્યારે માણસ ઇચ્છે ત્યારે દૂધ આપી દે. બકરીને ન ખવડાવવા - પીવડાવવાની ચિંતા. ગામની સીમ કે જંગલમાં છોડી મૂકો એટલે પેલી કહેવતની જેમ 'ઊંટ ટાળે આકરો અને બકરી ટાળે કાંકરો' બધું ખાઈ લેવાનું અને સમય થાય એટલે ઘેર આવી જવાનું અને સામેથી ખૂંટે બંધાઈ જવાનું. આવું કામ દીકરો કે દીકરી પણ ન કરે. 'જે દીકરો દીકરી ન કરે એ બકરી કરે.'

આ બધા પશુ-પક્ષીઓ માનવ (માણસ) જાતને ઘણું બધું શીખવી જાય છે. વ્યાખ્યાનમાળા વગર પોતાના વર્તન-કાર્યથી પરોક્ષ વ્યાખ્યાનો આપે છે. આને શું કુદરતી શિક્ષણનું ઝરણું ન કહેવાય? ઝરણું તો ગામના સંદર્ભમાં કહેવાય ખરેખર તો એ મહાસાગર કહેવાય, પણ દરેક ગામમાં મહાસાગર ન હોય ઝરણું તો હોય, નાનું કે મોટું.

પરમાત્માએ સર્જન કરેલ માણસ સિવાયના બધા જ જીવો. ખાસ કરીને સમાજ સાથે જોડાયેલ-નિવાસ કરનાર જીવો, ગામમાં વસતા જીવો માણસ માટે સાચા પથદર્શકો છે કે જેઓ પોતાના માટે જ જીવતા નથી બલ્કે તેમના થકી અન્ય જીવો (માણસ) જીવે છે. આવા જીવો શિક્ષણના આધારસ્તંભો છે, પરોક્ષ શિક્ષકો છે. આટલું આપણે સમજીએ તો અભણ હોવા છતાંય આપણે શિક્ષિત કહેવાઈએ. ટૂંકમાં સંવેદનાઓ સમજે એ સાચો શિક્ષિત અને સમાજ માટે કંઈક કરી જાય તે સાચો શિક્ષક કે ગુરુ. શ્રી કબીરની પેલી પંક્તિ

*'જગ મેં જબ તૂ આયા, તૂ રોયા જગ હસા*
*ઐસી કરણી કર કે જાઓ, જગ રોયે તૂ હસે.'*

આ પંક્તિ આવડે ન આવડે પણ સમજી ચોક્કસ જવાય.

## સાઠ પછીનું સ્વાસ્થ્ય – (૩)

**(અનુસંધાન : પાના નં.-૬૦ ઉપરથી ચાલુ)**

છે. અનેક લોકોને પુસ્તકમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં પણ મુશ્કેલી પડે છે. ઝાંખા પ્રકાશમાં પણ વાંચવું તકલીફભર્યું બને છે. રંગો પણ ઝાંખા દેખાય છે. રાતે ડ્રાઈવિંગ વખતે પ્રકાશનો ઝળહળાટ હેરાન કરે છે.

★ **શ્રવણ :** ઉંમર આધારિત સાંભળવાની શક્તિ પણ ઘટે છે. ખાસ કરીને ૬૫ થી ૭૫ દરમ્યાન બને છે. લોકો શું વાતો કરે છે તે સાંભળવામાં તકલીફ પડે છે. ખાસ કરીને ઘોંઘાટિયા સ્થળોએ વધારે પડતો ઊંચો અવાજ હોય તો પણ શબ્દો સાંભળવામાં તકલીફ પડે છે.

★ **સ્વાદ :** વ્યક્તિ વૃદ્ધ થાય તેમ જીભમાં રહેલ સ્વાદના તંતુઓ નબળાં પડવાથી સ્વાદેન્દ્રિય નબળી પડે છે. પણ સૌથી મોટું કારણ ગંધશક્તિમાં ઘટાડો છે.

★ **ગંધ :** ૭૦ વર્ષ પછી ઘણા લોકોને લાગે છે કે તેમની ગંધ શક્તિ ઘટી ગઈ છે. જો કે નિષ્ણાતોમાં મતભેદ છે કે આનું કારણ ઉંમર છે કે કોઈ રોગ છે કે જીવન જીવવાની ખોટી પદ્ધતિ - દાખલા તરીકે ધૂમ્રપાન છે.

આ બાબતોને બદલાવી તો ન શકાય, પણ ઇન્દ્રિયોના ઉપયોગમાં સજાગતા વધારી તેના ઘટાડાને ધીમો તો કરી શકાય. સ્વાદ, ગંધ વગેરે પર વધારે ધ્યાન આપી તેને તીવ્ર બનાવી શકાય છે અને જાગૃતિ હોય તો ઇન્દ્રિયો વધારે સંવેદનશીલ બની શકે છે.

આમાં તેને જ્ઞાનેન્દ્રિયો ખૂબ મદદ પણ કરે છે. એટલે તે બાબત પણ જાણી લેવાની જરૂર છે.

તેના સંદર્ભમાં ઉપાયો પણ તપાસીએ.

*(ક્રમશઃ)*

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

અનુભૂતિ

# ખુલ્લી આંખે વિપશ્યના (સત્ય ઘટના)

● ભાનુબેન એન. સાવલા ●

૬૦ વર્ષ પહેલાંનો ભૂતકાળ. ત્યારે બનેલા દુઃખદ બનાવોને હું અંગેઅંગમાં પાળી પોષી રહી હતી. એ ઘટનાઓની યાદ માત્રથી મારા શરીરનો કણેકણ ખારો લવણપાટ બનીને મને દઝાડતો. મનમાં વેરભાવના એટલી બળવત્તર બની જતી કે આજે એમની હયાતી હોત તો એમને બરાબરના જવાબ આપ્યા હોત. અને મનોમન રાચતી કે, "કેવો સજ્જડ જવાબ આપ્યો. હા! એ એવા જ લાગના છે."

વાત છે અમારા અતરંગી ફઈબાની, મારી મા ની અને મારા બાળપણની. આજે ફઈબા કે મા, કોઈ હયાત નથી. છતાં હું તેમને કોષતી. એમ નહોતું કે ફઈબામાં ગુણ નહોતા! પણ માને હેરાન કરવાની એક પણ તક ફઈબા જતી ન કરતા. મા ખૂબ ત્રાસી જતી ત્યારે છાનાં આંસુ સારી લેતી. બાપુ પણ માને પક્ષે નહોતા. ફઈબાના આ અવગુણને હું માફ નહોતી કરી શકતી. મારા બાળમનમાં એ વિચારો શીલા જેવા સખત થઈ ગયા હતા.

આમ તો ફઈબાની સમયસૂચકતાથી જ નાના ભાઈનો પગ બચ્યો હતો. અગિયાર વર્ષના ભાઈના પગ પર ઉકળતા ડામરનો ડબ્બો ઊંધો વળી ગયો હતો. ગગનને ચીરતી એની ચિંધાડો યાદ આવતાં આજે પણ થરથરી જવાય છે. એની અપાર વેદના નજર સમક્ષ તાદશ થતાં જ મન કલેશથી ભરાઈ જાય છે. તે ઘડીએ ફઈબાએ ઝડપથી ઘાસલેટનો ડબ્બો પીપમાં ઠાલવી, ભાઈનો પગ ઝબોળાવી દીધેલો. અડધા કલાકમાં તો ભાઈ હસતો રમતો થઈ ગયો હતો.

આ જ ભાઈ ભાંખોડિયાં ભરતો ત્યારે અકસ્માતે નાની ફઈબાને હાથે ઊકળતા પાણીનું તપેલું એના પગ પર પડ્યું ને ભાઈ ખૂબ દાઝ્યો. એની ચીસોથી મા અવાક થઈ ગયેલી. તરત ફઈબાએ બાર પંદર બટેટા ખમણીને ભાઈના પગે થેપી દીધાં. માના ખોળામાં ભાઈ ધીમે ધીમે શાંત થતો સૂઈ ગયો. વૈદરાજ આવતાં સુધીમાં એના પગે ઘણી શાતા વળી હશે.

આ બંને બનાવોથી મા તો ફઈબાની ઋણી થઈ ગઈ હતી. એ કહેતી, "મને ગમે તેટલી તકલીફ પડી હોય પણ હું બધા દુઃખ ભૂલી ગઈ છું." મા અમને પણ સમજાવતી. "ભૂલી જાઓ બધું મેં એમને માફ કરી દીધા છે. તમે બધા પણ મનમાં કાંઈ ન રાખશો."

આમ છતાં ફઈબાની અળવીતરાઈને હું ભૂલી ન શકતી. બલકે એ વાતોને વાગોળ્યા કરવાની મને જાણે આદત પડી ગઈ હતી. એટલું જ નહિ, નાના ભાઈ-બહેનો સાથે પણ મલાવી મલાવીને ફઈબાની વાત કરવાની કુટેવ મને પડી હતી. એ વાતોથી મનમાં ઘૂંટાતું ઝેર જાણે અજાણે મારા અને ભાઈબહેનોના બદનને કોરી ખાતું. આ કુટેવ માટે સંપૂર્ણપણે હું જ જવાબદાર હતી. નિઃશંકપણે મારે મારા મનને સ્વચ્છ પારદર્શક બનાવવાની જરૂર હતી. પણ જેમ કોઈ નશેબાજ ગંજેરી નશો નહિ છોડવાના હજારો બહાના બતાવે તેમ મારું પણ તેવું જ હતું. હું ફઈબાના વિચારોથી છૂટવા જ નહોતી માગતી. થાંભલાની જેમ એને સજ્જડ પકડી રાખતી.

પણ આ વિચારોથી મુક્તિ મળી વિપશ્યનાથી. અને એ શીખવી કૈલાસપતિ ચંપાના વૃક્ષે. અબોલ વૃક્ષ વિપશ્યના કેવી રીતે શીખવી શકે? પરંતુ વનસ્પતિવિદોના મંતવ્ય મુજબ દરેક વનસ્પતિ પાનખર ઋતુમાં સાધનાની સ્થિતિ પર હોય છે.

એક સવારે મારી બારીના ઓટલે સૂર્યસ્નાન કરતી બેઠી હતી. અમારી સોસાયટીના પરિસરમાં કૈલાસપતિ ચંપાનાં બે વૃક્ષો દ્વારપાળની જેમ ગેટ પાસે ઊભાં છે. મારી નજર ત્યાં સ્થિર હતી. ખરખર કરતાં પાન ખરી પડતાં હું જોઈ રહી હતી. ડાળીઓ પર નવી લીલી-લાલ કૂંપળો ફૂટી રહી હતી. વૃક્ષો સ્થિતપ્રજ્ઞ હતાં અને હું ભાવસમાધિમાં. પીળા પાનનું ખરવું અને નવું સુંદર ઊગવું. જાણે ભૂતકાળ સરી જતો હતો અને વર્તમાન સમય ભવિષ્ય તરફ વહી રહ્યો હતો. તરત મનમાં એક લીટી ગવાઈ, "વણજોતું નવ સંઘરવું."

એવી શીખ મળી કે ચિત્તમાં પ્રકાશ વ્યાપી ગયો. એ ઘડીએ ફઈબા તરફની બધી કડવાશ ધોવાઈ ગઈ. અને મેં ભૂતકાળને તિલાંજલિ આપી દીધી.

મનમાંથી ભાર ઓછો થયો અને હું હળવાશ અનુભવી રહી.

પંડની શોધ કરતાં દૃષ્ટિ જ્યારે અંદર ઉતરી જાય પછી પાંપણ ખુલ્લી છે કે બંધ તેનું મહત્ત્વ રહેતું જ નથી. માંહ્યલાને જોવા પ્રથમ "હું" ને ઓળખવો પડે. કૈલાસપતિના વૃક્ષે મને વિપશ્યનાની ચરમસીમા સુધી પહોંચાડી ભગવાન તથાગતનાં દર્શન કરાવ્યાં હતાં.

॥ શાન્તિ શરણમ્ ગચ્છામિ ॥

ફોન : ૨૬૨૮૩૬૧૧

*કાગા કુછ ન લેત, કોકીલ ન કુછ દેત*
*મધુર વાણી સુનાવરો જગ અપના કરી લેત.*

સત્ય કથા

# ન ભુલાતી આંખો

● ડૉ. સુધીર ચી. મોદી ●

રમતુજી ઠાકોર, તેમનું દારૂનું વ્યસન, કુટુંબની થયેલી તારાજી અને તેમના પત્નીની છેલ્લા દિવસોની વેદનાસભર આંખો યાદ કરતાં આજે પણ મારું મન દુઃખથી ભરાઈ જાય છે.

મારા દવાખાના પાસે લિબર્ટીના છાપરા કે ચાલી નામની ગરીબ વસાહત ઘણા સમયથી છે. તેમાં રોજ પર કામ કરનારા, બીજા રાજ્યોમાંથી આવેલા ગરીબ લોકો, કારીગરો, માળી, ડ્રાઈવરો વગેરે રહે છે. આજથી લગભગ ૩૦ વર્ષ પહેલાંની વાત છે. ત્યાં રમતુજી ઠાકોર નામના ડ્રાઈવર રહે. પત્ની અને એક સંતાન. ડ્રાઈવર તરીકે કામ કર્યા બાદ સાંજે દારૂ પીવાની ટેવ. પીવામાં કાબૂ ના રહે. રાજાપાઠમાં આવી જાય. તેમનું સંતાન મોટું થતાં પરણીને અલગ રહેવા ગયો. તેમના પત્ની ગુજરી ગયા. રમતુજીની ઉંમર લગભગ ૫૮ની થઈ હશે. થોડા મહિના બાદ રમતુજી એક યુવાન પાતળી યુવતીને લઈને દવાખાને આવ્યા. મને કહે બીજું બૈરું લાવ્યો. એક તો તેમનો શબ્દ 'બીજું બૈરું' અને બીજું તે બહેનને જોતાં મારો જીવ અરેરાટીથી કકળી ઊઠ્યો. પત્ની માટે આવો તુચ્છકારક શબ્દ. આ ૬૦ ની ઉંમરે પહોંચેલો દારૂનો વ્યસની ડ્રાઈવર અને ક્યાં ૨૦-૨૨ વર્ષની કુમળી યુવતી. છતાં પણ મારાથી કશું બોલાય તો નહિ જ. બીજાના સંસારમાં માથું મારવાનો મને શો હક્ક? આ ઉપરાંત તેઓ મારે ત્યાં સારવાર માટે આવ્યા હતા. તે વખતે તેમના પત્નીને સારવાર આપ્યા બાદ મારું મન ખિન્નતાથી ભરાઈ ગયું.

રમતુજીની ડ્રાઈવર તરીકેની નોકરી પૂરી થઈ. પાંચ વર્ષમાં તેમને ત્યાં બે સંતાનો, મોટી દિકરી શાંતા અને નાનો કેશવ અથવા કેશરસિંઘ. હવે તો બેકારી અને વધતા ગયેલા દારૂના વ્યસનને કારણે ગરીબી વધવા લાગી. થોડા સમયમાં જ રમતુજી અવસાન પામ્યા. પેલા વિધવા થયેલા બહેન અને બે બાળકો. તે બહેન લોકોને ત્યાં કચરા વાસીદાં કરીને ઘર નિભાવે. તેમાં બહેનને ટી.બી. થયો. મ્યુનિસિપલ કોર્પોરેશનના આસ્ટોડિયા ટી.બી. ના દવાખાનેથી પંદર પંદર દિવસની દવા લઈ આવે. પરંતુ નિયમિત જઈ ના શકે. પૂરતું પોષણ ના મળે અને શરીર ઓગળતું ગયું. ઝીણો તાવ અને ઉધરસ ચાલુ. હવે તો કચરા વાસીદાનાં કામ કરવા પણ જઈ ના શકે. બાળકો અને પોતાને ખાવું શું? પડોશી પણ કેટલા દિવસ આપે. મારે ત્યાં આવે ત્યારે તેમની અને બાળકોની સારવાર કરું અને બાજુની દવાની, દુકાનમાંથી વધારાની દવાઓ અપાવી દઉં. જ્યાં બધું તૂટવા જ બેઠું હોય ત્યારે ટેકો પણ કામ ના આવે.

આવી રીતે એકવાર સાંજે તે બહેન દવાખાને આવ્યા હતા. તેમની હાલત જોતાં મને ખ્યાલ આવી ગયો કે જમવા પામતા નથી. મારા સ્ટાફના માણસને જણાવ્યું કે નજીકની ઘંટીમાંથી લોટ અપાવી દે. તે બહેન મારી સામે સ્થિર નજરે જોયા કરે. મને થયું શું થયું હશે. પૂછ્યું કેમ શું છે? તે બહેન બોલ્યા એકલા લોટને કેવી રીતે ખાવો, બાંધવા માટે કંઈ જોઈએ, ચૂલો સળગાવવા કોલસા જોઈએ. અરેરે! ત્યારે મને ખ્યાલ આવ્યો કે ગરીબી શું છે. સુખી લોકોને આવા ગરીબ ભૂખ્યા લોકોની તકલીફોનો મનમાં વિચાર જ ના આવે. એકલા લોટ અપાવી દેવાથી ચાલતું હશે? તેમને બીજી બધી વ્યવસ્થા કરી દીધી. પરંતુ કેટલા દિવસ ચાલે?

તેના બાળકો નિશાળે ના જઈ શકે. એક દિવસ તે બહેન દવાખાને માંડ માંડ આવ્યા. તેમને તાવ. ખૂબ જ અશક્તિ અને ધીમો શ્વાસ. હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર હતી. સાથે કોણ લઈ જાય? તે વખતે ઈન્જેક્શન, દવા અને બીજી બધી વ્યવસ્થા કરી આપી. પરંતુ સૂતા સૂતા તેમણે મારી સામે જે નજરે જોયું તે આંખો હજુ ભૂલી શક્યો નથી. આંખોમાં જે વેદના, અકથ્ય દુઃખ અને દયાની અપેક્ષા. જાણે કહેતી હોય મારા બાળકોનું ધ્યાન રાખશોને? મેં કશું બોલ્યા વગર તેનો હાથ પકડ્યો સહાનુભૂતિ, આર્દ્રતા અને દયાભાવ બોલ્યા વગર વ્યક્ત થઈ જાય. થોડીવાર બાદ તે ગયા. બે દિવસ પછી સમાચાર મળ્યા કે તે બહેન અવસાન પામ્યાં છે.

મારા મનમાં ચિંતા રહ્યા કરે કે તેના બાળકોનું શું થશે? તપાસ કરાવી તો જાણવા મળ્યું કે તે બહેનનો ઓરમાન દિકરો જે નજીકમાં રહેતો હતો તેને ત્યાં ગયા છે. મને થયું કે કંઈક તો કરવું જોઈએ. તેમની સામેની ડેરીવાળાને ત્યાં જઈ સૂચના આપી કે ઓરમાન ભાઈને રોજ ૫૦૦ ગ્રામ દૂધ મારા તરફથી લઈ જવા દેજો. પૈસા ના લેશો. બાળકોને મદદરૂપ થશે. ત્રણ વર્ષ ચાલ્યું. બાળકો રખડીને મોટા થતા ગયા. કેશો ગામડે તેના મામાને ત્યાં ગયો. શાંતા થોડી મોટી થતાં તેને કોઈ ઠાકરડા (દારૂ પીતા) યુવાન સાથે પરણાવી દીધી.

અરેરે! રમતુજીનું દારૂનું વ્યસન, કુટુંબની દારુણ ગરીબી, બહેનની બિમારી, ભૂખ વેદના અને દુઃખ, બાળકોની દશા યાદ આવ્યા કરે. તે બહેનની છેલ્લા દિવસે જોયેલી આંખો અને ભાવ ક્યાંથી મનમાંથી હટે? આજે પણ યાદ આવતાં મન ભરાઈ આવે છે. મનમાં પ્રશ્ન થઈ ઉઠે, હે ભગવાન! આ બહેન - બાળકોનો શું વાંક?

*૧-એ, વ્રજરાયજી કોલોની,*
*સે.મે. લોયેલા સ્કૂલ પાસે*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*

તીર્થ

સ્વામીજીના વડોદરા આગમનની સવા શતાબ્દી (૧૮૯૨-૨૦૧૭)

# વડોદરાનું દર્શનીય સ્થળ : વિવેકાનંદ મેમોરિયલ

● ભરત 'કુમાર' પ્રા. ઠાકર ●

વિશ્વમાં વેદાંત જ્ઞાનના પ્રખર પ્રસારક સ્વામી વિવેકાનંદ (૧૮૬૩ - ૧૯૦૨) એ પોતાના અધ્યાત્મ ગુરુ રામકૃષ્ણ પરમહંસ (૧૮૩૬ - ૮૬) ની સ્મૃતિમાં રામકૃષ્ણ મઠ (૧૮૮૬) અને રામકૃષ્ણ મિશન (૧૮૯૭) ની સ્થાપના કરી હતી, જેનાં આજે દેશવિદેશમાં ૧૭૬ જેટલાં શાખાકેન્દ્રો કાર્યરત છે. તેમાંથી ચાર ગુજરાતમાં છે : રાજકોટ, લીંબડી, પોરબંદર અને વડોદરા.

૨૦૧૩ માં દેશભરમાં સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જયંતી - સાર્ધ શતાબ્દી ઉમંગભેર ઉજવાઈ હતી. તો, આ વર્ષે સ્વામીજીના વડોદરામાં આગમનની ૧૨૫ મી જયંતી રજત/સવા શતાબ્દી મનાવાશે. તે પ્રસંગે એમનું વડોદરામાં રોકાણ અને વડોદરામાં એમના સુંદર સ્મારક બંગલાની ઝાંખી અહીં કરાવી છે...

## ● ગુજરાત પ્રવાસનું અંતિમ ચરણ :

૧૮૯૩ માં યાદગાર 'શિકાગો સર્વધર્મ સંસદ' (પાર્લામેન્ટ ઑફ રિલિજ્યન્સ) માં ભાગ લેવા પોતાના અમેરિકા પ્રસ્થાન પૂર્વે વિવેકાનંદ એક પરિવ્રાજક તરીકે પાંચ વર્ષ (૧૮૮૮ - ૯૩) ભારતના તીર્થાટને નીકળ્યા હતા. ત્યારે ૧૮૯૧ - ૯૨ માં કદાચ સૌથી લાંબો સમય (પાંચેક માસ) તેઓએ ગુજરાતનું પરિભ્રમણ પણ કર્યું હતું.

અમદાવાદ, લીંબડીં, જૂનાગઢ, દ્વારકા, સોમનાથ, જામનગર, પોરબંદર, ભુજ, નારાયણ સરોવર, ભાવનગર, પાલિતાણા, નડિયાદ અને બીજાં કેટલાંક સ્થળોની મુલાકાત બાદ છેલ્લે તેઓ સંભવતઃ ૨૪મી એપ્રિલ, ૧૮૯૨ ના વડોદરા પધાર્યા હતા. તત્સમયે 'દિલારામ બંગલો' માં રહેતા વડોદરાના દીવાન મણિભાઈ જશભાઈ (૧૮૪૪ - ૧૯૦૦) ના મહેમાન તરીકે તેઓ ત્રણ દિવસ રહ્યા હતા અને અહીં સાધના પણ કરી હતી.

કચ્છ (૧૮૭૬ - ૮૦) તથા વડોદરા (૧૮૯૦ - ૯૬) રાજ્યોનું દીવાનપદું શોભાવી ગયેલા અને પેટલાદ (જિ. આણંદ) ના વતની એવા મણિભાઈ જશભાઈ ખૂબ વિદ્વાન, ધર્મનિષ્ઠ, ચારિત્ર્યવાન, કાબેલ રાજદ્વારી અને વિદ્યાપ્રેમી અમલદાર હતા. તેઓ જૂનાગઢના દીવાન હરિદાસ વિહારીદાસ દેસાઈ (૧૮૪૦ - ૯૫ ) ના ગાઢ મિત્ર હતા, જેઓ પણ વિવેકાનંદ સાથે નજીકથી સંકળાયેલા હતા. શ્રી દેસાઈએ સ્વામીજીને મણિભાઈના નામે પરિચયપત્ર આપ્યો હતો.

પોતાના રોકાણ દરમ્યાન સ્વામીજીએ મણિભાઈ દીવાન સાથે વડોદરા રાજ્યના શિક્ષણતંત્ર, પ્રજાકલ્યાણનાં કાર્યો વગેરે વિશે થોડો સમય ચર્ચા કરી હતી. વડોદરાના શાહી લક્ષ્મીવિલાસ મહેલનું સમૃદ્ધ ગ્રંથાલય (જે હવે આજની 'સેન્ટ્રલ લાઈબ્રેરી' નો હિસ્સો બન્યું છે તે) અને મહેલમાં રાજા રવિ વર્મા(૧૮૪૮ - ૧૯૦૬) નાં ચિત્રો નિહાળીને સ્વામીજીએ ઘણો આનંદ વ્યક્ત કર્યો હતો. તે પછી, ઘણું કરીને ૨૬મી એપ્રિલ, ૧૮૯૨ ના (દીવાન હરિદાસ દેસાઈને આ તારીખે સ્વામીજીએ લખેલા પત્રના પ્રમાણ મુજબ) તેઓ વડોદરાથી મુંબઈ જવા રવાના થયા અને તે સાથે એમની ઐતિહાસિક ગુજરાત યાત્રા પૂરી થઈ.

## ● વડોદરા - નરેશથી પ્રભાવિત :

તે ઐતિહાસિક પત્રનો એક અંશ અહી આચમન રૂપે : *'...નડિયાદ સ્ટેશનેથી તમારા નિવાસ સુધી પહોંચવામાં મને કોઈ મુશ્કેલી પડી નથી. પરમાત્માના તમારા કુટુંબ પર આશીર્વાદ ઊતરી રહો. મારા સમગ્ર પ્રવાસમાં મેં આવો ઉદાત્ત પરિવાર જોયો નથી. તમારા મિત્ર મણિભાઈએ મારા માટે દરેક સુવિધા સાચવી છે. ધાર્યા પ્રમાણે મેં પુસ્તકાલય અને રવિ વર્માનાં ચિત્રો જોયાં છે, જે અહીંની સૌથી દર્શનીય વસ્તુઓ છે. હું આજે સાંજે મુંબઈ જવા નીકળું છું...'*

ઉપરના પત્રમાં વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ-ત્રીજા (૧૮૬૩ - ૧૯૩૯) સાથે સ્વામીજીની મુલાકાતનો કોઈ ઉલ્લેખ નથી. જો કે સરકારી દફતર દર્શાવે છે તે મુજબ મહારાજા તે સમયે લોનાવલા ગયા હતા. વધુ સંભાવના એ છે કે તેઓ મહાબળેશ્વર અથવા પૂના હતા ત્યારે સ્વામીજી તેમને મળ્યા હતા. વિદેશના પ્રવાસેથી પરત ફર્યા બાદ સ્વામીજી ફરી વડોદરાની મુલાકાત લઈ મહારાજાને મળવા ઈચ્છતા હતા, પણ તે શક્ય બન્યું નહિ.

સ્વામીજીએ ત્રિવેન્દ્રમ ખાતે રાજવી માર્તન્ડ વર્માને એવું કહ્યું હતું કે પોતે જેને મળ્યા હોય એવા તમામ રાજકર્તાઓમાંથી પોતે વડોદરાના ગાયકવાડની ક્ષમતા, દેશપ્રેમ, કાર્યશક્તિ અને દીર્ઘદષ્ટિથી સૌથી વધુ પ્રભાવિત થયા હતા. સ્વામીજી વડોદરાના મહારાણી લક્ષ્મીબાઈ મોહિતે (૧૮૭૧ - ૧૯૫૮) થી પણ કદાચ પ્રભાવિત થયા હતા. કેમ કે બેલુરમઠથી ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૦૧ ના મિસ જોસેફાઈન મેક્લિયોડ (૧૮૫૮ - ૧૯૪૯) ને પત્ર લખ્યો હતો કે 'હું ઈચ્છું છું કે તમે વડોદરા જાઓ અને મહારાણીને મળો.'

## ● બંગલો બન્યો સુયોગ્ય સ્મારક!

એ ઘણા આનંદની બાબત છે કે ૧૮૯૨માં વિવેકાનંદના રોકાણથી પવિત્ર બનેલ ઐતિહાસિક 'દિલારામ બંગલા' ને વિવેકાનંદના સુયોગ્ય સ્મારકમાં ફેરવવા અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે તે ગુજરાત સરકાર દ્વારા રૂા. ૧ ના પ્રતીક ભાડાથી ૩૦ વર્ષના પટ્ટે રામકૃષ્ણ મિશનને સોંપવામાં આવ્યો છે, જેનો સમારંભ ૧૮મી એપ્રિલ, ૨૦૦૫ના યોજાયો હતો.

ત્યારબાદ મિશનનું નવું કેન્દ્ર પણ ત્યાં શરૂ કરવામાં આવ્યું. આમ, વડોદરાના અનેક ભાવિકો અને મિત્રોનું વર્ષો જૂનું સ્વપ્ન સાકાર થયું છે. સ્મારક સંકુલ (દિલારામ બંગલો) ના પ્રાંગણમાં સ્વામીજીની પૂરા કદની પ્રતિમા સ્થાપવામાં આવી અને સ્વામી વિવેકાનંદની ૧૪૬ મી જન્મજયંતીના દિવસ ૧૨ મી જાન્યુઆરી, ૨૦૦૯ ના તેનું અનાવરણ કરાયું હતું.

દોઢસો વર્ષ જૂના આ ઐતિહાસિક બંગલાનું ૨૦૧૪ માં કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સહયોગથી એક કરોડ રૂપિયાના ખર્ચે પુનઃનિર્માણ કરવામાં આવ્યું છે. તેને નવો ઑપ - સજાવટ અપાયા બાદ સ્વામીજીનાં ઉદાત્ત શિષ્યા ભગિની નિવેદિતા (૧૮૬૭ - ૧૯૧૧) ની ૧૪૭ ની જન્મજયંતીના દિવસ ૨૮મી ઓક્ટોબર, ૨૦૧૪ ના તે ફરી ખુલ્લો મૂકવામાં આવ્યો છે.

● **પ્રવૃત્તિઓ - કાર્યક્રમો - સંમેલનો :**

પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ (૧૯૩૧ - ૨૦૧૫) અત્રે બે વાર (૨૦૦૮ અને ૨૦૧૨) મુલાકાતે આવી ગયા છે. વિવેકાનંદના સંદેશ 'માનવસેવા એ જ પ્રભુસેવા' ને ધ્યાનમાં રાખી આ શાખા દ્વારા શૈક્ષણિક, તબીબી, આધ્યાત્મિક અને કલ્યાણ પ્રવૃત્તિઓ હાથ ધરાય છે. દરરોજ સાંજે અત્રે જુદા-જુદા આધ્યાત્મિક કે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. હાલે આ કેન્દ્રના વડા (સચિવ) તરીકે સ્વામી નિખિલેશ્વરાનંદજી પદસ્થ છે.

કેન્દ્રમાં કાયમી જાહેર પુસ્તકાલય - વાંચનાલય અને વડોદરા રેલવે સ્ટેશને બુકસ્ટોલનું સંચાલન થાય છે. વર્ષ દરમ્યાન અહીં વિશેષ દિવસોની ભાવભેર ઉજવણી, પ્રાસંગિક પ્રદર્શનો ઉપરાંત રામકૃષ્ણ-વિવેકાનંદ ભાવ પ્રચાર પરિષદ, માનવીય ગરિમા શિક્ષણ, મૂલ્ય શિક્ષણ, આંતરસંપ્રદાય સંવાદિતા, માનવ અધિકાર, યુવા બાબતો વગેરેનાં સંમેલનો - ચર્ચાસત્રો સમયાંતરે યોજાતાં રહે છે.

***સરનામું :***
રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ,
'દિલારામ બંગલો,'
સર્કિટ હાઉસ સામે, આર.સી. દત્ત રોડ,
અલકાપુરી, વડોદરા-૩૯૦ ૦૦૭.
*ફોન :* (૦૨૬૫) ૨૩૨૦૯૩૦, ૨૩૫૬૪૨૬, ૬૫૫૪૩૪૩,
*ફૅક્સ :* (૦૨૬૫) ૨૩૫૬૪૨૬
*ઈ-મેઈલ :* rkmvmv1@gmail.com અને rkmvmv@rediffmail.com
*વેબસાઈટ :* www.rkmvadodara.com

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર, ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ, અંજાર, જિ. કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯*
*મો. ૯૪૨૭૨૨૨૩૧૫૦*

## આ વેકેશનને યાદગાર કેમ બનાવશો?

**(અનુસંધાન : પાના નં.-૬૧ ઉપરથી ચાલુ)**

જરૂરી બન્યું છે. બાળકો વેકેશનનો સદુપયોગ કેવી રીતે કરી શકે તે બાબતે માતા-પિતા પણ ધ્યાન આપતા થયા છે. અને હવે તેઓ પહેલેથી જ આયોજન કરે છે. યાદ રાખો, વર્ષમાં એક જ વાર ઉનાળાની રજાઓ આવે છે અને તમે તેનો યોગ્ય ઉપયોગ કરો તે સુનિશ્ચિત કરો. પ્રકૃતિની સમીપે રહેવું એ જ ખરેખર જીવન છે. ઋતુ ઋતુ પ્રમાણેનાં ફળ આરોગવાં, વ્રતો-તહેવારોની મજા માણવી, સહૃદયો સાથે ગોષ્ઠિ માંડવી, થોડું રખડવું - ફરવું અને આઠેય પહોર આનંદમાં રહેવું એ તો જીવનરસનો અનુપમ લહાવો છે. ઉનાળો પ્રકૃતિના સૌંદર્યને અલગ રીતે મૂકે છે. એક જુદા પ્રકારની જમાવટ કરે છે. ઉનાળાની બપોર કોને ગમે? ગરમ ગરમ લૂ, આગ દઝાડે એવી ગરમી, પંખાનો પવન ના અડકે એવી પરસેવે રેબઝેબ હાલત! એક વર્ગ એવો છે જેને ઉનાળાની બપોર ખૂબ જ ગમે. અને એ છે... વિદ્યાર્થીઓનો વર્ગ. વિદ્યાર્થીઓને મન ઉનાળો એટલે જ વેકેશન. ઉનાળો એટલે લીલાલહેર, ઉનાળો એટલે મામાનું ઘર અને ઉનાળો એટલે બીજું ઘણું બધું. અને હા, ખાસ મોબાઈલ કે ઈન્ટરનેટ ઉપર વીડિયો ગેમ ના રમો પણ ખુલ્લા આકાશ નીચે રમતના મેદાનમાં ભારતીય રમતો જેવી કે કબડ્ડી, ખોખો, ઊંચી કૂદ, સતોળિયો, લંગડી, થપ્પો જેવી રમત રમી આ વેકેશનને યાદગાર બનાવો. ■

**રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે "મંગલ મંદિર" અંગેની માહિતી ફોર્મ -૪, રૂલ - ૮**

**૧. પ્રકાશનનું સ્થળ :** અમદાવાદ

**૨. પ્રકાશનનો ગાળો :** માસિક

**૩. મુદ્રકનું નામ :**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
**મુદ્રકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**મુદ્રકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૪. પ્રકાશકનું નામ :**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
**પ્રકાશકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**પ્રકાશકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૫. સંપાદકનું નામ :**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
**સંપાદકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**સંપાદકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૬. અખબારની માલિકી :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
**સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

*હું, પ્રતાપ નારાણજી દંડ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.*

અમદાવાદ **પ્રતાપ નારાણજી દંડ**
માર્ચ ૨૦૧૭ પ્રકાશક અને મુદ્રક - "મંગલ મંદિર"

હાસ્ય

# આર્ટ ઑફ ડાઇંગ...

● તારક મહેતા ●

જાણીતા શેઠ જગુભાઈ ખુશાલા ગુજરી ગયા ત્યારે એમની સ્મશાનયાત્રામાં એમનો ભત્રીજો દિલસુખ મળી ગયો. એના ચહેરા પર મને શોક ન દેખાયો. છતાં રિવાજ મુજબ મેં મિત્ર દિલસુખ પાસે ખરખરો કર્યો :

'બહુ ખોટું થઈ ગયું, દિલસુખ.'

'વાત જ ન કરતો.,'

'કેમ?' મને આશ્ચર્ય થયું.

'જતાં જતાં ડોસાનું ડેડબૉડી ભારે પડ્યું.'

'બૉડી લાંબો વખત પડ્યું રહે તો વજનમાં ભારે થઈ જાય.' સ્મશાનના એક બાંકડે બેસતાં કહ્યું.

'એ રીતે ભારે નથી પડ્યું.' કોઈ સાંભળી ન જાય તેની સાવચેતી રાખી દિલસુખ ધીમેથી બોલ્યો.

'તો?'

'ડોસાના ડેડબૉડીની ડિલિવરી માટે પાંચ કરોડ ચૂકવવા પડ્યા.'

'હેં? એટલું મોટું બિલ!' મારો અવાજ પણ ફાટ્યો.

'ડૉક્ટરના બિલની વાત નથી, યાર.'

'તો?'

'એમની રખાત શમ્માના બેડરૂમમાં ફસકી ગયેલા. એ બાઈએ જ ફોન કરીને કાકાને ત્યાં ઇન્ફોર્મ કર્યા. કાકાના સન મધુકાંતે મને અને એમના ખાસ ડૉક્ટરને સાથે લીધા. અમે શમ્માને ત્યાં ગયા. શમ્મા કહે :

'પાંચ કરોડ ચૂકવો પછી બૉડી લઈ જાવ. નહીં આપો તો શહેરનાં બધાં ન્યૂઝપેપરમાં ખબર આપી દઈશ.'

'જા, જા...'

'શું જા! વાંકા રહીને ચૂકવી દીધા ત્યારે ડોસાનું ડેડબૉડી મળ્યું. બિચારા જિંદગીમાં પહેલી વાર એમ એકલા સૂતા છે. બાકી, બાજુમાં એકાદ હોય જ. શમ્મા નસીબવાળી તે એને જૅકપોટ લાગી ગયો.'

દિલસુખે હળવો કિલકિલાટ કર્યો.

'લે, મને તો ખબર જ નહીં.'

'અરે, આખું શહેર જાણે છે. અમારા દાદાએ તો એક બાઈને ઘેર બેસાડેલી. મારા પપ્પા પણ શોખીન. રાત્રે પપ્પાને એક જગાએ ફોન કર્યો તો કહી દીધું : 'તમે લોકો તૈયારીઓ કરો. મને જરા વાર લાગશે.'

'કહેવું પડે!'

'અમારા તો બાપદાદાના વખતથી આવું ચાલે છે. મેં લવ મેરેજ કર્યા ને વાઈફને ફેમિલીની વાર્તાઓની ખબર પડી એટલે એણે તો મને લૉકરમાં પૂરી દેવાની ધમકી આપી છે.' દિલસુખે દિલ ઠાલવ્યું.

'તારા ફેમિલીમાં બધાંને ખબર છે?'

'મમ્મી, માસી, ફોઈઓ ખુશ છે. ફાધર લવમાં ને લવ મેરેજમાં માનતા જ નથી. લવ એટલે લપ. એ લપ્પનછપ્પન જોઈએ જ નહીં. લાઈફમાં એ સિવાય ઘણું બધું છે.'

જગાકાકાના મૃતદેહને ઇલેક્ટ્રિક ભઠ્ઠીમાં હડસેલાતો જોઈ રહ્યો.

'પણ કાકીનું શું?' મેં પૂછ્યું.

'કાકી, મમ્મી, બધાં પ્રભુભજન કરે છે. મંદિરોનાં ચક્કરો મારે, કથા-કીર્તનોમાં જાપ, દયાદાન કરે, કુટુંબના વહેવારો સંભાળે.'

'પેઢી દરપેઢીથી આમ જ ચાલ્યા કરે છે?'

દિલસુખ હસ્યો.

'અમારા વડદાદા રજવાડાંઓમાં ઝવેરી હતા. તને તો ખબર છે. આપણા મહારાજાઓ અને નવાબોને કેવા કેવા શોખ હતા. દેખાદેખીમાં જમીનદારો પણ જનાનખાના રાખતા. એક ઉપર બીજી પત્ની ન થાય એ કાયદો આવ્યો પછી પણ ઘણાના શોખ ઓછા નથી થયા. જગાકાકાએ પણ ઠેકઠેકાણે નેટવર્ક વિસ્તાર્યું છે. ક્યારે ક્યાંથી એમના વારસો ફૂટી નીકળશે એ કંઈ કહેવાય નહીં.'

'તો તો આફત થઈ જાય. દિલસુખ.'

'આફતબાફત કંઈ થતું નથી. જો પેલો વકીલ જોયો? ગળામાં સોનાની સેર અને ત્રણ વીંટીઓવાળો, જોયો?'

'જોયો.'

'એના દાદાને અમારા વડવાઓએ ભણાવેલો. અમારા ફેમિલીની ગૂંચો ઉકેલી ઉકેલીને એ તવંગર થઈ ગયા. તું છે ને ભાઈ, ટુચકા લખ્યા કર.

'મારે માટે તો આ પણ ટુચકા જ છે, દિલસુખ. જોવા જાવ તો તારા વડવાઓએ કાંઈ નવીનવાઈનાં પરાક્રમ કર્યા નથી. આપણા દેવ-દેવતાઓ પણ લીલાઓ કરતા હતા. પણ તરછોડાયેલી સ્ત્રીઓ હવે પ્રભુભજન કરતી નથી. જોને જયલલિતા

એમ.જી.રામચંદ્રન પાસેથી પોલિટિક્સના પાઠ શીખી જ ને? માયાવતીએ કાશીરામને પરમેનન્ટ પેશન્ટ બનાવી દીધા. સંન્યાસિની ઉમા ભારતી ચીપિયા પછાડે છે. એ તો વાંઢીઓ છે. પત્નીઓ પણ હવે પાવર દેખાડવા માંડી છે. આ બધા ટુચકા નથી, હકીકત છે. મોગલો ને મહારાજાના જમાના ગયા. હવે તો જનાનાય પડદાની બહાર આવવા માંડ્યાં છે, બધા ફિલ્ડમાં.'

'મારે પણ એવું જ છે. તારક. મારી વાઈફ સાથે ને સાથે જ રહે છે. ઑફિસ તો એ જ સંભાળે છે. બિઝનેસ માટે બહારગામ જવાનું કે ફોરેન જવાનું થાય તોય જોડે. એનાથી ન અવાય તો મારી ટૂરની એરેન્જમેન્ટ એવી કરે કે હું ક્યાંય ચસકી ન શકું. તેમાંય એના ફોન તો ચાલુ જ હોય.'

'તો તો તને ત્રાસ થતો હશે.'

'ના, યાર, મેં મમ્મી, કાકી બીજાં બૈરાંઓની હાલત જોઈ છે ને? મેરેજ પહેલાં મેં પણ ઘણી ફુદ્દીઓ ઉડાવી છે. એક્કે ડિસ્કો કે પબ છોડ્યાં નથી. પછી બન્ટી મળી ગઈ. એને મારી આબરૂની ખબર હતી. શરૂઆતમાં એણે મને કોઠું ન આપ્યું. પછી એણે સિફતથી સકંજામાં લીધો અને આઈ એમ હેપ્પી.'

'બન્ટી તને આર્ટ ઓફ લિવિંગનાં લૅક્ચરો સાંભળવા લઈ જાય.'

'ના, યાર. એ આર્ટ એની પાસે જ છે. કોઈ વાતે એ મને અધૂરો છોડતી જ નથી. બધે કંપની આપે. કોઈ વાતે એનો કકળાટ નહીં. મારી જૂની ફ્રેન્ડઝ મળવા આવે તોય નહીં. જરાય ચચરાટ દેખાડે નહીં. બધાને એવા તો ટ્રીટ કરે કે અમારી લાઈફમાં લંગર નાખવાનું કોઈને મન ન થાય. જગુકાકા શું કે મારા પપ્પા શું, પાછલી ઉંમરે છેવટે એકલા જ પડી જતા હોય છે. લવને લપ ગણે. પણ બહારની લપમાં લવ મળે નહીં ને બૉડી પાંચ કરોડમાં વેચાય.'

'ક્યા બાત કહી, દિલસુખ!'

'છોડ યાર, આ કોઈ મોટી ફિલસૂફી નથી. જોતો નથી? ઈલેક્શનમાં હારી ગયા પછી ભલભલા લીડરો મેન્ટલ બેલેન્સ ગુમાવી બેસે છે. યાદ છે? વર્ષો પહેલાં અમેરિકાના ટાઈમ મૅગેઝિને વાજપેયી વિશે એક લાંબા આર્ટિકલમાં કોમેન્ટ કરેલી. વાજપેયી ડ્રિન્ક લે છે. ઘણો બધો ઊહાપોહ થયેલો. પણ ખુરશી ગુમાવ્યા પછી એમના સ્ટેટમેન્ટમાં કેટકેટલા છબરડા હોય છે?'

'તારી વાત સાચી છે.'

'સવારનું બોલેલું સાંજે ફેરવે. સાંજનું બોલેલું બીજે દિવસે ફેરવે. કવિતા બોલતાં બોલતાં ભૂલી જાય. ચૂંટણીના ફજેતા માટે બલિનો બકરો નરેન્દ્ર મોદી. ચોખ્ખી વાત છે. રમખાણો તમને ખટક્યાં તમે નરેન્દ્ર મોદીને કાઢ્યા કેમ નહીં? હવે રિટાયર થવાની જોક કરે છે. જગાકાકા શમ્માના આશક હતા. આ બધા ખુરશીઓના આશક છે. અત્યારે કાકા પાસે શમ્મા નથી અને આમાંના કોઈ સાથે ખુરસી જવાની નથી. એમ તો હું જઈશ ત્યારે બન્ટી પણ સાથે આવવાની નથી. પણ બન્ટીએ મારે માટે પાંચ કરોડ ચૂકવવા નહીં પડે એટલી તો માનસિક શાંતિ ખરી.'

'ખરી વાત છે તારી. માણસના જીવનમાં સ્ખલનો તો થાય, પણ સ્ખલનો માટે જ સર્જાયા છીએ એમ માનીને જીવવું એ બીજાઓ માટે દુઃખદાયક બની જાય. તહેલકા ટેપ્સનું કૌભાંડ થયું ત્યારે એમાં સંડોવાયેલા ભ્રષ્ટાચારીઓને છાવરતી વખતે વાજપેયીજીને રાજધર્મ યાદ ન આવ્યો. એમની સરકારે તહેલકા ટેપ્સવાળાની રેવડી દાણાદાણ કરી અને રહી રહીને એમનો રાજધર્મ ભભૂકી ઊઠ્યો જેમ સોનિયાજીનો અંતરાત્મા જાગી ઊઠ્યો.'

'પોલિટિશિયનોના અંતરાત્મા પાળેલા કૂતરા જેવા હોય છે. એમના કહેવાથી જ ભસે.'

દિલસુખ ઊભો થયો.

ચાલો, જગાકાકાનાં અસ્થિફૂલ લઈ જવાં પડશે. પછી એને હરદ્વાર કે પ્રયાગ પધરાવવા જવાનો પ્રોગ્રામ ઘડાશે. પછી એમના આત્માનું જે થાય તે ખરું. પણ તું પાછો તારા લેખમાં આડુંઅવળું ન વાટતો.'

'ચિંતા ન કર. આ જગતમાં જગાકાકાઓ ઘણા છે. એમના વિશે શોકસભામાં બોલાય એ જ છપાતું હોય છે.'

'તારે રોકાવાની જરૂર નથી. તારે જવું હોય તો જા.' દિલસુખ બોલ્યો.

હું મનમાં સ્મશાન લઈને બહાર નીકળ્યો. માણસે કેવી રીતે જીવવું એના ઘણા ઉપદેશ અપાય છે. પણ મરવાની કળા વિશે કોઈ ફોડ પાડતું નથી. ■

## ઝાઝું મહેનતાણું

*મજૂરી થોડી ને મારું*
*ઝાઝું મહેનતાણું*
*નવરા નોકરને આપે*
*ધણી નજરાણું*

ઘરમાં બેસીને ઘોરું, આવે તે મુખમાં ઓરું
પાલી ખરચું ત્યાં માલિક, ભરી દિયે માણું...મજૂરી

હાંસલની તૃષ્ણા તૂટી, ખોટની ફિકર ખૂટી
ગરથે ગિરધારી કેરું, નિરભે છે નાણું...મજૂરી

નરસીની હુંડી જાણું, મીરાનાં ઝેર પીછાણું
ભૂલું કેમ ચીર આલ્યાં, નવસે નવાણું...મજૂરી

વલોપાત શેના ઠાલા? બોલડે બંધાણો, વ્હાલા!
નિભાવી તે જાણ્યું, તારા ગુણ શેં વખાણું...મજૂરી

**- સાંઈ મકરંદ દવે**

હાસ્ય

# ભદુભાઈની પથરી

● ચુનીલાલ મડિયા ●

મુંબઈ જેવું મોટું શહેર પણ જેને સહેલાઈથી જીરવી ન શકે એવા એ સમાચાર હતા :

"શેઠ શ્રી ભદુભાઈ શેઠ ઉપર સફળ થયેલી પથરીની શસ્ત્રક્રિયા..."

આડે દિવસે તો ગ્વાતમેલા, હોન્ડુરાસ, ટ્રિપોલી ને ટિમ્બકટુંના જ સમાચારોથી ઊભરાતાં ગુજરાતી અખબારોએ અણુશાસ્ત્ર-પ્રયોગબંધીની વાટાઘાટોની વાત જરા ઓછી કરીને ભદુભાઈની શસ્ત્રક્રિયાના સમાચાર ચમકાવ્યા. સમાચાર ચમકાવ્યા એટલું જ નહીં, સચિત્ર ચમકાવ્યા. વાયુઅનુકૂલિત કુશાદે કમરામાં ભદુભાઈ આરામ કરતા પોઢ્યા છે તેની એક નિકટછબી સાથે પથરીની શસ્ત્રક્રિયાનું વર્ણન ઝડઝમકભરી ભાષામાં રજૂ થયું હતું.

આ સમાચારનું માત્ર સામાજિક મૂલ્ય ન હતું; એનો રાજકીય સંદર્ભ પણ એટલો જ સાંકેતિક હતો. ભદુભાઈએ ભલે રાજકારણમાં સક્રિયપણે ઝુકાવ્યું ન હતું. છતાં રાજકાજમાં એમનો પ્રભાવ સક્રિય કરતાંય વિશેષ હતો. પોતે કદીય પ્રધાનપદ અંગીકાર નહોતું કર્યું, છતાં એમની પરોક્ષ કામગીરી પ્રધાનસર્જન તરીકેની હતી. ભદુભાઈ ધારે એને પ્રધાનપદે સ્થાપી શકતા અને ધારે તેને ઉથાપી પણ શકતા; તેથી જ એમની શેહ સક્રિય રાજપુરુષો કરતાં વિશેષ પડતી. ભદુભાઈ રીઝે કે રૂઠે એનાં પરિણામો દૂરગામી નીવડતાં.

શાણાં અખબારો ભદુભાઈનો આ તાપ સહી ચૂક્યાં હોવાથી એમણે તાબડતોબ હાઈટી અને હવાઈ ટાપુઓના ઝડપી ઔદ્યોગિકીકરણના સમાચારોને કોરાણે મૂકીને આ પથરીની શસ્ત્રક્રિયાને સારી રીતે સ્થાન આપેલું. એમાં ભદુભાઈના સેક્રેટરી તરફથી મળેલી પથરીના વજન સુદ્ધાંની વિગતો કશી કાપકૂપ વિના શબ્દશઃ છાપેલી.

બીજે દિવસે આ શસ્ત્રક્રિયાના સમાચાર શહેરની સ્થાનિક ઘટના મટીને રાષ્ટ્રીય પરિમાણ પ્રાપ્ત કરી રહ્યા. ભદુભાઈના સ્વાસ્થ્યના ખબર પૂછવા કયા કયા મહાનુભાવો આવેલા એની સંપૂર્ણ યાદી પ્રગટ થઈ. એ વિષ્ણુસહસ્રનામ જેવી લાંબીલચ યાદીમાંથી જ આ શસ્ત્રક્રિયાની ગંભીરતા અને ભદુભાઈ સાહેબના રાષ્ટ્રીય દરજ્જાનું ચિત્ર આકાર લેતું હતું... તાજા કલમની રાહે. પરિશિષ્ટ રૂપે, બહારગામથી તાર-ટેલિફોન મારફત ખબર પૂછનારા મોવડીઓની યાદી આપવામાં આવી હતી. આ બન્ને યાદીઓમાં પરોક્ષ પદાર્થપાઠ રહેલા હતા : હજી સુધી ભદુભાઈની ભાળ ન કાઢનારા ઉદાસીન લોકોને એમની ઉદાસીનતા ખંખેરી કાઢવાની એમાં સૂચના રહેલી હતી.

અને સાચે જ, એ પદાર્થપાઠ કારગત પણ નીવડ્યા. વળતે દિવસે ભદુભાઈની ખબર પૂછવા આવનારાઓનો એવો તો ધસારો થયો કે પોલીસે હળવો અને અહિંસક લાઠીચાર્જ કરવો પડ્યો. (એ લાઠીમારના સમાચારોએ વળી અખબારોને એક અદકા સમાચારની સામગ્રી પૂરી પાડી અને હજી સુધી ખબર કાઢવા ન ગયેલા ગમારોને વળી વધારે ચીમકી ચડાવી.)

પથરીમુક્ત થયેલા ભદુભાઈ અખબારી આલમના અંતરિક્ષમાં મુકાઈ ગયા.

સવારસાંજ તબીબી બુલેટિનો પ્રગટ થવા લાગ્યાં. સવારસાંજના તાવના આંકડા ન્યૂયૉર્કના ઊઘડતા ને બંધ થતા રૂ બજારના ભાવતાલની જેમ લોકો વાંચવા લાગ્યા. કેટલાક કલ્પનાશીલ ખેલાડીઓ તો 'ઓપન-ક્લોઝ' અમેરિકી આંકડાઓની ઢબે શેઠજીના આ શારીરિક ઉષ્ણતામાનના સંખ્યાંક ઉપર પણ આંખફરકના જુગાર ખેલવા લાગ્યા.

ભદુભાઈના સેક્રેટરીઓ સવાર - સાંજ અખબારી અહેવાલોની કાપલીઓ રજૂ કરે છે અને એ વાંચીને ભદુભાઈ સ્વર્ગીય સુખ અનુભવે છે.

ભદુભાઈનું વર્ષો જૂનું સપનું આજે સિદ્ધ થયું છે.

વર્ષો થયાં એમના ચિત્તમાં એક ઝંખના રહેલી. પોતે નાનપણમાં ગાંધીજીનાં દર્શન કરેલાં. બાપુની નાનીમોટી માંદગીઓ નજરે જોયેલી; એપેન્ડિક્સનું ઑપરેશન, એકવીસ દિવસના ઉપવાસ આદિ પ્રસંગોએ ગાંધીજી રાષ્ટ્રજીવનમાં ગુરુત્વમધ્યબિંદુ બની રહેલા; એમના સ્વાસ્થ્ય અંગે સવારસાંજ તબીબો પોતાના અહેવાલો પ્રગટ કરતા. સમગ્ર રાષ્ટ્રનો જીવ તાળવે ચોંટી રહેતો. રાષ્ટ્રપિતાના સ્વાસ્થ્યના સમાચાર મળ્યા પછી જ રાષ્ટ્ર સ્વસ્થ થતું. બાપુના ખબરઅંતર પૂછવા દેશવિદેશના મોવડીઓની લંગાર લાગતી. ફોટોગ્રાફરો તસવીર ઝડપવા માટે પડાપડી કરતા. અખબારો એ છબીઓ છાપીને ધન્ય થઈ જતાં. એક અદના સેવક તરીકે ભદુભાઈના ચિત્તમાં આ બધું અંકિત થઈ ગયેલું અને એ અજાગ્રત અંકનો એક દિવાસ્વપ્ન બની રહેલાં; મને પણ આવી મજાની માંદગી આવે! મને પણ આવો લાડકો મંદવાડ આવે ને માંધાતાઓ મારા ખબરઅંતર પૂછવા આવે!

પણ ભદુભાઈ (એટલે કે મૂળ શ્રીમાન ભદ્રિકલાલભાઈ) બધી વાતે નસીબદાર હોવા છતાં આ એક મંદવાડની બાબતમાં કમનસીબ બની રહેલા. એમને ગંભીર માંદગી કદી આવી જ નહીં. રાહ જોઈ જોઈને થાક્યા, પણ એપેન્ડિસાઈટિસનો અવસર

આંગણે ન આવ્યો તે કદી ન જ આવ્યો. 'પહેલું સુખ તે જાતે નર્યા' માં વર્ણવાયેલી નરવાઈ એમને અકારી થઈ પડી અને એ પહેલું સુખ પણ અસુખ ઉપજાવી રહ્યું.

જિંદગીની ઉત્તરાવસ્થામાં અવતાર એળે ગયો હોય એમ લાગ્યું. ભદ્રુભાઈ સર્વ વાતે સુખી હોવા છતાં આ એક ઊણપ બીજા સર્વ સુખનો છેદ ઉડાડી દેતી લાગી.

ભદ્રુભાઈને થયું કે રાષ્ટ્રજીવનમાં મારો પ્રભાવ પડી શકતો નથી. રાજકાજમાં પોતે કર્તાહર્તા હોવા છતાં પોતાની મહત્તાનો હજી સત્તાવાર સ્વીકાર થતો નથી. વરસે વરસે માનઅકરામો જાહેર થાય છે... પદ્મશ્રીથી માંડીને પદ્મવિભૂષણ અને ભારતરત્ન સુધીનાં; પણ આવા નિઃસ્પૃહ સેવકને એક પણ નવાજેશ થતી નથી. પોતાની પ્રતિભાનો આપમેળે સ્વીકાર ન થાય તો એ સ્વીકાર કરાવવો જ રહ્યો. બીજો શો ઉપાય?

અને એક પ્રેરક ક્ષણે ભદ્રુભાઈને આ માંદગીની યોજના સૂઝી. રાષ્ટ્રના ધુરંધરો ને ધુરીણોનું ધ્યાન ખેંચવાનો આ કીમિયો હતો. અને એ સારા પ્રમાણમાં સફળ નીવડ્યો. ધુરંધરોનું ધ્યાન ખેંચાયું એટલું જ નહીં તેઓ જાતે જ ખેંચાઈ આવ્યા અને ભદ્રુભાઈના સ્વાસ્થ્યના સમાચાર પૂછી ગયા. એમની જોડે ખેંચાયેલી તસવીરો અખબારોમાં ચમકી રહી. ભદ્રુભાઈની મહત્તા રોજબરોજ પ્રસ્થાપિત થતી રહી.

ભદ્રુભાઈની પથરી ઘર ઘરની વાત બની રહી. એ પથરીનું કદ, એનું વજન, એનું બંધારણ વગેરે વિગતો ચોરેચૌટે ચર્ચાતી રહી. એ પથરી કોઈએ જોઈ નહોતી, છતાં અખબારી પ્રસિદ્ધિએ એને ચિરપરિચિત બનાવી દીધી. પથરીની શસ્ત્રક્રિયા કયા તબીબે કરી એ વિગતેય કોઈ જાણતું નહોતું. પણ ભદ્રુભાઈના રહસ્યમંત્રી સમા રહસ્ય તબીબનાં નિયમિત બુલેટિનોએ શસ્ત્રક્રિયાને એક અફર હકીકત તરીકે સ્થાપિત કરી દીધી હતી. ભદ્રુભાઈને રહેતા તાવની વધઘટની વિગતો એવી તો ઝીણવટથી પ્રગટ થયા કરતી હતી કે શસ્ત્રક્રિયાની સચ્ચાઈ અંગે કોઈને લવલેશ પણ શંકા રહેતી નહોતી.

હા, શેરબજારના ભાવતાલની વધઘટની પેઠે નિયમિત જાહેર થતી રહેતી. આ તાવની વધઘટનો અધ્યાય વધારે પડતો લંબાયો ત્યારે વાચકોને જરા વહેમ આવ્યો ખરો. પણ તરત રહસ્યતબીબે એનો ખુલાસો પણ પ્રકટ કરી દીધો. શસ્ત્રક્રિયાને સ્થાને ટાંકા પાકી ગયા હોવાને કારણે તાવ ચડી આવેલો, પણ હવે એ સંપૂર્ણ કાબૂમાં છે.

આ સમાચાર પછી ફરી વાર પૂછનારાઓનો ધસારો થયો. ભદ્રુભાઈની તબિયતમાં ઊથલો આવ્યો એમ સમજીને મોવડીઓ પણ ફરીવાર મુલાકાતે આવવા માંડ્યા. ફરી તસવીરો ખેંચાઈને ફરીવાર અખબારોએ એને પ્રસિદ્ધ પણ આપી.

સરેરાશ આમજનતાને ભદ્રુભાઈની સન્મુખ ઉપસ્થિત થવાની છૂટ નહોતી. એવાં સામાન્યોને માટે આગલા ઓરડામાં એક મોટો મુલાકાતીઓનો ચોપડો મૂકવામાં આવ્યો હતો. એમાં એ લોકોએ પોતાનાં નામઠામ ને વ્યવસાયની વિગતો ભરીને સહી જ કરવાની હતી. બદલામાં એમને ચા-નાસ્તો આપવામાં આવતો હતો. અને ભદ્રુભાઈના મંત્રી તરફથી માંદગીની સંતોષકારક માહિતી પણ પૂરી પાડવામાં આવતી હતી.

ધીમે ધીમે ભદ્રુભાઈની માંદગી સાથે આ સ્વાદિષ્ટ ચા-નાસ્તાની વાત પણ બહોળો પ્રચાર પામી રહી અને પછી તો ઘણાંયે નાગરિકો ચા-નાસ્તો ઝાપટવાની લાલચે જ હાજરી પુરાવવા લાગ્યા.

પણ ભદ્રુભાઈને એનો રંજ નહોતો. રોજના મુલાકાતીઓની યાદી વાંચીને તેઓ સંતોષ અનુભવતા હતા. સંતોષ સાથે સાર્થક્યનો પણ અનુભવ થતો હતો. કરીકારવી મહેનત લેખે લાગી હતી.

ખરેખર કરીકારવી મહેનત લેખે લાગી હતી? ભદ્રુભાઈ એનો ઉત્તર હકારમાં તેમજ નકારમાં બેઉ રીતે આપતા હતા. માંદગીની તૃપ્તિનો જામ લગભગ ભરાઈ રહેવા આવ્યો હતો; છતાં એ થોડોક થોડોક, લગરીક જ ઊણો રહી જતો હતો. ફૂટકળ ફેરિયાઓથી માંડીને વેપારી મહામંડળના અધ્યક્ષ અને ગ્રામપંચાયતના સરપંચોથી માંડીને રાજ્યોના મુખ્ય પ્રધાનો અને રાજ્યપાલ સુધ્ધાં મારા ખબર અંતર પૂછી ગયા અને છબીઓ પડાવી ગયા; પણ રાષ્ટ્રના વડા પ્રધાન? એમના આગમન વિના તો આ બધું એકડા વિનાના મીંડા જેવું જ કે બીજું કાંઈ?

ભદ્રુભાઈનો આ વસવસો સાચો હતો. પોતાની માંદગી મારફત પોતાના દરજ્જાનો સ્વીકાર થઈ ચૂક્યો હોવા છતાં એના ઉપર હજી સત્તાવાર મહોર નહોતી પડી. એક વડા પ્રધાન આ મુલાકાતી માંધાતાઓની યાદીમાં સમાવિષ્ટ થઈ જાય તો ભદ્રુભાઈના યશમુકુટમાં કલગી ઉમેરાઈ જાય!

પણ એ કલગી કેમ કરીને ઉમેરવી?

વડાપ્રધાન તો પખવાડિયા પછી વિદેશ-પ્રવાસે જનાર છે અને એ પહેલાં આ બાજુ આવવાનો લગીરેય સંભવ નથી. તો શું મારી માંદગી એમની મુલાકાતથી વંચિત જ રહી જશે?

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

ભદ્રુભાઈને ઑપરેશનનો અર્ધો આનંદ ઓસરી જતો લાગ્યો. સિદ્ધિના શિખરે પહોંચવામાં એક જ પગથિયું બાકી રહી જતું લાગ્યું.

પદ્મભૂષણની પ્રાપ્તિ હવે હાથવેંત જ છેટી રહી જતી લાગી.

એક ઘેરી નિરાશામાં ભદ્રુભાઈ ડૂબી ગયા.

સદ્‌ભાગ્યે ભદ્રુભાઈ કરતાં એમના રહસ્યમંત્રી અને રહસ્યતબીબનાં ભેજાં વધારે ફળદ્રુપ હતાં.

પંદર દિવસ પછી પરદેશ જતી વેળા વડાપ્રધાન વિમાન-મથકે દસેક મિનિટ થોભવાના છે. એટલી બાતમી મળતાં તરત રહસ્યમંત્રી અને રહસ્યતબીબ આનંદી ઊઠ્યા.

તરત તેમણે માંદગીના પંદર દિવસની મુદત નાખી આપી.

ફરી સમાચારોમાં જુવાળ આવી ગયો.

માંદગીના આ મુદત વધારાને બીજા ઊથલા તરીકે ઓળખાવવામાં આવ્યો. સાથે સાથે એની ગંભીરતા પણ ઠસાવવામાં આવી.

આખીયે યોજના આબાદ ગોઠવાઈ ગઈ. વડાપ્રધાન વિમાન-મથકે થોભે ત્યારે ભદ્રુભાઈ ત્યાં જઈ પહોંચે અને વી.આઈ.પી. રૂમમાં જ વડાપ્રધાનની મુલાકાત લે એવો ત્રાગડો રચાઈ ગયો. ભદ્રુભાઈના અંગત ફોટોગ્રાફરોની ખાસ્સી ફોજ એ પ્રસંગે વિવિધ કોણથી છબીઓ ઝડપી રહે એની પણ તૈયારીઓ થઈ.

અને, આખરે, એ શુભ દિન આવી પહોંચ્યો.

ભદ્રુભાઈ પોતાની કિશાદે કૅડિલેકમાં વિમાનઘર પર જઈ પહોંચ્યા.

નિયત સમયે વડા પ્રધાન ઊતર્યા.

વી.આઈ.પી. રૂમમાં ભદ્રુભાઈએ વડા પ્રધાનનું સ્વાગત કર્યું અને સંખ્યાબંધ કેમેરાના વીજ-ગોળા ઝબકી ઊઠ્યા. સંખ્યાબંધ ચાંપોનો કડકડાટ સંભળાઈ રહ્યો.

અખબારોમાં કામસચાટકાનાં કોમી રમખાણોને સ્થાને આજે ભદ્રુભાઈ - વડા પ્રધાનની મુલાકાતની છબીઓ સવિસ્તર અહેવાલ સાથે ચમકી ઊઠી.

ભદ્રુભાઈ ધન્ય ધન્ય થઈ ગયા.

વડાપ્રધાને ભદ્રુભાઈની તબિયત અંગે ચિંતા વ્યક્ત કરી.

એક મર્ત્ય માનવી આથી વધારે શી એષણા સેવી શકે?

ભદ્રુભાઈને સ્વર્ગસુખ...એટલે કે ‘પદ્મભૂષણ’ ની નવાજેશ હવે નજર સમીપે જ જણાઈ રહી.

અને, આખરે, ભદ્રુભાઈ જે મંગળદિનની ઇંતેજારી કરી રહ્યા હતા એ દિન આવી પહોંચ્યો. અખબારોમાં અગ્રણી નાગરિકો માટેની નવાજેશો જાહેર થઈ હતી. પણ અફસોસ! એમાં ભદ્રુભાઈનું શુભ નામ નહોતું.

આ આઘાત એમને માટે અસહ્ય નીવડ્યો.

બીજે જ દિવસે એમની તબિયત લથડી.

સાચા તબીબોએ સાચાં નિદાન કરી જોયાં, પણ રોગ પકડાયો નહીં.

આખરે, ભદ્રુભાઈને સાચા ક્લિનિકમાં દાખલ કરાયા.

એક્સ-રે માં જણાયું કે દરદીને પથરી છે. ■

## પંચામૃત

**(અનુસંધાન : પાના નં.-૪૯ ઉપરથી ચાલુ)**

પણ બોલશે.” આવું આવું સાંભળીને રાજા ક્રોધથી ધૂંઆપૂંઆ થઈ ગયો. તેણે સૉક્રેટિસને પોતાના વિચારો અને સિદ્ધાંતોને પાછા ખેંચી લેવા હુકમ કર્યો.

જવાબમાં સૉક્રેટિસે કહ્યું : “મારી વાતો ખોટી હોય તો હું માફી સાથે પાછી ખેંચી લઉં, પણ સાચી બાબતોમાં હું કદી પણ પીછેહઠ કરતો નથી.”

આ સાંભળી રાજા અને અધિકારી ખૂબ તપી ગયા ને સોક્રેટિસને તેમણે મૃત્યુદંડની સજા કરવાની બીક બતાવી.

પણ નમતું જોખે તો સોક્રેટિસ શાનો? તેણે કોઈ પણ સજા સહર્ષ સ્વીકારવાનો પડકાર ફેંક્યો.

શાસકોએ સોક્રેટિસને જેલમાં પૂરી દીધો. સોક્રેટિસ જરા પણ ડર્યા કે ડગ્યા વગર દેહાંતદંડની સજાનો ઇંતજાર કરવા લાગ્યો.

એના શિષ્યોએ તેને જેલમાંથી ભાગી છૂટવા અનુકૂળતા કરી આપી, પણ તે ભાગ્યો નહીં, ઊલટું તે શિષ્યો પર ગુસ્સે થયો અને બોલ્યો - “હું મરી જાઉં તે ચાલશે પણ મારા સિદ્ધાંતો જીવવા જોઈએ.”

ન્યાયાધીશે તેને ઝેર પીવાનો હુકમ કર્યો. સોક્રેટિસે સત્ય ખાતર હસતાં હસતાં ઝેરનો કટોરો પૂરી સ્વસ્થતાથી લઈને મોઢે માંડી દીધો.

આમ, દુઃખો આપવા છતા સૉક્રેટિસ પોતાના સિદ્ધાંતોથી ચલિત થયો નહીં. ■

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

“ધુલ્લા વિલા”, બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.

ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

હાસ્ય

# આળસ વિષે....

● રતિલાલ બોરીસાગર ●

પેટમાં લાડુ કે શીખંડ યથાશક્ય ઠાંસીને ભરી દીધા હોય પછી કોઈ પીરસવા આવે તો ગુનો કબૂલ કરાવવા ફટકા પડતા હોય ને માણસ 'બસ! બસ! ભાઈસાબ બસ!' એમ રાંક થઈને બોલી ઊઠે છે. પરંતુ લક્ષ્મીના ઘોડાપૂર આવતા રહે, પોતાના ઓરડાઓમાં પસ્તીની જેમ કરન્સી નોટો રખડતી રહે એટલા પૈસાદાર થઈ ગયા પછી પણ કોઈ લક્ષ્મીનંદન 'બસ! એમ બોલી ઊઠે!' ના. ન જ બોલી ઊઠે. આવું બોલી ઊઠનાર ધનવાન મનુષ્ય પશ્ચિમની ધરતી પર તો શું, ત્યાગ અને તપની ભૂમિ એવા ભારત દેશમાં પણ ન મળે.

પણ પૈસા જેવી જ એક ચીજ છે, જે ગમે તેટલી વધે તો ય માણસ ધરાય નહિ. એ અમૂલ્ય ચીજ છે - આળસ! ધનની ભૂખની જેમ આળસની ભૂખ નજરે ચડતી નથી, કારણ કે ધનનું પ્રદર્શન માણસ ઉત્સાહથી કરે છે, જ્યારે શુદ્ધ, અણીશુદ્ધ, પરિશુદ્ધ આળસુઓને આળસનું પ્રદર્શન કરવાની પણ આળસ ચડતી હોય છે. ધનનું પ્રદર્શન થાય, આળસનું તો કેવળ દર્શન થાય! પણ આળસનું દર્શન કરવા માટે દિવ્યચક્ષુ જોઈએ. ચર્મચક્ષુથી આળસનું દર્શન સંભવિત નથી. આળસુ મનુષ્યોએ આળસનો કેવો મહાન સંચય કર્યો હોય છે એની ખબર કેવળ દિવ્યચક્ષુથી જ પડી શકે. ધનનો સંચય કરનાર અભિમાની અને વિલાસી બની જાય તેવો સંભવ રહે છે, પરંતુ આળસનો સંચય કરનાર તો સુખદુઃખ મનમાં ન આણનાર નિર્મોહી યોગીની કક્ષાનો હોય છે.!

સ્વાતંત્ર્ય પૂર્વે એક રાજવીના રાજ્યમાં એક 'એદીખાનું' ચાલતું હતું. જેમ અનાથાશ્રમ હોય, વૃદ્ધાશ્રમ હોય તેવું એદીખાનું. રાજ્યભરમાંથી એદીઓ એટલે કે આળસુઓ આ એદીખાનામાં એકઠા થયેલા. આળસુજન માટે 'એદી' શબ્દ થોડો હીનતાવાચક હલકો અવશ્ય છે. આળસુઓના ગૌરવ સાથે આ શબ્દ સુસંગત નથી. ખરેખર તો 'આલસ્યસદન...આલસ્યભવન' જેવા કોઈ શબ્દનો પ્રયોગ ઉચિત ગણાય. આપણે એ જ શબ્દ વાપરીશું. હા, તો આ આલસ્યભવનમાં આળસુઓની સંખ્યા તો પેલી વાર્તાની રાજકુમારી પેઠે દિવસે ન વધે એટલી રાતે વધે અને રાતે ન વધે એટલી દિવસે વધે! કંઈ કામબામ કરવાનું નહિ. ચાના સમયે ચા મળે, ખાવાના સમયે ખાવાનું મળે, બીડી પીવી હોય તેને બીડી મળે. જાતે કપડાં ધોવાનાં નહિ, વાસણ સાફ કરવાનાં નહિ, કચરાપોતાં કરવાનાં નહિ, આવો વૈભવ હોય પછી આલસ્યભવનમાં સંખ્યા શા માટે ન વધે? આળસુઓની સંખ્યા વધતી ગઈ એમ રાજાની મૂંઝવણ વધતી ગઈ. પોતાના જેવા ઉદ્યમી રાજાના રાજ્યમાં આળસુઓ આટલી મોટી સંખ્યામાં વસે છે એ જાણી રાજાને ભારે આઘાત લાગ્યો. પગારપંચની ભલામણોનો અમલ કર્યા પછી પગાર કરવાનાં ફાંફા પડે ત્યારે આજની લોકશાહી સરકાર જેમ મૂંઝાઈ જાય છે તેમ આટલા મોટા એદીખાનાના મેઈન્ટેનન્સના પ્રશ્ને રાજા મૂંઝાઈ ગયા. અણીશુદ્ધ આળસુઓને નિભાવવા સામે એમને વાંધો નહોતો પણ અણીશુદ્ધ યોગીઓની પેઠે અણીશુદ્ધ આળસુઓ પણ ઝાઝા ન હોઈ શકે એની એમને ખાતરી હતી. આલસ્યભવનમાં એક નંબરના એદીઓની સાથે બે નંબરના એદીઓ પણ હોવા જોઈએ એમ એમને લાગ્યું. એ જમાનામાં હંગ પાર્લામેન્ટ કે મિશ્ર સરકાર નહોતાં. એટલે રાજા ઝડપથી નિર્ણય લઈ શકતા. એમણે દીવાનને આનો કંઈક રસ્તો કાઢવા કહ્યું. એ વખતના દીવાનોને રાજાને ઉથલાવીને દીવાનમાંથી રાજા થવાનો વિચાર આવતો નહોતો એટલે દીવાનો રાજાને મિસગાઈડ કરતા નહોતા. દીવાને અણીશુદ્ધ એદીઓ શોધી કાઢી એનું નવું લિસ્ટ બનાવી આપવાનું વચન આપ્યું.

પહેલાં તો દીવાનને એદીઓનો ઈન્ટરવ્યૂ લેવાનો વિચાર આવ્યો. પણ દીવાન બાહોશ હતા. એમને થયું કે જેમ માત્ર ઈન્ટરવ્યૂથી કોઈ સ્ત્રી કે પુરુષ પત્ની કે પતિ તરીકે કેવાં નીવડશે તેનો ખ્યાલ આવતો નથી, જેમ માત્ર ઈન્ટરવ્યૂથી કોઈ ઉમેદવાર કર્મચારી તરીકે કેવો નીવડશે એની ખબર પડતી નથી તેમ માત્ર ઈન્ટરવ્યૂથી અણીશુદ્ધ એદીઓનો ખ્યાલ આવશે નહિ! આ લોકોને તો જવાબ આપવાનીય આળસ આવે! બહુ વિચાર કરીને દીવાને એક ઉપાય શોધી કાઢ્યો. 'આલસ્યભવનનું બિલ્ડિંગ જૂનું અને જર્જરિત હતું. એક રાત્રે દીવાને આલસ્યભવનને આગ લગાવડાવી. આગ લાગતાં જ કેટલાક તો નાઠા. એમનાથી ચડિયાતા પ્રકારના આળસુઓ આગ ઓલવવાના બંબા આવી પહોંચે ને આગ ઓલવી નાખે તો આપણે જવું નહિ એમ વિચારીને થોભ્યા. પણ બંબા આવવાના કોઈ ચિહ્નો જણાયાં નહિ એટલે તેઓય નાઠા. પણ પ્રથમ કક્ષાના આળસુઓ તો બંબા આવે તોય ભલે અને ન આવે તોય ભલે, આગ ઓલવાય તોય ભલે અને ન ઓલવાય તો ભલે. હવે તો 'જિના યહાં મરના યહાં, ઇસકે સિવા જાના કહાં...' કરતા પોતાની જગ્યાએ જ પડી રહ્યા. મરવાનું હશે તો પાંચમની છઠ થવાની નથી એવી અપ્રતીમ શ્રદ્ધા સાથે કોઈ રમણીય દૃશ્ય જોતા હોય એમ ફેલાતી જતી આગ જોઈ રહ્યા. દીવાન છુપાઈને આ બધો ખેલ જોતા હતા. સામે લબકારા મારતી આગ જોયા પછી પણ અવિચલ બેઠા રહેલા આ આળસુઓને જોઈ તેઓ 'ધન્ય! ધન્ય! એમ બોલી ઊઠ્યા. આ એદીઓને બચાવી લેવાની વ્યવસ્થા તો રાખી

જ હતી એટલે બચાવી લેવાયા. આ અણીશુદ્ધ એદીઓ માટે નવું મકાન તૈયાર કરાવવામાં આવ્યું અને કડક પરીક્ષણ વગર નવા આળસુઓની ભરતી ન કરવી એવો નિર્ણય કરવામાં આવ્યો.

આગ લાગવાના કે લગાડવાના બનાવો રોજ તો કંઈ બને નહિ. તો પછી શ્રેષ્ઠતમ આળસુઓને ઓળખવા કેવી રીતે?

એકવાર એક ઝાડ નીચે એક માણસ સૂતો હતો. ઉપરથી પાકું મજાનું ફળ એમની છાતી પર પડ્યું. પેલો ભૂખ્યો પણ થયો હતો. પણ આ તો ઊંચી કોટિનો આળસુ હતો. કોઈ ત્યાંથી નીકળે એની એ રાહ જોવા લાગ્યો. એમાં એક ઊંટવાળો ત્યાંથી નીકળ્યો. પેલા આળસુ મનુષ્યે સૂતાં સૂતાં જ ઊંટવાળાને બૂમ પાડી એટલે ઊંટવાળો પાસે આવ્યો. પેલાએ ઊંટવાળાને કહ્યું 'ભાઈ ઊંટવાળા! મારી છાતી પર પડેલું આ ફળ મને ખવરાવને!

ઊંટવાળાએ એની આવડી ઉંમરમાં આવો માણસ જોયેલો નહિ. એણે ગુસ્સે થઈને કહ્યું, 'આમ કહેતા શરમ નથી આવતી? ખાવું હોય તો ખાઈ લે તારી જાતે લઈને!

'ભાઈ ઊંટવાળા! તને ઊંટ ઉપરથી ઊતરવાની આળસ ચડતી હોય તો ન ઊતર, પણ આમ ગુસ્સે શા માટે થાય છે? પેલા મહાન પુરુષે ઊંટવાળાને કહ્યું.

અણીશુદ્ધ આળસુઓ કેવા હોય તે ઉપરનાં દૃષ્ટાંતો પરથી સમજાશે. આવા આળસુઓ એક જ બાબતમાં આળસુ નથી હોતા - આળસ કરવામાં ને આળસ વધારતા જવામાં.

***<u>નોંધ</u> :*** સ્વાતંત્ર્ય પછી દેશનાં બધાં એદીખાનાં કાયમ માટે બંધ કરી દેવામાં આવ્યા પણ એ એદીખાનાંઓના કેટલાક સભ્યો અને એમના વંશજો સરકારી નોકરીઓમાં જોડાઈ ગયા છે. ઉદ્યમી કર્મચારીઓથી એમને જુદા પાડવાનું લગભગ અશક્ય છે અને કદાચ જુદા પાડવાનું શક્ય બને તોયે એમને કાઢી મૂકવાનું તો બિલકુલ અશક્ય છે. ■

## આદુની વિશેષતા

***"કેમો થેરાપી કરતા આદુની અસર ૧૦,૦૦૦ ગણી વધુ"*** – કેન્સરના દર્દીઓ માટે જ્યોર્જિયા યુનિવર્સિટીનું આશિર્વાદરૂપ સંશોધન.

રસોઈમાં આદુનો છૂટથી ઉપયોગ કરો. કેન્સર હોય તો આદુનું સેવન રોજ કરો. કેન્સરની દવા 'ટેક્સોલ' કરતા આદુના '૬ શોગાઓલ' નામનાં તત્ત્વમાં કેન્સર સામે લડવાની દસ હજાર ગણી ક્ષમતા છે.

ખાસ વાત એ છે કે આદુ માત્ર કેન્સરના કોષો પર પ્રહાર કરે છે, સ્વસ્થ કોષો પર નહીં. કેમો થેરેપી કરતાં આદુની અસર ૧૦,૦૦૦ ગણી વધુ છે.

કેન્સર સામે લડવામાં હળદર બહુ ઉપયોગી છે એ તો બહુ જાણીતું તથ્ય છે. પણ હળદરના પિતરાઈ ભાઈ જેવા આદુના આ ગુણ વિશે હજુ તાજેતરમાં જ સંશોધન થયા છે. સંશોધન દ્વારા પુરવાર થયું છે કે કેન્સરની કેટલીક પરંપરાગત દવાઓ કરતાં પણ આદુ વધુ અસરકારક રીતે કેન્સરની સારવાર કરી શકે છે.

અમેરિકાની 'ધ જ્યોર્જિયા સ્ટેટ યુનિવર્સિટી'એ ઉંદરો પર કરેલા રિસર્ચમાં એવું જાણવા મળ્યું હતું કે આદુનો અર્ક આપવામાં આવે તો પ્રોસ્ટેટની ગાંઠના કદમાં ૫૬ ટકા જેટલો ઘટાડો થાય છે. પ્રયોગ દ્વારા એવું પણ જાણવા મળ્યું કે આદુનો અર્ક માત્ર કેન્સરના કોષોને જ ખતમ નથી કરતો. તેનાથી દાહ પણ ઓછો થાય છે અને રોગ પ્રતિકારક શક્તિ પણ વધે છે.

એક અમેરિકન હેલ્થ જર્નલમાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ આદુનું ૬ શોગાએલ નામનું તત્ત્વ કેન્સરની સારવારમાં પરંપરાગત કેમો થેરેપી કરતાં અનેકગણું વધુ સારું પરિણામ આપે છે. '૬ શોગાઓલ'ની વિશિષ્ટતા એ છે કે તે માત્ર કેન્સરના કોષોના મૂળ પર જ ત્રાટકે છે.

મધર સેલ્સ (માતા કોષ) તરીકે ઓળખાતા આ કોષો સ્તન કેન્સર સહિત અનેક પ્રકારના કેન્સર માટે નિમિત્ત બને છે. માતા કોષમાંથી બીજા અનેક કોષો નિર્માણ પામે છે, જે ધીમે ધીમે શરીરને ખતમ કરી નાખે છે.

આ બધા કોષો અજેય હોય છે, અમર જેવા હોય છે. તેના પર ભાગ્યે જ કોઈ દવા કારગત સાબિત થાય છે.

આ વાત સાબિત કરે છે કે કેન્સરના કોષો તેની જાતે પુનઃનિર્માણ પામતા રહે છે. એ સતત વધતા ચાલે છે. કેમો થેરપી જેવી પરંપરાગત સારવાર સામે આવા કોષો પ્રતિકારકતા કેળવી લે છે અને સતત વધતા રહેવાના કારણે તેના દ્વારા નવી ગાંઠો થવાની સંભાવના પણ રહે છે.

શરીરને કેન્સર મુક્ત ત્યારે જ કરી શકાય જ્યારે આ ગાંઠમાંથી પણ કેન્સરના આવા કોષો નાશ પામે.

વૈજ્ઞાનિકોના કહેવા મુજબ નવા સંશોધનોમાં પુરવાર થયું છે કે ૬ શોગાઓલ નામનું આદુમાંનું આ તત્ત્વ કેન્સરના આવા સ્ટેમ સેલનો નાશ કરે છે.

આદુને રાંધવામાં આવે કે તેની સૂકવણી કરવામાં આવે તો પણ ૬ શોગાએલ નામનું તત્ત્વ નાશ પામતો નથી. એટલે કે આદુના બદલે સુંઠનો પણ છુટથી ઉપયોગ કરી શકાય છે. તેનો અર્થ એ થયો કે ભોજનમાં આદુનો છુટથી ઉપયોગ કરવો જોઈએ. આદુની કેન્સરમાં ઉપયોગીતા એક વિશિષ્ટ કારણને લીધે પણ છે. આદુનો અર્ક સ્વસ્થ કોષોને હાનિ પહોંચાડતો નથી.

આપણે રોજિંદા ખોરાકમાં આદુનો નિયમિત ઉપયોગ શરીરને તંદુરસ્ત અને સક્ષમ રાખવા માટે ખૂબ જ જરૂરી છે. આદુ, એ વિશ્વ ઔષધી ગણાય છે. સંસ્કૃત ભાષામાં એને 'આદર્ક' કહે છે. ■

હાસ્ય

# જાદવજીના સત્યના પ્રયોગો

● શાહબુદ્દીન રાઠોડ ●

★ *વિદ્વાનને ક્યાંય વિદેશ નથી,*
*ઉદ્યમીને કાંઈ અસાધ્ય નથી અને*
*મીઠા બોલાને કોઈ શત્રુ નથી.*

★ *जब जब मुँह खोलो तुम ।*
*मीठी बोली बोलो तुम ॥*

★ કોયલ આપણને શું આપે છે અને કાગડો આપણું શું લઈ જાય છે? છતાં કોયલને લોકો સાંભળે છે અને કાગડાને ઉડાડી મુકે છે.

★ *कोयल कासो देत कागा कासो लेत ।*
*तुलसी मीठे वचन से जग करी लेत ॥*

★ *કોયલડીને કાગ એનો વાને વરતારો નહી*
*પણ જીભલીએ જવાબ ઈ સાચુ સોરઠીયો ભણે.*

બનારસ હિન્દુ યુનિવર્સિટીના સ્થાપક પંડિત મદન મોહન માલવિયાને મળવા રાધેશ્યામ શર્મા આવ્યા. બંને વચ્ચે વાતો ચાલતી હતી તેમાં રાધેશ્યામ શર્માએ કહ્યું, "પંડિતજી મેં ક્રોધ પર કાબુ મેળવી લીધો છે. આપ એકસો ગાળો આપો તો પણ ગુસ્સે નહીં થાઉં."

માલવિયાજીએ કહ્યું "શર્માજી આપે ક્રોધ પર કાબુ મેળવ્યો એ ખરેખર દુષ્કર કાર્ય કર્યું છે પરંતુ આપની પરીક્ષા કરવા માટે પણ હું અપશબ્દ બોલું? શક્ય જ નથી."

સર્જકના હૃદયના ભાવો પરથી ભાષાનું સર્જન થાય છે અને શીલ પ્રમાણે શૈલીનું નિર્માણ થાય છે.

ભાવો ઉમદા હોય તો ભાષા પણ ઉમદા જ હશે. સંસ્કૃત ભાષાની વિશિષ્ટતા એ છે કે તેમાં હીન પ્રકારના ભાવો વ્યક્ત જ નથી થઈ શકતા.

એવી જ વિશિષ્ટતા અંગ્રેજી ભાષાની છે સભ્યતાથી નીચેના સ્તરના ભાવો તેમાં પણ વ્યક્ત થઈ શકતા નથી.

ઉત્કૃષ્ટ ભાવો માટે ઉત્તમ અભિવ્યક્તિ આવશ્યક છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોર તાજ મહાલ જોવા આવ્યા. તાજ મહાલ જોઈ તેમણે એક જ વાક્ય કહ્યું, "The tears converted into marble." "શાહજહાંના આંસુ સંગેમરમરના રૂપમાં થીજી ગયા છે." કેવી કાવ્યમય ઉત્તમ અભિવ્યક્તિ! અને જો હીન પ્રકારના ભાવો મનમાં હોય તો ભાષા પણ નીચી કક્ષાએ ઉતરી જાય છે.

અમારી સોસાયટીમાં ઉત્તમલાલ શેઠે આલિશાન બંગલો બનાવ્યો. નામ રાખ્યું 'વિસામો.' શેઠ અને તેમના પરિવારે વિસામામાં ગૃહપ્રવેશ કર્યો એ શુભ પ્રસંગે શેઠે મિત્રો સ્નેહીઓ સંબંધીઓને નિમંત્રણ આપ્યા અને ધામધૂમથી સપરિવાર મંગલ પ્રવેશ વિસામામાં કર્યો. સૌ મહેમાનો માટે ગરમા ગરમ ગાંઠિયા સાથે ઘીમાં બનાવેલ જલેબી અને ચા કોફી સાથે સરસ નાસ્તાની વ્યવસ્થા કરી.

મારો મિત્ર જાદવજી વગર આમંત્રણે બંગલામાં દાખલ થયો અને પ્લેટમાં ગાંઠિયા જલેબી લઈ આવ્યો અને ઝડપથી આરોગી ગયો. બીજીવાર જલેબી ગાંઠિયાની પ્લેટ ભરી આવ્યો. જાદવજી નાસ્તો કરી ચા પીને ચુપચાપ ચાલતો થયો હોત તો કોઈ પ્રશ્ન જ નહોતો પણ જાદવજી સ્વભાવે અકોણો છે. એણે વાતનો ઉપાડ કર્યો. "શેઠે બંગલાનું નામ 'વિસામો' રાખ્યું છે પણ સગાસંબંધીને રોકાવા દે તો સારું" આમ વાતની શરૂઆત કરી જાદવજીએ આગળ ચલાવ્યું "શેઠ મોટા માણસ છે વળી આબરૂદાર છે. એમનો વહેવાર પણ ઘણો મોટો છે. બંગલો બનાવ્યો છે સારો પણ આ ફળિયું થોડું મોટુ બનાવવાની જરૂર હતી પરિવારમાં કોઈ મૈણું થાશે ને ત્યારે કૂટવામાં ફળિયું ટુંકું પડશે શેઠનો વહેવાર છે મોટો." ઉત્તમલાલ શેઠનો સાળો ચંપક જાદવજીએ જલેબી ગાંઠિયાની બીજી વાર ડિશ ભરી ત્યારનો જોઈ રહ્યો હતો અને તપાસ કરતો હતો કે આને આમંત્રણ આપ્યું છે કોણે?

એમાં ચંપકે જાદવજીની વાત સાંભળી "મૈણું થાશે ત્યારે કુટવામાં ફળિયું ટૂંકું પડશે." આટલું સાંભળતાં જ ચંપકે મિજાજ ગુમાવ્યો. જાદવજીના હાથમાંથી ડિશ પડાવી લીધી અને ફેરવીને એક થપ્પડ જાદવજીને વળગાડી તે જલેબીનું ગુંચળું એક દાંત હારે ઉડીને બહાર પડ્યું. હોહા થઈ લોકો ભેળા થઈ ગયા હું પહોંચ્યો! મેં જાદવજીને જોયો. પ્રથમ તો મેં તેને ચંપકના મારમાંથી બચાવ્યો અને જાદવજીને લઈ હું બંગલા બહાર નીકળી ગયો. તરત કનક ગાંધી, શશીકાંત મહેતા, હસુ ઠાકર અને રતિલાલ આવી પહોંચ્યા. પ્રાણલાલ અને પ્રવિણ ડગલી પણ આવી ગયા. મેં કહ્યું "જાદવજી તને ચંપકે માર્યો શા માટે?"

જાદવજીએ કહ્યું "હું સાચું કીધા વગર રહી નથી શકતો અને લોકોને સાચું સાંભળવું ગમતું નથી." ત્યાં કનકે જે કાંઈ બન્યું હતું તેની આખી વાત કહી. ત્યારે સૌને ખબર પડી. મેં પૂછ્યું "જાદવજી તને કોઈએ બંગલા વિષે અભિપ્રાય પૂછ્યો હતો?" જાદવજી મુંગો રહ્યો. ત્યાં પ્રાણલાલે કહ્યું. "હમણાં બે દિવસ પહેલા ગોવુભાએ આમ જ જાદવજીને માર્યો હતો."

મેં પૂછ્યું "વળી શું કામ માર્યો?" પ્રાણલાલ કહે "અમે બેઠા હતા ત્યાં ગોવુભા એના દીકરા પ્રવીણ હારે નીકળ્યા એટલે શશીકાંતે પૂછ્યું, "બાપુ કઈ તરફ?" ગોવુભા કહે. "પ્રવીણને કોઈ સારી હાયર સેકન્ડરી સ્કૂલમાં વિજ્ઞાન પ્રવાહમાં દાખલ કરાવવો છે. ત્યાં જાદવજી બોલ્યો "રાજકોટ જંક્શન પાસે મંદબુદ્ધિના બાળકોની સ્કૂલ છે."

ગોવુભાએ એક લાફો વળગાડ્યો એવો કે જાદવજી ઓઠા માથેથી અલગોઠિયું ખાઈને હેઠે પડ્યો.

શશીકાંતે જાદવજીને કહ્યું, "ગોવુભાના દીકરા પ્રવીણને એસ.એસ.સી.માં ૮૯% માર્ક્સ છે. અહીં હાયર સેકન્ડરીમાં વિજ્ઞાન પ્રવાહ નથી એટલે ગોવુભા રાજકોટ એડમિશન માટે જાય છે."

પ્રવિણને ૮૯% માર્કસ મળ્યા છે. એ તને ખબર છે?" જાદવજીએ જવાબ ન આપ્યો.

એકવાર અમે બધા સુરેન્દ્રનગર ગોલ્ડન સર્કસ જોવા ગયા, એક પછી એક ખેલ આવ્યે જતા હતા. એમાં એક ખુબસુરત યુવતી આવી. તરત જ બે માણસો લાકડાનું મોટું પાટિયું લઈ આવ્યા. એ યુવતી એ બોર્ડની વચ્ચે ઊભી રહી. ત્યાં બ્રિજીસ, ચામડાના હોલ બુટ, માથે હેટ અને ઝરકીન પહેરીને શિકારી જેવો યુવાન આવ્યો અને સૌનું અભિવાદન કરીને ઉભો રહ્યો. ત્યારબાદ ધારદાર બાર મોટા છરાનું પેકેટ એક નોકર આવીને તેને સુપરત કરી ગયો.

યુવકે એક છરો હાથમાં લીધો. સામે પાટિયા આગળ ઉભેલી યુવતીનું નિશાન લીધું. છરાનો ઘા કર્યો અને યુવતીના કાન પાસે એક જ ઇંચ દૂર છરો પાટિયામાં ખૂંચી ગયો. આમ એક પછી એક છરા તેણે નિશાન લઈ ખુંચાડવાનું શરૂ કર્યું. આઠમાં છરા પછી જાદવજી બોલ્યો કે "દર વખતે જરીક સારું રહી જાય છે." મેં કહ્યું. "મૂરખ એ રાખી દેવાનું છે, નથી આંટી દેવાનું સમજ્યો?"

ખેલાડીએ બારેબાર છરા પાટિયા પર ચોક્સાઈ પૂર્વક ખુંચાડી દીધા. બંને નમન કરી વિદાય થયા

પ્રેક્ષકોએ તાળીઓથી બંનેને વધાવી લીધા.

જ્યારે જ્યારે અમે મિત્રો સરકસ જોવા જોઈએ ત્યારે ચમનને અચુક યાદ કરીએ.

ચમન અમારો મિત્ર સીધો અને સરળ પણ કમનસીબ એવો કે ક્યાંય નોકરી ન મળે. ચમને કામ મેળવવા, છેવટે દાડિયા તરીકે રહેવા, ચોકડીઓ ખોદવા માટે તૈયારી બતાવી પણ ક્યાંય તેને કામ મળ્યું નહિ. એમાં અમારા ગામમાં મલબાર સર્કસ આવ્યું. ચમનને થયું અહીં નસીબ અજમાવું કદાચ કાંઈ મળી રહે. એ ગયો સરકસના મેનેજર ફર્નાન્ડીસ સાહેબ પાસે અને અરજ કરી. સાહેબે હિન્દીમાં પૂછ્યું કે "જે કામ સુપરત કરવામાં આવે તે કરશો?"

ચમને તરત હા પાડી. સાહેબે રોજના પચ્ચીસ રૂપીયા મળશે એમ જણાવ્યું ત્યાં ચમનના હૈયામાં હરખની હેલી ચડી. ફર્નાન્ડીસ સાહેબે ઈશારો કર્યો એટલે એક મદ્રાસી ચમનને તંબુમાં લઈ ગયો.

ચમન કાંઈ સમજે તે પહેલા તેને રીંછનું ચામડું પાછળથી ચેઈનવાળુ પહેરાવી દેવામાં આવ્યું. ચેન બંધ કરી દેવામાં આવી અને ગળામાં ગાળિયો નાખી એક જણે ઢોરની જેમ દોર્યો, ચમને ધમપછાડા કર્યા. 'મારે નોકરી નથી કરવી' એવી રાડો પાડી પણ કોઈએ સાંભળ્યું નહિ.

ચમન કાંઈ પણ સમજે તે પહેલા તેને સિંહના પાંજરામાં દાખલ કરી દેવામાં આવ્યો. પિંજરામાં પડેલા ડાલામથ્થા સાવજને જોઈ ચમન થરથર ધ્રુજવા લાગ્યો. ચમનને થયું હવે સિંહ મારી નાખશે.

સિંહ નજીક આવ્યો. ચમન ચીસ પાડે તે પહેલા સિંહે કેશવાળી ઉંચી કરી અને કહ્યું, "ફાટી પડ્યમાં - મને સિંહ થવાના રોજના પચાસ મળે છે."

સિંહના વેશમાં જાદવજીને જોઈ ચમન ખુશ થઈ ગયો તેને થયું હું નકામો બી ગયો.

બંને મિત્રો આખો દિવસ લહેર કરતા. રાત્રે સિંહ અને રીંછ થતા અને પચ્ચીસ પચાસ રળી લેતા. સરકસ ચાલ્યું ત્યાં સુધી બંનેની નોકરી ચાલુ રહી.

સર્કસવાળાએ તો તેમને સાથે લઈ જવા ઓફર કરેલી પણ પછી બંનેમાંથી કોઈ તૈયાર ન થયા.

સર્કસ ગયા પછી ઘણાં સમયે લોકોને ખબર પડી કે ચમન અને જાદવજી રીંછ અને સિંહને બદલે ખેલમાં રોજ પટે પડતા.

સત્ય બોલવું પરંતુ અપ્રિય સત્ય ન બોલવું તેમજ પ્રિય અસત્ય પણ ન બોલવું.

***જબ જબ મુંહ ખોલો તુમ;***
***મીઠી બોલી બોલો તુમ.***

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
**MFG. ST. STEEL UTENSILS**

હાસ્ય

# કસુંબલ કાઠિયાવાડી ક્રિકેટ ક્લબ!

● સંજય છેલ ●

ધાંધલપુર ગામની એક સુસ્ત બપોરે ભગુભાએ બગાસું ખાઈને ખખડધજ ખોરડા પર નજર ફેરવી. ભગુભાનાં દાદા કોઈક સ્ટેટમાં નાની નોકરી કરતાં પણ ભગુભા આજેય ખુદને ગામનાં માલિક જ સમજતાં! પોતાની જૂની યાદોને નામે બુઢ્ઢી ઘોડી પર ચીયર લિડર્સની જેમ નાચતી માખીઓ અને ભીંત પર ભારતના સંવિધાન જેવી કટાયેલ તલવાર દેખાણી. બાજુમાં એકનોએક ચમચો, જગલો. એવામાં ટી.વી. પર સમાચાર ચમક્યાં કે 'મોદી ક્યારે દેશ પાછા આવશે?' એ જોઈને ભગુભા ભડક્યાં, "જગલાં...વારેવારે ગોલકીનાંવ આ આપણાં મોદી પાછળ સું પઈડા છે? દેસનાં વિકાસ હાટું ઈ ભલે ફોરેન ફરતાં...આ બધાનાં પેટમાં કેમ દુઃખે છે?"

જગલાએ પગ દબાવતાં કહ્યું, "ટાઢા પડો માલિક, આ મોદી એટલે નરેન્દ્રભાઈ મોદી નહીં ઓલો આઈ.પી.એલ. વાળો, લલિત મોદી."

"તો ઠીક બાકી આપણાં માણહ પર કોઈ ઉંચી આંખ કરીને જુવે તો મારાં સાડાત્રણ કરોડ રૂંવાડાં સામસામસામ કરતાં ઉભાં થઈ જાય, હોં! અમે ગુજરાતી ભાયડાં કોઈનું હાંભળી નો લઈએ હોં!"

"તમે ભલે નો સાંભળતાં, પણ મને તો ન્યૂઝ સાંભળવા દયો," જગલો કંટાળીને બોલ્યો.

ભગુભાએ ફિટકારીથી પૂછ્યું, "તે આ નવરીનું આઈ.પી.એલ. વળી છે શું?"

જગલા એ સમજાવ્યું, "કાંઈ નઈ, દરેક સ્ટેટવાળાં પોતપોતાની ટીમું બનાવે ને પછી પૈસા બનાવે. ઈ બધી ૮-૧૦ ટીમું અંદરોઅંદર રમે ને જાતજાતનાં જલસાં કરે."

ભગુભાને ઈન્ટરેસ્ટ પડ્યો, "એમ? એટલે એક જાતનાં ધીંગાણાં એમને?"

અને પછી ભવ્ય ભૂતકાળમાં સરી પડ્યાં, "અરે જગલાં, ધીંગાણા તો અમારા બાપ દાદા જે કરતાં, જે કરતાં. ઓહોહોહો, દુશ્મનનાં ગાભાં કાઢી નાખે. તલવારું એવી તે વીંઝાતી કે ઈનાં ચમકારાં જોનારાં આંધળાં થઈ ગ્યાનાં દાખલાં છે. એકવાર તો મારા દાદાનું જુદ્ધ જોવાં આભમાં સૂરજદાદા ઉભી ગ્યાં અને સાત સાત દિ' સુધી આથમવાનું જ ભૂલી ગ્યા, બોલ! પછી છેવટે ગામવાળાંથી ના રહેવાયું તે આવીને હાથ જોડ્યાં!"

"કોને? સુરજદાદાને?" જગલાએ પૂછ્યું.

"ના ના, મારાં દાદા હામે હાથ જોડ્યા!" અને કહે કે "અદા, હવે ખમૈયાં કરો, બસ કરો સૂરજ નહીં આથમે તો ધરતી ધગીને ફાટી જસે! પણ દાદાએ લડાઈ નો રોકી તે નો જ રોકી, એમણે તો સૂરજ સામેં લાલ આંખ કાઢીને કીધું કે 'એય, હાલી નીકળ, કાંઈ કામધંધો નથ તને?' સુરજ તો જે બી ગ્યો, જે બી ગ્યો કે સોરી, સોરી કહેતો સીધો વાદળાં પાછળ સંતાઈને ગ્યો બીજાં સાત દિ'!"

"તે આ ગોલકીનું ગ્લોબલ વોર્મિંગ ત્યારથી જ ગૂડાણું લાગે છે નહિં?", જગલો મલક્યો.

ભગુભાએ તરત ક્રેડિટ લીધી, "નહીં તે સું? અમારા તાપથી જ તો આ ધરતી ધગે છે."

"આ હુક્કો ઓલવાઈ ગ્યો છે ઈ તો સળગાવો પહેલાં," જગલાએ કોમેન્ટ કરી.

ભગુભા આમ તો આ મજાકથી અકળાયાં પણ આજે એ આઈ.પી.એલ. ના મૂડમાં હતાં. અચાનક હુક્કો તાણીને ફરમાન કર્યું, "હાલ્ય જગલાં, આપણેય એક ટીમ બનાવીએ એની માને! આપણાં ધાંધલપુર જિલ્લાની ટીમ! અને હાચું કહું? હું જો બોલ-બેટ લઈને પીચ પર રમવા ઉતરૂંને તો હામેવારી ટીમનાં મોતિયા મરી જાય, મોતિયાં!"

જગલો બોલ્યો, "હવે આંખે મોતિયા આવી ગ્યા છે, બાપુ રહેવા દ્યોને. ને ટીમ બનાવવાં મોટા મોટા ખેલાડીઓને રાખવાં પડે."

ભગુભાએ મૂછે તાવ દઈને કહ્યું, "તે ઈમાં સું? બોલાવો નવરીનાં ક્રિકેટરુંને કે હાલો કાઠિયાવાડી ટીમમાં... કોઈ ના પાડે એને તલવારની અણીએ લાવસું!"

ભગુભા મ્યાનમાંથી તલવાર કાઢવા ગયાં પણ કાટ ખાધેલી તલવાર ન નીકળી તે ન જ નીકળી.

હવે જગલો સહેજ ભણેલો ગણેલો એટલે સમજાવ્યું, "એમ નો થાય માલિક, ઈ ખેલાડીયું રેઢા નથી પડ્યાં, એમાં મોટી નિલામીમાં જવું પડે, આપણું કામ નહિ!"

ભગુભાએ ત્રાડ મારી, "સું કીધું? મને નિલામી નો ફાવે? અરે, આ મરદ માણસે છેલ્લાં ૭૦ વરહથી એકલા હાથે લાખ વીઘા જમીન, ૮-૮ હવેલીને ૫૦૦૦ તોલાં સોનું વેચ્યું છે, નિલામીમાં ને મને નો ફાવે?"

જગલાંએ કટીંગ ચા અને છાપાંનું કટિંગ આપીને ઈન્વેસ્ટમેન્ટ વિષે સમજાવ્યું, પ્રીતિ ઝીંટા અને શિલ્પા શેટ્ટીના ફોટાં પણ બતાડ્યાં.

ભગુભા ફરી મુંઝાણાં, "આ બાઈ માણહ હામે લડવાનું? અરે આપણે તો બાયુંની રક્ષા કરવાવાળાં. નટીઓ હામે હું લડું? તને ખબર છે, એકવાર કાળીરાતે ભવાઈવાળી બાઈ મારા દાદાનાં ગઢમાં આવીને કહે કે "માલિક, લાજ બચાવો મારી પાછળ કૂતરાં પડ્યાં છે!"

જગલો બોલ્યો, "હા હોં આપણે ત્યાં કૂતરાંનો ભારે ત્રાસ..."

"હવે ઈ કૂતરાં નહીં, વાસનાના ભૂખ્યા મરદ બાઈ વાહેં હતાં. તે ઈ ૧૨ જણાં ને મારા દાદા એકલાં. આખી રાત ધીંગાણું ચાલ્યું. દુશ્મને મારાં અદાનું માથું વાઢી નાખ્યું ને તોય દાદાનું ધડ આખી રાત લડતું રહ્યું, બોલ!" ભગુભા બોલ્યાં

જગલો ચમક્યો, "માથા વિનાનું ધડ લડતું રહ્યું? ભારે કહેવાય! પણ ઈ નો સમજાયું કે જ્યારે બિચારું ધડ એકલું લડતું'તું ત્યારે ઓલું માથું સું કરતું'તું પઇડું પઇડું?"

ભગુભાએ મૂછ મરડીને કહ્યું, "ઈ માથું પડ્યું પડ્યું બીડી પીતું'તું ને જોતું'તું કે ધડ કેવુંક લડે છે! ધડને કહે લડ!"

જગલો હસ્યો, "તે તમારા દાદા હાવ 'બીડી' પીવે? હુક્કો નહોતો?"

ભગુભાએ સમજાવ્યું, "હુક્કો આઘો હતો, વેવલીનાં ને ઈ લેવા મારાં દાદાનું માથું હામે ચાલીને જાય? હોય કાંઈ? અરે, માથું કપાય ઈ હાલે પણ નાક નો કપાવું જોઈએ અટલે પછી ભોંય પર બીડી પડી'તી ઈ પીધી."

જગલાને નવાઈ લાગી, "પણ માથાં પાહેં હાથપગ તો હતાં નઈં તંય બીડી પેટાવી કોણે?"

ભગુભાએ મલકીને કીધું, "અરે મારાં દાદાએ કોલસાં જેવી લાલલાલ આંખ્યુંથી બીડીની હામે એવું જોયું કે ઈ બચારી તરત સળગી! હાલ્ય, હવે તું જૂની વાતું નો કાઢ, ટીમ બનાવ!"

જગલાએ હિસાબ માંડીને કહ્યું, "રહેવા દ્યો બાપુ, કરોડોનું જુગટું છે!"

ભગુભાએ તરત કહ્યું : "આ ખોરડું ને જે જમીન વધી છે ઈ વેંચી નાખીશ. આમેય ઓલા ટાટા કંપનીવાળાને ગુજરાતમાં જમીન જોઈતીતીને નાની ગાડીયું બનાવવા તે દિ રોજ ફોન કરતો કે બાપુ આપોને જમીન, હાથ જોડું છું વાં બંગાળમાં આંઇ જેવી મજા નથી. આંય વિકાસનો ઇસ્કોપ છે, રૈયતને નોકરીયું મલસે. કેટલીવાર ના પાડી તોય રોજરોજ ફોન કરે ને મારે છેટ સરજૂડાને કહી દીધું કે હવે ફોન આવે તો કહી દેજે ટાટાને કે 'નાનો' 'નાનો' રહેવા દેને છાનામાનો રહે, બાપુ નહીં વેંચે સોનાની લગડી જેવી જમીન!"

જગલો ઉશ્કેરાયો, "વાહ, આ છે ગુજરાતની ધરતીનું ખમીર! આપણી આબરૂ માટે ખોટું બોલવું પડે તોય બોલવું, ખોટું કરવું પડે તોય કરવું પણ કોઈ આંખ ઉંચી કરીને જોય ઈ નો હાલે. વાહ, સાવજ, વાહ!"

ભગુભા પણ હરખાયાં, "વાહે પડી ગ્યાંછ હંધાય ગુજરાતની! નહિં હાલવા દઉં. અને વેંચી દઈશ બધું પણ મુંબઈ કલકત્તાવાળાને દેખાડીશ કે ભાયડાંના ભડાકાં સું છે. બનાવ ટીમ!"

જગલાએ ઓવારણાં લીધાં અને થાળી પીટવા માંડી. બાપુએ પૂછ્યું, "અરે હરખઘેલાં, અત્યારથી ઢંઢેરો પીટે છે. હજી વાર છે!"

જગલાએ સમજાવ્યું, "બાપુ, જમાનો ઢોલ વગાડવાનો છે. ધંધો શરૂ થાય કે નો થાય પણ એયને મિટિંગું ને પ્લાનિંગું ને એમ.ઓ.યુ. થાવા દેવાનાં, ઈ જોઈને બધાં હરખાશે અને દેશ-વિદેશનાં ધંધાવાળા યે ખેંચાશે. તમારી અને ધાંધલપુરની રૂડીરૂપાળી ઈમેજ બનશે, માર્કેટિંગની માયજાળ તમે નો હમજો!"

ભગુભાએ ગર્વથી કહ્યું : "તો ફૂંક બણગાં, એની માને જેણે સવાસેર સૂંઠ ખાધી હોય ઈ આવે આપણી ટીમ હામે. પણ નામ સું પાડસું?"

જગલો મુંઝાણો, "નરભુ ગોરને, સલૂનવાળાં સરજુડાને બોલાવું? પૂછીએ કે નામ સુઝાડો નહીંતર બાપુ માથાં વાઢી નાખશે!"

બાપુ ખુશ થઈને બોલ્યાં, "તંય બોલાવ છાંટોપાણી કરવાં આખા ગામને!"

જગલાએ ઉતરેલાં મોંએ કહ્યું, 'દારૂબંધી છે, ભૂલી ગ્યા?"

ભગુભાએ નિઃસાસો, નાખ્યો, "ઓય રે મા, અસલનાં જમાનામાં કેવી કસુંબાપાણીની પાર્ટીયું થતી ને? આખેઆખી નદીયુંમાં કસુંબો ધોળાતો હોં! બધાં બાલડીયું ને હાંડા ભરીભરીને કસુંબા ઘેર લઈ જાતાં અને આજે..."

આ સંભાળીને જગલાને અચાનક વાઈબ્રન્ટ આઈડિયા આવ્યો, "નામ જડી ગ્યું : કસુંબલ કાઠીયાવાડી ક્રિકેટ ક્લબ!"

ખખડી ગયેલાં ભગુભાએ ખોંખારો ખાઈને એમનાં ચમચા, જગલાને કહ્યું, "જોજે છઠ્ઠીનું ધાવણ યાદ દેવડાવી દેસું ઈ સિલ્પાડી કે સાહરૂખ અને વિજઈ માઈલા કે જી હોય એની ટીમને! ગરવી ગુજરાત કાંઈ બોડી બામણીનું ખેતર છે?" જગલાએ તરત કાગળ-પેન ઉપાડ્યાં અને લેટર લખ્યો :

બી.સી.સી.આઈ.નાં મોભીડાંવને ધાંધલપુરથી ભગુભાનાં રામરામ.

લો હાંભળો, આવતી આઈ.પી.એલ. સીરીઝમાં ધાંધલપુર તરફથી અમે અમારી ટીમ બનાવસું. કોઈને કાંઈ વાંધો હોય તો શીતળા સાતમની પહેલાં ગામને પાદરે આવી જાય અને લડે ધીંગાણું ભગુભા જોડે! અને લડીને જાન ના ગુમાવવા હોય

તો જવાબમાં તમારી ઉતારીને પાઘડી મોકલો. અમારા ભગુભા ઉદાર દિલ છે, તમને માફ કરી દેસે.

લિ. જગલો, સેક્રેટરી ઓફ ભગુભા, ધાંધલપુર

જગલાએ શ્વાસ લીધોને પૂછ્યું, "બોલો માલિક, બરાબર લખ્યુંને?"

ભગુભા મલકીને બોલ્યાં, "સાબાસ જગલાં, હવે મારતી ઘોડીએ જા એમની હોફીસે ને ત્યાંના બારણે ચાકુ ભેળી ઘુસાડી દે ચિઠ્ઠી! જોજે, ગોલકીનાંવનાં હાંજા ગગડી જાસે હેં! 'એય રહેવા દો માવતર, ના હોય મા-બાપ' કહેતાં ઇ હંધાય આવી પુગસે આંય ધૂળ ચાટતાં!"

આવું સાંભળીને જગલો પણ ગુર્જર અભિમાનથી ઝુમી ઉઠ્યો, "તમે ભડ માણહ છો, ઘેર ખાવા ધાન નથી, ખેતરું ને જમીનું વેચાઈ જાહે તોય વટ નથી છોડતા!"

ભગુભાએ હસીને કહ્યું, "અને ઓલાં વિરાટ કોહલી અને અજિંક્ય રાહણે ને જી જોઈએ ઇ મોં માંગી રકમ આપસું! આપણું તો એવું કે માગતલ મુંઝાય, આપનાર નંઇ! બસ એકવાર ઇ આપણા ગુજરાતીની પાઘડી-ચોઈણી-કેડિયું પહેરીને વાનખેડેમાં પીચ ખેડે ઇ જોવું છે બસ!"

જગલો મુંઝાણો, "ઇ ક્રિકેટરૂં પાઘડીને ચોઈણી પહેરીને રમસે? ઓલી ચોઈણીમાં બોલ અટવાઈ જાહેને એલ.બી.ડબલ્યું. થૈ જાસે વારેવારે."

ભગુભાએ એલાન કર્યું, "રમસે એનો બાપેય રમસે! અરે, ગુજરાતી ભાઈડાનો મંત્ર સું? રૂપિયા ફેંકો તો હંધુય થાય! બોલ, આખેઆખી સેરબજાર કોણ હલાવે છે દેસમાં?"

જગલો બોલ્યો, "ગુજરાતી માણહ!"

"દેસનાં ધંધા કોણ હલાવે છે?"

"ગુજરાતી ભાઈડા!"

"અમેરિકા-ઇંગ્લેન્ડમાંથી ડોલરૂં કોણ ઢસડી લાવે છે?"

"ગુજરાતી સપૂત!"

"તંય પછી? આપણે છેએ તે દેસ હાલે છે. હમણાં એક દિ' અમેરિકાનો મોભીડો ઓબામા મુંઝાણો'તો કે અફઘાનિસ્તાનવાળા બઉ ત્રાસ કરે છે! તે મેં એને લઈખોતો કાગળ કે ભડવીર, મુંઝાતો નંઇ, આ ભગુભા બેઠાં છે હજી બાર હાથવારાં. અડધી રાત હોંકારો દે જે મને. મારતી ઘોડીએ આવી પુગીસ."

"આ હાંભળીને ઓબામા તો ગદગદ્ થઈ ગ્યો હસે ને?"

ભગુભાએ મૂછે તાવ દીધો, "હજી કાંઈ જવાબ નથી આઈપો એણે! ઇય મુંઝાણો હસે કે આ માથાભારે છે કોણ? વ્હાઈટહાઉસના ફળિયામાં બેઠો બેઠો વિચારતો હસે કે એની માને આ ધાંધલપુરવાળાં સાલાંવ એટેક તો નહીં કરેને અમેરિકા પર? રાત્રે નીંદર નહીં આવતી હોય ઇ ને!"

જગલો કંટાળ્યો, "ઇ અમેરિકાનું છોડોને આપણે સું પારકી પંચાતમાં પડવાનું? પણ કાગળ હું ઠેઠ મુંબઈ હુધી આપવા જાઉં એના કરતાં પોષ્ટ કરી દઉં તો? લાવો સ્ટેમ્પના પૈસા આપો!"

ભગુભાએ ઝબ્બાના બેઉ ખિસ્સાં ફફોસી ફંફોસીને માંડમાંડ બે રૂપિયા કાઢીને આપ્યાં, "લ્યે, કર પોસ્ટ. અને ઓછાં પડે તો પોસ્ટમાસ્ટરને કહે જે કે વેવલીના તુંય નાખ થોડાં ખિસ્સામાંથી, તને ય મફત મેચ દેખાડસું!"

જગલાએ કહ્યું, "ઇ તમતમારે મારા પર છોડી દ્યો પણ બાપુ આંય ખાલી ટીમ બનાવવાથી કાંઈ નો વળે એમાં બે-ચાર રૂડી રૂપાળી ગોરી ચીયરલીડર્સ પણ જોઈસે હોં!"

બાપુ ના સમજ્યાં, "ચીયર લીડર્સ? ઇ વળી સું?"

"બાપુ, મેચમાં આપણા ખેલાડીયું જ્યારે ચોગ્ગા-છક્કા મારને ત્યારે ટૂંકા-ટૂંકા લુગડાં પહેરીને બાઉન્ડ્રી પાહેં ચાર-પાંચ છોરીયું આમ નાચે. ઇને ચીયર લીડર કેવાય, આજકાલ "ગ્લેમરની ગોળપાપડી" ભેગી રાખવી પડે મેચમાં!"

પછી જગલાએ બાપુને સ્ટેડિયમમાં ઉછળતી બે-ત્રણ સેક્સી ચીયરલીડર્સનાં ફોટા બતાડ્યાં. બાપુની આંખમાં એવા જોશ ઉમટ્યાં જાણે નર્મદાનો ડેમ છલકાયો. બાપુ બોલ્યાં, "ગધનું ભારે જોબન હિલોળાં લઈ રયું છેને! પણ ઇ માટે તો મારે અમારાં વાઇફને પૂછવું પડે હોં?"

જગલાને નવાઈ લાગી, "એમને કાં પૂછવાનું? ઇ ચીયરલીડર બનસે?! એમની તો ઉમ્મર થઈ."

ભગુભા તાડૂક્યાં, "એય લૂલી સંભાળ! અમારાં વાઈફ કાંઈ આમ ટૂંકા ચણિયા પહેરીને ભરબજારે નાચે? માથુ વાઢી નાખીસ! ઇ તો મેં એમ કીધું કે મારે ઇ પૂછવું પડે કે આ ગૌરી ચીયર-લીડરુંમાંથી કાલ સવારે એકાદી છોડીનું મારા પર મન આવી ગ્યું ને ઇ મને કહે કે બાપુ, તમારી મૂંછ જોઈને કુછ કુછ હોતા હૈ તો? કોઈ દિલડું માંગી બેસે તો? અમે રહ્યા દાતાર માણહ, એવા ટાણેં ના કેમ પાડવી?"

જગલો હસી પડ્યો, "એ તમે રસિયા છો પણ ઇ છોરીયું રશિયાથી આવતી હોય છે. આજકાલ રશિયાની હાલતેય આપણા જેવી જ છે! ઇ બાયુંતો ખાલી નાણા દેખીને નાચે, ખોટેખોટાં ઘોડા દોડાવો નહીં મનમાં!"

ભગુભા થોડા કંટ્રોલમાં આવ્યાં અને કહ્યું, "ભલે ઇ તો પડસે ત્યારે દેવાસે. બઉબઉ તો રાખી દેસું ગોરીબાયું ને ખોરડામાં, અમને કોણ રોકવાવાળું? પણ એક વાત સાંભળી લે જે, આપણી ચીયર લીડર્સ : નાગાં - ઉઘાડાં લૂગડાં નહીં પહેરે હોં?"

જગલો ચિંતામાં પડ્યો, "તો શું પહેરશે બાપુ?"

ભગુભા ખેસ ઉલાળીને બોલ્યાં : "ઇ છોરીયું પહેરસે આભલાંવાળાં ચણિયાચોળી ને માથે ચુંદડી. અરે, એમ કાંઈ રેઢી પડી છે, ગુજરાતની અસ્મિતા?"

જગલાએ સલામ કરી, "વાહ વાહ! ભગુભા, ધન ધન તમારી ખાનદાની."

ભગુભા વધુ પોરસાણા, "ને સાંભળ, ટીમનું એક ગીત પણ બનાવવું પડસે ને?"

"હા હોં, મ્યુઝિક માટે કોને બોલાવું? ઓલા રહેમાનને કે આપણાં હિમેસ રેસમિયાને?"

ભગુભાએ ગર્જના કરી, "હોય કાંઈ? આપણા ગામના પરમેનેન્ટ ગાયક છે ને સીલીદાન ભાઈ? ઇને કહે કે દુહા-છંદવાળો એવો ગરબો રચે કે આખું સ્ટેડિયમ રાસડાંની રમઝટ લેવા માંડે!"

જગલો ખુશ થયો, "કમાલનો આઈડિયા છે. આપણે ખેલાડિયું જોડે દાંડિયા રાસ ના શો પણ રાખીસું. ઢોલીડો ઢોલ ઢીબસે અને સું ટીકીટું વેંચાસે ઇ ઇવેન્ટની!"

ભગુભા હસ્યાં, "અરે આવા તો કેંક આઈડિયા છે મારી પાહેં. આપણાં એન.આર.આઈ. ભાયુંને કહીસ કે આજે માભોમની હાકલ પડી છે, ધરતી સાદ કરે છે, હાલો હાલો હવે મોકલો તમારી ડોલર પાઉન્ડની કમાણી. જોજે આખી ટીમનાં હંધાય ખરચાં ઉપાડી લેસે ઇ લોકો. અરે મારાં સગાં ભત્રીજાવ લંડન અને ન્યુજર્સીમાં રાજ કરે છે, રાજ!" જગલાને યાદ આવ્યું કે ભગુભાનો એક ભત્રીજો લંડનનાં એરપોર્ટ પર સફાઈ કરે છે અને બીજી ભાણેજ કેલિફોર્નિયામાં કોઈ સ્ટોરમાં પડીકાં વાળે છે! એણે મનમાં હસીને કહ્યું, "હા ઇ હાચું, તમારી હાક પડે એની વાર છે. હાલો, હું કાલે જ સીલીદાનભાઈને કહું છું કે બનાવો એક રાસડો, કસુંબલ કાઠિયાવાડી ક્રિકેટ ક્લબની ટીમના નામે. એયને રજવાડી સવારી આવસે સ્ટેડિયમમાં, જાણે મરદાનગીનું મામેરું."

ભગુભાબાપુ મલક્યા : "તું જોતો રે...આવતી આઈ.પી.એલ. માં કાઠિયાવાડી ટીમનો ડંકો ના વગાડું તો મૂંછ કપાવી દઈસ. અને એક દિ' જોજે આવનારો ઇતિહાસ કહેસે કે 'વટ, વેપાર અને વિકેટ' ત્રણેયમાં ગુજરાતને કોઈ ના પહોંચે હેં!

આમ કહેતા કહેતાં ભગુભાને એવી તે ખાંસી આવી કે પછી હાંફતાં હાંફતાં સૂઈ ગયા અને રોજનાં અનેક આઈડિયાઓની જેમ આ કાઠીયાવાડી કસુંબલ ક્રિકેટ ટીમનો ગ્રેટ આઈડિયા પણ ભૂલાઈ ગયો!

*(આ હાસ્યકથા / લેખમાં પાત્રો અને સ્થળ કાલ્પનિક છે... કોઈ જ જીવંત કે મૃત વ્યક્તિ - વ્યક્તિ સમૂહ કે જાતિ સમૂહ કે ઘટના સાથે કોઈ જ લેવાદેવા નથી.)*

## એક ધર્મના ફાંટા અનેક

એક ધર્મના અનેક ફાંટા જોઈને મૂંઝાઉં,
હે વીતરાગી મહાવીર સ્વામી, તમે કહો ક્યાં જાઉં?
હે વીતરાગી....

એક કહે છે હું શ્વેતાંબર, બીજો કહે દિગંબર,
સ્થાનકવાસી - તેરાપંથી, કેટકેટલું અંતર;
એક-એકમાં ગચ્છ ઘણાયે, ગણી-ગણી ગભરાઉં...
હે વીતરાગી...

એકની મૂર્તિ સાવ દિગંબર, ખરેખરી વીતરાગી,
એક સજે શણગાર મજાના, જાણે પ્રભુ છે રાગી,
બીજા મૂર્તિને નહીં માને, તેથી નવાઈ પામું...
હે વીતરાગી...

કોઈ આગમને માને નહીં ને, જુદાં શાસ્ત્ર ગણાવે,
કોઈ પિસ્તાળીસ ને કોઈ બત્રીસ, એવા ભેદ જણાવે;
સહુ સહુના મારગ ન્યારા, મનને કેમ મનાવું...
હે વીતરાગી...

ભક્તિરસથી નાચે ગાવે, કોઈ દેરાસરમાં;
મુહપત્તિ બાંધી કોઈ બેસે, શાંતિથી સ્થાનકમાં;
જુદાં જુદાં આ દૃશ્ય નિહાળી, અંતરથી અકળાઉં...
હે વીતરાગી...

જુદી ક્રિયાઓ, સૂત્રો જુદાં, અનુષ્ઠાન પણ નોખાં;
એમ જ લાગે જાણે સહુના, મહાવીર નોખા નોખા;
તીર્થ તિથિના વાદવિવાદો દેખીને શરમાઉં...
હે વીતરાગી...

***પ્રેષક : રમણિકલાલ કુંવરજી ગોસર***
***સાભાર : "ઊર્મિ-લહર"***

## જમ્યા પહેલા આદુનો રસ પીવાથી થતા ફાયદા

★ મસાલામાં આદુ રાજા છે.
★ જઠરાગ્નિ પ્રબળ બનાવે છે (દીપેન છે).
★ ફેફસામાં કફના ઝાળા તોડી નાખે છે.
★ જીભ અને ગળું નિર્મળ બનાવે છે.
★ વધુ પ્રમાણમાં પેશાબ લાવે છે.
★ છાતીમાંથી શરદી કાઢી નાખે છે.
★ આમ વાતના સોજા મટાડે છે.
★ મેદ ઘટાડે છે.
★ કફ તોડે છે. વાયુનો કટ્ટર દુશ્મન છે.
★ શીળસ મટાડનાર છે.
★ દમના દર્દીને ફાયદો કરે છે.
★ હૃદયરોગ મટાડનાર છે.
★ પિત્તનું શમન કરે છે.

હાસ્ય

# ફેરા પહેલા જ ફારગતી

● રજનીકુમાર પંડ્યા ●

"મનોહર મારું એક કામ કરીશ?"

મનોહર કદી કોઈ કામની ના પાડતો નથી અને કદી કોઈ કામ કરતો બી નથી, છતાં આશાભર્યા લોકો તેને પૂછવાનું બંધ કરતા નથી. એ એવા લોકો છે કે જેમની આશા અમર છે અને નિરાશા? ના, એ તો નથી જ, કેમ? નિરાશા તો મનોહર ના પાડે તો જ ઉપજેને? જે તો કોઈ કાળે બનવાનું જ નથી, પણ આ વખતે લેખકના સવાલના જવાબમાં સીધી હા ના આવી, પણ સામો સવાલ આવ્યો; "પહેલા કામ બોલ."

આનો અર્થ એ કે મનોહર કામ કરવાનો ઈરાદો રાખે છે.

"પચાસ રૂપિયા ઉછીના જોઈએ છે, આ મહિને તો ત્રીજી તારીખે જ ઘેરથી મનીઑર્ડર આવી ગયેલું, પણ આ વખતે હોસ્ટેલનું ફૂડ બિલેય વધારે આવેલું એની તો તનેય ક્યાં નથી ખબર?"

"હા, આવેલું, પણ પચાસ જેટલું નહિં. સાડી સોળ રૂપિયા જ વધુ આવેલું, તેમાં તું પચાસ શેનો માગે?"

"અરે દોસ્ત, તું એ પીંજણ છોડ. મારા ત્રણ ગેસ્ટ નહિં આવેલા? એને જમાડવાનું બિલ કોણે આપણા રેક્ટરે ચુકવ્યું હશે?"

"ગેસ્ટને ગાંઠિયા ખવડાવી દેવાય, બેની નોટના ઘરાક. ચટણી-મરચાં તો ફ્રીમાં આવે, એ વધારે ખવડાવી દેવાય! નાસ્તા પહેલા પાણી વધારે પીવડાવી દેવાય."

"અલ્યા ભઈ, તું એ બધી કારીગરી છોડને કહું છું!" લેખક અકળાયો : "હું તારી પાસે ઉછીના રૂપિયા માગું છું, ઉપદેશ નહિ, આ ઓગણીસસો સત્તાવનની સાલનો ઓગસ્ટ ચાલે છે, ઓગણીસસો અઠાવનની પહેલી સવાર પડે એ પહેલા તને તારા પચાસ બાટલીમાં બોળીને પાછા આપી દેવાની આપણી બોલી."

"કેમ બાટલીમાં?"

"અરે, બામ! આપણે રોજ એક બાટલી ભાગામું દૂધ નથી લેતા? મતલબ, દૂધે ધોઈને તને પાછા આપવાની મારી બંધોગરી, પછી?"

"મૂળમાં હું કોઈને ઊછીના આપવામાં માનતો જ નથી, આ તને કીધું."

લેખકને આંચકો લાગ્યો : "તો પછી પહેલેથી ના પાડી દેવી જોવેને? આટલું લસરક કેમ કર્યું?"

"તારૂં મન દુભાઈ જાય, એ મને ના ગમે." મનોહરે હળવેકથી કહ્યું; "બાકી આપવાની મારી ના નથી."

"સમજી ગયો, પણ દાનવીરીયા! હું દાનદક્ષિણા લેતો નથી."

"હું કોઈને કુપાત્રને આપતો બી નથી, મુરખ!" મનોહરે જાડા કાચના ચશ્મા ઉતારીને ઉપર ગરમ ફૂંક મારીને કાચ લૂછ્યા. "તારે રૂપિયા જોઈતા હોય તો કાંઈક વેચવું પડે, એકવાર તે મને તારી ઘડિયાળ નહોતી વેંચી? બોલ, આ વખતે શું કાઢવું છે?"

લેખકને થોડાક ખટકા સાથે યાદ આવ્યું, કોલેજની ફ્રીમાં પિકનીકના પૈસા નહોતા ગણ્યા. ઘેરથી મંગાવાય એમ નહોતું, એટલે મનોહરને ઘડિયાળ ત્રીસમાં વેચી હતી, શરત એટલી કે એને કાંડે બાંધી હોય અને આપણે ટાઈમ જોવો હોય ત્યારે ચશ્મા ચડાવીને દૂરથી આપણે જાતે જોઈ લેવાનો, વારેઘડીયે પૂછી પૂછીને એને કવરાવી નહિં દેવાનો. શરત જો કે બરોબર પળાઈ નહોતી, એટલે ક્યારેક પૂછાઈ જતું, ત્યારે મનોહર જવાબ ના આપતો, માત્ર ખપાટ જેવું કાંડું ઊંચુ કરીને એને દૂરથી ઘડિયાળ બતાવી દેતો તો. ક્યારેક વળી કાંડે રૂમાલ ઢાંકી દેતો. ક્યારેક ડોળા પણ કાઢતો. એકવાર ચંપલ બી ઉગામેલું, છેવટે વાજ આવીને પાંચ રૂપિયા નફે મનોહરે હોસ્ટેલની મેસના રસોઇયાને વધારે ઘી ચોપડેલી રોટલી પીરસવાની શરતે આ તો તને સસ્તામાં દઉં છું કહીને વેંચી મારી હતી.

અચાનક લેખકને યાદ આવ્યું, "એક નવી વારતા લખેલી પડી છે, બોલ, તને આપી દઉં? નવોદિત છું પણ 'ચાંદની' માં છપાય એવી છે, તારે તારા નામે દેવાની, એમાં તો લેખકના ચોગઠાનો ફોટો અને સરનામું બી એ લોકો આપે છે, તારું નામ થઈ જાશે, એ લોકો દસ રૂપિયા પુરસ્કાર બી આપે છે."

"એમ? દસ રૂપીયા બી મલે?" મનોહરે પહેલી વાર માથું ઉંચું કર્યું. "બાકી 'ચાંદની' તો અમારે મોરબીમાં બી આવે છે, તારો ફોટો મેં પહેલીવાર એમાં જ જોયેલો, જો કે તારો તો ફોટો અને વાર્તા બેય બેકાર હતા, બાકી બીજી બે-ત્રણ ટોપના પેટની હતી. એમાં એક બાઈની વધારે સારી હતી, એનો ફોટો બી મસ્ત હતો."

છેવટે સોદો પાક્કો થયો, "મને લેખક થવામાં આંગળીના ટોપકા જેટલોય રસ ના મળે. આ તો તારું કામ રોડવવા સારુ જ, બાકી મારે અને વાર્તાને શું?" કહીને મનોહરે અડતાલીસ જ દીધા.

"કેમ?" એણે દલીલ કરી, "મારે માથે પોસ્ટની ટિકિટનો ચાંદલો નહિં ચોંટે?'

"ચાલો, કામ સરી ગયું, માનશું કે આપણે એક વાર્તા નહોતી લખી."

અંક બહાર પડ્યો કે તરત મનોહર લેખકની સાઈકલ માગીને છેક સ્ટેશનના સ્ટોલે ગયો. પણ આવીને લેખક પાસે રાવ ખાધી, "મારૂં નામ નાના અક્ષરે છે, ફોટો ડાઘા ડાઘા આવ્યો છે. ચશ્માના બે કાચને બદલે બે ધાબા દેખાય છે, અને વાર્તાય તેં મને આવી કચરો-પૂંજો આપી? વળી બબ્બે તો અનુસંધાન! આ તે કાંઈ રીત છે?" વળી જરાવાર રહીને પૂછ્યું : "એ લોકોને લખજે કે રૂપિયા દસને બદલે બાર મોકલે. અંકનો ખરચ મારે ખરોને?"

"વાર્તા તારા નામે છે, ટપાલેય તારે લખવી પડે."

"પાછો એનો બી ખરચો! આ સોદો તો પાર્ટનર, ભારે મોંઘો પડ્યો."

પણ થોડા દિવસ પછી મનોહર અચાનક બહારથી બે નિતરતી-ટપકતી કુલ્ફી લાવ્યો. વધુ પીગળી ગયેલી લેખકને ધરી, પછી થોડી વાર લેખકના બાપૂજીના દમને વાસ્તે કયું ઓસડ રામબાણ છે એની વાત કરી અને બીજે ક્યાંય નહિં, ખાલી અમારા મોરબીમાં બોબડિયા વૈદ્યને ત્યાં જ મલે એમ કહીને : "હવેના વેકેશનમાં જઈશ ત્યારે મારા તરફથી ભેટ તરીકે હું જ લેતો આવીશ એમ પણ કહ્યું." પછી બોલ્યો : "હમણા તને કોઈ રૂપિયા-પૈસાની ખેંચ નથી પડતી?"

"કેમ?"

"મારે હમણા કાવડિયા વધીયાણ છે, તારે બીજી એકાદ વાર્તા વેચાઉ હોય તો..."

"ના રે!" લેખકે કહ્યું : "વાર્તા તો ત્રણ લખેલી પડી છે, પણ વેચવાનો વિચાર નથી, હાલમાં જ મનીઓર્ડર આવી ગયું, વળી કાકા આવ્યા તા તે બસો રૂપિયા હાથમાં આપી ગયા, પછી વળી જીભે થોડો કટાક્ષ પણ આવી ગયો, તારી સલાહ માની, જમાડ્યા નહિં, ગાંઠિયા ખવડાવીને રવાના કરી દીધા, ચટણી તો કાકાને એવી ભાવી કે પ્લાસ્ટિકની ડબ્બીમાં ભેળી લઈ ગયાં, મેં ભેળું એક પડીકી હિંગ્વાષ્ટક ચૂર્ણ બી બંધાવ્યું."

"એ તો બરાબર પણ વાર્તા બાબત તારો વિચાર સુધરે તો કે' જે. આપણે લેવાલ ખરાં."

"રૂપિયાની જરૂર પડશે ત્યારે તને કીધા વગર નહિં રહું."

ચોથા દિવસે પાછો મનોહર હોસ્ટેલની રૂમને બારણે દેખાયો. આડીઅવળી વાતો કરી. પછી લગભગ કાનમાં કહેતો હોય એમ પૂછ્યું, "એકાદી વાર્તા..." પછી એકાએક ઝડપથી બોલી ગયો, "દર મહિને લેવા આપણે તૈયાર હો! તારે રૂપિયા ગણી લેવા."

"કેમ વાર્તા માટે ઘેલો થયો છો? તને તો મારી વાર્તા નહોતી ગમીને?"

"પણ એને ગમીને?"

લેખક ચમક્યો : "એને એટલે કોને?"

ભૂલથી બોલતા બોલી જવાયું કે શું? મનોહરે જીભ કચરી. લેખક તાવમાં આવી ગયો. "બોલ, બોલ, એને એટલે કોને?? બોલ!"

"મારી બાને, બસ?"

"તારી બાને તું એને કહે છે?"

એ નીચે જોઈ ગયો. આટલો શરમીલો તો લેખકે એને પહેલી વાર જોયો.

પછી દબાતા અવાજે મનોહર બોલ્યો : "એને એટલે માધવીને, ભાઈસાબ તું મારા પ્રાઈવેટમાં પડ મા!"

"પ્રાઈવેટ શેનું?" લેખકે જાણે કે એને કાંઠલેથી પકડ્યો, "સાલા, વારતા તો મારી હતી."

"તે હશે, પણ મથાળે નામ અને છેવાડે સરનામું મારું હતું." એ ગરીબડો થઈને બોલ્યો : "એની વખાણની ટપાલ મારા ઉપર આવેલી." વળી ટાઢા તીર જેવી નજર કરીને બોલ્યો "તારી આટલી વાર્તાયું આવી, પણ આવી ક્યારેય કોઈ છોકરીની ટપાલ તારા ઉપર? સમજ જરા. ટપાલ ફોટો જોઈને આવી છે, એકલી વાર્તા પર એ થોડી મોહી ગઈ કે'વાય?"

"શું લખે છે એ છોકરી ટપાલમાં?"

"લખે છે કે હવે બીજી વાર્તા ક્યારે આપો છો?" પછી ચોકલેટ ચગળતો હોય એમ બોલ્યો : "ડિયર!"

"તો ફટકારી દેને હવે બીજી વાર્તા!" એ રડવા જેવો થઈ ગયો, બોલ્યો : "પણ વાર્તા ક્યાં? મને પોતાને લખતા આવડતું હોત તો તો શું જોતું' તું,? તારી ગરજ શું કરવા કરત? દયાળુ, જોઈએ એટલા રૂપિયા ગણી લે પણ એકાદી વાર્તા ઢીલી કર."

લેખકનો ગુસ્સો જરા ટાઢો પડ્યો, ટીખળ કરવાનું મન થયું, "અને ના આપું તો?"

"તો?" મનોહરે નિઃસાસો નાખ્યો. સામે માધવીની ફરમાઈશ તરવરી રહી હશે.

બોલ્યો : "તો પછી ફેરા પહેલા જ ફારગતી! ને એનું પાતક તને!" ■

Aristo™
STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

હાસ્ય

# કોઈના ઘરે જવું હોય તો...

● કલ્પના દેસાઇ ●

મારા પોતાના ઘરે જવામાં મને એટલો આનંદ નથી મળતો જેટલો મને બીજા કોઈના ઘરે જવામાં મળે છે. નવા લોકો મળે, નવી વાતો થાય, નવી જાતની ઘરસજાવટ જોવા મળે અને કોઈ પણ ટીકાટિપ્પણ કે આક્ષેપબાજી વગરનો દિવસ શાં...તિથી, આનંદથી પસાર થાય. માણસને બીજું શું જોઈએ? એટલે જ, ઘરથી કંટાળું ત્યારે હું કોઈને ઘરે જવાનો પ્રોગ્રામ બનાવી કાઢું.

કોઈના ઘરે જવાનું આવે ત્યારે મારે માટે મોટી મુસીબત એમનું સરનામું જ બને. સિવાય કે એ યજમાન જાતે આવીને મને એમના ઘરે લઈ જાય! પછી તો હું આંખ મીંચીને પણ એમના ઘરે પહોંચી જાઉં. પણ દર વખતે એવી સગવડ મળે નહીં, એટલે પછી પૂછતી અટવાતી જેમતેમ એમના ઘરે પહોંચું. મુલાકાતનો અડધો સમય તો મારો આવી રીતે જ કપાઈ જતો હોય. એ સમયનો પૂરેપૂરો સદુપયોગ કરવા પછી વાતવાતમાં હું બીજો એકાદ કલાક સહેજે ખેંચી કાઢું. એટલે મને ફેરો સફળ થયેલો લાગે ને એમને પણ એમ ના થાય કે, 'ઊભાં ઊભાં આવીને જતાં રહ્યાં!'

વળી, મહેમાન બનવાના ચુસ્ત નિયમોનું હું મોટે ભાગે પાલન કરતી હોઉં છું, એટલે કોઈના ઘરે જવાનું નક્કી કરું તો એમને ફોન કરવાનું ન ચૂકું. મને સારી રીતે ખબર છે કે, મને કોઈ એમના ઘરે આવવાની ના નથી પાડવાનું. છતાં પૂછવું એ મારી ફરજ હોવાથી પહેલો સવાલ આ જ પૂછું, 'હું તમારા ઘરે આવું?' બહુ હોંશે હોંશે પૂછેલા આ સવાલની સામે હું ઈચ્છું કે સામેવાળા કહે, 'અરે! આવોને એમાં શું પૂછવાનું? અમારાં ધનભાગ કે તમે અમારા ઘરે આવો. તમારા આવવાથી અમારું આંગણ પાવન થશે. અમે તો સગાંવહાલાંને તથા સૌ મિત્રોને પણ તમને મળવા બોલાવી લઈશું, તમે અમારા ઘરે ક્યાંથી?' પણ આટલી સાદીસીધી વાત પણ મોટું મન રાખીને કોઈ કહી નથી શકતું ને તદ્દન લુખ્ખો જવાબ મળે, 'ક્યારે આવો છો? આવવાના હો તો શનિવાર સુધીમાં આવી જજો, પછી અમે મહિનો બહારગામ છીએ.'

શું એમને નહીં ગમતું હોય કે એમને ત્યાં કોઈ આવે? ધીરે ધીરે વિચારતાં મને વહેમ પડવા માંડે કે, મને જ આવો જવાબ આપતાં હશે કે બધા સાથે જ આવી લુખ્ખાઈ-રુક્ષતા-બતાવતાં હશે? ખરે જ, જમાનો બદલાતો જાય છે. આતિથ્યભાવના લુપ્ત થતી જાય છે. ક્યાં ગયો એ લોકોનો એકબીજા પ્રત્યેનો પ્રેમ, અહોભાવ? આદરભાવ? આમે ય, ખોટું લગાડવું કે રિસાવું મારા સ્વભાવમાં નહીં. કોઈનો સ્વભાવ એવો, આપણે મનમાં ઓછું નહીં આણવાનું. એટલે પછી હું બીજો અગત્યનો સવાલ પૂછું. 'તો પછી, શનિવાર પહેલાં આવું તો કેટલા વાગે આવું?' આ સવાલ એટલા માટે જરૂરી છે કે આ ભાવિ શક્યતાઓને નકારી ના શકાય. હું નવરી હોઉં ત્યારે એ લોકો મને મળવા નવરા ન હોય. હું જાઉં ત્યારે એ લોકો ઊંઘતાં હોય, જમતાં હોય, મહેમાનો સાથે બેઠાં હોય, બહાર કે બહારગામ જવાની તૈયારીમાં હોય, મારા સિવાય બીજા મહેમાનોની રાહ જોતાં હોય, કામવાળી ન આવવાના દુઃખમાં ઢીલાં થઈ ગયાં હોય અથવા મને જોઈને ઢીલાં પડી ગયા હોય!

એટલે સમય હંમેશાં ખૂબ જ જરૂરી છે. અને સમય ઘણો જ અગત્યનો ભાગ ભજવે છે કોઈના ઘરે જવામાં. હું બેઠી બેઠી મારા ટાઈમટેબલ સાથે તેમનું ટાઈમટેબલ મેળવી લઉં ને પછી જ નક્કી કરું કે ક્યારે જવું. સવારે દસ વાગ્યા સુધી તો બધાં નિત્યકર્મથી પરવારી બેઠાં હોય એટલે દસથી બાર કે એક વાગ્યા સુધીમાં કોઈને ઘરે જવામાં વાંધો નહીં. એક-બે વાર મેં આ સમયનો સદુપયોગ કરેલો, પણ મને જોઈને ઘરનાં સૌ સભ્યો અચાનક જ ઝડપથી તૈયાર થવા માંડેલા ને કોઈ બેંકમાં ગયું, કોઈ ઓફિસ ગયું, કોઈ કોલેજ ને કોઈ બજાર જવાની તૈયારીમાં હતું. મને પણ લાગ્યું કે એ સમય કોઈને ઘરે જવા માટે યોગ્ય નહોતો. એટલે મેં બે-ત્રણ વખત બારથી ત્રણનો સમય પસંદ કર્યો. તો મોટા ભાગનાં ઘરોમાં બધાં જમીને આડાં પડવાની તૈયારીમાં દેખાયાં. પાંચેક મિનિટ બેઠાં પણ બગાસાં ખાતાં ખાતાં ને પછી, 'માફ કરજો હં, તમે બેસજો. અમે તો આદત હોવાથી જરા ઝોકું કાઢી લઈએ.' ને ગૃહિણી બેઠાં ખરાં પણ એમનું પૂરું ધ્યાન કામવાળી પર દેખાયુ. વારે વારે એક જ રટણ, 'આ મૂઈ વાસણ કરવા આવે તો સારું, નહીં તો મારે ઠોબલાં ઘસવાં પડશે.' થોડીવાર પછી મને લાગ્યું કે મારે જવું જોઈએ, નહીં તો મારે વગર જમ્યે એમનાં ઠોબલાં સાફ કરવાં પડશે.

ત્યાર પછી મેં નક્કી કર્યું કે, કોઈના ઘરે જવું હોય તો બપોરે ત્રણ થી છનો સમય શ્રેષ્ઠ છે. ભગવાનની મહેરબાનીથી હું ઠંડી, ગરમી કે વરસાદનો સામનો આરામથી કરી શકું છું, પણ યજમાનને મારી દયા આવી જાય એટલે હજી તો હું એમના ઘરનાં બારણાંમાં જ ઊભી હોઉં કે બોલે, 'અરેરે! ક્યાં નીકળ્યાં આ ભરતાપમાં? સાંજે આવવું' તું ને!' ને અંદરથી પણ કોઈએ ટાપસી પૂરી હોય, 'નવરાં લોકો તાપ-તડકો જોયા વગર નીકળી પડે બસ, કોઈના ઘરે ક્યારે જવું કંઈ ભાન નહીં હોય?' ભગવાનની બીજી

(અનુસંધાન : જુઓ પાના નં.-૮૬ ઉપર)

હાસ્ય

# મારા લેખક બનવાના અભરખા

● ગૌતમ દેસાઇ ●

આ લેખમાં ઊગતા લેખક તરીકે મેં મારી જાતને જ રજૂ કરી છે. મારો લેખ જનકભાઈ નાયકના મેગેઝિન 'સંવેદન' માં છપાયો હતો. માત્ર એટલી જ હકીકતો સત્ય છે. બાકીની બાબતોમાં મેં માત્ર કલ્પનાના ઘોડાઓ જ દોડાવ્યા છે. શ્રી જનકભાઈ નાયક તથા શ્રી રમણભાઈ જરીવાલાનો નામોલ્લેખ તેમની મૌખિક મંજૂરીથી કર્યો છે. માટે આ બાબત માટે મારા ઉપર કોઈ પણ સરકારી, ફોજદારી કે દીવાની દાવો મહેરબાની કરીને કરવો નહીં.

લેખક બનવાનો પ્રયાસ કરનાર મારા જેવા લેખકથી માંડીને રાષ્ટ્રીય કક્ષાના મોટા લેખકો સહિત સહુને મને જે જે અનુભવો થયા, તેવા અનુભવો પ્રથમ લેખ લખતી વખતે જરૂર થયા હશે. પરંતુ એક માત્ર હું જ એવો વિરલ, બાહોશ, સત્યવાદી લેખક છું જે આ બધા અનુભવો તમારી સમક્ષ રજૂ કરવાની હિંમત કરું છું. (લેખક થવાનો પહેલો ગુણ મારામાં છે જ. જે એ કે : 'બીજા કોઈ વખાણ કરે કે ના કરે આપણે ખુદ આપણાં વખાણ કર્યે જ જવાનાં.') મારો પ્રથમ લેખ છપાવવા માટે મારે જે જે મરણિયા પ્રયત્નો કરવા પડ્યા હતા, જે જે પાપડો વણવા પડ્યા હતા તે બધા અનુભવો બાદ મને મનોમન ખાતરી થઈ ગઈ હતી કે લેખક બનવું એ કંઈ ખાવાના ખેલ તો નથી જ. શરૂઆત હું મને લેખક બનવાનો સદ્‌વિચાર/કુવિચાર કઈ રીતે આવ્યો ત્યાંથી કરું.

રોજ સાંજે જમ્યા બાદ મને પાન ખાવાની આદત હતી. (સૉરી, હજુ પણ છે.) પાનના ગલ્લા ઉપર અમે ચાર-પાંચ મિત્રો અચૂક ભેગા થતા અને કોઈ એકને નિશાન બનાવી તેની ખિલ્લી ઉડાવતા. મોટે ભાગે મારા સિવાયના મિત્રો જ તેનો ભોગ બનતા. એટલે એક દિવસ મારી ગેરહાજરીમાં, એ મિત્રોએ ભેગા થઈ મારી ખિલ્લી ઉડાડવાનું નક્કી કર્યું. બીજે દિવસે પાનના ગલ્લા ઉપર પહોંચતાં જ પહેલો મિત્ર બોલ્યો, ''આવો, આવો લેખક મહાશય!''

મેં હસતાં હસતાં જવાબ વાળ્યો, 'એક પણ લેખ છપાયા વગરના લેખકને લેખક મહાશય ના કહેવાય, સમજ્યો!'

તરત જ બીજો મિત્ર પહેલા મિત્રની મદદમાં આવી ગયો અને બોલ્યો, 'અરે યાર, કાલે તું ન હતો ને? ગઈકાલે આપણા સાહિત્ય સંગમવાળા જનકભાઈ અહીં મળી ગયા હતા અને તેમણે કહ્યું હતું કે કોઈક નવો સારો લેખ લખવાવાળો હોય તો જણાવજો. આપણે તેનો લેખ છપાવીશું.'

મેં પણ બેફિકરાઈથી કહ્યું, 'પરંતુ તેમાં હું ક્યાંથી આવી ગયો?' ત્રીજો મિત્ર પાન મોંમાં મૂકતાં મૂકતાં બોલ્યો, 'અરે યાર, અમારા બધામાં તો તું જ ઇન્ટેલિજન્ટ અને નોલેજેબલ છે. આવી તક કંઈ વારેવારે મળતી નથી.'

હું હજુ નક્કી કરું કે આ બધા મારી ફિરકી ઉતારે છે કે વાત સાચી છે તે પહેલાં ચોથા મિત્રે તમાકુવાળા પાનની પિચકારી મારતાં કહ્યું, 'યાર! સોલિડ તક મળી છે, ટ્રાય તો કર!'

આ બધું એ લોકો એટલું સહજતા અને સરળતાથી બોલતા હતા કે મને જરા પણ ખ્યાલ ન આવ્યો કે તેઓ મારી ફિરકી ઉતારે છે. ત્યાં તો પાછો પહેલો મિત્ર બોલ્યો, 'તું જ તો કહેતો હતો કે, 'કોશિશ કરનેવાલોં કી કભી હાર નહિ હોતી.' ઘરે પાછા વળતાં મનોમન લેખ લખવાનું તો મેં નક્કી જ કરી દીધું.

ઘરે પહોંચ્યો તો મારાં શ્રીમતીજી આજનું 'રાશિફળ' ટી.વી. ઉપર જોતાં હતાં. મેં મારી રાશિ આવી ગઈ એમ પૂછતાં શ્રીમતીજી બોલ્યાં, 'બસ હમણાં જ આવશે.' ઉત્સુકતાવશ મારી રાશિ વિષે જાણવા હું પણ ટી.વી. સામે બેસી ગયો. મારી રાશિફળમાં જણાવ્યું કે, 'કોઈક નવા શુભ કામની શરૂઆત આજથી થશે.' આ વસ્તુને મેં મારા લેખક થવાના વિચાર સાથે બંધબેસતી થતી જોઈ વિચાર કર્યો કે આજથી શરૂઆત તો કરી દઉં! મેં તરત જ ખુરશી ટેબલની નજીક ખેંચી, ટેબલ ઉપર પડેલા મારા લેટર પેડ ઉપર ૐ લખી શુભ શરૂઆત કરી.

એટલે પત્ની બોલી, 'અત્યારે તો તમે કોઈ લેખક જેવા જ લાગો છો.'

ખલાસ! મેં નક્કી કરી દીધું 'લેખક તો હું બનીને જ રહીશ.'

થોડા મિત્રો સાથે વાતચીત કર્યા બાદ હું એવા નિર્ણય ઉપર આવ્યો કે કરુણાસભર વાર્તા લખવાની શરૂઆત કરું અને ત્રણ-ચાર દિવસ કરુણાસભર વાર્તા લખી મારા મિત્ર સાથે હું 'સાહિત્ય સંગમ'ના જનકભાઈને મળ્યો. જનકભાઈએ વાર્તા મૂકી જવા જણાવ્યું. બીજે દિવસે મારી વાર્તા કેવી છે એમ ફોન ઉપર જનકભાઈને પૂછતાં તેમણે કહ્યું, 'બીજી કોપી હોય તો મોકલજો. તમારી વાર્તા ઉપર તો બપોરે ભૂસું તથા ભજિયાં મગાવ્યાં હતાં તે મૂકી દીધાં હતાં એટલે વંચાય એવી નથી.' ભારે હૃદયે મેં બીજી કોપી મોકલી. થોડા દિવસ પછી તપાસ કરવા ઓફિસે ગયો ત્યારે જનકભાઈ બોલ્યા, 'ભાઈ, આ રીતે વાર્તા ના લખાય. લોકોને જકડી રાખે તેવું લખાણ જોઈએ અને આવી રડવા-કકળવાવાળી વાર્તા ના લખો.'

ત્યારબાદ બીજી સામાજિક વાર્તા લખી (એકતા કપૂરથી પ્રેરાઈને જ સ્તો!) પરંતુ તે પણ ચીલાચાલુ છે એમ કહી જનકભાઈએ રિજેક્ટ કરી દીધી. મારા મિત્રોએ સલાહ આપી કે ભાઈ વાર્તા પબ્લિશ કરવી હોય તો પબ્લિશર્સને મસ્કા તો મારવા જ પડે. તેઓની વાત માની એક દિવસ જનકભાઈને ત્યાં વિપુલ પ્રમાણમાં શાકભાજી લઈ પહોંચી ગયો. તો તેમનાં પત્નીએ મને શાકભાજીવાળો સમજી આજે શાકભાજી નથી લેવાનું એમ કહી ઘરનું બારણું બંધ કરી દીધું. પાછો વળતો હતો એટલે સામે મને બીજા લેખક શ્રી રમણભાઈ જરીવાલા શાકભાજીનો થેલો લઈને સામા મળ્યા. અમે બંને એકબીજા સામે જોઈને ખિસિયાણા પડી ગયા પરંતુ અનુભવી એવા શ્રી રમણભાઈએ વાત સંભાળી લેતાં કહ્યું, 'મારે પણ પહેલી વખત તમારા જેવું જ થયેલું, જયશ્રીભાભી ઓળખી જશેને એટલે પછી વાંધો આવશે નહીં.'

ત્યારબાદ મારા મિત્રોની સલાહ મુજબ બાળવાર્તા લખવાનું નક્કી કર્યું. સરસ મજાની બાળવાર્તા લખી હું શ્રી જનકભાઈને આપી આવ્યો. આ વખતે મને બહુ જ આશા હતી કે જનકભાઈનો સામેથી ફોન જરૂર આવશે. અને તમે માનશો નહીં બીજે જ દિવસે જનકભાઈનો ફોન આવ્યો,

'શું તમે બાળવાર્તા લખી છે?'

મેં ખુશ થતાં થતાં કહ્યું, 'આપને પસંદ પડી હોય તો આપના મેગેઝિનમાં છાપી દો, મને કશો જ વાંધો નથી.'

જનકભાઈ ગુસ્સામાં બોલ્યા, 'શું? ધૂળ અને ઢેફાં તમારી વાર્તા છાપે. મારા પૌત્રને તમારી વાર્તા સંભળાવ્યા બાદ હજુ તે રડતો બંધ થતો નથી.' ડૉક્ટરે કહ્યું, 'આવી ભયાનક વાર્તા બાળકોને ના સંભળાવાય તથા ઘરમાં પણ ન રખાય. ને તમે મને તે વાર્તા છાપવા માટે કહો છો?' આમ મારી બાળવાર્તાનું બાળમૃત્યુ થયું.

મિત્રો ફરી પાછા મારી મદદે આવ્યા. તેમણે હવે રહસ્યકથા ઉપર હાથ અજમાવવા જણાવ્યું. આ વખતે તો નક્કી કર્યું કે રહસ્યકથા એવી લખું કે જનકભાઈ પણ બોલી ઊઠે કે આજ સુધીમાં મેં આવી રહસ્યકથા નથી વાંચી. ખાસ્સો સમય મને રહસ્યકથા લખતાં લાગ્યો. મર્ડરમિસ્ટ્રી હતી. મને અંતમાં જે ખૂની સાબિત થયો તેની તો કોઈએ કલ્પના પણ ન કરી હોય. હું મારા ઉપર જ ખુશ થઈ ગયો.

મારી પત્ની બોલી, 'જનકભાઈને બતાવતાં પહેલાં એક વખત જોઈ તો લો!'

મેં પણ ખુશ થઈને મર્ડરમિસ્ટ્રી પત્નીને સંભળાવી. પત્ની બોલી, 'આ તો જેનું મર્ડર થયેલું તેને જ તમે ખૂની સાબિત કર્યો.' મારી પત્ની બોલી, 'સારું થયું ને જનકભાઈને બતાવતા પહેલાં વાંચી ગયા તો, નહિતર તમારી કેવી બેઈજ્જતી થતે!' બિચારી મારી પત્ની જનકભાઈ આગળ મારી અગાઉ થયેલી બેઇજ્જતીથી અજાણ હતી. હા, મારા માટે વધુ એક બેઈજ્જતી થતાં બચી ગઈ.

મારા અથાગ પ્રયત્નો એક દિવસ રંગ લાવ્યા. એક દિવસ જનકભાઈનો ફોન આવ્યો, 'આ વખતના હાસ્યોત્સવમાં તું બોલીશ?' મેં હા તો તરત પાડી દીધી પરંતુ શું લખવું તે સૂઝતું ન હતું. ખરે વખતે પત્ની મદદે આવી. તેણે કહ્યું, 'પેલાં સુમીમાસી તમારી ખબર લેવા આવેલાં તે આખી વાત જ લખી નાખોને! બધાને ગમશે.' આમ, તો હું પત્નીના કહેવાથી ચાલતો નથી એમ બહાર બધાને જ કહેતો ફરું છું, પરંતુ મારા ઘરના સર્વે સભ્યો તથા મારા ખાસ અંગત અંગત મિત્રોને જ ખબર છે હું મારી પત્નીને પૂછ્યા વગર પાણી પણ પીતો નથી. અંતે સુમીમાસીની મારી તબિયતની ખબર પૂછવાની રીત હાસ્યોત્સવમાં રજૂ કરી. સૌને ગમી. ખાસ કરીને જનકભાઈને ગમતાં તેમણે તેમના મેગેઝિનમાં મારી હાસ્યવાર્તા છાપી.

આમ હાસ્યલેખકોના ટોળામાં વધુ એક હાસ્યલેખકનો ઉમેરો થયો.

## કોઈના ઘરે જવું હોય તો...

**(અનુસંધાન : પાના નં.-૮૪ ઉપરથી ચાલુ)**

મહેરબાનીથી હું અપમાનનો સામનો પણ સારી રીતે કરી શકું છું એટલે ચૂપચાપ ત્યાંથી નીકળી જાઉં ને નક્કી કરું કે...

હવે તો છથી આઠનો સમય જ શ્રેષ્ઠ રહેશે. સાંજના ઠંડક ને નિરાંતના સમયને કોઈના ઘરે પધરામણી કરું ત્યારે શું દશા હોય? સ્કૂલ-કોલેજ કે ટ્યૂશનવાળાં બાળકોની ધમાલ મચી હોય. ઑફિસથી સાહેબના પધારવાની રાહ જોવાતી હોય, ટીવીનો મોટ્ટો અવાજ હોય, ને સતત વાગતી ફોનની રિંગો વચ્ચે મારી સાથે બે ઘડી વાત કરવાની કોઈને ફુરસદ ન હોય, રસોડામાં રાતની રસોઈની તૈયારી ચાલતી હોય ત્યાં મને વહેલો વહેલો હાથમાં આવેલો નાસ્તો પકડાવી દેવાયો હોય, 'ખવાઈ જાય એટલે ચાલતાં થજો, અમારે બહુ કામ છે. બીજી વાર નિરાંતે આવજો' નો ભાવ એમના મોં પર સ્પષ્ટપણે વંચાતો હોય ત્યારે કોઈના ઘરે કયા સમયે જવું? જેવો મહાન પ્રશ્ન હું મનમાં વાગોળતી બહાર નીકળું. હવે મારે ઓછામાં ઓછા પચીસ-ત્રીસ લોકોને તો પૂછવું જ પડશે કે, એ લોકો કોઈના ઘરે ક્યારે જાય છે? કોઈના ઘરે જવાનો શ્રેષ્ઠ સમય કયો? ■

With Best Compliments From

**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**

**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**

**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**

**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station, Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

અંજલી

# દંતકથારૂપ ગઝલ નવેશની વિદાય

● કેશુભાઈ દેસાઇ ●

ચિનુ મોદીના અવસાનથી ગુજરાતી સાહિત્યમાં એક ન પુરાય એવો અવકાશ સરજાયો છે. છેલ્લા પાંચ દાયકાથી તેઓએ સાહિત્યની દુનિયામાં એકમેવ - અદ્વિતીયમ જેવી નોખી હસ્તી તરીકે ઓળખ જમાવી હતી. એમની તદ્દન નિખાલસ જીવનશૈલી અને સ્પષ્ટવાદિતાને કારણે એમને એક તરફ અદ્‌ભુત અને અભૂતપૂર્વ લોકપ્રિયતા સાંપડી હતી તો બીજી તરફ એ રૂઢિચુસ્ત જુનવાણી સમાજની કડવી ટીકાનો પણ ભોગ બન્યા હતા. સાહિત્ય જગતમાં પણ એમની પ્રબળ સિસૃક્ષા અને ક્રિયેટિવિટી છતાં એમની ભારે ઉપેક્ષા થતી રહી. પરંતુ એની લેશ પણ પરવા કર્યા વગર છેક જીવનના અંતિમ તબક્કા સુધી એમની કલમ એકધારી ચાલતી રહી અને અવનવા પડાવ આંબતી રહી. એમણે સવિશેષ પ્રદાન ગુજરાતી ગઝલ ક્ષેત્રે કર્યું છે, પરંતુ નાટ્યક્ષેત્રે પણ એમનું પ્રદાન એટલું જ સંતર્પક અને મહત્ત્વપૂર્ણ રહ્યું છે. કવિતાને સાંગોપાંગ આત્મસાત્ કરનાર આ ‘સંપૂર્ણ સર્જક’નું દીર્ઘકાવ્યથી લઈ સૉનેટ જેવા પ્રશિષ્ટ કાવ્ય પ્રકારમાં યાદગાર બલકે ચિરંજીવ કામ રહ્યું છે. છેલ્લે છેલ્લે એમણે મણિલાલ નભુભાઈના આત્મવૃત્તાંતની યાદ તાજી કરાવે એવી નિખાલસ આત્મકથા આપીને વિદાય લીધી. ‘કાળો અંગ્રેજ’ જેવી નવલકથા અને કેટલીક ચોટડૂક વાર્તાઓ ઉપરાંત ચિનુ મોદીએ વિવેચનક્ષેત્રે પણ કાર્ય કર્યું હતું. તેઓ ઉત્તમ સાહિત્યકાર ઉપરાંત સારા પત્રકાર અને કટારલેખક પણ હતા. કવિ લાભશંકર ઠાકર સાથે ‘રે મઠ’ની ક્રાંતિકારી ટોળકીના આ સદસ્યે લાઠાની પાછળ ને પાછળ વિદાય લઈને જાણે મૈત્રી જ નિભાવી છે. અંગત જીવનમાં અનેક ચડાવઉતાર અનુભવનાર આ સર્જકને ગુજરાતી ભાષામાં જ નહીં બલકે ઉર્દૂમાં પણ એટલી જ આસાયેશથી સર્જન કરવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું હતું. નિદા ફાઝલી જેવા વરિષ્ઠ ઉર્દૂ શાયરો સાથેનો એમનો ઘરોબો ગુજરાતી - ઉર્દૂના સાયુજ્યમાં પરિણમ્યો હતો. ગુજરાતી સાહિત્યમાં ‘ગઝલ પુરુષ’ની આગવી ઓળખ ધરાવતા ચિનુ મોદીએ ‘ઈર્શાદ’ ઉપનામ ધારણ કર્યું હતું એની પાછળ પ્રેમ ખાતર ધર્મ છોડવાની ખુદ્દારીનું પ્રકરણ પહેલું છે.

‘વાતાયન’, ‘ઈર્શાદ ગઢ’ અને ‘ઈનાયત’ના આ ગઝલ નવેશની વિદાયથી ગુજરાતી સંસ્કાર જગત રાંક બન્યું છે. છેલ્લા ત્રણ દાયકા દરમિયાન ભાગ્યે જ કોઈ મોટો મુશાયરો થયો હશે જેમાં આ મહાન ગઝલકારની હાજરી ન હોય. એમનાં ‘જાલકા’ અને ‘અશ્વમેઘ’ જેવાં નાટકો પણ ગુજરાતી નાટ્ય સાહિત્યનું ઘરેણું ગણાશે. આ સર્જકને પ્રજાએ તો ખૂબ લાડ લડાવ્યાં — કહી શકાય કે મેઘાણી અને રમેશ પારેખ પછી કોઈ ગુજરાતી સર્જકને આટલી લોકપ્રિયતા સાંપડી હશે કે કેમ તે સવાલ છે. ગુજરાતનું ધાવણું છોકરું પણ ‘ચિનુકાકા’ને ઓળખતું હતું. ‘અસાઈન સાહિત્યસભા’ના આજીવન પ્રમુખ તરીકે કાર્યરત રહેનારા આ સર્જક ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે ચાલતી મામકાઃ રાજનીતિથી આજીવન સલામત અંતર જાળવતા રહ્યા. સાહિત્ય જગતના શ્રેષ્ઠ પારિતોષિકોથી લાંબા સમય લગી વંચિત રહેલા ચિનુ મોદીને મોડે મોડે મોરારિબાપુ પ્રેરિત ગુજરાતી સાહિત્યનો કવિતા માટેનો નરસિંહ મહેતા ઍવોર્ડ એનાયત થયો હતો અને ગુજરાત સાહિત્ય અકાદમીએ એમનું ગૌરવ ઍવોર્ડથી પણ સન્માન કર્યું હતું. પરંતુ ચિનુ મોદી આવા પારિતોષિકો કરતાં વિશેષ એમની પાણીદાર ગઝલો અને નાટકોથી યાદ રહેશે. ■

## અમૃતબિંદુ

*સુખી જીવનના ચાર સુત્ર છે :*

૧. વસ્તુનો આગ્રહ ન રાખો. જે મળે તેને પ્રસાદ સમજીને સ્વીકારી લો.

૨. વાણીથી “વિગ્રહ” ન કરો કારણકે મોંમાંથી એક પણ શબ્દ ખોટો નીકળી જાય તો મહાભારત રચાઈ જાય.

૩. સંપત્તિનો વધુ સંગ્રહ ન કરો કારણકે વધુ સંઘરો દુઃખનું કારણ બને છે.

૪. કોઈપણ વ્યક્તિ પ્રત્યે ‘પૂર્વગ્રહ’ રાખી વ્યવહાર ન કરો કારણકે ક્યારેક રાતોરાત દોસ્ત દુશ્મન અને દુશ્મન દોસ્ત બની જાય છે.

- સમય અમૂલ્ય છે. સમય તો જીવન છે. સમયને વેડફી નાખવો દરેક પળે મરવા બરાબર છે. સમય કોઈની રાહ જોતો નથી કે કોઈની શરમ ભરતો નથી.
- માર્ગ પરથી પસાર થતી સ્મશાનયાત્રાને જોઈને એમ વિચારવું કે એક દિવસ મારી સ્મશાનયાત્રા પણ આ માર્ગ પરથી પસાર તશે. તે પરથી પોતાની મોતનો બોધ લેવો. અર્થી ઉઠતા પહેલાં જીવનનો અર્થ સમજી લેવો. નહિં તો ભારે અનર્થ થઈ જશે.

*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

માહિતી

# જૈન ધર્મ વિશે વિશ્વની પ્રસિદ્ધ હસ્તીઓ શું કહે છે....

● દિનેશચંદ્ર જગજીવન શાહ ●

★ જૈન ધર્મ સંપૂર્ણ રીતે સ્વતંત્ર ધર્મ છે. આ ધર્મે બીજા કોઈ પણ ધર્મનું અનુકરણ કે નકલ કર્યા નથી.

*ડૉ. જર્મન જેકોબી - પ્રસિદ્ધ જર્ન ચિંતક*

★ જૈન ધર્મ હિંદુ ધર્મથી તદ્દન ભિન્ન અને સ્વતંત્ર ધર્મ છે. જૈન ધર્મનો ઇતિહાસ હિંદુ ધર્મ જેટલો જ પ્રાચીન છે.

*પ્રો. મેક્સ મેલૂર - પ્રસિદ્ધ જર્મન ફિલોસોફર*

★ મનુષ્યના વિકાસ માટે જૈન ધર્મનું સ્વરૂપ ઘણું જ લાભકારી છે. આ ધર્મ ખૂબ જ અસલી, સ્વતંત્ર, સાદો, બહુમૂલ્યવાન તેમજ બ્રાહ્મણોના મતોથી ભિન્ન છે અને તે બૌદ્ધોની જેમ નાસ્તિક નથી.

*ડૉ. ઓ ગિરનાર - પેરિસ (ફ્રેન્ચ કેળવણીકાર)*

★ જૈન ધર્મનો પ્રારંભ ક્યારથી થયો તે શોધી કાઢવું લગભગ અસંભવિત છે. ભારતના ધર્મોમાં જૈન ધર્મ સૌથી પ્રાચીન છે.

*જી. જે. ફરલાંગ - અમેરિકન તત્ત્વચિંતક*

★ ભારતવર્ષના પ્રાચીન ઇતિહાસમાં જૈન ધર્મએ પોતાનું અસ્તિત્વ અનેક ઊથલપાથલ વચ્ચે પણ ટકાવી રાખ્યું છે.

*કર્નલ જેમ્સ ટોડ (પ્રસિદ્ધ ઇતિહાસકાર)*

★ જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ કરતા પણ પ્રાચીન છે.

*ટી. ડબલ્યુ. રઈસ ડેવિડ*

★ જૈન ધર્મના સિદ્ધાંત મને ખૂબ જ પ્રિય છે. મારી ઇચ્છા છે કે મૃત્યુ બાદ બીજો જન્મ હું જૈન કુળમાં પ્રાપ્ત કરું.

*જ્યોર્જ બર્નાર્ડ શૉ, નોબેલ પ્રાઇઝ વિજેતા સાહિત્યકાર*

★ જૈન ધર્મનો મેં અભ્યાસ કર્યો છે. અહિંસા અને અનેકાંતવાદ જૈન ધર્મે વિશ્વને આપેલી અનમોલ ભેટ છે.

*ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ (ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ - ભારત)*

★ બ્રાહ્મણ અને હિંદુ ધર્મમાં ધાર્મિક વિધિમાં માંસ ભક્ષણ અને મદિરાપાન બંધ થઈ ગયા એની પાછળ જૈન ધર્મની અસર જવાબદાર છે.

*લોકમાન્ય ટિળક (સ્વાતંત્ર્ય સેનાની)*

★ અહિંસા તત્ત્વના સૌથી મહાન પ્રચારક મહાવીર સ્વામી જ હતા. મારા જીવનમાં અહિંસાની પ્રેરણા મેં બુદ્ધ અને મહાવીરના ચરિત્રોમાંથી મેળવી છે.

*ગાંધીજી (રાષ્ટ્રપિતા - ભારત)*

★ ભગવાન મહાવીરે બતાવેલા માર્ગ પર ચાલવાથી આપણે સહિષ્ણુ સમાજની રચના કરી શકીશું. બીજ કોઈએ અહિંસાની આટલી સૂક્ષ્મતા નથી બતાવી. જૈન ધર્મ પોતાના અહિંસાના સિદ્ધાંતને લીધે વિશ્વધર્મ થવા માટે સંપૂર્ણ યોગ્ય છે.

*ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ)*

★ જો કોઈ વિરોધી સજ્જન જૈન સાહિત્યનો અભ્યાસ અને મનન સૂક્ષ્મપણે કરે તો તેમનો વિરોધ સમાપ્ત થઈ જશે.

*ડૉ. ગંગનાથ ઝા*

★ જૈન ધર્મ જેટલું ત્યાગનું મહત્ત્વ અન્ય ક્યાંય જોવા નહીં મળે. શાંતિ, સહિષ્ણુતા, અહિંસા અને જીવદયાની ભાવના જૈન ધર્મને ભારતીય સંસ્કૃતિમાં ટોચ ઉપર મૂકે છે.

*શ્રી શ્રી રવિશંકર*

★ હું શાકાહારી છું, ધૂમ્રપાન નથી કરતો અને શરાબ નથી લેતો મને જૈન ધર્મના અહિંસા અને શાકાહારના સિદ્ધાંતો ખૂબ જ અપીલ કરે છે.

*– અમિતાભ બચ્ચન*

*સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ (ભુજ - અમદાવાદ)*
*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

*જેની આંખમાં અમી તેને દુનિયા ગમી*
*જેની વાણીમાં અમી જગતમાં તે સૌને ગમી.*

## અંઇયા આય અટપટી જિંધગી...!!

તોજે ચડાવ-ઉતારથી થકો, અંઇયા આય અટપટી જિંધગી,
કડવા - મિઠ્ઠા અનુભવેંથી પ્યો ફિક્કો, અંઇયા આય અટપટી જિંધગી.
પેલા મુંકે થીણુંવો, સપ્તરંગી ઇન્દ્રધનુષ જેળો,
હાણે જ હિકડો જ રંગ પક્કો, અંઇયા આય અટપટી જિંધગી.
પેલા વસંત અચે ને, નયણ લગધો વો તન મુંજો,
હાણે ત વિશાળ વેરાન રોગો, અંઇયા આય અટપટી જિંધગી.
બઈ કોઈ ઉમેધ બાકી કીં રૈઈ સગે તુંજ ચો જિંધગી?
'રશ્મિન' કે કબૂલ આય જુકો, અંઇયા આય અટપટી જિંધગી.
હેવર ત જેર પત્તઝડ (પાનખર) અચે ને ખિલણ લગે મન મુંજો,
હાણે ત ઈની પન્ને જીંય ખરી પોંધોને, પૂરી થૈ વેંધી ઇ અટપટી જિંધગી.

## હી આય જિંધગી...

જનમ-મરણજે વિચ્ચજી જાત્રા, ઇ આય જિંધગી,
જડ ભમેં જગમેં ને સમજુ કંઇયેં પ્રભુ બંદગી.
ડીં ઉગે ને ડીં ઓલે, અંતે માયાસેં મિલે માંદગી,
જીવ્યા ઇનજો સરવૈયો મંઢીજા, ત હાર્યા હુંધા અજ લગી.
છડ્યો ઇ નવ્વાણું જા ચક્કર, સ્વીકાર્યો તન-મન સાદગી,
ત જિંધગી સાધ ડીંધી ને, ધુનિયા લગાઈંધી યશ-કલગી,
કેં આયા ને કેં વ્યા, ફેરો ફોગટ ને નાંય કિત્ત નામો નિશાન,
'રશ્મિન' ચેં રૂડા એળા જીઓ, આંતેં રાજી થીયે ભગવાન.

*"રશ્મિન જો રણકાર : ભાગ-૩"માંથી સાભાર*

શુભેચ્છા : દિનેશ લાલજી અજાણી - મુલુંડ (વેસ્ટ)

માહિતી

# સર્જિકલ સ્ટ્રાઇક : ટીમને મેડલ

● દિનેશચંદ્ર જગજીવન શાહ ●

પીઓકેમાં ભારતીય સૈન્યનાં જવાનોએ સાહસિક સર્જિકલ સ્ટ્રાઈક કરીને આતંકવાદીઓને ચોંકાવી ખાતમો બોલાવી દીધો હતો. આ સૈન્ય કાર્યવાહીમાં સામેલ જવાનોની વીરતાની હજુ પણ દેશમાં વાતો થઈ રહી છે અને જનતા ગર્વ કરી રહી છે. સર્જિકલ સ્ટ્રાઈકમાં જોડાયેલા જવાનોને વીરતા માટે પ્રજાસત્તાક દિને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. સરકારે મેડલ એનાયત કરવા પાછળના કારણોની પણ સત્તાવાર જાહેરાત કરી છે, જેમાં આ ગુપ્ત ઓપરેશનની કેટલીક અજાણી અને રસપ્રદ બાબતો બહાર આવી છે.

★ ૨૮ અને ૨૯ સપ્ટેમ્બરની રાત્રે મેજર રોહિત સુરીની આગેવાનીમાં સર્જિકલ માટે ૮ કમાન્ડોની ટીમ રવાના.

★ વિસ્તારની તપાસ કરીને સવારે ૬ વાગે કર્યો હતો હુમલો.

★ લોન્ચિંગ પેડના ૫૦ મીટર નજીક પહોંચી બે આતંકીઓને ઠાર માર્યા હતા.

★ નજીકના જંગલમાં હિલચાલ જોવા મળતાં બે જેહાદીઓને પણ ઠાર માર્યા હતા.

★ વિજયકુમાર નામના જવાને પોતાની ટીમને મુશ્કેલીમાંથી ઉગારવા માટે આતંકી છાવણી સુધી પહોંચી કર્યું ફાયરિંગ

★ ત્રીજા મેજરે સાથીદારો સાથે મળીને વધુ એક આતંકી છાવણીને ધ્વસ્ત કરી, જેમાં સૂતેલા તમામ આતંકી ઢેર.

★ ચોથા મેજરની ટીમ પર આતંકવાદી રોકેટ લોન્ચરથી હુમલો કરે તે પહેલાં જ અન્ય એક ટીમે તમામ આતંકીઓનો સફાયો કરી નાંખ્યો.

★ આ મિશનમાં માત્ર ઓફિસરો જ નહીં પણ જુનિયર અને પેરા ટુપરોએ પણ સાહસ દર્શાવ્યું હતું.

★ શૌર્યચક્રથી સન્માનિત એક સુબેદારે એક છાવણી પર ગ્રેનેડથી સતત હુમલો કરીને છાવણી નષ્ટ કરી જેમાં બે આતંકીઓ માર્યા ગયા.

★ ઓપરેશન દરમિયાન કોઈ જવાનોને નુકસાન થયું નહોતું. જો કે, એક પેરા ટુપર જવાન આતંકવાદીઓનો પીછો કરી રહ્યો હતો ત્યારે સુરંગ ફાટતાં ઈજા પહોંચી હતી તેમ છતાં એક આતંકવાદીને ઠાર માર્યો હતો.

★ ઓટોમેટીક હથિયારો ધરાવતી જગ્યાને ગ્રેનેડ હુમલાથી તોડી પાડવા બદલ એક મેજરને શૌર્યચક્ર એનાયત.

★ કમાન્ડિંગ ઓફિસર કર્નલ હરપ્રીત સંધુને લોન્ચિંગ પેડ પર સતત બે હુમલા કરવા બદલ યુદ્ધ સેવાચક્ર.

★ પેરા રેજિમેન્ટની ચોથી અને નવમી બટાલિયનનાં એક કર્નલ, પાંચ મેજર, બે કેપ્ટન, એક સુબેદાર, બે નાયબ સુબેદાર, ત્રણ હવાલદાર, એક લાન્સનાયક અને ચાર પેરા ટુપર્સનું મહત્વનું યોગદાન

★ ટીમને ચાર શૌર્યચક્ર અને ૧૩ સેવા મેડલ એનાયત થયા હતા.

*સંદર્ભ : કચ્છમિત્ર - ભુજ*

*પ્રેષક : દિનેશચંદ્ર જગજીવન શાહ (ભુજ - અમદાવાદ)*

*મો. : ૯૪૨૬૫૭૭૬૭૮*

*ચંદન કરતાં વંદન વધુ શીતલ હોય છે.*
*યોગી કરતાં ઉપયોગી વધું સારું હોય છે.*
*પ્રભાવ સારો હોય તેના કરતાં*
*સ્વભાવ સારો હોય તે જરૂરી છે.*
*તમારી લોકો ફરીયાદ કરે તેવા જીવન કરતાં લોકો*
*તમને ફરી યાદ કરે તેવું જીવો.*

**મઝેદાર દાબેલી ભાઈ ભાઈ!!!**

*મિણીજે મનકે વિનેભાઈ, ઈ મઝેદાર દાબેલી ભાઈ ભાઈ*
*પ્રફુલભાઈ એડી વાનગી ભનાઈએ, જુકો સ્વાદ મેં ચટપટી સવાઈ*
*વડોદરા શહેર મેં ગજે જેંજો નાં, ઈ દાબેલી માડુ ખેં ધરાઈ ધરાઈ*
*ઈ અલબેલી દાબેલી ભાઈ ભાઈ, જે લોક હૃદયમેં વૈ સમાઈ...*

*– રશ્મિન્ ખોના, મુંબઈ*



**પ્રફુલ શાહ (મો. ૯૯૨૫૭ ૧૦૧૧૯)**

ટેસ્ટફુલ, મસાલાથી ભરપૂર, ચટાકેદાર દાબેલી

# ભાઈ ભાઈ દાબેલીવાળા

કારેલીબાગ પાણીની ટાંકી પાસે, વડોદરા.

ફોન : (૦૨૬૫) ૨૪૬૩૦૦૬

માહિતી

# બજેટમાં કચ્છ માટે નર્મદાનાં નીર માટેની જોગવાઈ

● દિનેશચંદ્ર જગજીવન શાહ ●

ગુજરાત રાજ્યના નાણામંત્રીએ રજૂ કરેલ ૨૦૧૭-૧૮ ના બજેટમાં કચ્છ માટેની જીવાદોરી સમાન નર્મદાના પાણી પહોંચાડવા સંબંધી વિશેષ જોગવાઈ બજેટમાં કરેલ છે. ખાસ કરીને કચ્છ માટે નર્મદાના પૂરના વધારાના પાણી ફાળવવા અંગેની સતત માંગણીના અનુસંધાને રૂપિયા ૭૬ કરોડની પ્રથમ વખત ફાળવણી કરી છે.

છેલ્લા કેટલાય વર્ષો થયા બજેટમાં કચ્છ શાખા નહેર માટે રકમ ફાળવાય છે. પરંતુ નર્મદાનાં પૂરના વધારાના નીરની યોજનાનો ઉલ્લેખ સુદ્ધાં ન હોય. દર વખતે એજ રોદણાં રોવાય. કચ્છને રંજ એ બાબતનો છે કે સૌરાષ્ટ્ર માટે 'સૌની' યોજનાનું કામ ધમધોકાર ચાલી રહ્યું છે જે માટે રૂા. ૧૬૯૮ કરોડ બજેટમાં ફાળવવામાં આવેલ છે. જ્યારે કચ્છ માટે નર્મદાના વધારાના નીર માટે રૂા. ૭૬ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ બાબતે તજજ્ઞોના અભિપ્રાય એવા છે કે આ રકમ ઘણી જ ઓછી છે. હકીકતમાં સૌરાષ્ટ્રની તુલનાએ કચ્છનું રાજકીય વજન ઓછું પડે છે. નર્મદા યોજના સાકાર થઈ શકી છે એના પાયામાં કચ્છનું કારણ છે એ ઐતિહાસિક તથ્ય છે. છતાં યોજનાના લાભ કચ્છને આપવામાં તત્પરતા નથી દાખવવામાં આવતી. રૂા. ૭૬ કરોડ ફાળવવાથી વધારાના પાણીની યોજનામાં કંઈ થઈ શકવાનું નથી. રૂા. ૫૦૦૦ કરોડથી વધુની આ યોજનામાં કચ્છ માટે વધારાના પાણી અંગે રૂા. ૨૦૦ થી ૩૦૦ કરોડ ફાળવવામાં આવત તો શુભ શરૂઆત માટે સારી રકમ લેખાત. આ વધારાના નીરથી કચ્છના જળાશયોમાં પાણી ભરી શકાશે અને એ રીતે ખેતી માટે તેમજ પશુ પાલકોને ફાયદો થશે. જો કે 'સૌની' યોજનાના બીજા તબક્કામાં કચ્છ બ્રાન્ચ કેનાલ વિસ્તરણની જોગવાઈનો સમાવેશ થયો છે.

બજેટમાં થયેલ જોગવાઈ મુજબ ટપ્પર ડેમને પેટા કેનાલથી ભરવા માટે રૂા. ૧૬૦ કરોડની ફાળવણી થઈ છે. સૂકા કચ્છ વિસ્તારમાં ઉનાળા દરમ્યાન પાણીનો પ્રશ્ન ન રહે તે માટે તેમજ સૌરાષ્ટ્ર શાખા નહેર દ્વારા કચ્છ શાખા નહેરને રોજનું ૧૦૦ એમ.એલ.ડી. પાણી મળી રહે તે માટે પમ્પિંગ સ્ટેશનના બાંધકામ માટે રૂા. ૩૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

બજેટમાં નર્મદાની કચ્છ શાખા નહેરની કામગીરી માટે રૂા. ૭૯૧ કરોડ ફાળવવામાં આવ્યા છે તેની નોંધ લેવી રહી. આમ ૩૫૭ કિ.મી. પૈકી ૩૦૦ કિ.મી. નું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. અમુક જગ્યાએ જમીન સંપાદનમાં અસહકારના લીધે કામ આગળ વધી નથી શક્યું. ઉપરાંત ગાંધીધામ સંકુલની જેના પર આધાર છે એ ટપ્પર ડેમ ભરવા માટે રૂા. ૧૬૦ કરોડની ફાળવણી પણ નોંધનીય છે, સાથે એટલે જ અફસોસ થાય છે કે વધારાના નીરની યોજના પણ સમાંતર આગળ ધપાવવામાં આવી હોત તો કચ્છના સુકા વિસ્તારને લાભ મળત. સાથે-સાથે કચ્છના શોષાતા ભૂગર્ભ જળને ફાયદો થાત.

કચ્છના ઉદ્યોગકારોએ લોક પ્રતિનિધિઓના માધ્યમથી સરકારનો ખુલાસો પૂછવો જોઈએ કે, આવું કેમ? કચ્છના ઉદ્યોગોને પાણીની તીવ્ર જરૂરિયાત હોવા છતાં કચ્છને ડી-સેલિનેશન પ્લાન્ટ બજેટમાં અભેરાઈએ શા માટે ચડાવી દેવાયો?

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ છેલ્લા કેટલાય સમય થયા, નર્મદા નીર બાબતે કચ્છ શાખા નહેર અને પૂરના વધારાના પાણી અંગે તેમના હોદ્દેદારો સરકારશ્રીના અધિકારીઓ સાથે અવાર-નવાર બેઠકો યોજી કચ્છ માટે પૂરતું પાણી મળી રહે તે માટે સઘન પ્રયત્નો કરતા રહે છે. પરંતુ ઠાલા વચનો અને આશ્વાસનો સિવાય કશુંય પરિણામ આવેલ નથી.

કચ્છની જીવાદોરી સમાન નર્મદા નીર પીવાના પાણી તથા ખેતી માટે પૂરતું મળી રહે તે માટે કચ્છના લોકપ્રતિનિધિઓએ સરકારશ્રી પાસે ઉગ્ર રજૂઆત દ્વારા જુવાળ ઉઠાવી સઘન પ્રયત્ન કરવાનો સમય આવી ગયો છે.

*(માહિતી સમાચાર પત્રો આધારિત)*

*પ્રેષક : દિનેશચંદ્ર જગજીવન શાહ (ભુજ - અમદાવાદ)*
*મો. : ૯૪૨૬૫૭૭૬૭૮*

## એવું જ માગું મોત

**એવું જ માગું મોત,**
**હરિ, હું તો એવું માગું મોત!**
**આ થયું હોત ને તે થયું હોત, ને જો પેલું થયું હોત,**
**અંત સમે એવા ઓરતડાની હોય ન ગોતાગોત!**
**હરિ, હું તો એવું જ માગું મોત!**

***– કરસનદાસ માણેક***

*પડે ન સ્હેજે ખુદને ડાઘો, એમ જગતને અડે,*
*દુર્લભ એ દરવેશ કે જેનાં કાળ સાચવે પગલાં.*



# બાબુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે જે ગેસ્ટ હાઉસ મેં બો ડીં મોર છ જેણેજો હકડો કુટુંબ કોક ગામડેમેંજા આવ્યો વો તેર આંઉ અનીંકે મલ્યો વો ને પૂછા કઈ તડેં ચ્યાં તે અસાંકે મણિકે લંડન વેનેજા વિઝા મલ્યા અંઇ. તેલાં વિઝા ગેનેલા આવ્યા અઈંયું ને અજ ઉગેજો કુટુંબજા મોભી વડો બાટલો ખણેને ઊભા વા ને મથે છ સ્ટીકર લગાયાં વા ને મણિંજા નાં લખ્યા વા. જનુભાઈ, જડીબેન, લખુડી, નાથુ, ટમી ને કાળુ. સે મુંકે ખબર ન પઈ ક બાટલેમેં કુરો ભર્યા વા ને મણિંજા નાં કોલા લખ્યાવા? સે જરા તપાસ ત કર.

બચુડો : (તપાસ કે ને ચેં) અધા વિઝા ઓફિસમેંજા અનીંકે પેશાબજો ટેસ્ટ કરાયેજો ચ્યાં વા ને અનીંકે છ બાટલીયું ન મલ્યું અતરે વડો બાટલો ગેને આવ્યા ને વારાફરતી પેશાબ ભરેને મથે ચટકી ચોડે ને ઓફિસમેં ડે આવ્યા.

## ખિલજા મ ભલા

મોબાઈલમાં એક મેસેજ : જો તમારી ધર્મપત્ની તમારી વાત ન માનતી હોય તો...

તો...

તો...

તો...

આટલું બધું ધ્યાનથી વાંચવાની જરૂર નથી.

કોઈની નથી માનતી.

☺ ☺ ☺ ☺ ☺

મીનુ : પતિ પત્નીના ઝઘડામાં પતિએ દલીલો કરી. પત્નીએ સામી દલીલો કરી. પતિએ બરાડા પાડ્યા. પત્નીએ બરાડા પાડ્યા. અંતે પત્ની રડવા લાગી.

લવાદ : પત્નીને વિજેતા જાહેર કરવામાં આવે છે અને એ પણ ક્રિકેટના ડકવર્થ લુઇના નિયમ મુજબ કારણકે આંસુઓનો વરસાદ થયો હતો.

☺ ☺ ☺ ☺ ☺

રોહિત : પીપળાના બે ઝાડને રસ્સીથી જોડવામાં આવે તો એ રસ્સીનું નામ શું હશે?

મોહિત : સાવ સહેલું 'નોકિયા'.

રોહિત : કાંઈ ખબર ન પડી.

મોહિત : કનેક્ટીંગ પીપલ – નોકિયા.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી,*
*ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.*
*ફોન : ૨૫૪૬૮૧૬૦*

★ *બાળકોમાં ગુનેગારીનું વલણ વધ્યું છે કારણકે એમની ઉપર મા-બાપોનો પ્રભાવ ઘટ્યો છે. વાલીઓની સંભાળ ઓછી થઈ છે. મા-બાપ તરીકે જે એકાગ્ર ધ્યાન આપણે બાળકો ઉપર આપવું જોઈએ તે આપતાં નથી. ઊંચા જીવનધોરણનું ભૂત આપણી ઉપર સવાર થયું છે. સુખસગવડનાં વધુ સાધનો પાછળની આંધળી દોટમાં આપણે બાળકોના ઉછેરની સરિયામ ઉપેક્ષા કરીએ છીએ. આપણને તેને માટે સમય નથી. એટલું જ નહીં, આપણને તેમાં રસ પણ નથી રહ્યો. આજનું બાળક પોતાના કુટુંબ સાથેનો જીવંત સંબંધ ગુમાવી બેઠું છે. એ એકલું પડી ગયું છે. ચોરી કરતું બાળક, કોઈનું ખિસ્સું કાપતું બાળક જાણે કે આપણી સામે પોકાર કરતું હોય છે કે, "મને કોઈ બોલાવો, મને તેડી લ્યો, મને પ્રેમ કરો!"* **– ભૂપત વડોદરિયા**

★ *ચારિત્ર્યવાન થવું એટલે ફૂલ કરતાં કોમળ થઈ જાણવું અને વજ્ર કરતાં કઠોર પણ થઈ જાણવું. અત્યંત પ્રયત્નશીલ પણ થઈ જાણવું, અત્યંત શાંત પણ થઈ જાણવું. પ્રેમવાળા પણ થઈ જાણવું અને વિરાગવાળા પણ થઈ જાણવું. આપનાર થઈ જાણવું અને લેનાર પણ થઈ જાણવું. સુખ પણ હસીને ભોગવવું, દુઃખ પણ હસીને ભોગવવું. ભોગવી જાણવું અને સહી જાણવું, બોલી જાણવું અને મૌન પણ રહી જાણવું. જોઈ પણ જાણવું અને અંધ પણ થઈ જાણવું. અલ્પમાં જીવી જાણવું અને મરી પણ જાણવું.* **– ઉપેન્દ્રાચાર્ય**

**JAYANT STEELS**
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
**Ph. : (022) 2242 2463 • 2242 7263**

**જયંત સ્ટીલ્સ**
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

# અન્ય સંસ્થાના સમાચાર

## સ્વ. શ્રી અમરચંદભાઈ ગાલા સ્મૃતિ વન - વૃક્ષ દત્તક યોજના



**સ્વ. શ્રી અમરચંદભાઈ ગાલા**

*"વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે...*
*પર દુઃખે ઉપકાર કરે તોય, મન અભિમાન ન આણે રે..."*

૨૦૦૧માં કચ્છ જિલ્લામાં ધરતીકંપ થયા પછી જિલ્લાની એક સર્વાંગી યાત્રા શરૂ થઈ, જેમાં આરોગ્ય, શિક્ષણ અને પર્યાવરણ સુધારણા મુખ્ય હતી. આ સમગ્ર વિકાસની પ્રક્રિયામાં વતનપ્રેમી દાતાઓએ સાચા હૃદયથી આર્થિક સહયોગ આપ્યો. એમાં મુખ્ય દાતા, નવનીત પરિવારના સ્વ. શ્રી અમરચંદભાઈ રામજીભાઈ ગાલા હતા. એવું કોઈ ક્ષેત્ર નહીં હોય કે જ્યાં નવનીત પરિવારનો આર્થિક સિંહફાળો નહીં મળ્યો હોય. એમાં સૌપ્રથમ શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ, શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટ, શ્રી નવનીત ભોજનાલય - ભુજ, માંડવી કેન્સર હોસ્પિટલ. એવી જ રીતે શિક્ષણ ક્ષેત્રે ઘણીખરી સંસ્થાઓ અને પર્યાવરણ ક્ષેત્રે વી.આર.ટી.આઈ. - માંડવી, કોટિવૃક્ષ અભિયાન વગેરે વગેરે સંસ્થાઓમાં કરોડો રૂપિયાનો આર્થિક સહયોગ નવનીત પરિવારે આપ્યો છે.

પર્યાવરણની વાત કરીએ, તો સ્વ. શ્રી અમરચંદભાઈ ગાલા સતત કચ્છમાં અવારનવાર પડતા દુષ્કાળ માટે ખૂબ જ ચિંતિત રહેતા હતા. માંડવીની વી.આર.ટી.આઈ. સંસ્થાએ જ્યારે વોટર શેડ મેનેજમેન્ટની શરૂઆત કરી ત્યારે સૌપ્રથમ સ્વ. શ્રી અમરચંદભાઈ ગાલાએ નવનીત પરિવાર તરફથી લાખો રૂપિયાનો માતબર ફાળો આપી આ કામ પોતાના રાયણ ગામથી શરૂ કરાવ્યું અને સારા પ્રમાણમાં વરસાદી પાણી સંગ્રહ કરાવ્યા તેમજ મોટા ડૅમો પણ બનાવ્યા.

આવી જ રીતે કચ્છમાં વરસાદને લાવવા મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ કરાવવા એમનાં આર્થિક સહયોગથી કોટિવૃક્ષ અભિયાન શરૂ થયું અને કચ્છ ઈકોલોજી ફાઉન્ડેશન ટ્રસ્ટ ઊભું થયું. જેમાં તેઓ મુખ્ય ટ્રસ્ટી હતા. અને આજે આપણે જોઈ શકીએ છીએ કે કચ્છમાં ઠેકઠેકાણે વૃક્ષારોપણનું સુંદર કાર્ય થઈ રહ્યું છે. ફક્ત રાયણ ગામમાં હજારોની સંખ્યામાં વૃક્ષો વવાયા છે. આ બધા કાર્યોમાં હંમેશાં એમનો આર્થિક અને માનસિક સહયોગ મળતો રહ્યો. એમનું એક કાયમી સ્વપ્ન હતું કે કચ્છ જિલ્લામાંથી દુષ્કાળને કાયમી દેશવટો આપવો જરૂરી છે. જે આજે આપણે જોઈ શકીએ છીએ કે કચ્છ જિલ્લો આ કાર્યમાં આગળ વધી રહ્યો છે અને પરિણામે છેલ્લાં અગિયાર વર્ષોથી કચ્છમાં દુષ્કાળ પડ્યો નથી અને જિલ્લામાં વરસાદનું પ્રમાણ વધતું જાય છે.

જ્યારે પુણ્યશાળી સ્વ. શ્રી અમરચંદભાઈ ગાલા આપણી વચ્ચે રહ્યા નથી ત્યારે આપણે સૌ એમનું સ્વપ્ન દુષ્કાળને કાયમી દેશવટો આપવાનું પૂર્ણ કરીએ, તો આપણે કચ્છ જિલ્લો કાયમી રીતે હરિયાળો અને લીલોછમ બની રહે, જેથી કચ્છનું પશુધન, પક્ષીઓ તેમજ ખેડૂતો કાયમને માટે સુખી થાય.

સ્વ. શ્રી અમરચંદભાઈ ગાલાનાં અવસાન બાદ શ્રી રાયણ ગ્રામ પંચાયતે ઘણો જ મહત્ત્વનો નિર્ણય લીધો છે કે સ્વ. શ્રી અમરચંદભાઈની કાયમી યાદગીરી રાખવા એમના નામે **સ્વ. શ્રી અમરચંદભાઈ ગાલા સ્મૃતિ વન - વૃક્ષ દત્તક યોજના** શરૂ થાય. જેને કારણે ફક્ત રાયણ ગામ નહીં પણ માંડવી તાલુકો અને સમગ્ર કચ્છ કાયમી રીતે લીલુંછમ અને હરિયાળું બની રહે.

નવનીત પરિવાર શિક્ષણ ક્ષેત્ર સાથે સંબંધિત હોવાથી આપણે શિક્ષણ ખાતાને સાથે રાખીને વી.આર.ટી.આઈ. તેમજ વન વિભાગનાં સહયોગથી આ કાર્ય શરૂ કરીએ. દરેક સારા કાર્યમાં ઈશ્વરનો સાથ હોવાથી આપણને સફળતાની પૂરી આશા છે.

***એલ. ડી. શાહ - બિદડા (કચ્છ)***

## રાજ્યપાલશ્રીના હસ્તે શ્રી જોરાવરસિંહ જાદવને 'સંસ્કાર ભારતી' એવોર્ડ અર્પણ કરાયો

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે માનપાન પામેલી સંસ્થા ગુજરાત લોકકલા ફાઉન્ડેશનની સ્થાપના દ્વારા લોક કલાકારો માટે સમર્પિત કામગીરી કરનાર ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ લોકસાહિત્યવિદ્ શ્રી જોરાવરસિંહ જાદવનું કલા અને સાહિત્ય માટે જાણીતી અખિલ ભારતીય સંસ્થા ''સંસ્કાર-ભારતી''ના ઉપક્રમે તાજેતરમાં માનનીય રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીજીના શુભ હસ્તે ગાંધીનગર ખાતે 'સંસ્કાર ભારતી' એવોર્ડ, સન્માનપત્ર, શાલ અને રૂા. ૫,૦૦૦/-ના રોકડ પુરસ્કારથી સન્માન કરવામાં આવ્યું.

અત્રે યાદ આપીએ કે શ્રી જાદવે લોક સાહિત્યના ક્ષેત્રે ઝવેરચંદ મેઘાણી પછી મૂલ્યવાન સંશોધન કાર્ય કર્યું છે. એમના ૯૩ જેટલા સંશોધનમૂલક પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. એમાંના કેટલાક સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ઉત્તર ગુજરાત હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી અને ભાવનગર યુનિવર્સિટીમાં એમ.એ.માં લોક સાહિત્યના અભ્યાસક્રમમાં પાઠ્યપુસ્તક તરીકે ભણાવાય છે.

શ્રી જોરાવરસિંહજીનું મોટું પ્રદાન ગુજરાતની અંતરિયાળ ધરણીના ખૂણે પડેલા લોક કલાકારોને શોધીને એમને ત્રિનિદાદ એન્ડ ટોબેગો, સુરિનામ, શિકાગો, દુબઇ, મસ્કત, કેનેડા ઇત્યાદિ દેશોમાં રજૂ કરી ગુજરાત અને રાજસ્થાનની લોકકલાને ઉજાગર કરી છે. એમને ગુજરાત લોકકલા રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કારોથી નવાજ્યા છે. શ્રી જાદવને ગુજરાત ગૌરવ પુરસ્કાર ઉપરાંત ચાલીસ જેટલાં ઍવોર્ડ્ઝ મળી ચૂક્યા છે.

## 'કચ્છ-અર્પણ' સળંગ અંક નં.-૧૭ (જાન્યુઆરી-૨૦૧૭)

'કચ્છ-અર્પણ' (સળંગ અંક. નં.-૧૭) જાન્યુઆરી-૨૦૧૭નો અંક હાલમાં પ્રકાશિત થયેલ છે. મુખપૃષ્ઠ પર કચ્છની સંસ્કૃતિનું દર્શન કરાવતું ગામમાં સહેલીઓનું એક મનમોહક દૃશ્ય છે. જેના તસવીરકાર છે સતીષ શનીશ્ચરા. એને જીવંત બનાવી મુખપૃષ્ઠની શોભા વધારે છે સાહિત્યકાર ડૉ. ગુલાબ દેઢિયાની પંક્તિઓ.

આ અંકમાં મુખ્ય કથા છે 'કોઠારાના બે કદાવર કચ્છીઓ'ની દાસ્તાન. જેમાં મુંબઇના વિકાસમાં ખાસ્સું યોગદાન દેનારા કોઠારાના શેઠ ગોકુલદાસ તેજપાલ તથા શેઠ કેશવજી નાયકના જીવનની ગાથા સંક્ષિપ્તમાં ફોટા સહ રજૂ કરવામાં આવેલ છે. ત્યારબાદ ડૉ. ગુલાબ દેઢિયા 'જ્યાં ઘણું ઘણું છે આંગણું'માં ઘરના આંગણાની અગત્યતા વિશે રમતિયાળ ભાષામાં પરિચય આપે છે. તો લેખ 'કચ્છના લોક સાહિત્યકારો'ના પ્રથમ ભાગમાં વિશ્રામ ગઢવી કચ્છનાં લોકસાહિત્યકારોનો વિસ્તૃત પરિચય કરાવે છે. કચ્છની પૃષ્ઠભૂમિમાં રચાયેલ શ્રી ગુણવંતરાય આચાર્ય રચિત સાગરકથા 'દરિયાલાલ' આગળ વધી રહી છે. તો બાળપણમાં નિશાળની તોફાન મસ્તીને રવિ પેથાણી 'તિમિર' યાદ કરે છે તેમના લેખ 'તોફાની ટોળી'માં.


નવા શરૂ થયેલ વિભાગ 'વૉટ્સએપ પેજ'માં આ વખતે વાર્તા 'ભલાઇનો બદલો જરૂર મળે છે' સામેલ કરેલ છે. તો કચ્છી ચોવકોની કોલમ 'ચોવક કથા'ના પાંચમા ભાગમાં 'લાખેવારા પેડા' સાથે લાલજી મેવાડા 'સ્વપ્ન' નવી ચોવકની વાત રજૂ કરે છે. સાથે ઝવેરચંદ બોરીચાની વાર્તા 'જાત ઉપર ન જવું' માણવા જેવી છે.

અન્ય વિભાગોમાં 'બ ગાલ્યું ધિલજિયું' માણવાલાયક છે. 'સાહિત્ય અવલોકન'માં નવા પુસ્તકો વિશે જાણકારી આપેલ છે. તો 'આપણી વિરાસતો'માં પ્રમોદ જેઠી દ્વારા કેપ્ટન મેકમર્ડોની સમાધિની જાણકારી સ્કેચ સાથે આપેલ છે તો 'આપણી વેબસાઇટ'માં રણ ઉત્સવની ઓફિશિયલ વેબસાઇટ www.rannutsav.comની માહિતી અપાયેલ છે. ઉપરાંત વતનના વાવડ, કીચન કોર્નર વગેરે ધ્યાન ખેંચે છે.

## માંડવી તાલુકાના જખણિયા ગામે રૂા. ૫૦ લાખથી વધુ વિકાસના કામોનું લોકાર્પણ અને ભૂમિપૂજન કરતા ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડા

માંડવી તાલુકાના જખણિયા ગામે અંદાજિત રૂા. ૫૦ લાખથી વધુ વિકાસના કામોનું ભૂમિપૂજન લોકાર્પણ કાર્યક્રમ તથા નવી ગ્રામ પંચાયતઘર અને નવ નિયુક્ત સરપંચ શ્રી દેવજીભાઈના જાહેર સન્માનનો કાર્યક્રમ માંડવી - મુંદ્રા વિસ્તારના ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાના અધ્યક્ષ સ્થાને યોજાયો. આ પ્રસંગે બોલતાં શ્રી તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતું કે માંડવી તાલુકાના ઇતિહાસમાં ૪૦ વર્ષ પછી જખણિયા ગ્રામ પંચાયત તલવાણાથી અલગ થઈ ત્યારે આજરોજ ગ્રામ પંચાયતના નવનિયુક્ત સરપંચશ્રીનું સન્માન, રૂા. ૧૪ લાખના ખર્ચે બનનાર ગ્રામ પંચાયત ઘરનું ભૂમિપૂજન અને ભુજ - માંડવી રાષ્ટ્રીય ધોરીમાર્ગને જોડતા રસ્તાને ડામરથી મઢવાના રૂા. ૩૦ લાખના કામનું ભૂમિપૂજન તથા છેલ્લા ૨ વર્ષમાં રૂા. ૧૦ લાખથી વધુના થયેલ કામોનું લોકાર્પણ વગેરે કાર્યક્રમનું આયોજન જખણિયા મુકામે થયું છે. આ વણથંભી વિકાસયાત્રા હવે પંચાયત જ્યારે નવી બની છે ત્યારે હજુ પણ વેગવાન બનશે તેવી આશા શ્રી છેડાએ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે વિવિધ આગેવાનોએ પ્રાસંગિક પ્રવચનો કરી શ્રી તારાચંદભાઈ છેડા અને ગુજરાત સરકારનો આભાર માન્યો હતો.

નવ નિયુક્ત સરપંચ શ્રી દેવજીભાઈનું શાલ ઓઢાડીને ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાએ બહુમાન કરેલ. જ્યારે ગ્રામ પંચાયત દ્વારા ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાનું કચ્છી પાઘ અને શાલ ઓઢાડીને સુંદર કાર્ય બદલ અભિવાદન કરવામાં આવ્યું હતું. ■




## લીવર પુનઃ વિકાસ પામી શકતું હોવાથી લોહીની જેમ તેનું દાન કરી શકાય

લીવર (યકૃત) પુનઃ વિકાસ પામી શકતું હોવાથી તંદુરસ્ત વ્યક્તિ તેના લીવરના ૫૦ ટકા ભાગનું દાન કરી શકે છે કારણકે લીવર પુનઃ વિકાસ પામી શકે છે. આથી રક્તદાનની જેમ તેનું દાન થઈ શકે છે. જેમ રક્તદાનથી શરીરની કાર્યક્ષમતામાં કોઈ ફેરફાર થતો નથી, તેમ લીવરના દાન પછી પણ વ્યક્તિની કાર્યક્ષમતા યથાવત્ રહે છે તેવું મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલના લીવર ટ્રાન્સપ્લાન્ટના નિષ્ણાત ડૉ. વિભા વર્મા અને ડૉ. ગૌરવ મહેતાએ ઇન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા લીવર ટ્રાન્સપ્લાન્ટની જાગૃતિ અંગે યોજાયેલા કાર્યક્રમમાં જણાવ્યું હતું.

આ અંગે ડૉ. વિભા વર્માએ વધુમાં જણાવ્યું હતું કે લીવર ખરાબ થવાના મુખ્ય કારણોમાં કમળાનો રોગ (હિપેટાઈટીસ-સી વાઈરસના લીધે) થઈ શકે છે. આ ઉપરાંત દારૂના સેવનથી ખેંચ, ટી.બી. જેવી દવાઓના સેવનથી. લીવરમાં વધુ પડતી ચરબીનો ભરાવો થવાથી બાળકોમાં જન્મજાત ખોડ જેવી કે પિત્તની નળી નહીં બની હોવાથી લીવર ખરાબ થઈ શકે છે. આ લીવરની કાર્યક્ષમતા બંધ થઈ જાય તેવી વ્યક્તિને લીવરની જરૂરિયાત પડે છે. લીવર બંધ થવાથી કિડની, મગજ અને હૃદયની કાર્યક્ષમતા પર ઘણી અસર પડે છે. જો સમયસર લીવર બદલાવવામાં ના આવે તો દર્દીનું મૃત્યુ ચોક્કસ થઈ શકે છે.

**લીવર ટ્રાન્સપ્લાન્ટનો ખર્ચ અંદાજે રૂા. ૨૦થી ૨૫ લાખ જેટલો થાય છે.** લીવર ટ્રાન્સપ્લાન્ટના નિષ્ણાત ડૉ. ગૌરવ મહેતાએ જણાવ્યું હતું. ટ્રાન્સપ્લાન્ટ કરાવનાર દર્દીને એક અઠવાડિયું હોસ્પિટલમાં રહેવું પડે છે. ઘરે ઓછામાં ઓછો એક મહિનો આરામ કરવો પડે છે અને પુનઃ કામ પર ત્રણ મહિના પછી જઈ શકે છે. દવા જીવનભર લેવી પડે છે. જેથી ટ્રાન્સપ્લાન્ટ ફેઈલ ના જાય. સફળતાનો દર ૯૦ ટકા જેટલો છે.

**ટ્રાન્સપ્લાન્ટ ૬ કલાકમાં થવું જોઈએ.** ટ્રાન્સપ્લાન્ટમાં દાતાના શરીરમાંથી લેવાયેલું લીવર ૬ કલાકના સમયગાળામાં દર્દીના શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ થઈ જાય તે જરૂરી છે. વધુ સમય થઈ જાય તો ટ્રાન્સપ્લાન્ટ સફળ થવાના સંજોગો ઘટી જાય છે. જીવિત વ્યક્તિના લીવર લેવાના ફાયદા અનેક હોય છે. દર્દી અને લીવર દાતાનું રક્ત ગ્રુપ એક જ હોવું જોઈએ. બ્રેઈનડેડ વ્યક્તિના લીવરનું દાન લઈ શકાય છે. જો હૃદયના ધબકારા બંધ થઈ જાય તો તેવી વ્યક્તિના લીવરનું દાન લઈ શકાતું નથી. જીવિત વ્યક્તિ પોતાના લીવરનું દાન કુટુંબના વ્યક્તિને જ કરી શકે છે. બ્રેઈનડેડ વ્યક્તિના લીવરનું દાન કોઈપણ વ્યક્તિને થઈ શકે છે.

**કોણ લીવરનું દાન ના કરી શકે?** લીવર ટ્રાન્સપ્લાન્ટના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે સગર્ભા મહિલા, દારૂનું નિયમિત સેવન કરનાર અને મેદસ્વી લોકો તેમના લીવરનું દાન કરી શકતા નથી. ***લીવરનું દાન કર્યા પછી દાતાનું લીવર ત્રણ મહિનામાં જ પહેલાની જેમ સંપૂર્ણપણે વિકસિત પામી કાર્યરત થઈ જાય છે.***

ગુજરાતમાં પ્રથમ સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટના વિશ્વવિખ્યાત ડૉ. એચ.એલ. ત્રિવેદી, ડૉ. પ્રાંજલ મોદી અને રાજકોટના ડૉ. કાંત જોગાણી, ડૉ. દિવ્યેશ વિરોજા વગેરે નિષ્ણાતોની તબીબી ટીમે કરી છે. જેમણે મોરબીના ખાખરેચી ગામના રમેશભાઈ ફુલતરિયાનો બુઝાતો જીવનદીપ ત્રણ જિંદગીને રોશન કરતા ગયા હતા. આજે હજારો દર્દીઓ અને લીવર માટે વેઈટિંગ લિસ્ટમાં છે ત્યારે આ મુદ્દે જનજાગૃતિ આવવી જરૂરી છે.

*નોંધ :* લીવર માટે મુખ્યમંત્રીશ્રીની ગ્રાન્ટમાંથી ફંડ મળી શકે તે માટે ધારાસભ્ય મારફતે પ્રયત્નો કરવા તેવી વિનંતી છે.

વધુ માહિતી માટે જેઠાલાલ નરશી ઠક્કર (મો. ૯૮૨૫૪ ૫૧૨૯૪)નો બપોરે ૨ થી ૪ સંપર્ક કરવા વિનંતી.

***જેઠાલાલ નરશી ઠક્કર - ભુજ, કચ્છ***

★

## છ ગાઉની જાત્રા : તા. ૯ અને ૧૦ માર્ચ, ૨૦૧૭

દર વર્ષે 'સંકલ્પ' દ્વારા આયોજિત અને આ વર્ષે યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત છ ગાઉની જાત્રામાં જોડાવાનો મને મોકો મળ્યો. પાલિતાણા તો ઘણીવાર જવાનું થયું છે પણ ૮૦ વર્ષની ઉંમરે પહેલીવાર ફાગણ સુદ-૧૩ની પાલિતાણાની જાત્રા કરી! સાથે મારી પુત્રવધૂ ગીતા, પૌત્રી ચિ. કાવ્યા, મારી દીકરી નીતા અને દોહિત્રી શૈલી (સી.એ.) તથા દોહિત્ર મિત (સી.એ.નું ભણે છે) હતા. તેથી મેં પણ જાત્રામાં જોડાવાનું મન કરેલ.

આ બધું મારા માટે શક્ય બન્યું તે માટે હું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ખૂબ ખૂબ આભારી છું. જવા આવવાની બસની સગવડ, રહેવા માટે પાલિતાણામાં ધર્મશાળાની અનુકૂળતા તથા સાથે આવનાર કાર્યકરો ખાસ કરીને ડૉ. કેતન શાહ, પીયૂષભાઈ સાવલા અને પીયૂષ પારેખની બધાને જાત્રા કરાવવાનો જોમ અને ઉત્સાહ જોઈને મન ગદગદિત થઈ જાય છે. પ્રભુ એમને આવા કાર્યો કરતા રહેવાની શક્તિ આપે એવી પ્રાર્થના.

***ધીરજલાલ કરશનજી સંઘવી - અમદાવાદ***
***ફોન : (૦૭૯) ૨૭૬૮૧૦૮૦***

## NanoNine™ શબ્દ રમત-૧૨૭

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | | ■ | ૬ | ૭ | ૮ |
| ૯ | | | ■ | ૧૦ | | | ■ | ૧૧ | | | |
| | ■ | ૧૨ | ૧૩ | ૧૪ | | ■ | ૧૫ | ૧૬ | | ■ | ૧૭ |
| ■ | ૧૮ | ■ | ૧૯ | | ■ | ૨૦ | | ■ | ■ | ૨૧ | |
| ૨૨ | | ૨૩ | | ■ | ૨૪ | ■ | ૨૫ | | ૨૬ | | ■ |
| ૨૭ | | | ■ | ૨૮ | | | | ■ | | ■ | ■ |
| | ■ | ૨૯ | ૩૦ | | | ■ | ■ | ■ | ૩૧ | | ૩૨ |
| ■ | ૩૩ | | | ■ | ૩૪ | ૩૫ | | ■ | | ■ | |
| ૩૬ | | | ■ | ૩૭ | | | ■ | ■ | ૩૮ | ૩૯ | |
| | ■ | ■ | ૪૦ | ■ | ■ | ૪૧ | | ૪૨ | ■ | ૪૩ | |
| ૪૪ | ૪૫ | ૪૬ | | | ■ | | ■ | ૪૭ | | | ■ |
| ૪૮ | | | ■ | ■ | ૪૯ | | | | ■ | ૫૦ | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૦-૪-૨૦૧૭)*

### આડી ચાવીઓ

૧. મગના લોટના લાડુ (૪)
૪. કંગાલ, સાંકડા મનનું (૩)
૬. પરબીડિયું (અં.) (૩)
૭. વરરાજા, પતિ, વરદાન (૨)
૯. ચીજ, વસ્તુ (૩)
૧૦. વિકાસ, ઉન્નતિ (૩)
૧૧. મૃત્યુ ઉપજાવે એવું (૪)
૧૨. શહેર કે ગામનો બંદોબસ્ત રાખનાર અમલદાર (૪)
૧૪. એક કઠોળ (૨)
૧૫. પડતી, નાશ, હાર (૩)
૧૬. શરીર, દેહ, કાયા (૨)
૧૯. ગાઉ, દોઢ માઈલ, કૂવામાંથી પાણી કાઢવાનો કોથળો (૨)
૨૦. અનાજનો ભૂક્કો, આટો (૨)
૨૧. અહીં; ______, તત્ર, સર્વત્ર (૨)
૨૨. રોજિંદા દામ લઈ મહેનત કરનાર, મજૂર (૪)
૨૩. આઘુ, વેગળું (૨)
૨૫. રાત્રે સુગંધ આપતું ફૂલ (૪)
૨૬. રાજાની પત્ની (૨)
૨૭. વાંદરો, કપિ (૩)
૨૮. કચરો વાળવાનું ઝાડું (૪)
૨૯. રાવણ, લંકેશ (૪)
૩૧. અરબસ્તાનનું મુસ્લિમ યાત્રા સ્થળ (૩)
૩૩. સર સેનાપતિનો ઇલકાબ (અં.) (૩)
૩૪. છેડો, પાલવ (૩)
૩૫. અંતકરણ, દિલ, ઇચ્છા (૨)
૩૬. માલ ભરવાનો રેલવેનો ડબ્બો (અં.) (૩)
૩૭. ચિંતન, તર્ક વિતર્ક (૩)
૩૮. તરંગ, મોજું, મન (૩)
૩૯. વાળ, કેશ (અં.) (૨)
૪૧. લાડુ (૩)
૪૩. મદમાતું, ઉન્મત્ત (૨)
૪૪. કસરત શાળા (૫)
૪૭. હાથણી (૩)
૪૮. ઘર, રહેઠાણ (૩)
૪૯. આહાર બંધ કરવો, ઉપવાસ (૪)
૫૦. શત્રુ, અરિ, દુશ્મન (જોડણી છુટ) (૨)

### ઊભી ચાવીઓ

૧. માળ, મેડો (૩)
૨. શિવનો સેવક, સમુદાય (૨)
૩. દસ વરસનો સમય (૩)
૪. દીવાનું, ગાંડું (૩)
૫. બુધ્ધિ, પ્રજ્ઞા, અક્કલ (૨)
૬. કાવ્ય કરવું તે, કવિતા (૩)
૭. હાલ, દશા, ભૂંડા હાલ (૨)
૮. રણભૂમિ, લડાઇનું મેદાન (૪)
૧૦. મુસાફરી, પર્યટન (૩)
૧૧. ફતેહ, વિજય (૨)
૧૩. સહેજ ઈશારો કે સૂચના (૩)
૧૪. વસવાટ, મુકામ, દુર્ગંધ (૨)
૧૫. રાજાની મુખ્ય રાણી (૪)
૧૭. સ્થાન, જગ્યા, તીર્થ (૨)
૧૮. દાંતે ઘસવાની ભૂકી (૩)
૧૯. કિનાર, બાજુ (૨)
૨૧. વસ્તુનો ભોંકાય એવો બારીક છેડો, શિખર (૨)
૨૨. ગુંડો, કંગાળ, ભિખારી (૩)
૨૩. સરકાર દ્વારા સંચાલિત ટી.વી. ચેનલનું નામ (૫)
૨૪. જીવનનું દાન કરવું તે, અભયદાન (૫)
૨૬. રાજાનો મહેલ (૫)
૨૭. મુરબ્બી, રક્ષક, પાલક (૨)
૨૮. ઈશારો, સંકેત, આંખ મચકારો (૨)
૨૯. ભક્તિભાવથી જોવાની ક્રિયા (૩)
૩૦. ઊનનું ભરેલી કિનારનું ઓઢવાનું એક વસ્ત્ર (૨)
૩૨. માંદું, બીમાર (૪)
૩૩. માંગ, માંગણી, ખપત (૨)
૩૪. આપવું તે (૨)
૩૫. ભારતના એક વખતના વડાપ્રધાન : ______ સિંહ (૫)
૩૬. મહાભારતના રચનાર (૪)
૩૯. મેરુ પર્વત (૪)
૪૦. ઉમેદ, વિશ્વાસ (૨)
૪૨. કામઠાનો આકાર (૩)
૪૫. સ્મરણ, યાદી (૨)
૪૬. દિલ, મરજી (૨)
૪૭. આબરૂ, આદર (૨)

## NanoNine™ શબ્દ રમત-૧૨૬નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | દુ | શ્મ | ન | | અ | વા | જ | | રા | મ | |
| મા | લા | | વા | | ગ | ત | | મ | ત | લ | બ |
| ક | રી | | બ | જ | ર | | લ | તા | | કા | ગ |
| ડ | | બા | | હાં | | કા | ટ | | લો | ટ | |
| | ન | ર | ક | | દા | વ | | મ | ન | | બા |
| વા | ર | સ | દા | ર | | ડ | બ | લ | | જ | રા |
| સ | મ | | વ | ત | ન | | ર | મ | ત | વા | ત |
| ણ | | ધા | ર | | ગ | પ | | લ | ગ | ન | |
| | વા | ડ | | તા | ર | | સ | | ડો | | વા |
| સ | રા | | ખી | લ | | સ | વા | લ | | વા | દ |
| ગ | ણ | ત | ર | | લ | ખ | | વા | | મ | ન |
| | સી | મ | | સ | ત | ત | | દ | મ | ન | |

*માસ ફેબ્રુઆરી-૨૦૧૭ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૨૫ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલાબેન શાહ - અમદાવાદ
૨. જશવંત કોઠારી - અમદાવાદ
૩. વર્ષા પારેખ - અમદાવાદ
૪. સ્મિતા શાહ - અમદાવાદ
૫. ચંદ્રા શાહ - અમદાવાદ
૬. નેમજી ગંગર - અમદાવાદ
૭. રાહુલ સંઘવી - અમદાવાદ
૮. હિતેશ મહેતા - અમદાવાદ
૯. જ્યોતિ શાહ - અમદાવાદ
૧૦. જયસુખ સંઘવી - અમદાવાદ
૧૧. નવલ શાહ - અમદાવાદ
૧૨. રંજન શાહ - અમદાવાદ
૧૩. ભાનુ શાહ - અમદાવાદ
૧૪. દિપ્તી મહેતા - અમદાવાદ
૧૫. ગીતા મહેતા - અમદાવાદ
૧૬. અલકા શાહ - અમદાવાદ
૧૭. દીપા પરીખ - અમદાવાદ
૧૮. પિંકી પટેલ - અમદાવાદ
૧૯. મૂકેશ મૈશેરી - અમદાવાદ
૨૦. જયંતિલાલ મહેતા - અમદાવાદ
૨૧. લક્ષ્મીબેન ખત્રી - અમદાવાદ
૨૨. ચેતના વોરા - અમદાવાદ
૨૩. પ્રભા શેઠિયા - વલસાડ
૨૪. હસમુખ દેઢિયા - અડાલજ
૨૫. નીમુ વોરા - ભુજ
૨૬. સરોજ શાહ - અગાસ
૨૭. નગીન શાહ - નાગપુર
૨૮. તારાબેન પોલડિયા - નાગપુર
૨૯. હરખચંદ ગડા - અંકલેશ્વર
૩૦. નવીન લાલકા - ગદગ
૩૧. જયવંતી સાવલા - મુલુંડ
૩૨. સરોજ ચંદુરા - સુરત

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**૧. દિપ્તી મહેતા — અમદાવાદ**
**૨. પીંકી પટેલ — અમદાવાદ**
**૩. જયવંતી સાવલા — મુલુંડ**

***લક્ષ્મી પુણ્યથી મળે છે. જો મહેનતથી મળતી હોય તો મજૂરો પાસે કેમ નથી? બુદ્ધિથી મળતી હોય તો પંડિતો પાસે કેમ નથી? જિંદગીમાં સુખ, સંપત્તિ અને સફળતા પુણ્યથી મળે છે. આખા દિવસમાં ઓછામાં ઓછા બે પુણ્ય કાર્યો જરૂરથી કરજો.***

## NanoNine™ *Sudoku*

*ફેબ્રુઆરી-૨૦૧૭ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૮૨ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. ચંદ્રા શાહ - અમદાવાદ
૨. સ્મિતા શાહ - અમદાવાદ
૩. ઉષ્મા શાહ - અમદાવાદ
૪. ગૌરી સોલંકી - અમદાવાદ
૫. ઝરણા પારેખ - અમદાવાદ
૬. અવંતી દંડ - અમદાવાદ
૭. જયસુખ સંઘવી - અમદાવાદ
૮. શાંતિલાલ શાહ - અમદાવાદ
૯. નયના ગોગરી - અમદાવાદ
૧૦. વર્ષા શાહ - અમદાવાદ
૧૧. દિપ્તી મહેતા - અમદાવાદ
૧૨. રૂપલ ખત્રી - અમદાવાદ
૧૩. દીપા પરીખ - અમદાવાદ
૧૪. અલકા શાહ - અમદાવાદ
૧૫. ગીતા મહેતા - અમદાવાદ
૧૬. જયંતીલાલ મહેતા - અમદાવાદ
૧૭. હસમુખ મહેતા - સતના
૧૮. હેમલતા ગંગર - અડાલજ
૧૯. હેમલતા દેઢિયા - અડાલજ
૨૦. પ્રફુલ્લ શાહ - અગાસ
૨૧. પ્રભા શેઠિયા - વલસાડ
૨૨. નગીન શાહ - નાગપુર
૨૩. સોનલ પોલડિયા - નાગપુર

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

**૧. ગૌરી સોલંકી — અમદાવાદ**
**૨. રૂપલ ખત્રી — અમદાવાદ**
**૩. હસમુખ મહેતા — સતના**

## NanoNine™ Sudoku

**ફેબ્રુઆરી-૨૦૧૭ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૮૨ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**

**જુઓ : પાના નંબર-૯૬**

*કેટલાંક કામો એવા હોય છે કે જેની કોઈ કદી પ્રશંસા જ નથી કરતું. એવા કેટલા માણસો હશે કે જેમણે સફાઈ કામદારના કામની પ્રશંસા કરી હશે? આવી જ સ્થિતિ કુટુંબમાં સ્ત્રીની હોય છે. કુટુંબના ભલા માટે જીવનાર, સહન કરનાર, કુટુંબના બીજા સભ્યોને બધી સગવડ આપ્યા પછી વધીઘટી સગવડ પણ સંકોચથી ભોગવનાર, એકધારાં નીરસ કામો જિંદગીભર રસપૂર્વક કરનાર એવી ભારતીય સ્ત્રીની પ્રશંસા કેટલાં કુટુંબોમાં થતી હશે? પ્રેમનો તો કોઈ બદલો હોઈ શકતો નથી. પણ માણસ પોતા તરફથી આભાર તો વ્યક્ત કરી શકે છે. એ આભાર માણસના વર્તનમાંથી, પ્રશંસાનાં બે વેણમાંથી પ્રગટ થાય છે. અને એવાં બે વેણ આપણે માની પણ ન શકીએ એવી જીવનશક્તિનું સિંચન સામી વ્યક્તિમાં કરી શકે છે.*

— મોહમ્મદ માંકડ

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૮૪ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૪-૨૦૧૭સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જૂન-૨૦૧૭ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૦૮૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | 3 | | | | | 8 | 2 |
| | | | 1 | 4 | | | 7 | |
| 1 | | | | 8 | | | 5 | |
| 6 | | 7 | | | 8 | | 3 | |
| | | 4 | 9 | 3 | 1 | 7 | | 5 |
| | 3 | | 2 | | | | | 4 |
| | 4 | | | | | 5 | | 8 |
| | 2 | 6 | | 1 | 5 | | | |
| | 1 | | | | | 6 | | 3 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | | | 7 | | 6 | 5 |
| 1 | 8 | 5 | | | 2 | | | |
| | | | | 8 | 5 | | 4 | |
| 4 | | 9 | 2 | 7 | | 6 | | |
| | | | 5 | | | | | |
| | 3 | | | | 1 | 2 | 5 | 4 |
| | 9 | 3 | | 5 | | 4 | | |
| | 2 | | | | | 5 | 7 | 9 |
| 5 | | | 1 | | 9 | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | | 9 | | | 5 | | 8 |
| | 9 | | 4 | | | | 6 | |
| | 4 | | | 8 | | | | 2 |
| 3 | | 4 | | 9 | | | | 6 |
| | | 9 | 6 | | | 4 | | |
| | | 2 | | 4 | | 8 | | |
| 6 | | | | 7 | | | 9 | |
| | 2 | | 1 | | | | 8 | |
| 4 | | 5 | | | | 3 | 1 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 3 | 1 | 9 | 2 |
| 9 | | | 1 | 2 | | 5 | | |
| | 6 | 2 | | | | | 3 | |
| | 1 | | | 6 | | | | 9 |
| | 2 | | 4 | 9 | 5 | | 1 | |
| 8 | | 9 | | | | | 6 | |
| | | | | | 6 | 9 | 8 | |
| | | 3 | | 1 | | | | |
| 5 | 9 | | 8 | | | | 7 | 3 |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૮૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | 8 | 4 | 2 | 7 | 6 | 1 | 9 |
| 6 | 4 | 9 | 1 | 5 | 8 | 3 | 7 | 2 |
| 2 | 1 | 7 | 6 | 9 | 3 | 4 | 8 | 5 |
| 8 | 6 | 1 | 3 | 4 | 9 | 2 | 5 | 7 |
| 9 | 2 | 4 | 7 | 6 | 5 | 1 | 3 | 8 |
| 3 | 7 | 5 | 8 | 1 | 2 | 9 | 6 | 4 |
| 7 | 8 | 2 | 9 | 3 | 6 | 5 | 4 | 1 |
| 4 | 5 | 3 | 2 | 8 | 1 | 7 | 9 | 6 |
| 1 | 9 | 6 | 5 | 7 | 4 | 8 | 2 | 3 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 2 | 8 | 7 | 4 | 6 | 5 | 3 | 1 |
| 4 | 5 | 1 | 2 | 3 | 8 | 7 | 9 | 6 |
| 7 | 3 | 6 | 9 | 5 | 1 | 4 | 2 | 8 |
| 2 | 1 | 7 | 8 | 6 | 9 | 3 | 4 | 5 |
| 8 | 4 | 3 | 1 | 2 | 5 | 6 | 7 | 9 |
| 6 | 9 | 5 | 3 | 7 | 4 | 8 | 1 | 2 |
| 5 | 7 | 9 | 6 | 1 | 3 | 2 | 8 | 4 |
| 3 | 8 | 4 | 5 | 9 | 2 | 1 | 6 | 7 |
| 1 | 6 | 2 | 4 | 8 | 7 | 9 | 5 | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 6 | 9 | 7 | 4 | 3 | 1 | 2 | 5 |
| 1 | 7 | 5 | 2 | 8 | 9 | 6 | 3 | 4 |
| 4 | 2 | 3 | 1 | 5 | 6 | 7 | 9 | 8 |
| 9 | 1 | 2 | 6 | 7 | 5 | 4 | 8 | 3 |
| 5 | 4 | 7 | 3 | 1 | 8 | 2 | 6 | 9 |
| 6 | 3 | 8 | 9 | 2 | 4 | 5 | 1 | 7 |
| 3 | 9 | 4 | 5 | 6 | 1 | 8 | 7 | 2 |
| 7 | 8 | 6 | 4 | 9 | 2 | 3 | 5 | 1 |
| 2 | 5 | 1 | 8 | 3 | 7 | 9 | 4 | 6 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 6 | 1 | 3 | 5 | 9 | 4 | 7 | 8 |
| 7 | 9 | 5 | 4 | 8 | 6 | 1 | 2 | 3 |
| 4 | 3 | 8 | 7 | 1 | 2 | 5 | 9 | 6 |
| 6 | 4 | 2 | 9 | 3 | 5 | 8 | 1 | 7 |
| 9 | 8 | 3 | 2 | 7 | 1 | 6 | 4 | 5 |
| 5 | 1 | 7 | 8 | 6 | 4 | 9 | 3 | 2 |
| 8 | 2 | 6 | 1 | 9 | 3 | 7 | 5 | 4 |
| 3 | 5 | 9 | 6 | 4 | 7 | 2 | 8 | 1 |
| 1 | 7 | 4 | 5 | 2 | 8 | 3 | 6 | 9 |

# જાણવા જેવું

***સંકલન : રજનીકાંત પારેખ***

## ૨૧મી સદીનો ચમત્કાર

૨૧મી સદીનો ચમત્કાર એટલે શ્રી સત્ય સાંઇ હાર્ટ હૉસ્પિટલ - રાજકોટ અને કાશીન્દ્રા.

શ્રી સત્યસાંઇ હાર્ટ હૉસ્પિટલ - રાજકોટ "દિલ વિધાઉટ બીલ"ના નામે પ્રખ્યાત છે કારણકે આ હૉસ્પિટલમાં કેશ કાઉન્ટર જ નથી!!!

આપણે સૌ જાણીએ છીએ કે હાર્ટ સર્જરી માટે રૂા. ૩ થી ૪ લાખનો ખર્ચ થાય છે.

છેલ્લા ૧૭ વરસથી શ્રી સત્ય સાંઇ હાર્ટ હૉસ્પિટલ - રાજકોટ, હૃદયરોગની સર્વશ્રેષ્ઠ સારવાર વિનામૂલ્યે આપી રહી છે.

૮૦ બેડની ક્ષમતા ધરાવતી આ હૉસ્પિટલમાં અત્યાર સુધી દસ લાખ લોકોનું નિઃશુલ્ક ચેક-અપ અને દસ હજાર દર્દીઓના મોંઘાભાવના હાર્ટ ઑપરેશન વિનામૂલ્યે થઈ ચૂક્યા છે.

આવી જ નિઃસ્વાર્થ સેવાભાવનાના સંકલ્પ સાથે હવે અમદાવાદ પાસે કાશીન્દ્રામાં શ્રી સત્ય સાંઇ હાર્ટ હૉસ્પિટલ ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહી છે.

નવી હૉસ્પિટલમાં ૩ થી ૧૮ વરસના હૃદયની તકલીફ ધરાવતા બાળકોને વિનામૂલ્યે ઑપરેશન માટે અગ્રીમતા આપવામાં આવશે.

હૉસ્પિટલ અત્યાધુનિક સારવાર ઉપક્રમોથી સજ્જ રહેશે.

અહીં ૩૧૦ બેડની વ્યવસ્થા સાથે આશરે ૩૦૦૦ જેટલા ઑપરેશન દર વરસે વિનામૂલ્યે કરવામાં આવશે.

**સરનામું :**

૧. શ્રી સત્ય સાંઇ હાર્ટ હૉસ્પિટલ
શ્રી સત્ય સાંઇ માર્ગ, કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫.

૨. શ્રી સત્ય સાંઇ હાર્ટ હૉસ્પિટલ
કાશીન્દ્રા ગામ, તા. દસક્રોઇ, ધોળકા રોડ,
જિલ્લો અમદાવાદ-૩૮૨ ૨૧૦.
મો. : ૯૪૨૬૦ ૫૮૮૯૭, ૯૮૨૫૦ ૩૪૫૩૪
E-mail : saihospital@gmail.com

## મોર્નિંગ વૉક કેવી રીતે કરશો?

ડાયાબિટીસ, થાઈરોઈડ, વજન ઘટાડવું વગેરે બીમારીઓમાં એક ફેશન ચાલી રહી છે. જેમાં ડૉક્ટરો દ્વારા દવાઓ સાથે મોર્નિંગ વૉક પણ પરેજીમાં આપવામાં આવે છે. આમ તો ચાલવું એ વ્યાજબી અને સરળ કસરત છે પણ દર્દીઓએ ચાલવાની રીતને ફેશન બનાવી દીધી છે. તેથી દર્દમાં રાહત મળવાની બદલીનું નવું દુઃખ ઊભું થાય છે. મહદ્ અંશે ડૉક્ટરો પણ ચાલવા જાય છે કારણકે આ નિયમ તેઓને પણ લાગુ પડે છે.

યોગ્ય રીતે ચાલવાની કળા આવડી જાય તો કોઈપણ જાતની દવાઓ વગર ઘણા બધા રોગો દૂર થાય તેમ છે અને નવા રોગ ઉત્પન્ન થવાની શક્યતા પણ ઘટી જશે.

યોગ અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે કે સાચી ચાલવાની રીત કેવી હોવી જોઈએ. તો નીચેના મુદ્દાઓ પર સમાજને ચાલવાનો અનુરોધ કરવામાં આવ્યા છે.

આ રીતો અતિ સાદી છે પણ ફાયદાઓ ખૂબ છે.

૧. ચાલતા સમયે કોઈ પણ જાતની વાતો કરવી નહીં.
૨. ચાલવા સમયે હળવાશનો અનુભવ કરવો. જેથી મસલ્સ ટાઈટ ન થાય (મન અને શ્વાસ સાથે જોડાણ હોવું જરૂરી છે.)
૩. ચાલવાની સ્પીડ નોર્મલ હોવી જોઈએ, ઝડપી નહીં. તેમજ પરસેવો પણ નહીં.
૪. શરીરની શક્તિ મુજબ ચાલવું. વધારે ચાલશો તો ઘૂંટી ઘસાઈ જશે.
૫. ચાલવાનો સમય સવારના ૬થી ૭ હોવો જોઈએ, મોડો નહીં.
૬. સવારના ભાગમાં ચાલવાથી શુધ્ધ પ્રાણવાયુનો સંચાર જોવા મળશે.
૭. રાત્રિના ચાલવાથી કોઈ ફાયદો નથી. અહીં કોઇ ઑક્સિજન પ્રાણવાયુ નહીં મળે.
૮. ચાલવા સમયે ઘરની કે ગામની વાતો કરતાં કરતાં ચાલશો તો રોગમાં વધારો થશે.
૯. જેટલી શાંતિનો અનુભવ કરશો, તે જ રોગની દવા છે.
૧૦. ચાલવાનું પૂરું થયા બાદ તમારી જાત સાથે પાંચથી દસ મિનિટ યોગમાં બેસશો.
૧૧. ચાલવાને ભક્તિનું રૂપ આપી એક-એક ડગલે - પગલે ભગવાનના નામ સ્મરણ કરતા જાઓ.
૧૨. કોઈપણ રોગ થવાનું એકમાત્ર કારણ : જમ્યા પછી પાણી પીવું ઝેર સમાન છે (છાશ પણ નહીં.)
૧૩. જમ્યા પછી એક કલાક પછી પાણી પીવું અમૃત સમાન છે.
૧૪. જમ્યા પછી તુરત ગોળ ૨૫ ગ્રામ (દવા વગરનો) લેવો. જેમાં ૧૦૦ ટકા ફોસ્ફરસ છે. જે ૪૫ મિનિટમાં ખાધેલું પાચન કરી દેશે.
૧૫. આ ગોળ, જે લોહીમાં હિમોગ્લોબીન વધારશે (અન્ય કોઈ મોંઘી ગોળી તાત્કાલિક શક્તિ નહીં આપે.)

આટલું કરશો તો ઘરે કદી ડૉક્ટરો આવશે નહીં. વજન પણ ધીરે ધીરે ઘટવા લાગશે. નવું લોહી આવશે. ■



**સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**

★ **ડિજિટલ અર્થતંત્ર અભિયાન :** ડિજિટલ ઈકોનોમિના વ્યાપક પ્રચાર - પ્રસાર માટે ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલય દ્વારા દેશભરની ૨૦૦૦ જેટલી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ મારફત વિત્તીય સાક્ષરતા અભિયાન દ્વારા સર્વશ્રેષ્ઠ કામગીરી કરનારા દેશભરના ૧૦૮૯ વિદ્યાર્થીઓને આ અભિયાનમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં આદિપુરની તોલાણી પોલીટેકનિક કૉલેજના ચાર છાત્રો પસંદગી પામ્યા છે. આ અભિયાન દ્વારા ડિજિટલ અર્થતંત્રને વેગ મળે તેવું ભારત સરકાર ઈચ્છે છે.

★ **ભુજમાં બ્લડ બેંક :** ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી - ગુજરાતના સહયોગથી કચ્છના દિવ્યાંગ ભાઈ-બહેનોને નિઃશુલ્ક અવયવ આપવાના નિદાન કેમ્પમાં જાહેર કરવામાં આવ્યું હતું કે ભવિષ્યમાં તેમને ૫૦ ટકા ઓછા ભાવે આર્ટીફિશિયલ અવયવ આપવામાં આવશે. તેમજ આવનારા સમયમાં સંસ્થા દ્વારા ભુજ ખાતે આધુનિક ટેકનોલોજીથી સુસજ્જ બ્લડ બેંક ચાલુ કરવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. તે સમયે પધારેલ સાંસદ વિનોદ ચાવડાએ પોતાની સંસદીય ગ્રાન્ટમાંથી રૂપિયા દસ (૧૦) લાખની રકમ બ્લડ બેંક માટે ફાળવવવાની જાહેરાત કરેલ. આ પ્રસંગે કૃત્રિમ અવયવ માટેની જરૂરિયાત અંગે દિવ્યાંગ વ્યક્તિઓને ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ, સર્વ સેવાસંઘ - ભુજ તથા સમાજ નવનિર્માણ ટ્રસ્ટ - ભુજનો રૂબરૂ સંપર્ક કરવા જણાવાયું હતું.

★ **કચ્છની શ્રેષ્ઠ શાળા - પુરસ્કાર :** ભુજ ખાતેની માતૃછાયા કન્યા વિદ્યાલયને જિલ્લાની શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ તથા રૂા. એક લાખનો પુરસ્કાર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા એનાયત થયેલ છે. આ એવોર્ડ, જિલ્લાની તમામ શાળાઓ પૈકી બોર્ડની પરીક્ષાઓમાં ૮૦ ટકાથી ઉપર પરિણામ લાવતી શાળાઓને ધ્યાનમાં રાખી આપવામાં આવે છે.

★ **હાસ્ય જગતને હસાવનાર 'તારક' ખરી પડ્યો :** જાણીતા હાસ્ય કલાકાર અને 'તારક મહેતા કા ઊલટા ચશ્મા' નામની લોકપ્રિય હાસ્ય ટી.વી. શ્રેણીના લેખક પદ્મશ્રી તારક મહેતાએ લાંબી બીમારી બાદ અમદાવાદ મધ્યે ૮૮ વર્ષની ઉંમરે તા. ૨-૩-૨૦૧૭ના રોજ જીવનમાંથી એક્ઝિટ લીધેલ છે. ચિત્રલેખા મેગેઝિનમાં 'દુનિયાને ઊંધા ચશ્મા' પહેરાવી, હસાવનાર તેના લાખો વાચકોને હસતા હસતા રડાવી ગયો. છેલ્લા કેટલાય વર્ષો થયા પોતાની કર્મભૂમિ મુંબઈ છોડી જન્મભૂમિ અમદાવાદ મધ્યે સ્થાયી થયા હતા. તેમના જીવનનો એક જ મંત્ર હતો : 'હસો અને હસાવો.' તેઓ હંમેશાં કહેતા કે, 'હાસ્ય મારો પ્રાણ છે.'

★ **લખપત - ઘડુલી - સાંતલપુર બનશે રાષ્ટ્રીય ધોરી માર્ગ :** રૂપિયા ૩૭૦ કરોડના ખર્ચે ભરૂચ ખાતે બનેલા કેબલ બ્રિજના તા. ૭-૩-૨૦૧૭ના રોજ કરેલ ઉદ્‌ઘાટન પ્રસંગે ભારતના વડાપ્રધાને રાજ્યના આઠ ધોરી માર્ગોને રૂા. ૧૨૦૦ કરોડના ખર્ચે નેશનલ હાઈવેમાં પરિવર્તિત કરવાની જાહેરાત સંદર્ભે કચ્છના લખપત - ઘડુલી - સાંતલપુર અને ચિત્રોડ - રાપર - ધોળાવીરા માર્ગોનો પણ રાષ્ટ્રીય ધોરી માર્ગ તરીકે સમાવેશ કરવામાં આવેલ છે.
માનવ સભ્યતાના પુરાતન આયોજનબધ્ધ નગર ધોળાવીરાને પ્રવાસનધામ તરીકે વિકસાવી તેને દુનિયાના પ્રવાસી નકશાના કેન્દ્રમાં સ્થાન આપવું છે તેવી ઈચ્છા વડાપ્રધાને રજૂ કરી હતી. કંડલામાં સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક તરીકે વિકસાવાશે તેની પણ જાહેરાત કરી હતી.

★ **કચ્છ માટે ૧૧૫ કરોડના વિકાસ કામોની બહાલી :** તાજેતરમાં કચ્છ જિલ્લામાં યોજાયેલ આયોજનની બેઠકમાં લોક પ્રતિનિધિઓ તથા અધિકારીઓ દ્વારા સૂચવાયેલા અંદાજિત એક હજાર જેટલા લોકોપયોગી કાર્યોને રૂપિયા ૧૧૫ કરોડની વિક્રમ બહાલીની મંજૂરી કચ્છ જિલ્લાના પ્રભારી અને રાજ્ય સરકારના યુવા રમતગમત સાંસ્કૃતિક મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા લીલીઝંડી મળી ગયેલ છે. જેમાં જિલ્લાના દસેય તાલુકા ઉપરાંત શહેરોમાં પણ પાંચ લાખની મર્યાદાવાળા એક હજાર જેટલા અંદાજિત કાર્યો હાથ ધરવામાં આવશે.

★ **છત્તીસગઢ વિધાનસભામાં કચ્છી ધારાસભ્યને એવૉર્ડ :** મુળ વિથોણના દેવજીભાઈ સામાણી છત્તીસગઢના ધરભવા વિધાનસભાની બેઠક ઉપરથી ત્રીજી વાર બહુમતીથી ચૂંટાઈ આવ્યા છે. તેઓને સતત ત્રીજી વખત શ્રેષ્ઠ અને નિષ્ઠાવાન ધારાસભ્યનો પુરસ્કાર આપવામાં આવ્યો છે. મજાની વાત એ છે કે દેવજીભાઈ જે ક્ષેત્રમાંથી ચૂંટાઈ આવ્યા છે તે ધરભવા મતક્ષેત્રમાં એક પણ ગુજરાતી મતદાતા નથી. દેવજીભાઈને અભિનંદન.

★ **રેલવે :** છ માસના સમય માટે પ્રાયોગિક ધોરણે શરૂ થયેલ ભુજ - દાદર ટ્રેનનો આડેસર સ્ટેશને સ્ટોપ બાબતનો છ માસનો સમય પૂરો થતાં રેલવે તરફથી તે સ્ટોપ કાયમી કરાયેલ છે. જેના કારણે આડેસર વિસ્તારમાં આનંદ છવાયો છે.

★ **કેસર કેરી નહીં, ખરેખર કેસર :** દેશ વિદેશમાં ઘેલું લગાડનાર કચ્છની કેસર કેરી બાદ કાજુના વાવેતરમાં કાઠું કાઢનાર કચ્છના ખેડૂત અવારનવાર ખેતીમાં નવતર પ્રયોગો કરતા રહે છે. આ કાર્યને નર્મદાના નીરથી પણ સારો સાથ મળતો રહે છે. આવી જ રીતે વાગડના સઈ ગામના ખેડૂત જશુભા પુંજાજી સોઢાએ પોતાના ખેતરમાં એક એકરમાં બહારથી ૨૫૦ ગ્રામ કેસરનું બિયારણ મેળવી તેનું વાવેતર કરતાં તેના ખેતરમાં અત્યંત મૂલ્યવાન કેસરનો ફાલ ઉતરેલ છે. તેમનું ખેતર અમેરિકન

કેસરના ફૂલોથી મહેકી ઉઠેલ છે. આમ હવે કેસરનું કાશ્મીરમાં જ નહીં પણ કચ્છના વાગડમાં પણ ઉત્પાદન થાય છે.

★ **નજીકના ભવિષ્યમાં ટપ્પર ડેમ નર્મદા નીરથી લહેરાશે** : તાજેતરમાં વિધાનસભામાં કચ્છ જિલ્લા માટે એક મહત્ત્વની જાહેરાત થઈ કે તા. ૩૧મે, ૨૦૧૭ સુધીમાં નર્મદાના નીર ગાંધીધામની જીવાદોરી ગણાતા ટપ્પર ડેમમાં ઠલવાઈ જશે. કચ્છ શાખા નહેરનું કામકાજ તા. ૭મી માર્ચ, ૨૦૧૩થી શરૂ થયેલ છે. આ નહેર કચ્છમાં મોમાયમોરા (રાપર)થી પસાર થઈ રહી છે. જેના દ્વારા ગયા વર્ષથી રાપર તાલુકાના જેસડા ગામ સુધી નર્મદાનું પાણી આવતું થઈ ગયું. હવે તેને ટપ્પર ડેમ સુધી લાવવાનું નિગમનું આયોજન છે. જેના માટે નર્મદા નિગમના ચેરમેન શ્રી રાઠોડ તે બાબતે નિરીક્ષણ કરવા આવી પહોંચેલ. આ બાબતે કચ્છમાં ચાલતા કામમાં ઝડપ આવે તેવી આશા સેવાય છે. તેમજ કચ્છ શાખા નહેરની સાંકળ ૧૮૯.૩૯૯ કિ.મી. અને ૨૦૩.૧૨૩ કિ.મી. પર એમ.પી.સી.એલ.ની પાઈપ લાઈન ક્રોસ થતી હોવાથી આ સ્થળે રૂા. ૧૨.૧૨ કરોડના ખર્ચે જરૂરી સ્ટ્રક્ચરનું કામકાજ તા. ૨૫-૧-૨૦૧૭થી શરૂ કરી દેવામાં આવેલ છે. આ કામગીરી મે મહિનામાં પૂરી થાય તેવી તાકીદ પણ કન્સ્ટ્રક્શન કંપનીને કરવામાં આવી છે.

★ **કચ્છ બ્રાંચ નર્મદા લાઈનોમાંથી ચોરી રોકવા અંગે કાર્યવાહી** : તા. ૨૦મીના રોજ મળેલ જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠકમાં કચ્છ નર્મદા કેનાલમાંથી પાણીની ચોરી કરનારા તત્ત્વો સામે પબ્લિક પ્રોપર્ટી ડેમેજ એક્ટ હેઠળ કડક પગલા ભરવા કાર્યવાહી કરવાનું કચ્છ કલેક્ટરશ્રીએ કચ્છના દરેક કાર્યપાલક ઈજનેરો તેમજ મામલતદારોને તથા પાણી પુરવઠા ઈજનેરોને જરૂરી નિર્દેશ આપેલ છે.

★ **કચ્છમાં ૧૦.૨૩ લાખ ઘનફૂટ પાણી સંગ્રહિત** : કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ૮૮ જેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે. આ કામ પાછળ રૂા. ૬૮૮.૬૫ લાખનો ખર્ચ થયો છે. જેના કારણે ૧૦.૨૩.૪૯ લાખ ઘનફૂટ વધારાના પાણીનો સંગ્રહ થયો છે. જેથી ૪૦૦ હેક્ટરથી વધુ જમીનને પીયતમાં પરોક્ષ રીતે લાભ થયો હોવાનો અંદાજ છે. જળ સંપત્તિ રાજ્યમંત્રી નાનુભાઈ વાનાણીએ રાપર વિધાનસભાના પંકજભાઈ મહેતાના પ્રશ્નના અનુસંધાને જણાવેલ. ■


# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## 'મંગલ મંદિર'ની જાહેરાતના માસિક દરો


| ક્રમ | ટાઈટલ | કલર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નં.-૪ | મલ્ટી કલર | ૭,૦૦૦ | ૪,૫૦૦ | ૩,૦૦૦ | — |
| ૨. | કવર પેઈજ નં. ૨ તથા ૩ | મલ્ટી કલર | ૬,૦૦૦ | ૩,૫૦૦ | ૨,૫૦૦ | — |
| ૩. | કવર પેઈજ ૨ તથા ૩ની સામેનું પાનું | મલ્ટી કલર | ૫,૫૦૦ | ૩,૨૫૦ | ૨,૨૫૦ | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ | — |
| ૫. | અંદરનું પાનું | સીંગલ કલર | ૪,૦૦૦ | ૨,૫૦૦ | ૧,૫૦૦ | — |
| ૬. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦ | ૧,૫૦૦ | ૧,૦૦૦ | — |
| ૭. | ટચુકડી જાહેર ખબર ૧ કોલમ x ૫ સે.મી. | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦ |
| ૮. | સાદા પાનાની નીચે ૧ ઈંચની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૩૫૦ |

**નોંધ** : ૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

*"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો ચેક **(Payable at AHMEDABAD)** / ડ્રાફ્ટ મોકલાવવા વિનંતી.*

**નોંધ : જાહેરાતની સાઈઝ**

(૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી. (૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી. (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.




## શરણાઈ

- **મંગળવાર, તા. ૧૪-૨-૨૦૧૭**
  **ચિ. વિરાગ જયેશભાઈ પ્રેમચંદ શાહ (ફતેહગઢ - અમદાવાદ)**
  **ચિ. તાન્યા અજયભાઈ (મુંબઈ)**
- **મંગળવાર, તા. ૨૮-૨-૨૦૧૭**
  **ચિ. ચિંતન અશ્વિન ભવાનજી સોની (વડાલા - અમદાવાદ)**
  **ચિ. દર્શના શાંતિલાલ ગાલા (વડાલા - અમદાવાદ)**

## અવસાન નોંધ

- **રવિવાર, તા. ૧૨-૨-૨૦૧૭**
  **માતુશ્રી લક્ષ્મીબેન રવજીભાઈ રાંભિયા (ઉં.વ.-૯૧)**
  **(રામાણિયા - અમદાવાદ)**
- **સોમવાર, તા. ૨૦-૩-૨૦૧૭**
  **ધનસુખલાલ મોતીલાલ શાહ (ઉં.વ.-૭૬) (માંડવી - અમદાવાદ)**

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૧૨,૦૦૦/- | ગણેશ ચિક્કી પરિવાર (વડાલા - અમદાવાદ) |
| રૂા. | ૫,૫૦૦/- | શ્રી મહેશ બી. ખીમજી - મુંબઈ |
| રૂા. | ૫,૫૦૦/- | શ્રી સિધ્ધાર્થ ખીમજી આયર - ગાંધીધામ |
| રૂા. | ૨,૦૦૦/- | શ્રીમતી રશ્મિબેન ગુલાબચંદ નાગડા - અમદાવાદ |
| રૂા. | ૨,૦૦૦/- | શ્રી મનસુખભાઈ પટવા - અમદાવાદ |
| રૂા. | ૫૦૧/- | શ્રીમતી નિર્મળાબેન સૂર્યકાંત શાહ - અમદાવાદ |

### વૈયાવચ્ચ ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૫૦૦/- | શ્રી હીરાલાલ લીલાધર હરિયા - મુંબઈ |
| રૂા. | ૧,૦૦૦/- | શ્રી મનસુખભાઈ પટવા - અમદાવાદ |

### ડાયાલિસિસ સેન્ટર ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૧૧,૦૦૦/- | શ્રી સિધ્ધાર્થ ખીમજી આયર - ગાંધીધામ |
| રૂા. | ૧૧,૦૦૦/- | શ્રી આનંદીલાલ રૂપચંદ જૈન - અમદાવાદ |
| રૂા. | ૨,૦૦૦/- | શ્રી દિનેશચંદ્ર એમ. પરીખ - અમદાવાદ |

### જનરલ ડોનેશન

| | | |
|---|---|---|
| રૂા. | ૧,૦૦૦/- | શ્રી ભવાનજી હીરજી સોની (વડાલા - અમદાવાદ) તરફથી પૌત્ર ચિ. ચિંતનના લગ્ન પ્રસંગ નિમિત્તે |

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

## વસતિ પત્રક - ૨૦૧૭ બાબત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તમામ સભ્યોને અપીલ કરવામાં આવે છે કે સંસ્થાની વેબસાઈટ ઉપર ઓનલાઈન વસતિ પત્રક બહાર પાડવાનું હોવાથી જે - તે સભ્યોએ સૂચિત વસતિ પત્રકના ફોર્મ પોતાના પરિવારની પૂરેપૂરી વિગત ભરી હજી સુધી સંસ્થાના કાર્યાલય શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે જમા કરાવેલ નથી તે સભ્યોને પોતાના ફોર્મ તાત્કાલિક જમા કરાવવા માટે જણાવવામાં આવે છે.

વસતિપત્રકનું ફોર્મ 'મંગલ મંદિર'ના જાન્યુઆરી-૨૦૧૭ અંકના પાના નં. ૧૧૧ પર છાપેલું છે.

જે સભ્યને, વસતિ પત્રકના પોતાના ભરેલા ફોર્મ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે પહોંચાડવામાં અગવડતા પડતી હોય તેવા સભ્યોએ સંસ્થાના અન્ય બે ભવનો : (૧) શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ તથા (૨) શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતામંદિર ખાતે પણ પોતાના ફોર્મ જમા કરાવી શકે છે.

આશા છે કે સભ્યો તરફથી પૂરતો સહયોગ મળી રહેશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

શરૂ કરે છે.....

### એપ્રિલ-૨૦૧૭થી વિદ્યાર્થી ઉપયોગી એક નવું કદમ

# કરિયર કાઉન્સેલિંગ

**કરિયર કાઉન્સેલર : પ્રોફેસર જયરાજ પંડ્યા**

*સમય : દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ ● સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.*

● **જરૂરિયાત :**

આજના સમયમાં કારકિર્દીના ઘણા બધા વિકલ્પ છે. પણ એમાં કયો વિકલ્પ પસંદ કરવો તે બહુ અગત્યનો સવાલ છે. ત્યારે કોઈ પણ વાલી કે વિદ્યાર્થીને યોગ્ય માર્ગદર્શન મળે તે ખૂબ જરૂરી છે. આ ઉપરાંત કેટલીક વખત વાલી - વિદ્યાર્થી થોડી દ્વિધામાં પણ જોવા મળે છે, કે તેમને ગમતા બે વિકલ્પમાંથી કયો વિકલ્પ પસંદ કરવો? તેવા સંજોગોમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા વિદ્યાર્થી અને વાલીને કારકિર્દી અંગે વ્યવસ્થિત જાણકારી, યોગ્ય સમય અને સલાહ આપવા માટે કરિયર કાઉન્સેલિંગનું કામ શરૂ કરવામાં આવ્યું છે. જે આપને વાલી તરીકે કે આપના સંતાનને કારકિર્દીમાં ઉપયોગી બની શકે એમ છે.

● **મુખ્ય હેતુ :**

આ કરિયર કાઉન્સેલિંગ મિશનના મુખ્ય હેતુ આ પ્રમાણે છે :

★ વિદ્યાર્થી - વાલીને જરૂરી માહિતી આપવી.

★ અમુક ચોક્કસ પ્રકારની કારકિર્દી અંગે માર્ગદર્શન આપવું.

★ જ્યાં વાલી કે વિદ્યાર્થીને નિર્ણય લેવામાં મુશ્કેલી અનુભવાય ત્યાં જરૂરી સમજ આપવી.

★ વિદ્યાર્થી અને વાલી વચ્ચે અભિપ્રાય અને વિચારો જુદા પડે તેવા સંજોગોમાં મદદરૂપ બનવું.

★ અભ્યાસ કરવાની આદત અંગે જરૂરી સમજ આપવી.

★ પરીક્ષાના ટેન્શન, કારકિર્દીનું પ્રેશર કેમ ખાળવું તે શીખવવું.

★ બાળકની સાઇકોલોજી સમજી મા-બાપને સમજાવવા.

★ મુગ્ધાવસ્થાના પ્રશ્નોના જવાબ આપવા.

***આવા વિવિધ હેતુને ધ્યાનમાં રાખી આ કારકિર્દી કાઉન્સેલિંગ બે પ્રકારે કરવામાં આવશે :***

(૧) એકેડેમિક (વિષય અથવા Stream લાયક) કાઉન્સેલિંગ જે પ્રો. ડૉ. જયરાજ પંડ્યા કરશે.

(૨) સાઇકોલોજીકલ કાઉન્સેલિંગ - જે સાઇકોલોજિસ્ટ કુ. દિશા છાડવા કરશે.

● **ખાસ સુચના :**

આવનાર વાલી - વિદ્યાર્થીએ અગાઉથી સમય લઈને આવવાનું રહેશે અને પોતાનો સવાલ એક અઠવાડિયા પહેલા અહીં આપેલ મેલ આઈ.ડી. edc.kjss@gmail.com પર મોકલી આપવાનો રહેશે. એપોઇન્ટમેન્ટ લેવા માટેનો નંબર : ૯૮૨૫૦ ૬૧૧૬૦ (પ્રદીપ મહેતા) અને સમય સોમથી શનિ : ૧૧થી ૫.

● **ફી :**

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો માટે ફી : ફક્ત રૂા. ૩૦૦/- (એક સિટીંગમાં ૩૦ મિનિટનો સમય ફાળવવામાં આવશે અને વિદ્યાર્થી સાથે બે વ્યક્તિ વાલી તરીકે આવે તે વધુ યોગ્ય રહેશે.)

★ અન્યો માટે : રૂા. ૯૦૦/-

# કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

***સ્થળ :*** શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

***ફોન સંપર્ક :*** (૦૭૯) ૨૨૮૮૪૫૪૭ ● ***સમય :*** સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.

## 'સંકલ્પ' દ્વારા
## પાલિતાણા છ ગાઉ જાત્રાનો અહેવાલ

તા. ૮-૩-૨૦૧૭ના રાત્રે ૧૧.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી પાલિતાણા જવા માટે રવાના થયા.

તા. ૯-૩-૨૦૧૭ના સવારે નવકારશી કરીને કદંબગીરી દર્શને નીકળ્યા. ત્યાં દર્શનનો લાભ લઈને બપોરે ૧.૦૦ વાગે પરત પાલિતાણા આવી પહોંચ્યા. ત્યારબાદ હસ્તગીરી દર્શન યાત્રાએ નીકળ્યા. હસ્તગીરીનું ખૂબ જ સુંદર અને વિશાળ દેરાસર જોઈ આનંદની લાગણી અનુભવી. હસ્તગીરીથી પાલિતાણા જતાં શેત્રુંજય નદીના પાણીને માથે ચડાવી પાલિતાણા પહોંચ્યા. ત્યાં સૌ યાત્રિકોએ ચૌવિહારનો લાભ લીધો.

રાત્રે ૧.૩૦ વાગે સૌ શેત્રુંજય છ ગાઉ યાત્રા માટે નીકળ્યા. પાલિતાણા પાલ ઉપરથી અમદાવાદ પરત આવતાં રસ્તામાં કીર્તિધામ ખાતે દર્શન કર્યા. સોનગઢ ચૌવિહાર કરી અયોધ્યાપુરમ દર્શન કર્યા. રાત્રે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે પરત પહોંચ્યા.

આ યાત્રાના સૌજન્યરૂપે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી સહકાર પ્રાપ્ત થયેલ.

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ રૂા.૧૪,૪૦૦/-
- શ્રી અનિલભાઈ પાસુભાઈ શાહનંદ રૂા. ૨,૦૦૦/-
- સમાજના એક બહેન તરફથી રૂા. ૨,૦૦૦/-
- ડૉ. કેતન ઈન્દ્રજિત શાહ રૂા. ૧,૯૦૦/-
- નિખિલ નવીનચંદ્ર શાહ રૂા. ૧,૯૦૦/-
- પંકજભાઈ કાંતિલાલ શાહ રૂા. ૧,૯૦૦/-
- રાજેશભાઈ ધરમશી રૂા. ૧,૫૦૦/-
- ડૉ. રીપલભાઈ કોઠારી રૂા. ૧,૫૦૦/-
- ધીરજભાઈ સંઘવી રૂા. ૧,૦૦૦/-
  (પૌત્રી ચિ. કાવ્યા નિમેષ સંઘવીની પહેલી છગાઉ યાત્રા નિમિત્તે)
- અમિષભાઈ લગડીવાળા રૂા. ૫૦૦/-
  (સોનગઢ સંસ્થાને ભેટ)

ઉપરોક્ત દરેક દાતાશ્રીઓનો યાત્રા આયોજક ડૉ. કેતન ઈન્દ્રજિત શાહ, પીયૂષ રવિલાલ પારેખ, પીયૂષ સાવલા ખૂબ ખૂબ આભાર માને છે.

***આયોજન કન્વીનર : ડૉ. કેતન ઇન્દ્રજિત શાહ***

## યુવા વિકાસ સમિતિ

### ધૂળેટીના કાર્યક્રમનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૧૩-૩-૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર સમાજના દરેક સભ્ય અને પરિવારજનો માટે ધૂળેટી કાર્યક્રમનું આયોજન કરેલ હતું. જેમાં સમાજના ૧૦૦ જેટલા સભ્યોએ ભાગ લીધેલ હતો. બધા સભ્યોએ એકબીજાને ગુલાલ લગાવીને ધૂળેટીની શુભ કામનાઓ આપી હતી.

સૌ સભ્યોએ ભેગા થઈને ખૂબ જ ઉત્સાહથી ડી.જે. પાર્ટીના તાલે ગરબા અને ડાન્સ કર્યા હતા. ત્યારબાદ સૌ ભોજન લઈને છૂટા પડ્યા હતા.

હાજર રહેલા સૌ સભ્યોનું એક જ મંતવ્ય હતું કે આવા કાર્યક્રમોનું આયોજન થતું રહે, જેથી સમાજના લોકો એકબીજાને મળી શકે અને ઉત્સાહથી ભાગ લઈ શકે.

કાર્યક્રમના આયોજનમાં ડૉ. કેતન શાહ, પીયૂષ પારેખ અને પીયૂષ સાવલાએ ખૂબ જ સારી રીતે કાર્ય કર્યું હતું અને શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સ્ટાફ તથા મેનેજેરશ્રીએ આયોજન કરવા માટે ખૂબ સારી મદદ કરી હતી.

***કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

## તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વોકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. ઈલેક્ટ્રિક ઓક્સિજન મશીન | રૂા.૫૦/- |

નોંધ : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ

## વાર્ષિક કાર્યક્રમોની વિગત

***સમિતિ દ્વારા દર વર્ષે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરાશે, જેની નોંધ લેવા વિનંતી.***

★ જાન્યુઆરી : Positive Parenting

★ ફેબ્રુઆરી / માર્ચ : 'જ્ઞાન સાથે ગમ્મત' – ૧ દિવસીય પિકનિક

★ એપ્રિલ : Career Guidance Workshop – ૮/૧૦ દિવસ માટે
(માત્ર ધોરણ-૧૦ની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે જ.)

★ જૂન : (૧) 'આપના બાળકને ઓળખો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકો અને વાલીઓ માટે વર્કશોપ.
(૨) 'વિદ્યાર્થીઓને પડતાં સ્ટ્રેસમાં તેને કેમ મદદ કરશો?' વિષય ઉપર ધોરણ-૧૧, ૧૨નાં વિદ્યાર્થીઓનાં વાલીઓ માટે વર્કશોપ.

★ જુલાઈ :
- 'કેવી રીતે ભણવું?' વિષય ઉપર ધોરણ-૮ થી ૧૦નાં વિદ્યાર્થીઓની વર્કશોપ.
- ધોરણ-૮થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે વર્કશોપ. જેમાં તેમના વર્તન, ભણતરના સ્ટ્રેસ ઉપરાંત ન્યુટ્રીશન અંગે પણ ચર્ચા.

★ ઓગસ્ટ : 'મુગ્ધાવસ્થાના પ્રશ્નો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકોના વાલીઓ માટેની ચર્ચા - પ્રશ્નો - વિચારણા.

★ સપ્ટેમ્બર : 'કેરિયર પ્લાનિંગ ધોરણ-૮થી શરૂ થાય છે' ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે.

★ ઓક્ટોબર : "Multiple Intelligence & Life Skills" – ધોરણ-૧ થી ૪નાં બાળકો માટે વર્કશોપ.

★ ડિસેમ્બર : ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ.

● **નોંધ :**

૧. કાર્યક્રમો ખૂબ જ રસપ્રદ અને માહિતીસભર રહેશે.
૨. આ વાર્ષિક કેલેન્ડર છે. કાર્યક્રમ દર વર્ષે જે તે મહિનામાં જ રહેશે.
૩. ઉપરોક્ત કાર્યક્રમો જે તે વિષયના વિદ્વાન નિષ્ણાતો દ્વારા યોજવામાં આવશે.
૪. કાર્યક્રમ માટેના નિષ્ણાતો જરૂરિયાત પ્રમાણે આવશે / બદલાશે.
૫. આપણા સમાજના બાળકો - શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ અને વાલીઓ (Parents) ખૂબ જ વિચારક વાલીઓ બની શકે તે આશયથી આ આયોજન કરવામાં આવેલ છે. દરેકને લાભ લેવા આગ્રહભરી વિનંતી.
૬. સૂચનો / નાવિન્યસભર ફેરફાર આવકાર્ય રહેશે.
૭. Parents ની વ્યાખ્યા માત્ર 'માતા' જ નથી, પિતા પણ આવે તેવી સમજ ડેવલપ કરવાનો પ્રયત્ન છે.
૮. મા-બાપ સિવાય, પરિવારમાં રહેતા વડીલો, દાદા-દાદી, કાકા-કાકી, નાના-નાની પણ Parents ની વ્યાખ્યામાં આવે છે. ઘરના બાળકોના સર્વાંગી વિકાસમાં બધાની સહિયારી જવાબદારી હોવાથી વડીલો ઉપરોક્ત કાર્યક્રમોમાં આવે, તેવી આશા છે.
૯. આ કાર્યક્રમ અમદાવાદમાં રહેતા સમગ્ર કચ્છી સમાજના બાળકો તથા વાલીઓ માટે છે તથા સમગ્ર ભારતનાં કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે છે.
૧૦. બહારગામથી આવતાં કચ્છી જૈન સમાજનાં બાળકોના વાલીઓએ એક મહિના અગાઉથી બાળકના નામનું રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.
૧૧. જે તે મહિનાનાં કાર્યક્રમોની તારીખ તથા સમય અગાઉથી 'મંગલ મંદિર'માં જણાવવામાં આવશે. તે પ્રમાણે કાર્યક્રમો યોજવામાં આવશે.
૧૨. બહારગામથી આવતા કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે સંસ્થા તરફથી રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવશે.
૧૩. જે તે સમયે સમિતિ તરફથી જે તે કાર્યક્રમ માટે ફી નિયત કરવામાં આવશે. તે ભાગ લેનાર વિદ્યાર્થી બાળકે ભરવાની રહેશે.
૧૪. ઉપરોક્ત કાર્યક્રમ તથા તેની વિગતોમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા સમિતિની રહેશે.

***કન્વીનર, શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો જોગ

## સંસ્થાના મેડિકલ કાર્ડ બાબતે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કોઈપણ સભ્ય પરિવારના નવા જન્મેલ બાળક (પુત્ર કે પુત્રી)નું નામ તુરંતમાં જ પોતાના પરિવારના મેડિકલ કાર્ડમાં ઉમેરી દેવાની ભલામણ કરવામાં આવે છે. જે સભ્યના નવા જન્મેલ બાળકનું નામ મેડિકલ કાર્ડમાં નહીં હોય તો તેવા સભ્યને બાળકની કોઈપણ સારવાર કે વેક્સિનેશનમાં સંસ્થા તરફથી રાહત મળશે નહીં. બાળકના જન્મના પ્રમાણપત્રની ઝેરોક્ષ સાથે જોડવી આવશ્યક છે.

સંસ્થા દ્વારા લગભગ દરેક સભ્ય પરિવારને નવા કાર્ડ મળી ગયા હશે, જેઓને પોતાના નવા મેડિકલ કાર્ડ (પીળા રંગના) મળી ગયા હોય તેઓ પોતાના જૂના કાર્ડ સંસ્થાને જમા કરાવી દે તેવી ભલામણ કરવામાં આવે છે. તથા જે સભ્યોએ હજુ સુધી નવા મેડિકલ કાર્ડ કરાવ્યા નથી તેઓને જૂના કાર્ડ ઉપર કોઈ રાહત મળશે નહીં તેની નોંધ લેવી.

*રમણિકલાલ કુંવરજી ગોસર*
*કન્વીનર - મેડિકલ કાર્ડ સમિતિ*

# ફરજની ફોરમ

*– રણછોડ શાહ*

આ ઘટના એક અત્યંત મોટી ફેક્ટરીના શીત પ્લાન્ટ (Freezer Plant) માં બની હતી. એક દિવસની સાંજ હતી. તમામ કર્મચારીઓ ઘેર જવા માટે ફેક્ટરીમાંથી બહાર નીકળવાની તૈયારી કરી ચૂક્યા હતા. અચાનક કોઈક યાંત્રિક ખામી નજરે પડતાં એક યુવાનને તે રિપેર કરવા માટે તેના સાહેબે જણાવ્યું. યુવાન પોતાનું કામ ધ્યાનમગ્ન થઈ એકચિત્તે કરવા લાગ્યો. ફેક્ટરી છૂટવાનો સમય થતાં સૌ બહાર નીકળી ગયા. એકમાત્ર પેલો યુવાન અંદર રોકાઈ ગયો. ફેક્ટરીનો સમય પૂરો થતાં પ્લાન્ટને તાળું મારી દેવામાં આવ્યું.

હવે પ્લાન્ટમાં માત્ર યુવાન એકલો રહ્યો. યાંત્રિક ખામીને દૂર કરીને યુવાન ફેક્ટરીની બહાર નીકળવા ગયો, ત્યારે તો દરવાજા બંધ થઈ ગયા હતા. લાઈટો પણ બંધ થઈ ગઈ હતી. યુવાન શીત ફેક્ટરીના પ્લાન્ટમાં હવા અને લાઈટ વિના ફસાઈ ગયો. હવે તેને માટે સંપૂર્ણપણે બરફનું કબ્રસ્તાન તૈયાર થઈ ગયું હતું! જીવતા રહી શકશે તેવી કોઈ આશાનું કિરણ બચ્યું જ નહોતું. બૂમો પાડે તો પણ તેનો અવાજ બહાર પહોંચી શકે તેમ નહોતો.

આ પરિસ્થિતિમાં થોડાક કલાકો વીતી ગયા. ત્યાં તો એક જાદુ થયો. અચાનક કોઈ બારણું ખોલી રહ્યું હોય તેવો અવાજ આવ્યો. યુવાન બારણા તરફ દોડ્યો. સુરક્ષા સાચવતો દરવાન બેટરી ચાલુ કરી પ્લાન્ટમાં દાખલ થયો. યુવાનને નવા જીવનનું કિરણ દેખાયું. ચોકીદારમાં તેને ભગવાનનાં દર્શન થયાં. તે ચોકીદારને ભેટી પડ્યો. તેની પાસે આભાર માનવાના શબ્દો નહોતા!

દરવાન સાથે ફેક્ટરીના મુખ્ય દરવાજા ઉપર આવી યુવાને એકીશ્વાસે ચોકીદારને પૂછ્યું, "તને કેવી રીતે ખબર પડી કે હું અંદર છું? તને કોણે જાણ કરી? મને શીત પ્લાન્ટમાં બહાર કાઢવા માટે તું કોના કહેવાથી આવ્યો?"

દરવાને જવાબ આપ્યો, "ભાઈ, મને કોઈએ કાંઈ કહ્યું નથી. આ ફેક્ટરીમાં પચાસ માણસો કામ કરે છે. પરંતુ તેમાં તમે સૌથી જુદા પડો છો. તમે એકલા જ સવારે ફેક્ટરીમાં આવો છો ત્યારે મારી ખબર અંતર પૂછો છો. સાંજે ઘેર જતી વખતે મને રોજ બાયબાય કરીને જ ઘેર જાવ છો. આજે એક પછી એક સૌ ઘેર જતા પછી મારા ધ્યાન પર આવ્યું કે તમે સવારે તો મને ગુડમોર્નિંગ કહ્યું હતું, પરંતુ સાંજ સુધી બાયબાય થયું નહીં. મને શંકા પડી કે તમે કદાચ ફેક્ટરીમાં તો નથી ને? તેથી તપાસ કરવા આવ્યો હતો."

રોજની એક ઉત્તમ વર્તણૂક યુવાનનું જીવન બચાવવાનું નિમિત્ત બની!

મિત્રો, આપણને ખબર નથી કે એક નાનકડું પ્રેમાળ અભિવાદન પણ આપણી જિંદગીમાં ક્યારેક ચમત્કાર સર્જી શકે છે. શિક્ષણ માત્ર ઉપાધિ (Degree) કે પ્રમાણપત્ર મેળવવા માટેનું સાધન નથી. શિક્ષણ તો આપણને જીવનમાં બીજા સાથે કેવાં વ્યવહાર અને વર્તણૂક કરવાં તે શીખવતું જીવનનું હોકાયંત્ર છે.

દરવાનની જવાબદારી માત્ર દરવાજો સાચવવાની હતી. પરંતુ દરવાનની દરવાજા ઉપરાંતની ફરજે એક હોનહાર યુવાનની જિંદગી બચાવી તેને નવું જીવન બક્ષ્યું. મિત્રો, આપણે પણ જ્યાં કોઈપણ જાતની ફરજ બજાવતા હોઈએ ત્યાં ફરજ ઉપરાંતની ફરજ બજાવી ફરજની ફોરમ પ્રસરાવીશું નહીં? ફરજની ફોરમમાંથી અદ્વિતીય આનંદ, સુખ અને સંતોષ પ્રાપ્ત થતાં હોય છે.

*૪૭, સુવર્ણપુરી સોસાયટી, ચીકુવાડી,*
*જેતપુર રોડ, વડોદરા-૪૦૦ ૦૦૭.*
*મો. ૯૯૭૯૮૬૧૬૩૧*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ફેબ્રુઆરી / માર્ચ - ૨૦૧૭

● **તા. ૨૬-૨-૨૦૧૭**

★ આજે સવારના ૧૦ વાગે ઉચ્ચ શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિના નેજા હેઠળ ડૉ. ધીરેન શાહનો અંગદાન અંગેના વક્તવ્યનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલ હતો. જેમાં સંગીતના રંગારંગ કાર્યક્રમની સાથે ડૉ. ધીરેન શાહ તથા તેમના સહયોગી ડૉક્ટરો તરફથી સમાજ તથા બહારથી પધારેલ સભ્યોને ખૂબ જ ઉપયોગી માહિતી અંગદાન વિશે આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

★ આજે સાંજના ૬ વાગે મેડિકલ સમિતિ આયોજિત સંસ્થાના પાલડી ભવન ખાતેના મેડિકલ સેન્ટરમાં સેવા આપતા ડૉક્ટરોનો એક મીટ ટુગેધર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બહોળી સંખ્યામાં ડૉક્ટરો પરિવાર સાથે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૧૦ વર્ષ કરતાં વધારે સમયથી સેવા આપતા ૨૨ જેટલા ડૉક્ટરોનું બહુમાન મેડિકલ સેન્ટરના મુખ્ય દાતા પરિવારોના હસ્તે સન્માનપત્ર આપી કરવામાં આવ્યું હતું.

● **તા. ૧-૩-૨૦૧૭**

★ આજે સાંજે ૬ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી પ્રકાશ માંડલિયાએ કચ્છ યુનિવર્સિટીમાં વાઈસ ચાન્સેલર શ્રી ચંદ્રસિંહજી જાડેજા, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી હરેશભાઈ ધોળકિયા તથા લાઈબ્રેરિયન શ્રી હર્ષદ નિર્મલ સાથે મિટિંગ કરેલ હતી. કચ્છ યુનિવર્સિટીમાં કચ્છ કોર્નર માટે સાહિત્ય એકઠું કરવા માટે અત્યાર સુધી થયેલ કાર્યવાહી તથા હવે પછી કરવાની કાર્યવાહી અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. કચ્છ યુનિવર્સિટીમાં પ્રાપ્ત કચ્છી સાહિત્યના પુસ્તકો તથા અન્ય લેખકોના પુસ્તકોની યાદી તેઓએ આપણને આપેલ છે. જે આપણા ઉપપ્રમુખ અને ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહને સુપરત કરવા માટે આપેલ હતી.

● **તા. ૨-૩-૨૦૧૭**

★ આજરોજ સવારે ૧૦ વાગે ભુજ ખાતે ફોકિઆએ બોલાવેલ CSR ના ખર્ચ માટેની ચર્ચા કરવા CSR Conclave - ૨૦૧૭માં ભાગ લેવા સંસ્થા તરફથી પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, મંત્રી શ્રી કે.આર. શાહ તથા જનરલ મેનેજર શ્રી પ્રકાશ માંડલિયા ઉપસ્થિત રહેલ હતા. આ સંમેલનમાં કચ્છના કલેક્ટરશ્રી, કચ્છ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરશ્રી સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

● **તા. ૩-૩-૨૦૧૭**

★ આજે સવારના ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડે કચ્છ યુનિવર્સિટીમાં કચ્છ કોર્નરના અનુસંધાને શ્રી દલપત ધાણીધારિયાની મુલાકાત લીધેલ હતી. જેમાં કચ્છ કોર્નરમાં રાખવામાં આવનાર પુસ્તકો અંગે ચર્ચા કરેલ હતી. ત્યારબાદ શ્રી સમીર ભટ્ટ સાથે કચ્છ મ્યુઝિયમની મુલાકાત લીધેલ હતી. કચ્છ મ્યુઝિયમમાં રાખેલ પુસ્તકોની યાદી મેળવીને શ્રી હરેશભાઈ ધોળકિયાને પહોંચાડવામાં આવી હતી. ત્યારબાદ ૧૨ વાગે કચ્છના મહારાઓશ્રી સાથે શુભેચ્છા મુલાકાત લીધેલ હતી.

★ બપોરે મિરઝાપુર સ્થિત શ્રી રમણિકભાઈ શાહની મુલાકાત લીધેલ હતી. તેમનો ભંગારનો વ્યવસાય હોતાં, તેમની પાસે પડેલ જૂના પુસ્તકો મેળવી શ્રી હરેશભાઈ ધોળકિયાને પહોંચાડેલ હતા. ત્યારબાદ મહારાઓશ્રી વિજયરાજજીની લાઈબ્રેરીમાં શ્રી દિનેશભાઈ શાહની મુલાકાત લીધેલ અને કચ્છ વિશેના સાહિત્ય બાબતે ચર્ચા કરેલ. તેઓ કચ્છ વિશેના પુસ્તકોની યાદી ટૂંક સમયમાં આપણને મોકલાવી આપશે તેમ જણાવેલ હતું.

● **તા. ૯-૩-૨૦૧૭**

★ આજરોજ સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી પરાશર વ્યાસ તથા શ્રી અશોકભાઈ શુક્લ સાથે સંસ્થાના કર્મચારીઓની કામગીરી અંગે જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

● **તા. ૧૦-૩-૨૦૧૭**

★ આજરોજ શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના જથા માળ પર ચાલતા રિવોનેશન કાર્યનું નિરીક્ષણ કરેલ તથા આગળની કાર્યવાહી માટે જરૂરી ચર્ચા વિચારણા કરેલ હતી.

● **તા. ૧૮-૩-૨૦૧૭**

★ આજે સાંજે ૫ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી શાંતિલાલ મુળજી સાવલા, શ્રી કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહે દીપ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના ચેરમેન શ્રી પારસ સાવલા સાથે એક સી.ટી. સ્કેન તથા એમ.આર. આઈ. ઈમેજિંગ સેન્ટર સ્થાપવા માટેની જરૂરી ચર્ચા વિચારણા કરેલ હતી તથા આ અંગે હજુ વધારે માહિતી મેળવી ફરીથી

ચર્ચા વિચારણા કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૧૯-૩-૨૦૧૭**

★ આજરોજ સવારના ૯.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સંસ્થાના ટ્રસ્ટ મંડળની એક બેઠક મળેલ હતી. આજની મિટિંગમાં ચર્ચા વિચારણા કર્યા બાદ જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા હતા.

- **તા. ૨૦-૩-૨૦૧૭**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે. આર. શાહ, શ્રી આશિષ મહેતા તથા પીયૂષ પારેખે આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠ સાથે તથા સ્ટ્રક્ચરલ એન્જિનિયરશ્રી સાથે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના ૪થા માળે ચાલતા રિવોનેશન કામ અંગે જરૂરી ચર્ચા વિચારણા કરેલ હતી. ■

## એક ગ્લાસ દૂધ!

પરદેશની આ વાત છે. હાવર્ડ કેલી નામનો એક છોકરો અત્યંત ગરીબાઈ સાથે ભણી રહ્યો હતો. નિશાળની ફી ભરવાના પૈસા કમાવા માટે ફાજલ સમયમાં એ ફેરિયાનું કામ કરતો. એક સ્ટોરની વસ્તુઓ એ એક ઘરેથી બીજા ઘરે ભટકીને વેચતો. એ વેચાણના પૈસામાંથી જે કમિશન મળે તેમાંથી શાળાની ફી ભરતો અને જો ફી ભરતાં થોડા પૈસા વધે તો ચોપડીઓ અથવા તો કપડાં ખરીદતો.

એક દિવસ આમ જ ફેરી કરતાં કરતાં બપોરનો સમય થઈ ગયો. આકરો તડકો કેલીને પરેશાન કરી રહ્યો હતો. એના થેલામાં છેલ્લી થોડીક ચીજો જ બચી હતી. પણ એ દિવસે એટલી વસ્તુઓ કોને ખબર કેમ પણ કોઈ ખરીદતું જ નહોતું. ભૂખ અને તરસથી એ હેરાન થઈ ગયો હતો. તડકો પણ એની તકલીફમાં વધારો કરી રહ્યો હતો. ક્યાંક બેચાર ક્ષણ અટકીને આરામ કરવાની એને ઈચ્છા થતી હતી, પરંતુ કમિશન ઓછું મળશે એ વિચાર એને ક્યાંય બેસવા નહોતો દેતો. થોડીક વાર આમ જ રખડ્યા પછી એને પોતાની ગરીબી અને લાચારી પર ગુસ્સો આવવા લાગ્યો. હતાશાના ભાવ સાથે એણે, એક ઘરનું બારણુ ખખડાવ્યું. એક સુંદર યુવતીએ બારણું ખોલ્યું.

'મેમ! મારી પાસે વેચવા માટેની થોડીક ચીજો છે. તમે કઈ ખરીદવા માંગો છો?' એના અવાજમાં નિરાશા, હતાશા અને થાક ભરેલાં હતાં.

'હા દીકરા! કેમ નહીં?' જાણે કે કેલીની પરિસ્થિતિનો એક પળમાં જ અંદાજ આવી ગયો હોય તેમ એ યુવતી બોલી. ઉત્સાહપૂર્વક એણે કેલીની બાકી બચેલી વસ્તુઓમાંથી થોડીક વસ્તુઓ ખરીદી પણ ખરી.

કેલીના મનને ખૂબ જ શાતા થઈ. જેવું મન શાંત થયું કે તરત જ કેલીના પેટે પોતાની ફરિયાદ શરૂ કરી. પેટમાં ગલૂડિયાં બોલતાં હતાં એ યાદ આવતાં કેલી બોલ્યો, 'મેમ! એક ગ્લાસ પાણી મળી શકશે?'

પેલી યુવતીએ કેલી સામે જોયું. કેલીના મોઢા પર એ ખાલી તરસ્યો જ નહીં, ભૂખ્યો પણ છે એવું સ્પષ્ટ લખાયેલું હતું. એ બોલી, 'તને ભૂખ લાગી છે, બેટા?'

કેલી કંઈ બોલ્યો નહીં. ભૂખ તો એને કકડીને લાગેલી જ હતી. એની નાની નાની આંખોમાં મોટાં મોટા આંસુ ડોકાઈ આવ્યાં. પણ એમ આંસુ પડી જવા દે તો કેલી શેનો? તરત સ્વસ્થ થઈ, બહાર નીકળે એ પહેલાં જ આંસુને પાછાં ધરબીને એ બોલી ઊઠ્યો, 'ના મેમ! ફક્ત પાણી જ જોઈએ છીએ, મળશે?'

આટલા નાના બાળકની ખુમારી પર એ યુવતી આફરીન થઈ ગઈ. કેલી માટે એને ખૂબ જ માન થઈ આવ્યું. એ અંદર ગઈ. થોડી વાર પછી એ પાછી આવી ત્યારે એના હાથમાં સાકર નાખેલું દૂધ ભરેલો એક મોટો ગ્લાસ હતો. આ યુવતીએ પોતાની ભૂખ તેમજ તરસ બંનેનો ઉપાય કરી દીધો છે એ વાત કેલી તરત જ સમજી ગયો. શાંત મને એણે એ ઠંડા દૂધનો ગ્લાસ પૂરો કર્યો પછી પોતાના ખિસ્સામાંથી પૈસા કાઢીને બોલ્યો, 'મેમ! આ દૂધના ગ્લાસના મારે કેટલા પૈસા આપવાના છે?'

'એક પણ પૈસો નહીં બેટા! સારા કામના પૈસા થોડા લેવાય? ઊલટાનો હું ભગવાનનો પાડ માનું છું કે તારા જેવા ખુમારીથી ભરેલ દીકરાનું કામ કરવાનો એણે મને મોકો આપ્યો. અને ભગવાનના કામના પૈસા થોડા હોય?' લાગણીથી ભીના થઈ ગયેલા અવાજે એ બોલી. અંતરના ઊંડાણથી એ યુવતીનો આભાર માનીને કેલી બહાર નીકળ્યો. આ નાનકડા પ્રસંગથી એના મનની હતાશા ખંખેરાઈ ગઈ હતી. નિરાશાની જગ્યાએ એક નવો ઉત્સાહ પ્રગટી ચૂક્યો હતો. એના પગમાં નવું જોમ આવી ગયું હતું. એક અનેરા ઉત્સાહ સાથે એ આગળ વધ્યો.

ઘણાં બધાં વરસો પછી પેલી સ્ત્રીને કોઈ ભયંકર રોગ લાગુ પડ્યો. સ્થાનિક ડૉક્ટર્સ એના રોગનું નિદાન ન કરી શક્યા. એ બહેનની તબિયત દિન-પ્રતિદિન બગડતી જ ચાલી. એને બાજુના મોટા શહેરમાં આવેલ ખૂબ જ આધુનિક હૉસ્પિટલમાં મોકલવામાં આવી. ત્યાંના તબીબોએ પણ નિદાન પકડવા ખૂબ માથાકૂટ કરી. કંઈ કેટલીયે તપાસ કરાવી, પણ પરિણામ શૂન્ય જ આવ્યું. એનો રોગ કોઈ પારખી જ ન શક્યું. બધાં થાકી ગયાં પછી એમણે આ સ્ત્રીની મંજૂરી લઈ એ શહેરના સૌથી મોંઘાદાટ તબીબને બોલાવ્યા. એમની કુનેહ તથા કાબેલિયતને કારણે રોગ તરત જ પકડાઈ ગયો. દિવસોથી રિબાઈ રહેલી એ સ્ત્રી ઝડપભેર સાજી થવા માંડી. પરંતુ એના ચહેરા પર સાજા થવાની ખુશીના બદલે ચિંતા છવાવા લાગી. એ ચિંતા હતી હૉસ્પિટલના બિલની. એને થતું હતું કે એની બાકીની જિંદગી આ બિલનું કરજ ચૂકવવામાં જ વીતી જશે. કેમ કરીને એ આવી અદ્યતન હૉસ્પિટલનું આવડું મોટું બિલ ચૂકવી શકશે?

આવી બધી ચિંતાઓની વચ્ચે એને હૉસ્પિટલમાંથી રજા આપવાનો દિવસ આવી પહોંચ્યો. પટાવાળો બિલનું કવર લઈને આવી પહોચ્યો. ધ્રૂજતા હાથે એ યુવતીએ કવર ખોલ્યું. બિલની મસમોટી રકમના આંકડા પર લાલ અક્ષરે લખેલું હતું કે, 'સંપૂર્ણ ચૂકતે! એક ગ્લાસ દૂધે બધું જ ચૂકવી દીધું છે.' અને નીચે સહી હતી : ડૉ. હાવર્ડ કેલી! હૉસ્પિટલ સુપ્રિન્ટેન્ડન્ટ!

કેલીની સહીના શબ્દો પેલી સ્ત્રીના આંસુથી ભીંજાઈ રહ્યા હતા...

## ઊડતી નજરે....

**માસ ફેબ્રુઆરી-૨૦૧૭ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ ..........** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | ૧૨,૨૮૮ |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... **૫૪૫** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... **૧૦૯** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) .......... **૨૭** | |
| | ● | સોનોગ્રાફી .......... **૧૦૯૮** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) .......... **૨૬** | |
| | ● | બોડી ચેક-અપ .......... **૪૬૦** | |
| | ● | અન્ય .......... **૧૦,૦૨૩** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૬૫૨** | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૨,૬૭૫** | ૩,૩૨૭ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૨,૩૮૪** | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૫,૫૦૦** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૧૯૯** | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......... **૭૪૨** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...... **૪૪૪** | ૯,૨૬૯ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૩૬૭** | ૩૬૭ |
| | | માસ ફેબ્રુઆરી-૨૦૧૭ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | ૨૫,૨૫૧ |

## મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*


સનગ્લાસ કલેકશન 2016
GRADED
CLUBMASTER
MORE STYLES
SPORT
WAYFARER
SHIELD
AVIATOR
Powered sunglasses in different styles also available.
GANGAR EYENATION
INDIA'S LEADING EYEWEAR CHAIN
મુંબઈ | પુણે | નાશિક | ઔરંગાબાદ | સાંગલી | સોલાપુર | નાગપુર | કોલ્હાપુર | અમદાવાદ | આણંદ
સુરત | નવસારી | વડોદરા | ગાંધીનગર | ગાંધીધામ | ભુજ | રાજકોટ | જામનગર Infoline: 022-2419 5555




To know more about us, call us today

**CORPORATE OFFICE : V-Trans India Limited,** 6, Corporate Park, V. N. Purav Marg, Chembur, Mum - 400071
Tel: + 91 25220423 – 26 | Toll Free: 1800 220 180 | Email: info@vtransgroup.com

V-TRANS Driving Excellence

Our other Divisions

V-Xpress Safe and Reliable - For Your Peace of Mind

V-Logis Warehousing & Inventory Management


BLAZO
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61, Dr. S.S. Rao Road
near Gandhi Hospital, Parel, Mumbai - 400012
Tel: (022) 24124595, 24168645, 24115010, 24104290
blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017
issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

